
દેશ દેશની લોક કથાઓ



ખંડ ૨ જો

નિરંજન વર્મા - જયમલ્લ પરમાર

લોકસાહિત્યનું સાર્વભૌમત્વ

નીતિશાસ્ત્ર, વિવેકશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રના કૃત્રિમ નિયમોનું બંધન જેમાં નથી ને મનુષ્યભાવનો નૈસર્ગિક પ્રવાહ જેની અંદર કોઈ પણ રુકાવટ વગર સોંસરો ચાલતો હોય એવું સાહિત્ય આજે દુનિયાને જોઈએ છે. અનેક પ્રાંતના, અનેક જમાનાના અને અનેક જાતના લોકોના મોઢામાં રમવાથી સાહિત્યને જે નૈસર્ગિક ઓપ આવે છે તે લૌકિક છતાં અલૌકિક હોય છે. કેળવણીનો આધાર આવા લોકસાહિત્યો પર રાખવામાં આવે તો જ તે સાચી રાષ્ટ્રીય કેળવણી કહેવાય.

જ્યાંથી રાષ્ટ્રનો સ્વભાવનિર્માણ થયો ત્યાંથી આ સાહિત્યનો ઉગમ છે. જેની અંદર સમાજનો પ્રાણ સ્ફુરે છે, તેણે આ સાહિત્ય લખ્યું છે. આ દ્વારા બાળકોને કેળવણી આપો તો તેઓ સમાજને ઓળખી શકશે અને સમાજના દાસ અને પ્રભુ બનશે.

પ્રાચીન ઋષિઓએ પણ લોકસાહિત્યનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું છે અને તેથી જ તેમણે પોતાને સ્ફુરેલા આધ્યાત્મિક સિદ્ધાંતો લોકવાર્તાના રૂપકમાં ગૂંથીને વેદમાં દાખલ કર્યા છે. પુરાણો તો લોકવાર્તાનો ભંડાર છે. ભાસ કાલિદાસાદિ મહાકવિઓએ પોતાની પ્રતિભા પ્રગટ કરવા માટે આ લોક વાર્તાનું જ શરણું લીધું છે. જ્યારે જ્યારે કવિ પ્રતિભા મંદ પડે છે, પ્રજાનો ઉત્સાહ ક્ષીણ થાય છે અને કેળવણીનો ઝરો સુકાઈ જાય છે ત્યારે ત્યારે દેશના નેતાઓ આ લોકસાહિત્ય રૂપી ગંગોત્રી પાસે જઈને તપશ્ચર્યા કરતા દેખાય છે.

કાકા કાલેલકર

ભારતી સાહિત્ય સંઘ લિ.

પોસ્ટ બૉક્સ નં. ૭૭૮ મુંબઈ-૧

પોસ્ટ બૉક્સ [illegible]

દેશદેશની લોકકથાઓ

ભાગ ૧-૨-૩

નિરંજન વર્મા : જયમલ્લ પરમાર

:: પ્રાપ્તિસ્થાન ::
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ભીમરાજ બિલ્ડિંગ, કાલબાદેવી, મુંબઈ-૨
ફર્નાન્ડિઝ પુલ નીચે, ગાંધીમાર્ગ, અમદાવાદ

પહેલી આવૃત્તિ : ૧૯૪૪
બીજી આવૃત્તિ : ૧૯૪૬

મૂલ્ય

રૂ. ૩-૦-૦

પ્રકાશક
શાંતિલાલ છો. પારેખ
ભારતી પ્રકાશન મંદિર
ભાવનગર

મુદ્રક
શાંતિલાલ છો. પારેખ
શ્રી સરસ્વતી છાપખાનું
દાણાપીઠ : ભાવનગર

નિવેદન

લોકકથાઓ કોઈ પણ પ્રજાનો અમૂલ્ય વારસો છે. કેમકે લોકકથાઓમાં માનવસમાજ તદ્દન સાહજિક રીતે પોતાની આશાઓ અને મનોરથો, ઇચ્છાઓ અને આકાંક્ષાઓ ઉતારતો આવ્યો છે. લોકકથાઓમાં માનવસમાજે પોતાના હૃદયનું પ્રતિબિંબ વિના સંકોચે રજૂ કરી દીધું છે. લોકકથા કહેતાં કહેતાં માનવસમાજે પોતાની નબળાઈઓ અને સબળાઈઓને, ગુણ અને અવગુણને કશા જ દંભ વગર ઓળખ્યાં છે અને નીરક્ષીરન્યાયે એમને લીધાં કે છોડ્યાં છે. લોકકથાઓએ માનવજીવનના ઘડતરમાં એ રીતે જબરો ફાળો આપ્યો છે.

આવો ફાળો આપવા છતાં લોકકથાઓએ કદીયે કૃત્રિમતાના સાજ નથી સજ્યા. કુદરતને ખોળે ખેલતા માનવહૃદય સમી સાદગી જ એણે રાખી છે. એ સાદગીમાં તેણે કલ્પના અને મનોરંજનના રંગ પૂર્યા છે, કહેણી અને વાણીનું લાલિત્ય ઉમેર્યું છે, તેમ જ માનવમનને ખેંચી રાખનાર ઉત્સુકતાનો સાથ લીધો છે. કહેનાર અને સાંભળનાર વચ્ચે સદીઓથી સચવાઈ રહેલી એ લોકકથાઓ પોતાની અંદરની ખાંચખૂંચને ઘસતી ભૂંસતી સદીએ સદીએ પોતાનો અણચૂક વિકાસ સાધ્યે ગઈ છે. તેથી જ તો એ દુનિયાના કોઈ પણ પ્રદેશમાં વસતા માનવસમાજના બાળક, કિશોર, યુવાન, આધેડ કે વૃદ્ધના દિલમાં પોતાનું સ્થાન રાખી શકી છે. લોકોના દરેક જાતના વર્ગને એમાંથી પોતાને જોઈતો રસ અને આનંદ મળતા રહ્યા છે અને એ કારણે લોકકથાઓ દરેક પ્રજાની વચ્ચે પોતાનું અચલ સ્થાન સાચવતી આવી છે.

પ્રજાની જીભે જ રમતી અને સચવાતી એ લોકકથાઓ પુસ્તક-પ્રકાશનના આ જમાનામાં પ્રકાશનને પંથે ચડી છે અને દેશદેશના લોકોએ એના સંગ્રહ બહાર પાડ્યા છે. કથનમાં એણે જેટલો પ્રજામનને આનંદ આપેલો તેટલો જ આનંદ એણે વાંચનમાં પણ પ્રજામનને આપ્યો છે. તેથી જ લોકકથાઓના પ્રકાશનની

એક કરતાં વિશેષ આવૃત્તિઓ બહાર પડતી રહી છે.

અન્ય દેશોની જેમ હિંદના પ્રાંતેપ્રાંતમાં આવી સુંદર લોકકથાઓ પુસ્તકાકારે પ્રગટ થઈ છે અને વાચકસમૂહનો સારો આદર પામી ચૂકી છે. આ ગ્રંથાવલિમાં હિંદના પ્રાંતેપ્રાંતનું પ્રતિનિધિત્વ રજૂ કરી શકે તેવી લોકકથાઓને પ્રગટ કરવાનો આશય છે. જુદા જુદા પ્રાંતની વિશિષ્ટતાઓ એમાં સહેજે જોઈ શકાશે. અભ્યાસીઓને એકી સાથે ઘણા પ્રાંતોની લોકકથાઓની સરખામણી કરવી એથી સુગમ થઈ પડશે. જુદા જુદા પ્રાંતોમાં તદ્દન સામ્ય ધરાવતી વાર્તાઓ મળી આવે છે, પણ અહીં એનું પુનરાવર્તન ન થાય એનો ખ્યાલ રાખ્યો છે.

આ વાર્તાઓમાં પરીઓ અને રાક્ષસો આવે છે, બોલતાં પશુઓ અને પક્ષીઓ આવે છે, મૂઆં માણસ જીવતાં થાય છે અને જીવતાં માણસ પત્થર થઈ જાય છે કે ઊડણ–ખાટલી પર એનાં પાત્રો આકાશમાં ઊડતાં દેખાય છે, એટલે કોઈ રખે માને કે આ વાર્તાઓ મોં–માથા કે પાયા વગરની કોઈ તરંગી વાર્તાઓ છે. એ બધાં તો લોકકથાને ઘડનારાં મૂળભૂત તત્ત્વો છે અને એનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ પણ થયો છે. એની છણાવટ કિશોરોની આ પુસ્તિકામાં ન કરી શકાય. લોકકથાઓમાં તદ્દન તરંગી અને કિશોરો પાસે ન મૂકી શકાય એ જાતની વાતો પણ વૈજ્ઞાનિકોએ સંઘરી છે. પણ અહીં તો કિશોરો પાસે વિના સંકોચે રજૂ કરી શકાય તેવી સાહસ, શૌર્ય, ઉદારતા, કારુણ્ય, પ્રેમ, પરાક્રમ કે બુદ્ધિચાતુરી–એવાં કોઈક ને કોઈક તત્ત્વોને ઉદ્બોધતી વાર્તાઓ જ સંઘરવામાં આવી છે.

આ પુસ્તકમાં રજૂ થતી વાર્તાઓ અનુક્રમે બંગાળી અને બુંદેલખંડની લોકકથાઓ પરથી તૈયાર કરવામાં આવી છે. બુંદેલખંડી લોકકથાઓને ગુજરાતીમાં ઉતારવાની રજા દેવા બદલ 'મધુકર'ના સંપાદક શ્રી. બનારસીદાસ ચાતુર્વેદી તથા વાર્તાઓના લેખક શ્રી. શિવસહાય ચાતુર્વેદીના આભારી છીએ.

નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

સાર્વભૌમ લોકવાર્તા

નીતિશાસ્ત્ર, વિવેકશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રના કૃત્રિમ નિયમોનું જેમાં બંધન નથી અને મનુષ્યભાવનો નૈસર્ગિક પ્રવાહ જેની અંદર કોઈ પણ રોકાવટ વગર સોંસરો ચાલતો હોય એવું સાહિત્ય આજે દુનિયાને જોઈએ છે. શિષ્ટ સાહિત્યમાં ભારે કળા હોય, સુંદર ઓપ હોય, તોપણ નૈસર્ગિક સાહિત્ય જેટલો પ્રાણ તેમાં નથી હોતો......અનેક પ્રાંતના, અનેક જમાનાના અને અનેક જાતના લોકોના મોઢામાં રમવાથી સાહિત્યને જે નૈસર્ગિક ઓપ આવે છે તે લૌકિક છતાં અલૌકિક હોય છે. કેળવણીનો આધાર આવાં લોકસાહિત્યો પર રાખવામાં આવે તો જ તે સાચી રાષ્ટ્રીય કેળવણી કહેવાય. આપણા દેશમાં જ્યારે રાજકવિઓ દરબારમાં શબ્દાલંકાર, અર્થાલંકાર વગેરેની કસરત કરી બતાવતા ત્યારે અભણ પણ સંસ્કારી જનસમુદાય એક જુદા જ સાહિત્ય ઉપર પોષાતો હતો. આ સાહિત્ય તે ક્યાંથી આવ્યું ? કોણે શરૂ કર્યું ?

જ્યાંથી રાષ્ટ્રનો સ્વભાવ નિર્માણ થયો ત્યાંથી આ સાહિત્યનો ઉગમ છે. જેની અંદર સમાજનો પ્રાણ સ્ફુરે છે તેણે આ સાહિત્ય લખ્યું છે. આ સાહિત્ય દ્વારા બાળકોને કેળવણી આપો તો તેઓ સમાજને ઓળખી શકશે ને સમાજને ઓળખી સમાજના દાસ ને પ્રભુ બનશે.

પ્રાચીન ઋષિઓએ પણ લોકસાહિત્યનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું છે. તેથી જ તેમણે પોતાને સ્ફુરેલા આધ્યાત્મિક સનાતન સિદ્ધાંતો લોકવાર્તાના રૂપકમાં ગૂંથીને વેદમાં દાખલ કર્યા છે. પુરાણો તો લોકવાર્તાનો ભંડાર છે. ભાસ કાલિદાસાદિ મહાકવિઓએ પોતાની પ્રતિભા પ્રગટ કરવા માટે આ લોકવાર્તાનું જ શરણું લીધું છે. નીતિશાસ્ત્ર-વિશારદ આર્ય ચાણક્યે લોકવાર્તાનો ઉપયોગ કરી ઠોઠ રાજપુત્રને પણ નીતિનિપુણ કર્યો છે.

જ્યારે જ્યારે કવિપ્રતિભા મંદ પડે છે, પ્રજાનો ઉત્સાહ ક્ષીણ થાય છે, અને કેળવણીનો ઝરો સુકાઈ જાય છે ત્યારે ત્યારે

આના નેતાઓ એ લોકસાહિત્ય રૂપી ગંગોત્રી પાસે જઈને તપશ્ચર્યા કરતા દેખાય છે. શેકસપિયરને પૂછો કે શીલરને, તે એમ જ કહેશે કે લોકસાહિત્ય એ જ તમારો ગુરુ છે.

તમારા તત્ત્વજ્ઞાનીઓ અને તર્કશાસ્ત્રીઓ ન કરી શકે તેવી સૂક્ષ્મતાથી લોકસમાજે આ સાહિત્યના વિભાગ પાડેલા છે....સંકટો સામે બહાદુરીથી લડનાર રાજપુત્રોનો વિભાગ અલગ, તો પોતાની ચાતુરીથી સંકટોની સુસંધિ કરનારા વણિક મુસાફરોનો વિભાગ જુદો છે....લોકસાહિસના રાજાઓ પોતાનો વૈભવ ભોગવતા છતાં પોતાનું મનુષ્યપણું અને મનુષ્ય તરીકેનો પોતાનો દુનિયા સાથેનો સંબંધ ભૂલી જતા નથી. લોકસાહિત્યના લૂંટારા, ઠગ અને ચોરો પણ ગરીબોના બેલી બની આપણી સહાનુભૂતિ મેળવી શકે છે. લોકસાહિત્યના વીરો અને ફકીરો આપણામાં અનુકરણની ઇચ્છા ઉત્પન્ન કરે છે. અને તેથી જ લોકસાહિત્ય એ સત્ય સાહિત્ય છે. એનો ઉપયોગ કેળવણીમાં થવો જોઈએ.

આ વાર્તાઓ શાસ્ત્રનો સંયમ પાળતી નથી, પણ તેની અંદર એક સ્વાભાવિક સંયમ હોય છે. પાપીને ધિક્કાર્યા વગર પાપ–પુણ્યનો ભેદ બતાવે છે અને સમાજસેવાના ઉચ્ચ આદર્શનો ખ્યાલ આપતાં વિશ્વવ્યાપી પ્રેમ ઉત્પન્ન કરે છે.

આ વાર્તાઓ યાત્રાળુઓની માફક દેશાંતરમાં ફરે છે અને જ્યાં જ્યાં જાય છે ત્યાં પ્રેમધર્મ સ્થાપિત કરે છે. ગામડામાં વસતી ડોશી ચાર ધામ ફરી આવી છે એમ કોઈ કહે તે આપણને સાચું લાગતું નથી. તેજ પ્રમાણે ઘરગથ્થુ લાગતી વાર્તાઓ ચાર ખંડ ફરી આવેલી હોય છે એમ કહીએ તો સામાન્ય વાચકોને વિશ્વાસ ન બેસે.

એકાદ વાર્તા નાઈલ નદીના કાંઠા ઉપરની હશે તો બીજી યુફ્રેટીસ ને ટાયગ્રેસ નદી વચ્ચે જન્મી હશે. એકાદ સમરકંદમાંથી આવી હશે! તેમ જ આ વાર્તાઓમાંથી કેટલીએક દેશાંતર કરીને જર્મનીમાં ઘર કરીને રહી હશે તો કેટલીએક લાંબો ચોટલો ઉગાડીને ચીની બની ગઈ હશે. આ વાર્તાઓની પાછળ ક્યાં સુધી દોડીએ!

[‘ જીવનઆરતી ’માંથી]

काका कालेलकर

દેશદેશની લોકકથાઓ

☆

ભાગ ૧-૨-૩

અનુક્રમ

આ લેખકોનાં પુસ્તકો

બાલકથા
ખંડિત કલેવરો [બીજી આવૃત્તિ]
અણખૂટ ધારા [બીજી આવૃત્તિ]
કદમ કદમ બઢાયે જા

જીવનચરિત્ર
જીવનશિલ્પીઓ [બીજી આવૃત્તિ]
આચાર્ય પ્રફુલ્લચંદ્ર
સુભાષના સેનાનીઓ
મોહનવાસુખાંની સંગાથે

કટાક્ષવાણી
ચાંબેલાં [ત્રીજી આવૃત્તિ]
અમથાડોશીની અવળવાણી

વિજ્ઞાન
આપણે આંગણે ઊડનારાં [બી આ.]
ગગનને ગોખે [બીજી આવૃત્તિ]

અનુવાદ
સરહદપાર સુભાષ

વાર્તા
પરીકથાઓ ભાગ ૧–૨
[કિશોરગ્રંથાવલિ વર્ષ ૧ સંપુટરૂપે]
રૂપકથાઓ ભાગ ૧–૨
[કિશોરગ્રંથાવલિ વર્ષ ૨ સંપુટરૂપે]
દેશદેશની લોકકથાઓ ભાગ ૧–૨
[લોકકથાગ્રંથાવલિ વર્ષ ૧ સંપુટરૂપે]

પક્ષી-પરિચય ગ્રંથાવલિ
૧. આંગણાંનાં શણગાર
૨ ઊડતાં ભંગી
૩. વગડામાં વસનારાં
૪. રૂપરૂપનાં અંબાર
૫. કંઠે સોહામણાં
૬. પ્રેમી પંખીડાં

કિશોર ગ્રંથાવલિ
[પહેલું વર્ષ: બીજી આવૃત્તિ]
૧. ચૌબોલા રાણી
૨. દોલતપરી
૩. સોના પદમણી
૪. નાગકુમારી
૫. નીલમણિ
૬. ફૂલવંતી

કિશોર ગ્રંથાવલિ
[બીજું વર્ષ]
૧. ગંડુરાજા
૨. કામરાણી
૩. પાકો પંડિત
૪. શેખચલ્લી
૫. ધુતારાનગરી
૬. ચોરકુમાર

લોકકથા ગ્રંથાવલિ
[પહેલું વર્ષ: બીજી આવૃત્તિ]
દેશદેશની લોકકથાઓ : ૧ થી ૬
૧. ગૌડ-બંગાળની વાતો–૧
૨. ગૌડ-બંગાળની વાતો–૨
૩. બુંદેલખંડની વાતો
૪. કાઠિયાવાડની વાતો
૫. રાજસ્થાનની વાતો
૬. પંજાબની વાતો

પ્રાપ્તિસ્થાન : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
પો. બૉ. નં. ૯૭૮, મુંબઈ-૧ : પો. બૉ. નં. ૭૩, અમદાવાદ

આપકર્મી કે બાપકર્મી?

ચંદનાવતી નામે નગરીમાં એક સોદાગર રહે. સોદાગરને ઘેર દોમદોમ સાયબી. એને ઘેર સંજવારીમાં મોતી વળાય. સોદાગરને સાત દીકરી. સાતે દીકરી પર સોદાગરને અપાર હેત. ખોટના દીકરાની જેમ જ સોદાગર દીકરીઓને સાચવે.

એક દિવસ સાતે દીકરીઓ સાથે સોદાગર ટોળટપ્પાં મારતો બેઠો છે. ત્યાં એણે અચાનક પોતાની દીકરીઓને પૂછ્યું: 'હેં દીકરીઓ! તમે આપકર્મી કે બાપકર્મી? તમે તમારા નસીબનું ખાઓ છો કે મારા નસીબનું?'

મોટી દીકરી કહે: 'હું તો બાપકર્મી, પિતાજી! આપ જ રળો છો અને હું ખાઉં છું.' આવો જ જવાબ બીજી દીકરીએ આપ્યો. ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી દીકરીએ પણ તેમ જ કહ્યું.

પણ સૌથી નાની દીકરીએ કહ્યું: 'હું તો આપકર્મી, બાપુજી! સૌ પોતાનું નસીબ સાથે જ બાંધીને આવે છે અને સૌ પોતાના જ નસીબનું ખાય છે.'

સોદાગર નાની દીકરીનો જવાબ સાંભળીને ધૂંવાંપૂંવાં થઈ ગયો. ગુસ્સામાં રાતોપીળો થતાં કહે: 'ઓહો! તું

આપકર્મી છો, એમ કે? તું વળી તારા પોતાના જ નસીબનું ખાય છે? કરવા દે ત્યારે તારાં પારખાં. તું આજ ને આજ મારા ઘરમાંથી બહાર નીકળી જા. જોજે, તારા બાપની કમાણીની એક પાઈ પણ સાથે લેતી નહિ. જોઉં છું કે તારું નસીબ તને કેવુંક ખવરાવવા દોડ્યું આવે છે.'

તરત સોદાગરે પાલખીવાળાઓને બોલાવ્યા અને કહ્યું: 'આ આપકર્મી કુંવરીબાને જઈને કોઈ અઘોર જંગલમાં મૂકી આવો.'

નાની દીકરી ભરત-ગૂંથણની ભારે શોખીન. તેણે પોતાની સાથે ભરતગૂંથણ કરવાના સોયા તથા દોરા લઈ લીધા. બાપે એ બધું લેવાની રજા આપી. નાની દીકરી પાલખીમાં જઈ બેઠી અને પાલખીવાળા પાલખી ખભે ઉપાડીને ચાલી નીકળ્યા. પાલખીવાળાઓ વાવેગે દોડવા લાગ્યા અને પાલખીના ઘૂઘરા ઘમ ઘમ ઘમ વાગવા લાગ્યા.

થોડેક દૂર પાલખીવાળા ગયા હશે ત્યાં પાછળથી કોઈ ડોશી રાડો નાખવા લાગી: 'એ ઊભા રહો. ઘડીક વાર ઊભા રહો.'

પાલખીવાળા ઊભા રહ્યા ત્યાં ડોશી પાસે આવી પહોંચી. આ ડોશી તો સોદાગરના ઘરની દાસી. એણે જ આ નાની દીકરીને નાનેથી ઉછેરીને મોટી કરેલી. દાસીને આ નાની દીકરી પર સગી દીકરી જેવો જ પ્રેમ. ડોશી પાલખીવાળાઓને પૂછવા લાગી: 'મારી દીકરીને તમે આમ દોડ્યા દોડ્યા ક્યાં લઈ જાઓ છો?'

પાલખીવાળા કહે: 'અમને તો શેઠસાહેબે ફરમાવ્યું છે એટલે નાની દીકરીને જંગલમાં મૂકવા જઈએ છીએ.'

ડોશી મનમાં વિચાર કરે છે: 'અરેરે, આવી ફૂલ જેવી દીકરીને જંગલમાં મૂકી આવશે? ત્યાં એને કોણ ખવરાવશે, કોણ પિવરાવશે, કોણ એની સંભાળ રાખશે? મારે હવે કેટલોક કાળ જીવવું છે? ચાલ હું જ સાથે જાઉં.'

ડોશી કહે: 'હું પણ મારી દીકરી સાથે જંગલમાં આવીશ.'

પાલખીવાળા કહે: 'પણ તમે અમારી સાથે કેમ કરીને ચાલી શકશો, ડોશીમા?'

ડોશી કહે: 'જે થાય તે ખરું. કાંઈ દીકરી જેવી દીકરીને આમ એકલી જવા દેવાશે?' કહેતી ડોશી પાલખીવાળાની સાથે ચાલવા લાગી. પાલખીવાળા ઉતાવળે ચાલવા લાગ્યા તો ડોશી વાંકી કેડે, લાકડીને ટેકે ટેકે દોડવા લાગી.

નાની દીકરીએ પાલખીવાળાને ઊભા રાખ્યા અને કહ્યું: 'આ કરતાં તો મને ચાલવા દો અને ડોશીમાને પાલખીમાં બેસાડો.' પાલખીવાળા શરમાઈ ગયા અને નાની દીકરી સાથે ડોશીને પણ પાલખીમાં બેસાડ્યાં.

બપોર નમ્યા અને રોંઢાટાણું થયું ત્યાં પાલખીવાળા એક અઘોર જંગલમાં આવી પહોંચ્યા. સાંજ સુધી આ જંગલમાં તેઓ દૂર દૂર સુધી ચાલ્યા ગયા. રાતને વખતે તેમણે નાની દીકરી અને ડોશીને જંગલમાં એક ઝાડ નીચે ઉતારી દીધાં અને તેઓ પાલખી લઈને પાછા વળી નીકળ્યા.

નાની દીકરીની કેવી કરુણ દશા ? દીકરીને હજી પંદર–સોળ વર્ષ પણ પૂરાં થયાં નથી. આટલાં વરસ દીકરીએ કદી જમીન પર ઉઘાડા પગ માંડ્યો નથી. કોઈ દિવસ ઘર બહાર નીકળી નથી અને આજે તે અંધારી રાતે અઘોર જંગલમાં પડી છે. દીકરી પાસે ખોટી પાઈ પણ છે નહિ. આધાર માત્ર એક ઘરડાં ડોશીમાનો છે. પણ ઘરડી ડોશી યે શું કરે ? દીકરી અને ડોશી હાથ ભીડીને બેઠાં છે અને એકબીજા સામે જોયા કરે છે.

જંગલમાં અંધારાં ઘેરાવા લાગ્યાં અને શિકારી પશુઓ ઝપાટા દેવા લાગ્યાં. ગમમમ ગમમમ એમની ચીસો ઝાડો સોંસરવી થઈને પહાડની ગાળીઓમાં ભટકાયા કરે છે અને તેના પડઘા કાનમાં અથડાયા કરે છે. કમળની દાંડી જેવી દીકરીની આંખોમાંથી દડદડદડ આંસુ દડી પડચાં. ડોશી પણ સાથે રડવા લાગી.

જે ઝાડ નીચે તેઓ બેઠેલાં એ વડ હતો. વડલો એક યોજનના વિસ્તારમાં પડેલો. વડલાને આ દીકરી અને ડોશી પર દયા આવી. તરત એને વાચા આવી અને વડલો બોલવા લાગ્યો :

'હે દીકરી! તારું દુઃખ જોઈને મારું ય હૈયું ભરાઈ આવે છે. હમણાં જ આ ચીસો નાખતાં રાની પશુઓ તેમની બોડમાંથી બહાર નીકળશે અને શિકાર શોધવા લાગશે. તમે આમ ને આમ અહીં બેઠાં રહેશો તો તો થોડી વારમાં આવીને તેઓ તમને ભરખી જશે. તારું કે ડોશીનું એક હાડકું યે હાથ નહિ આવે. પણ તમે એમ

કરો. મારું થડ બહુ મોટું છે. તેમાં હું એક બારણું કરું છું. બારણું દેખો કે તમે અંદર ચાલ્યાં જજો અને અંદરની બખોલમાં સૂઈ રહેજો. આ પછી બારણું બંધ થઈ જશે એટલે કોઈ તમને દેખશે નહિ અને કોઈ તમારું નામ લેશે નહિ. આખી રાત તમે નિરાંતથી ગાળી શકશો.'

દીકરી અને ડોશી આ સાંભળીને રાજી રાજી થઈ ગયાં. જાણે ભગવાને જ આવીને તેમને બચાવ્યાં હોય તેમ તેમને લાગ્યું. એક ક્ષણમાં વડનું થડ ફાટયું અને બારણું દેખાયું. દીકરી અને ડોશી બન્ને થડની બખોલમાં ચાલ્યાં ગયાં. અંદર જઈને બેઠાં કે તરત થડ બંધ થઈ ગયું. જાણે કદી થડ ફાટયું જ નથી ને!

ધીમે ધીમે રાત વધવા લાગી. મધરાત થઈ અને બોડામાંથી શિકારી પશુઓ બહાર નીકળી પડયાં અને ચારે બાજુ ડણુકો દેવા લાગ્યાં. વાઘ ઘેરા ઘેરા ઘુરઘુરાયા કરે છે. જંગલી રીંછડાં ઝાડે ઝાડે ચડે-ઊતરે છે. લોઢા જેવી ચામડીવાળા ગેંડા ઝાડે ઝાડે માથાં ભરાવી રહ્યા છે. હાથીનાં ટોળાં જંગલે જંગલે ભમ્યા કરે છે અને કડડડ કડડડ ઝાડને મૂળમાંથી ઉખેડી ફેંકી રહ્યાં છે. જંગલી પાડા રણુકતા રણુકતા સામસામાં શીંગડાં ભરાવી બાઝી રહ્યા છે.

ધીમે ધીમે આ બધાં જંગલી પશુઓ વડલાની આસપાસ ઘુમરાવા લાગ્યાં. બધાંને આ વડલામાંથી માણસની ગંધ આવ્યા કરે. દીકરી અને ડોશી અંદર બેઠાં બેઠાં જંગલી પશુઓના ફૂંફાડા અને ઘુરકાટ સાંભળ્યા કરે. પશુઓ વડલાને માથાં ભરાવે અને વડલાની ડાળીઓ પકડી

પકડીને પાડે. કડેડાટ કરતી ડાળીઓ નીચે પડે. ગેંડા અને પાડા એનાં શીંગડાં વડલાના થડમાં ભરાવ્યા કરે. વાઘ, સિંહ અને રીંછડાં લોખંડ જેવા નહોર ભરાવી ભરાવીને થડને ચીર્યા કરે. હાથી તો થોડાંક ડગલાં પાછાં જઈને દોડતા દોડતા વડના થડ સામે માથાં ઝીંક્યા કરે. પણ વડલો મચક દેતો નથી.

અંદર બેઠેલાં દીકરી અને ડોશી થરથર્યા કરે છે, પણ એમનો વાળ પણ વાંકો વડલે થવા ન દીધો. ધીમે ધીમે મધરાત વીતી અને વહેલું પરોડ થયું કે બધાં પશુઓ ત્યાંથી રવાના થયાં અને સૌ સૌની બોડમાં સંતાવા લાગ્યાં.

સવાર પડી એટલે વડલો બોલ્યો: ‘દીકરી, જંગલી પશુઓ હવે બધાં ચાલ્યાં ગયાં છે. સૂરજ મહારાજે કિરણો પાથર્યાં છે. સવાર પડી ગયું છે. તમારે બહાર આવવું હોય તો આવો.’ આમ બોલીને વડલે પોતાનું થડ પહોળું કર્યું.

દીકરી તથા ડોશી બન્ને બહાર આવ્યાં. તેઓ બહાર આવીને જુએ તો આખી રાત પશુઓએ મચાવેલું રમખાણ નજરે પડ્યું. વડની અસંખ્ય ડાળીઓના ભાંગીને ભુક્કા બોલાવી દીધા છે. વડના થડની અંદર શીંગડાં અને દાતરડીઓ ભરાવીને હાથ હાથના ખાડા અને ચીરા પાડી દીધા છે. ચારે બાજુથી છાલ ઉખેડી નાખી છે અને ઉઝરડે ઉઝરડાનો તો કાંઈ પાર નથી.

દીકરી વડને કહે છે: ‘હે વડબાપા ! તમે અમારા જેવાં અભાગિયાંને રક્ષણ આપ્યું તો તમારા કેવા બેહાલ

થયા ? અમારાં નસીબ તમને નડયાં. અરેરેરે, આ બધા ચીરા, ખાડા અને ઉઝરડાથી તમને કેવી પીડા થતી હશે ?'

આમ કહીને દીકરી પાસેને તળાવે ગઈ. ત્યાંથી ઉપાડી ઉપાડીને ભીનો કાદવ લાવવા માંડી અને જ્યાં જ્યાં વડને ચીરા, ખાડા અને ઉઝરડા પડયા હતા ત્યાં ત્યાં ભરવા અને ચોપડવા લાગી. જેમ જેમ કાદવ ચોપડતી ગઈ, તેમ તેમ વડલાને ઠંડક વળતી ગઈ, રૂઝ આવતી ગઈ અને પીડા ઓછી થતી ગઈ.

દીકરીએ વડલાને લેપ પૂરો કરી લીધો એટલે વડલો બોલ્યો: 'દીકરી, જેવું મારું અંગ તેં ઠાર્યું તેવું તારું અંગેય સુખશાંતિથી ઠરજો. હવે મને તો જરાય પીડા રહી નથી, મને જે કાંઈ ચિંતા છે એ તમારી છે. તમે હવે ભૂખ્યાં થયાં હશો. ગઈકાલનું તમે કાંઈ ખાધું નથી. મારાં તો કોઈ ફળ નથી કે એ ખાઈને તમે ભૂખ મટાડી શકો. જો તારી પાસે કાંઈ પૈસા હોય તો ડોશીને આપ. પાસે જ શહેર છે ત્યાંથી તમારે માટે કાંઈ ખાવાનું લઈ આવે.'

પણ તેમની પાસે વળી પૈસા કેવા ? છતાંયે ભરત-કામની ટોપલી ફંફોસી તો અંદરથી પાંચ કોડી મળી આવી. વડલો કહે: 'પાંચ કોડી તો પાંચ કોડી. એના જેટલા મળે તેટલા મમરા લઈ આવો. કોઈ માયાળુ મળી જશે તો પેટજોગું થઈ રહેશે. થોડુંક અન્ન પેટમાં પડશે તો પાણી પીને પેટ ભરી શકાશે.'

ડોશી પાંચ કોડી લઈને માર્ગ શોધતી પાસેના

શહેરમાં ગઈ. જઈને એક દુકાનદારને કહ્યું: ' શેઠ સાહેબ, આ પાંચ કોડીના મમરા આપશો ? '

દુકાનદાર હસી પડ્યો અને લાકડી ઉગામતો બોલ્યો: ' ભાગ ભાગ અહીંથી, ડોશલી ! પાંચ કોડીના તે મમરા મળતા હશે ક્યાં ય ? '

ડોશી બીજી દુકાને ગઈ અને મમરા માગ્યા. આ બીજા દુકાનદારને ડોશીને જોઈને દયા આવી. એને થયું: 'બિચારી સાવ ગરીબ હશે, નહિ તો કાંઈ પાંચ કોડીના મમરા લેવા આવે ?' એણે તો પાંચ કોડી લઈને ડોશીને ઝાઝા બધા મમરા આપ્યા.

ડોશી મમરા લઈને જંગલમાં વડલે આવી પહોંચી. વડલો દીકરીને કહે: ' દીકરી, આમાંથી અર્ધા મમરા તમે ખાજો અને બાકીના મમરા તળાવને કાંઠે વેરજો.'

તળાવના કાંઠા પર મમરા વેરવાનું વડલે શા માટે કહ્યું હશે તે ડોશીને કે દીકરીને સમજાયું નહિ. પણ વડ-બાપા સારા સારુ જ કહેતા હશે એમ માનીને બન્નેએ અર્ધા મમરા ખાધા અને બાકીના મમરા તળાવને કાંઠે વેરી દીધા.

આખો દિવસ દીકરી અને ડોશી શું કરવું એનો વિચાર કરતાં બેઠાં પણ કાંઈ સૂઝ પડી નહિ. આમ કરતાં સાંજ પડી ગઈ અને ગઈકાલની જેમ જ વડે પોતાનું થડ પહોળું કર્યું. દીકરી અને ડોશી બન્ને થડની બખોલ-માં ચાલ્યાં ગયાં અને થડ બંધ થઈ ગયું.

રાતનાં અંધારાં ઘેરાયાં અને વળી પાછાં સિંહ,

વાઘ, રીંછ, ગેંડો અને હાથી આવી પહોંચ્યાં. વડની આસપાસ બધાં ઘુમરાવા લાગ્યાં અને વડને ચીરવા, પાડવા તથા ફાડવા લાગ્યાં.

પણ અહીં તળાવને કાંઠે શું થયું ? મમરાની વાસથી તળાવને કાંઠે હજારો મોર આવી પહોંચ્યા અને મમરા ખાવા લાગ્યા. પણ મમરા તો થોડાક જ હતા. આથી મોર એકબીજા સાથે અંદરોઅંદર બાઝવા લાગ્યા અને ખેંચાખેંચી કરવા લાગ્યા. આ ખેંચાખેંચીમાં તેમનાં સેંકડો પીછાં ખરી પડયાં અને તળાવને કાંઠે પડયાં રહ્યાં. મોરનાં પીછાંનાં શાં વખાણ કરવાનાં હોય ? લીલછા ઝાલરની અંદર જાંબલી ચગદાં. ચગદાંની અંદર ત્રાંબાવરણા અને હરેવા રંગ.

સવાર પડી કે વડલે દીકરી અને ડોશીને ઉઠાડયાં. દીકરી અને ડોશી થડની બહાર નીકળ્યાં, એટલે વડલે તળાવને કાંઠે વેરાયેલાં મોરનાં પીછાં ભેગાં કરી આવવાનું કહ્યું દીકરી અને ડોશી બંને ગયાં અને પૂળો બાંધીને પીછાં વડલા નીચે લઈ આવ્યાં.

સોદાગરની દીકરી ભરતગૂંથણ ભરી જાણે. એણે મોરનાં પીછાંમાંથી એક મજાનો પંખો બનાવ્યો. પંખાની વચ્ચે વચ્ચે પીછાંની ધોળી દૂધ જેવી સળી ગૂંથી. કિનારે કિનારે પીછાંનાં ચગદાં ગૂંથ્યાં. ચગદાંની ઝાલર એવી ગૂંથી કાઢી કે જાણે ચાંદાને પોતાને જ વાદળાંની કિનારે છાઈ દીધો હોય તેવું લાગે.

પંખો લઈને ડોશી પાસેને શહેર વેચવા ગઈ. આવો

રૂપાળો પંખો જોઈને હજારો માણસો ટોળે વળ્યાં અને પૂછવા લાગ્યાં: 'ડોશી ડોશી, તારા પંખાનાં શાં મૂલ ?'

ડોશી કહે: 'એકસો સોનામહોર.'

એક પંખાની કિંમત સો સોનામહોર ? પણ ડોશી પંખાનાં વખાણ કર્યે જાય છે: 'આ પંખાથી પવન નાખ્યે રોતાં બાળ છાનાં રહે. ખરે ઉનાળે ઊંઘ આવી જાય. રિસાયેલ નાર મનાય અને ખિજાયેલ ધણી મનાય.'

પંખાનાં વખાણ ઠેઠ રાજકુંવર પાસે પહોંચ્યાં. રાજકુંવરે ડોશીને બોલાવી. પંખો જોઈને રાજકુંવર ખુશ થઈ ગયો. એણે ડોશીને સો સોનામહોર ગણી દીધી. સો સોનામહોર લઈને ડોશી પાછી વળી. પંખાનાં આટલાં મૂલ્ય થયાં એટલે સોદાગરની દીકરીને હોંશ ચઢી અને રોજ રોજ નવી નવી કળા પંખા બનાવવામાં વાપરવા લાગી.

આ રીતે રોજ તળાવે મમરા વેરે, સવારે પીછાં લઈ આવે, સોદાગરની દીકરી પંખો ગૂંથે અને ડોશી શહેરમાં વેચવા જાય. પંખો રાજકુંવરે વખાણ્યો એટલે શહેરના લાખોપતિ અને કરોડોપતિના દીકરા પણ પંખા લેવા લાગ્યા. સોદાગરની દીકરી તો પંખાની માગણીને પહોંચી પણ શકતી નથી. આવી ધૂમ કમાણીથી થોડા વખતમાં સોદાગરની દીકરી અને ડોશી પાસે ખૂબ માયા થઈ ગઈ.

એક દિવસે વડલે દીકરીને અને ડોશીને કહ્યું: 'બેટા, હવે તમારી પાસે ઠીક ઠીક માયા થઈ છે. મારી બખોલમાં પડ્યાં હેરાન થાઓ છો એ કરતાં અહીં ઘર બાંધીને રહો. હું યે તમને સુખે રહેતાં જોઈને આનંદ પામું.'

દીકરીએ કુંભાર, કડિયા, સુથાર, લુહાર, મજૂર અને દાડિયાંને બોલાવ્યાં. તરત ઈંટો પડવા લાગી, પાયા ખોદાવા લાગ્યા, જંગલમાંથી લાકડાં લાવીને વેરાવા લાગ્યાં અને મકાન ચણાવા લાગ્યું. થોડા વખતમાં તળાવને કાંઠે મોટો બધો મહેલ તૈયાર થઈ ગયો. મહેલને સાત ઝરૂખા: ઝરૂખે ઝરૂખે કાંગરાં. મહેલની આસપાસ રૂડો મજાનો બગીચો બનાવ્યો. બગીચામાં ભાતભાતનાં ફૂલઝાડ રોપ્યાં. સોદાગરની દીકરી અને ડોશી હવે રાજમહેલમાં રહેવા લાગ્યાં.

થોડા વખત ગયો અને દેશમાં દુકાળ પડ્યો. વરસાદનો છાંટો યે ન પડ્યો અને અનાજનો દાણો યે ન પાક્યો. દુકાળિયાંનાં ટોળાં દિવસ વરતવા પરદેશ ચાલ્યાં. એક દિવસ વડલો કહે: 'દીકરી, આ દુકાળિયાંને કાંઈ કામ આપીએ તો? તને ભગવાને ઘણી યે માયા દીધી છે, સદુપયોગ કર તો ભગવાન રાજી થશે.'

સોદાગરની દીકરીએ મહેલ પાસે એક જંગી તળાવ ખોદાવવું શરૂ કર્યું. હજારો દુકાળિયાં કામ કરે છે અને રોજી મેળવી સોદાગરની દીકરીને અંતરની દુવા દે છે.

ત્યાં સોદાગરનું અને તેની છ દીકરીઓનું શું થયું? સોદાગરે સાત વહાણ જાવે મોકલેલાં એ મધદરિયે ડૂબી ગયાં. ઘેર જે કાંઈ ધન હતું તે ચોરો આવીને લૂંટી ગયા. સોદાગરે રાજા પાસેથી વેપાર માટે નાણાં લીધેલાં તે પાછાં ન આપી શક્યો એટલે રાજાએ તેને દેશવટો દીધો. સોદાગર બિચારો પહેરેલે લૂગડે તેની પત્ની તથા છ દીકરીઓ સાથે બહારગામ નીકળી પડ્યો. પણ ખાય શું? દેશમાં તો

ચારે તરફ કાળો દુકાળ વર્તે છે. બિચારો સોદાગર રોજ મજૂરીએ જાય અને તેમાંથી મૂઠી દાણો લાવી સૌ ખાય.

આમ કરતાં થોડા માસ ગયા; ત્યાં થોડે દૂર એક દયાળુ બાઈ તળાવ ખોદાવે છે અને દુકાળિયાંને સારી મજૂરી આપે છે તેવા સમાચાર સોદાગરને મળ્યા. સોદાગર પોતાની પત્ની તથા છ દીકરીઓને લઈને તે તરફ ઊપડ્યો. આવીને પાસેના શહેરમાં ઓરડી ભાડે લીધી. બીજે દિવસે સોદાગર તળાવે મજૂરી કરવા ચાલ્યો. તેની પત્ની કહે: 'હું પણ મજૂરી કરવા આવું.' સોદાગર અને તેની પત્ની બંને મજૂરીએ ચાલ્યાં.

સોદાગરની દીકરી રોજ ગોખે બેસીને દુકાળિયાંનું કામ નીરખે. ત્યાં બેઠી બેઠી અપંગને ઓછું કામ આપવાનું કહે અને ગરીબને વધારે પૈસા આપવાનું કહે.

એક દિવસ તે આ રીતે ગોખે બેઠી છે ત્યાં એણે સામેથી એની મા અને બાપને આવતાં જોયાં. પણ આ શું? હીરનાં ચીરને બદલે શરીર પર થીગડથાગડ કપડાં કાં? પગમાં જોડા પણ નહિ? શરીર તો મલોખાં જેવાં થઈ ગયાં છે. દીકરીને મનમાં થયું : અરરર, મારાં માવતરની આ દશા? તરત એણે ચાકરને બોલાવ્યો અને કહ્યું: 'પેલાં બે જણ ચાલ્યાં આવે છે તેને અહીં તેડી લાવો.' ચાકર દોડતો સોદાગર અને તેની પત્નીને બોલાવવા ગયો.

સોદાગર મનમાં ફફડી ઊઠ્યો. એને થયું કે આ તળાવ પૂરું થવા આવ્યું છે તેથી તેમાં પહેલો ભોગ

આપવા માટે તો અમને નહિ લઈ જતા હોય ? નહિ તો અમારું મહેલમાં શું કામ હોય ?

ધ્રૂજતાં ધ્રૂજતાં બન્ને મહેલમાં આવ્યાં. સોદાગરની દીકરીએ તેમને બીજા ઓરડામાં બેસાડવા કહ્યું અને ચાકર સાથે તેમને પહેરવા માટે હીરનાં કપડાં મોકલ્યાં. ચાકરે થીગડાંવાળાં કપડાં ફેંકી દઈ આ કપડાં પહેરવાનું કહ્યું ત્યારે તો સોદાગરને ચોક્કસ લાગી ગયું કે બસ, તળાવને ભોગ દેવા માટેની જ આ બધી તૈયારી લાગે છે. બીતાં બીતાં તેમણે કપડાં પહેર્યાં અને ચાકરના કહેવા પ્રમાણે હિંડોળાખાટે બેઠાં.

થોડી વાર થઈ ત્યાં સોદાગરની દીકરી આવી અને હિંડોળાખાટે બેઠેલાં પોતાનાં માબાપને પગે પડી. સોદાગર અને તેની પત્ની બિચારાં આભાં થઈને વિચારે છે કે મહેલની બાઈ પોતાને પગે કાં પડે ? ત્યાં તો દીકરી ઊભી થઈ અને માબાપે એને ઓળખી. માએ તરત દીકરીને છાતીએ ચાંપી. ત્રણેની આંખોમાંથી આંસુની ધાર દડી પડી. થોડી વારે સૌ શાંત થયાં અને દીકરીએ તેના પર શું શું વીત્યું અને કેમ આટલી ધનવાન બની તેની વાત કરી.

પિતાએ દીકરી પર હાથ ફેરવતાં કહ્યું: 'દીકરી, તું સાચી આપકર્મી. સૌ પોતપોતાના નસીબનું ખાય છે એ તેં સાચું કરી દેખાડ્યું.'

દીકરીએ તેની છ બેનોના સમાચાર પૂછ્યાં. તરત પાસેના શહેરથી છ યે બેનોને પાલખી મોકલીને તેડાવી લીધી. સાતે બેનો એકબીજીને મળીને ખુશી ખુશી થઈ ગઈ.

થોડા માસ સૌ સાથે રહ્યાં અને આનંદગેલ કર્યા.

આ પછી દીકરીએ સોદાગરને ખૂબ ધન આપ્યું એટલે સોદાગરે પોતાને મૂળ વતન જઈને પાછી પેઢી શરૂ કરી. થોડા વખતમાં પેઢી ધમધોકાર કામ કરવા લાગી અને સોદાગરને ઘેર પહેલાં હતી તેવી જ સાયબી થઈ ગઈ. સોદાગર પત્ની તથા છ દીકરીઓ સાથે પોતાને વતન રહેવા ચાલ્યો. જતી વખતે નાની દીકરીને કહે: 'ચાલને દીકરી, તું યે અમારી સાથે.'

નાની દીકરી કહે: 'ના, બાપુજી! જે વડલે મને આટલી દયામાયા દીધી ત્યાંથી આવવાનું મન નથી થતું. હું તો અહીં રહીશ અને આનંદ કરીશ. ક્યારેક ક્યારેક મારી સંભાળ લેતા રહેજો એટલે બસ.'

સોદાગર અને તેની પત્ની પોતાના વતનમાં રહેવા લાગ્યાં. એમની છ યે દીકરીઓ એમની સાથે આનંદ કરવા લાગી. નાની દીકરી તો વડ પાસે પોતાના બંગલામાં જ ડોશી સાથે રોકાઈ.

છઠ્ઠે માસે સોદાગરે જાવાથી તેજાના ભરી લાવવા છ વહાણ તૈયાર કર્યાં. સોદાગરે પોતે પણ સાથે જવાનું નક્કી કર્યું. જતાં પહેલાં છ યે દીકરીઓને તેની પાસે બોલાવી અને પૂછ્યું: 'બોલો બેટા, તમારે માટે પરદેશથી શું લેતો આવું?'

એક દીકરી કહે: 'હીરાનો હાર.' તો બીજી દીકરી કહે: 'મોતીની મગમાળા.' ત્રીજી દીકરી કહે: 'સાચા હીરનાં ચોળી-સાડી.' તો ચોથી દીકરી કહે: 'સાચા હાથીદાંતના ચૂડાછડા.' આમ છએ દીકરીઓએ મનમાની ચીજો મંગાવી.

સોદાગર વહાણ પર ગયો અને વહાણને હંકારવાનો

હુકમ આપ્યો; પણ વહાણ ચાલે નહિ. વાવડો સીધો હતો તો ય, વહાણ પાછાં આવી આવીને ધક્કે ભટકાવા લાગ્યાં. સોદાગરને યાદ આવ્યું કે મેં ઘેર હતી તે છ દીકરીઓને તો શું લાવવું છે તેમ પૂછી જોયું, પણ ત્યાં તળાવકાંઠે મહેલમાં રહેતી નાની દીકરીને કાંઈ પૂછ્યું જ નહિ, એથી તો આમ નહિ થતું હોય? તરત એણે નાની દીકરીને પૂછવા માટે એક માણસને દોડાવ્યો.

માણસ દોડતો દોડતો મહેલ પર ગયો. એ વખતે નાની દીકરી પૂજામાં બેઠી છે. થોડી માળા બાકી છે ત્યાં પેલા માણસે બારણા પાસે ઊભા રહીને પૂછ્યું: 'પિતાજી પુછાવે છે કે એ પરદેશથી પાછા ફરે ત્યારે તમારે માટે શું લાવે?'

માળા બાકી હતી તેથી દીકરીથી બોલાય તેમ હતું નહિ. પણ અણસમજુ નોકર બારણે ઊભો ઊભો ફરી ફરીને પૂછવા લાગ્યો: 'હેં બહેન! તમારે માટે પિતાજી પરદેશથી શું લાવે?' દીકરીએ તેને થોડી વાર રાહ જોવા માટે ટૂંકમાં જ કહ્યું: 'ખામોશ.'

આ સાંભળીને માણસ સમજ્યો કે બાઈ પોતાને માટે 'ખામોશ' લઈ આવવાનું કહે છે. તે જરા યે રાહ જોયા વિના દરિયાકાંઠે દોડ્યો અને રાહ જોતા સોદાગરને કહ્યું: 'નાનાં બેને તેમને માટે 'ખામોશ' લાવવાનું કહેવરાવ્યું છે.' આ સંદેશો મળ્યો કે તરત વહાણ ચાલવા લાગ્યાં અને સોદાગર મુસાફરીએ ઊપડ્યો.

સોદાગર જાવા દેશ અને મલાયા દેશ, બાલી દેશ અને કંબોજ દેશ ફર્યો. દેશ દેશથી અને બંદરેબંદરથી

જાત જાતના તેજાના લીધા અને વહાણ ભર્યાં. પોતાનો માલ બધો વેચી નાખ્યો અને ખૂબ ખૂબ ધન મેળવ્યું. વેપાર કરતાં કરતાં સાતે દીકરીઓએ મંગાવેલી ચીજોની તપાસ કરતો ગયો અને મળી એ ચીજો લેતો ગયો.

તેને છ યે દીકરીઓએ મંગાવેલી ચીજો તો સહેલાઈથી મળી ગઈ, પણ નાની દીકરીએ મંગાવેલ 'ખામોશ' ક્યાંયથી મળે નહિ. બંદરે બંદરે તે નામચીન વેપારીઓને 'ખામોશ' ચીજ આપવા કહે, ચીજના મોંમાગ્યા દામ આપવા કહે, પણ બધા વેપારી માથાં હલાવે. તેઓ કહે કે આવી ચીજનું નામ પણ જિંદગીમાં અમે આ પહેલી જ વાર સાંભળ્યું.

છેવટ દેશમાં જવા માટે છેલ્લે બંદરે આવ્યા તો યે 'ખામોશ' ચીજ ન મળી એટલે સોદાગર બંદરે ઊતરીને શહેરમાં ગયો અને શેરીએ શેરીએ બૂમ મારતો નીકળ્યો: 'કોઈની પાસે ખામોશ છે ખામોશ!'

બૂમો મારતો સોદાગર રાજમહેલ પાસેથી નીકળ્યો. રાજાના કુંવરે આ બૂમ સાંભળી. કુંવરનું નામ ખામોશ. તેણે સોદાગરને ઉપર બોલાવ્યો. સોદાગરે કુંવરને પોતાને જોઈતી ચીજની વાત કરી.

વાત સાંભળીને પ્રથમ કુંવર હસી પડ્યો. પછી બોલ્યો: 'તમારી દીકરીને ખામોશ જોઈએ છે ને? મારી પાસે એ ચીજ છે. ઊભા રહો, આપું.'

આમ કહીને તે બીજા ઓરડામાં ગયો. જઈને એક નાની પેટી લઈ આવ્યો. પેટીમાં એક પંખો અને નાનો અરીસો.

તેણે સોદાગરને પેટી આપતાં કહ્યું: 'લો, આ ખામોશ. તમારી નાની દીકરીને એ આપજો.'

આમ અચાનક ખામોશ ચીજ મળી જવાથી સોદાગર રાજી થઈ ગયો અને વહાણ દેશ તરફ હંકારી મૂકવાનો હુકમ આપ્યો.

દેશ આવીને સોદાગરે છ યે દીકરીઓને મંગાવેલી ચીજો આપી અને નાની દીકરીને પેલી પેટી મોકલી આપી. નાની દીકરીને આ પેટી પાછળના ઇતિહાસની કાંઈ ખબર નહિ. તેણે સામાન્ય પેટી ધારીને એક બાજુ મૂકી દીધી.

થોડા દિવસ ગયા અને એક દિવસ નાની દીકરી મહેલમાં નિરાંતથી બેઠી છે. ત્યાં તેને પેલી પેટી યાદ આવી. તેને થયું, 'લાવ ને જોઉં, પિતાજીએ મોકલી એ કેવીક પેટી છે!' પેટી ઉઘાડે તો અંદર એક સુંદર મજાનો પંખો અને નાનકડો અરીસો. તેણે પવન નાખવા જરા પંખો હલાવ્યો ત્યાં તો એક પળમાં તેની સામે પેલો રાજકુંવર 'ખામોશ' આવીને ઊભો રહ્યો અને બોલ્યો: 'તમે મને બોલાવ્યો? બોલો, શું કામ છે?'

આ રીતે અચાનક પોતાની પાસે આ જુવાનને હાજર થયેલો જોઈને સોદાગરની દીકરી આશ્ચર્યમાં પડી ગઈ. જુવાન પણ કેવો સુંદર? કંચનવરણી કાયા, રોમરોમ-માં ચેતન. કેરીની ફાડ જેવી આંખો, પોપટની ચાંચ જેવું નાક, સિંહ જેવી પાતળી કેડ. માથે હીરા-ચળકતી કલગી-વાળો મુગટ શોભે છે, જરિયાની પોષાક પહેર્યા છે અને કેડે સોનેરી મૂઠવાળી તરવાર લટકે છે.

થોડી વાર નીરખ્યા પછી સોદાગરની દીકરીએ પૂછ્યું: ‘તમે કોણ છો અને ક્યાંથી આવો છો ?’

રાજકુંવર ખામોશે સોદાગરને કેવી રીતે આ પેટી આપેલી તે વાત વિગતથી વર્ણવી અને કહ્યું: ‘જ્યારે જ્યારે આ પંખો તમે હલાવશો ત્યારે ત્યારે હું હાજર થઈશ. મારા સરખું જે કાંઈ કામ હોય તે જરૂર કહેજો.’

સોદાગરની દીકરીએ કુંવર ખામોશને થોડા દિવસ ત્યાં આગ્રહ કરીને રોકયો. બન્નેની ભરપૂર જુવાની ચાલી જાય. થોડા દિવસના સહવાસથી બન્ને એકબીજાના પ્રેમમાં પડ્યાં. બન્નેએ એકબીજાને પરણવાનાં વચન દીધાં.

થોડા દિવસે રાજકુંવર ખામોશ પોતાના રાજ્યમાં પાછો ફર્યો અને પોતાને પરણાવવાની માતાપિતાને વાત કરી. વહુ પોતે પસંદ કરી આવ્યો છે તે પણ કહ્યું. ઘણાં વર્ષોથી કુંવર પરણતો ન હતો. તેણે સામે ચાલીને આ માગણી કરી તેથી રાજા–રાણી ખૂબ રાજી થયાં અને લગ્નની તાબડતોબ તૈયારી આદરી.

આ બાજુ નાની દીકરીએ સોદાગરને પોતાનાં લગ્ન કરી આપવાની વાત કરી. સોદાગર પણ રાજી થયો. સોદાગર, તેની પત્ની તથા છએ દીકરીઓ નાની દીકરીને ઘેર આવ્યાં અને લગ્નની તૈયારી કરી. લગ્નનો દિવસ નક્કી કરવામાં આવ્યો.

રાજકુંવર ખામોશ વહાણે બેસીને પરણવા ઊતર્યો. ધામધૂમથી રંગેચંગે લગ્ન પતી ગયાં. રાજકુંવર ખામોશ તેની રાણી પાસે રોકાયો અને જાનૈયા દેશ પાછા ફર્યા.

રાજકુંવરના અને સોદાગરની દીકરીના દિવસ એવા આનંદમાં જાય છે કે દિવસ ઊગ્યા–આથમ્યાની કાંઈ ખબર પડતી નથી.

સોદાગરની મોટી છ દીકરીઓને નાની બહેનનું આ સુખ જોઈને અદેખાઈ આવી. એમને થયું કે રાજ-કુંવર ખામોશને મારી નાખીએ તો બધી વાત પતી જાય. તેમણે કાચના શીશા ભેગા કર્યા અને કોઈ ન જાણે તેમ ઝીણા લોટ જેવા દળાવી નાખ્યા. જે પલંગમાં રાજકુંવર ખામોશ સૂએ તેમાં તેમણે રાત પહેલાં એ કાચનો ઝીણો લોટ વેરી દીધો.

રાતે જેવો રાજકુંવર ખામોશ પલંગમાં સૂતો અને એક–બે પડખાં ફર્યો કે તરત કાચની બારીક કણીઓ એનાં શરીરમાં રોમેરોમે પરવરી ગઈ. થોડી વારમાં તો એને કાળી પીડા થવા લાગી. રાજકુંવર ખામોશને તરત ખબર પડી ગઈ કે આ છ બેનોનાં કામ છે. પણ પોતાની પત્નીને આ વાત કહેવાથી એને દુઃખ થશે એમ ધારીને કાંઈ પણ કહ્યા વગર તે પોતાની શક્તિથી પોતાને દેશ એકલો ઊપડી ગયો.

રાજકુંવર પોતાને દેશ આવીને પલંગમાં પડ્યો અને પીડા સહન ન થતાં પલંગમાં આમતેમ આળોટવા લાગ્યો.

રાજા અને રાણી કુંવરની પીડા જોઈ ને રડવા લાગ્યાં. તરત એમણે રાજવૈદ અને હકીમ બોલાવ્યા. રાજવૈદ અને હકીમો રોજ હજાર દવાઓ અજમાવે છે પણ કુંવરને શાંતિ વળતી નથી. કાળી પીડા વધતી જાય છે. કોઈને રોગ

પરખવામાં જ આવતો નથી. પોતાના રાજના વૈદો–હકીમો થાકયા એટલે રાજાએ દેશપરદેશથી વૈદો–હકીમો તેડાવ્યા. એમણે દવા કરી પણ કોઈની દવાએ કાર ન કર્યો.

અહીં સોદાગરની નાની દીકરી અચાનક રાજકુંવર ચાલ્યો ગયો તેથી વિચારમાં પડી ગઈ. થોડા વખતમાં તેની પાસે રાજકુંવરની માંદગીના સમાચાર પહોંચ્યા. હજી તો પરણ્યાં ન પરણ્યાં ત્યાં આવાં દુઃખ ? સોદાગરની દીકરીનું હૈયું ભરાઈ આવ્યું. એને થયું કે નહિ વાત, નહિ ચીત ને પતિરાજ કેમ ચાલ્યા ગયા હશે ? પણ પતિરાજ છે શાણા ને સમજુ. કારણ વગર ચાલ્યા જાય નહિ. લાવ છાનીમાની વેશબદલો કરીને એમને દેશ જાઉં ને સાચા કારણની તપાસ કરું.

સોદાગરની દીકરીએ ભગવાં કપડાં મંગાવ્યાં અને સાધુનો વેશ લીધો. કમરમાં એક કટાર છુપાવી અને રાજકુંવરને દેશ જવા નીકળી પડી.

સોદાગરની દીકરીએ કદી ઘર બહાર પગ દીધો નથી. ફૂલ જેવી કાયા છે. સૂરજનાં સવારનાં કિરણ માથે પડ્યાં ન પડ્યાં ત્યાં તો ગુલાબી ગાલ કરમાવા લાગ્યા. તોપણ તે ચાલી જાય છે. ચાલતાં ચાલતાં તેને તરસ લાગી અને એક ઝાડ નીચે જરા થાક ખાવા બેઠી. થાકને લીધે ઝોલાં પણ આવવા લાગ્યાં.

આ ઝાડ માથે હંસપંખી અને હંસપંખણીનો માળો. હંસ અને હંસણી વગડામાં ચારો કરવા ગયાં છે. માળામાં તેમનાં બે નાનાં બચ્ચાં બેઠાં છે. અચાનક હંસનાં

બચ્ચાં કાળી ચીસો નાખવા લાગ્યાં. ચીસોના અવાજથી ઝોલે ગયેલ સાધુ (સોદાગરની દીકરી) જાગી ઊઠ્યો.

સાધુ જાગીને જુએ તો માળાની પાસેની ડાળીએ એક મોટો નાગ ફેણ ડોલાવી રહ્યો છે અને માળાની ડાળ પર ચડવાની તૈયારી કરી રહ્યો છે. તરત સાધુ ઝાડ પર ચડ્યો અને હંસનાં બચ્ચાંને બચાવવા નાગ પર કટારનો ઘા કર્યો. નાગના કટકા થઈ ગયા અને કટકા નીચે જઈ પડ્યા. હંસનાં બચ્ચાં ચીસો પાડતાં અટકી ગયાં અને છાનાંમાનાં માળામાં બેસી ગયાં.

થોડી વારે સાંજ પડી. હંસ અને હંસણી જંગલમાંથી પાછાં ફર્યાં. ઊડતાં ઊડતાં હંસ વાત કરતો આવે છે: 'રખે ને પેલો નાગ પહોંચ્યો હોય અને આપણાં બચ્ચાંને ખાઈ તો નહિ ગયો હોય? આટલે પાસે આવ્યાં તોય હજી બચ્ચાંનો અવાજ કેમ સંભળાતો નથી?' પણ માળે આવીને જુએ તો બન્ને બચ્ચાં જીવતાં.

બચ્ચાંએ દિવસમાં બનેલ બનાવની વાત કરી અને કહ્યું: 'જો આ સાધુએ નાગને મારી નાખ્યો ન હોત તો અમે આજ તમારું મોઢું જોવા ન પામત.' હંસ-હંસણી નીચે જુએ તો નાગના કટકા પડ્યા છે.

હંસણી હંસને કહે: 'સાધુએ આપણાં બચ્ચાંને મરતાં બચાવ્યાં. આપણે પણ તેનો કાંઈક બદલો વાળવો જોઈએ.'

હંસ કહે: 'જરૂર આપણે બદલો વાળી શકીશું. જો સાંભળ, હંસણી! તને ખબર નહિ હોય, પણ એ સાધુ તો

સોદાગરની દીકરી છે. થોડા દિવસ પહેલાં જ રાજકુંવર સાથે તેનાં લગ્ન થયાં છે. પણ એની મોટી છ બેનોથી નાની બેનનું સુખ સહન થયું નહિ. એમણે રાજકુંવરના પલંગમાં કાચનો લોટ વેરી દીધો અને રાજકુંવરને રોમે રોમે કાચ ઘૂસી ગયા. પોતાની પત્નીને ખબર પડે તો દુઃખ થાય એથી કુંવર એને કહ્યા વગર પોતાને દેશ ચાલ્યો ગયો છે અને રાજકુંવર મરવા પડ્યો છે. તેને મળવા માટે આ સોદાગરની દીકરી સાધુનો વેશ લઈને ચાલી જાય છે.'

હંસણી પૂછે છે: 'શું રાજકુંવરનો રોગ મટાડવાનો કોઈ ઉપાય નહિ હોય ?'

હંસ કહે: 'ઉપાય તો છે જ. આ ઝાડ નીચે પડેલા આપણા ચરકને લઈ લે અને તેને ઝીણું લોટ જેવું દળી નાખે, તેને પાણીમાં પલાળી રાખે, પહેલાં કુંવરને સાત ઘડા પાણીથી સાત વખત નવરાવે અને પછી સાત ઘડા દૂધથી સાત વખત નવરાવે. એ પછી પંખીના પીછાથી કુંવરને શરીરે ચરકનો લેપ કરે તો ઘડીપલમાં કુંવરની કાયા કંચનવરણી થઈ જાય અને પથારીમાંથી બેઠો થઈ જાય.'

હંસણી કહે: 'પણ સોદાગરની દીકરી દૂર દેશાવર હજી કોણ જાણે ક્યારે પહોંચશે ? પહોંચતાં પહોંચતાં કેટલા યે મહિના નીકળી જશે અને ત્યાં સુધીમાં તો રાજ-કુંવર મરી ગયો હશે.'

હંસ કહે: 'હું પોતે મારી પાંખ પર બેસાડીને સોદા-ગરની દીકરીને રાજકુંવર પાસે લઈ જાઉં અને પાછી પણ

લઈ આવું. હા. એક શરત. તેણે દવાના બદલામાં એક પાઈ પણ લેવી ન જોઈએ અને ત્યાં પોતાની ઓળખાણ પાડવી ન જોઈએ.'

સાધુના વેશમાં સોદાગરની દીકરી આ બધું ઝાડ નીચે બેઠી બેઠી સાંભળે. તેણે હંસને કહ્યું: 'તમારી વાત મારે કબૂલ છે. મને રાજકુંવર પાસે લઈ જાઓ તો તમારો અહેસાન કદી ન ભૂલું.'

હંસ કહે: 'ભલે.'

તરત સોદાગરની દીકરીએ ઝાડ નીચે પડેલું ચરક ભેગું કર્યું અને વાટીને બારીક લોટ જેવું બનાવ્યું. ચરકના લોટની એક કોથળી ભરી લીધી અને હંસની પાંખ પર બેસી ગઈ. ફડ....ફડ....ફડ....પાંખ વીંઝતો હંસ જંગલ, ડુંગર, પહાડ અને સાત સાત સાગર વીંધીને રાજકુંવર ખાસોશને દેશ આંખના પલકારામાં પહોંચી ગયો. રાજકુંવરની રાજધાનીને દરવાજે હંસે સાધુને ઉતારી દીધો અને કહ્યું: 'આ દરવાજે પીપળાને ઝાડે બેઠો તારી રાહ જોઈશ. કામ પતી ગયે એકદમ આવી પહોંચજે.'

સાધુ સીધો શહેરમાં ઊપડ્યો અને ચાલતો ચાલતો બોલવા લાગ્યો: 'કાળંતરના કાળા રોગ મટાડું, આંખના પલકારામાં રોગીને શાતા કરું. દવાનો બદલો કાંઈ ન માગું. ગમે તેવા રોગીને સાજા કરી ચાલતો થાઉં.'

ફરતો ફરતો સાધુ રાજમહેલને દરવાજે પહોંચ્યો. એનો સાદ પહેરેગીરે સાંભળ્યો. પહેરેગીર રાજાજી પાસે

ગયો અને કહ્યું કે એક સાધુ વૈદરાજ આવ્યા છે અને ગમે તેવા કાળા રોગને પણ મટાડી દે છે.

રાજાએ સાધુને અંદર બોલાવ્યો. દેશપરદેશના જાણીતા વૈદો–હકીમોએ જ્યાં હાથ ધોઈ નાખ્યા છે ત્યાં આ બિચારો સાધુ શું કરવાનો હતો એમ રાજા વિચારે છે. પણ વૃદ્ધ પ્રધાને કહ્યું: 'ભલે ને આ પણ એની કરામત અજમાવી લે. આપણું શું જાય છે?'

રાજાએ હા પાડી.

સાધુએ સાત ઘડા પાણીના અને સાત ઘડા દૂધના મંગાવ્યા. પ્રથમ પાણીથી અને પછી દૂધથી કુંવરને સાત વખત નવરાવ્યો. પોતાની કોથળીમાંથી દવા કાઢી એનો પાતળો લેપ બનાવ્યો અને એ લેપ પંખીના પીછાથી કુંવરને આખે અંગે ચોપડી દીધો. જેમ જેમ સાધુ લેપ ચોપડતો ગયો તેમ તેમ રાજકુંવરને શાતા વળતી ગઈ. ફરીથી છ ઘડા પાણીથી અને છ ઘડા દૂધથી નવરાવીને કુંવરનું શરીર સાફ કર્યું કે એને આખે અંગે ટાઢક વળી ગઈ. બીજી જ ક્ષણે કુંવરની આંખ મળી ગઈ.

છ છ માસથી કુંવર આંખનું મટકું માર્યા વગર ખાટલામાં આમતેમ પડખાં ઘસ્યા કરતો હતો. તેને અખંડ આઠ પહોર સુધી ઊંઘ આવી ગઈ ઊંઘીને ઊઠ્યો ત્યારે કુંવરની કાયા કંચનવરણી ઝગ્યા કરે અને રોમેરોમથી ચેતન ઝર્યા કરે.

કુંવરને જાણે સાધુએ જીવતદાન દીધું. રાજા સાધુ પર રાજી રાજી થઈ ગયો. રાજા કહે: 'હે સાધુ મહારાજ!

માગો, માગો. જે માગો તે આપું. કહો તો મારું અર્ધું રાજ આપું અને કહો તો મારો અર્ધો ખજાનો આપને ચરણે ધરું.'

સાધુ કહે: 'મારે સાધુને એ બધું શા ખપનું? બહુ બહુ તો યાદગીરી તરીકે કુંવરની એકાદ વીંટી આપશો તો યે, બસ.'

રાજાએ સાધુને કુંવરની હીરાજડિત વીંટી આપી અને સાધુ ત્યાંથી ચાલતો થયો.

સાધુ શહેરને દરવાજે આવ્યો અને પીપળાને ઝાડે હંસપંખીની પાસે ઊભો રહ્યો. હંસપંખી તરત જ નીચે ઊતર્યો અને સાધુ તેની પાંખો પર બેસી ગયો. પાંખોના ફટાકા મારતાં હંસે એક પલકમાં સાધુને પોતાના માળાવાળા ઝાડ નીચે ઉતારી દીધો. સાધુ હંસ-હંસણીને પગે લાગ્યો અને તેમની રજા લઈને પોતાના મહેલ તરફ ચાલી નીકળ્યો.

પોતાને મહેલ આવી સોદાગરની દીકરીએ સાધુનો વેશ કાઢી નાખ્યો અને મૂળ પોષાક ચડાવી લીધો.

બીજે દિવસે દીકરીએ 'ખામોશ' પેટી ઉઘાડી અને પંખો હલાવ્યો. તરત જ રાજકુંવર ખામોશ આવીને ઊભો રહ્યો. ઘણે વખતે મળતાં બંને રાજી થયાં. સોદાગરની દીકરીએ રાજકુંવરને વીંટી બતાવી ત્યારે કુંવરને ખબર પડી કે પેલો સાધુ તે બીજું કોઈ નહિ પણ પોતાની પત્ની પોતે જ. પોતાની પત્નીની કરામતથી પોતે ઊગરી ગયો

એટલે તેના પર રાજકુંવરનાં અપાર હેત વધી ગયાં અને બન્ને પાછાં આનંદથી રહેવા લાગ્યાં.

થોડા દિવસ પછી છ યે બેનો તેને મળવા આવી. જુએ તો બેન-બનેવી પહેલાંની જેમ જ આનંદ કરે. આ જોઈને એમનાં મોઢાં કાળી શાહી જેવાં થઈ ગયાં. નાની બેને અને રાજકુંવરે તેમને માફી આપી અને ગઈગુજરી ભૂલી જવા કહ્યું.

એ પછી રાજકુંવર પોતાની પત્નીને લઈને સોદાગરને મળવા ગયો. દીકરી-જમાઈએ પિતા પાસે પોતાના રાજમાં જવા રજા માગી. સોદાગરે ને તેની પત્નીએ દીકરી-જમાઈને હસીને રજા દીધી. રોતાં રોતાં માબાપ ને દીકરી જુદાં પડ્યાં ને દીકરી-જમાઈ પોતાને રાજ ચાલી નીકળ્યાં

રાજકુંવર પોતાને રાજ ગયો કે રાજાએ એને ગાદીએ બેસાડ્યો ને રાજકાજ એના હાથમાં દીધું. બન્નેએ વરસો સુધી રાજ કર્યું અને પુત્ર-પુત્રી થયાં એમની સાથે આનંદમાં જિંદગી વિતાવી.

મામો અને ભાણેજ

એક ગામમાં બે ચોર રહે. એક મામો અને બીજો ભાણેજ. બન્ને ચોરી કરે અને પોતાનો ગુજારો ચલાવે. ચોરી કરવામાં તેઓ એટલા બધા કાબેલ કે ન પૂછો વાત. ઉઘાડી આંખે માણસ ઊભા હોય તેના હાથમાંથી ચોરી કરી જાય તો યે ખબર પડવા ન દે. આસપાસના મુલકમાં તેઓ નામીચા થઈ ગયેલા. આ પછી તેઓ ચોરી કરે કે ન કરે, બધી ચોરીનું આળ તેમના પર જ આવવા લાગ્યું. લોકો માને કે મામા–ભાણેજ સિવાય બીજા કોઈનું કામ નહિ.

છેવટ બન્ને ચોર થાકયા. તેમને થયું કે ચાલો આપણે પણ લોકોની પેઠે કમાઈને પેટ ભરીએ. પણ તેમના ગામમાં તો કોઈ તેમનો વિશ્વાસ ન કરે. આથી તેઓ બહારગામ ઊપડ્યા.

દૂર દૂરના શહેરમાં એક શેઠને ત્યાં બન્ને નોકર રહ્યા. શેઠને ત્યાં બે કામ હતાં. શેઠની ગાયને સાચવવી અને ફળિયામાં વાવેલ તુલસીના છોડને પાણી પાવું. મામાએ તુલસીને પાણી પાવાનું માથે લીધું અને ભાણેજે ગાયને સાચવવાનું માથે લીધું.

સવારના પહોરમાં ભાણેજ ગાયને ચરાવવા વગડામાં લઈ ગયો અને મામાએ તુલસીના ક્યારામાં પાણી પાવું શરૂ કર્યું. તુલસીનો ક્યારો ભરાઈ જાય એટલું પાણી પાવાનું હતું. 'એમાં તે કેટલુંક પાણી જોઈશે!' એમ વિચારીને મામો ડોલ ભરીને ક્યારામાં રેડવા લાગ્યો. એક, બે, ચાર, આઠ, દસ ડોલ નાખી, પણ ક્યારો ખાલી ને ખાલી. એને થયું કે ધરતી પોતે જ તરસી થઈ છે કે શું?

રેંઢા સુધી પાણી ખેંચી ખેંચીને મામાના હાથપગ દુઃખવા આવ્યા તો ય ક્યારામાં પાણીનું ટીપું યે નજરે પડે નહિ. થાકી થાકીને બિચારો જરા આરામ લેવા આડે પડખે થયો કે ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

આ બાજુ ગાય ચારવા ગયેલ ભાણેજનું શું થયું? શેઠની ગાય ભારે હરાયી અને તોફાની. આખા ગામમાં જાણીતી. ગામ બહાર જઈને જેવી એને ભાણેજે ચરવા છૂટી મૂકી કે એ તો પૂછડાનો ઝુંડો ઊંચો કરતીકને વાયુ-વેગે ભાગી છૂટી. ભાણેજ એને પકડવા દોડ્યો પણ હાથ શાની આવે?

ગાય એક ખેતરથી બીજે ખેતરે દોડ્યા કરે અને મોલને જમીનભેગો કર્યા કરે. એક વાડીએથી બીજી વાડીએ છલંગો મારે અને ક્યારા ને ક્યારા ખૂંદી નાખે. એક મોઢું આમ નાખે, બીજું મોઢું તેમ નાખે. ખાતી જાય, ખૂંદતી જાય અને નુકસાન કરતી જાય.

આ ગામમાં નિયમ એવો કે ઢોર જે કાંઈ નુકસાન કરે એ બધું ગોવાળે ભરી દેવું. એ વાત તો ઘેર ગઈ,

પણ ગાયને પકડવી કેવી રીતે ? એક ખેતરેથી બીજે ખેતરે અને એક વાડીએથી બીજી વાડીએ ભાણેજ બિચારો ગાયની પાછળ દોડ્યા કરે. માથે તડકો તપે અને પરસેવો તો રેબઝેબ ચાલ્યો જાય. વધારામાં ખેડૂતો અને રખોપિયા તેને અને તેની સાત પેઢીને ગાળો ચોપડાવ્યા કરે તે મૂંગે મોઢે સાંભળવાની.

આખો દિવસ દોડી દોડીને બિચારાના પગ તણાઈ રહ્યા ત્યારે માંડ સાંજે ગાય હાથમાં આવી. ગાય પર ખિજાતો અને મનમાં ગાળો દેતો એ સાંજે ઘેર પાછો વળ્યો.

ભાણેજ ઘેર આવ્યો એ વખતે મામો ઊંઘમાંથી ઊઠ્યો. એણે ભાણેજને પૂછ્યું: 'કેમ આટલો બધો મોડો ? ઠેઠ સાંજ પડી ત્યાં સુધી શું કર્યું ?'

ભાણેજ કહે: 'શું વાત કરું, મામા ! હું તો ગાયને ચારવા લઈ ગયો. ગામ બહાર જઈને જોઉં તો લીલુંછમ ઘાસ ઊભું છે. પાસે જ તળાવ અને તળાવને કાંઠે લકુંબ-ઝકુંબ વડલો. મેં ગાયને છોડી કે એ ચરવા લાગી. આસ-પાસ ચરે પણ આઘીપાછી જાય નહિ.

'હું ફાળિયું પાથરીને વડલા નીચે જરા આડે પડખે થયો. પણ શો મીઠો પવન ? સૂતાંવેંત ઊંઘ આવી ગઈ. સાંજ સુધી ઊંઘ ઊડે જ શાની ? સાંજે ઊઠીને જોઉં તો ગાય પાસે ઊભી ચર્યા કરે. ગાયને તળાવમાં પાણી પાયું અને આવ્યો ઘેર. ભારે મજા પડી ! હું તો વહેલો આવવાનો હતો, પણ ઊંઘ આવી ગઈ એટલે આટલું બધું મોડું થઈ ગયું.

'એ બધું તો ઠીક, પણ તમારે કામ કેવું કરવું પડ્યું એ તો કહો ?'

મામો કહે: 'લે, મારા કામમાં તો વળી પૂછવાનું જ શું હતું ? ખોબા જેવડો તુલસીનો ક્યારો. એને પાણી કેટલું જોઈએ ? એક ડોલ પાણી ભરીને લાવ્યો તો તેમાં ય વધી પડ્યું.

'બસ, મારું કામ તો પતી ગયું, પછી આખો દિવસ કરવું શું ? મેં તો લંબાવ્યું જ મીન પર અને વિચાર કરવા લાગ્યો કે આ રીતે જીવવું તો સારું. કાંઈ ઉપાધિ જ નહિ. ઘડીક વાર ગીત ગાયાં. એમ કરતાં કરતાં ઊંઘ આવી ગઈ. આ હમણાં જ તું આવ્યો ત્યારે હું ઊઠ્યો.'

બંને જણાએ એકબીજાના સુખચેનની વાતો તો કરી, પણ મામાને મનમાં થયું કે આ છોડવાને આખો દિવસ ખેંચી ખેંચીને પાણી પાવા કરતાં ભાણેજનું ગાય ચરાવવાનું કામ સારું. અને ભાણેજના મનમાં થયું કે આ ગાયની પાછળ આખો દિવસ દોડાદોડી કરવા કરતાં તુલસીને પાણી પાવું સારું. બન્ને જણા મનમાં એકબીજાના કામનો અદલોબદલો કરવાનો વિચાર કરવા લાગ્યા.

થોડી વાર રહી મામો કહે: 'બીજું કાંઈ નહિ ભાણેજ, પણ એકાદ ડોલ રેડીને પછી આખો દિવસ પડ્યા રહેતાં મારો તો દિવસ જતો નથી. ગાયને ચારવા જાઉં તો જરા પગ છૂટો થાય. કાલથી હું ગાયને ચારવા જાઉં ?'

ભાણેજ કહે: 'તો તો બહુ જ સારું મામા ! હું

તો કેવો આળસુ અને ઊંઘણશી છું એ તમે જાણો છો. મારે વળી પાદર સુધી ચાલવું મટયું.

'પણ હા, એક કામ કરજો. હું આખો દિવસ વડ નીચે સૂઈ તો રહ્યો, પણ ત્યાંની જમીન બધી એવી ખાડા-ખચાવાળી છે કે શરીરને ખૂંચ્યા જ કરે છે. જો તમે સૂવા માટે સાથે ખાટલો લેતા જાઓ તો પછી સૂવામાં જરા યે વાંધો ન આવે એ....ને સાંજ સુધી આરામથી ઘોર્યા જ કરો ને!'

બીજે દિવસે વહેલી સવારે ગાયને છોડીને મામો પાદર તરફ ઊપડયો. ભાણેજની શિખામણ પ્રમાણે લહેરથી સૂવા માટે સાથે ખાટલો પણ લઈ લીધો.

મામો જેવો રવાના થયો કે ભાણેજે તુલસીના છોડને પાણી પાવાનું શરૂ કર્યું. ભાણેજના મનમાં એમ કે એક ડોલ, અરે બહુ બહુ તો વધારામાં બે ડોલ બસ થઈ પડશે અને પછી લાંબા થઈને ગઈકાલનો થાક ઉતારશું.

એણે પાણી પાવાનું શરૂ કર્યું, પણ આ શું? એક, બે, દસ, વીસ, પચાસ, અરે સો સો છલોછલ ડોલ ખેંચી ખેંચીને કયારામાં ઠાલવી તો યે કયારાની કાંકરી પણ ભીની કાં ન થાય? પાણી ખેંચી ખેંચીને એ થાકીને ટેં થઈ ગયો. સૂરજ માથે આવ્યો અને તે પછી તો સૂરજને આથમવા-ટાણું થયું તો યે હજી ભાણેજનું કામ પૂરું થયું નહિ. થાકીપાકીને એ ડોલ ફેંકીને હેઠો બેસી પડયો.

ત્યાં વગડામાં મામાનું શું થયું? એ ગાયને ગામની બહાર ભાણેજે કહેલ તે તળાવે લઈ ગયો. પાસે જ ઝૂકી

રહેલ ઘાટા વડલા નીચે એણે ખાટલો બિછાવ્યો અને ગાયને ચરવા માટે છૂટી મૂકી.

પણ જેવી ગાયને એણે છૂટી મૂકી કે ગાય પૂછડાનો ઝુંડો ઊંચો કરતીકને તીરવેગે છૂટી. ખાઈઓ ઠેકતી અને વાડ વળોટતી ગાય જઈ પહોંચી ખેતરોમાં. એક ખેતરેથી બીજે ખેતરે અને એક વાડીએથી બીજી વાડીએ ગાય છલંગો મારતી જાય, ખાતી જાય, પાકનો ઘાણ વાળતી જાય અને ભાગતી જાય.

મામો બિચારો ગાય પાછળ પકડવા માટે દોડાદોડી કરે, પણ ગાય આગળ ને આગળ. વાડીવાળા મામા પર ગાળોનો રમઝટ મે વરસાવે. પણ બિચારો કરે શું ?

પણ આટલેથી જ વાત ક્યાં પૂરી થતી હતી ? ભાણેજના કહેવાથી એ ખાટલો સાથે લઈ આવેલો. વડ નીચે ખાટલો મૂકી જાય તો કોઈ ઉપાડી જાય એ બીકે માથા પર ખાટલો મૂકીને ગાય પાછળ એ દોડ્યા કરે. વાડીવાળા અને બીજા ગોવાળોએ મામાને માથે ખાટલા સહિત દોડતો જોયો એટલે તેમને જોણું થયું. બધા એને જોઇ જોઇને તાળીઓ પાડ્યા કરે અને ગોકીરો મચાવ્યા કરે.

ભૂખ્યો-તરસ્યો મામો મનમાં ગુસ્સે થતો થતો કામના અદલાબદલાનો પસ્તાવો કર્યા કરે, પણ હવે શું ? અથાક મહેનત પછી અને બીજા ગોવાળોએ મદદ કરી ત્યારે માંડ ગાયબાઈ હાથમાં આવ્યાં. જ્યારે ગાયને લઈને એ ઘેર પાછો વળ્યો ત્યારે રાત પણ પડી ગયેલી અને ઘેર ઘેર દીવા થઈ ગયેલા.

મામો-ભાણેજ જ્યારે ભેગા થયા ત્યારે એકબીજાને જોઈને હસી પડ્યા. એક શબ્દ પણ બોલવાની જરૂર ક્યાં હતી? બન્ને મનમાં એકબીજાની હોશિયારી સમજી ગયેલા. રાતે વાળુ કરી લીધા બાદ બન્ને આરામ કરવા આડા પડ્યા અને વાતો કરવા લાગ્યા.

ભાણેજ કહે: 'કાં મામા! કેવી મઝા પડી?'

મામો કહે: 'જેવી મઝા તને પડી તેવી જ મને પડી. થોડીક વધારે ખરી!'

ભાણેજ કહે: 'લોકો ભલે આ કામને પ્રમાણિક કહે. આ કરતાં તો આપણો ચોરીનો ધંધો સાત દરજ્જે સારો.'

મામો કહે: 'એમાં ક્યાં શંકા જેવું છે! પણ ભગવાનના સમ! મેં તો આવી ગાય ક્યાંય ન જોઈ. કદાચ આવી હરાયી ગાય આખી દુનિયામાંયે નહિ હોય.'

ભાણેજ કહે: 'અરે, હરાયી ગાયનો ક્યાં તૂટો છે! મેં તો આવી કેટલીયે હરાયી ગાય જોઈ છે. પણ તમે આ તુલસીના છોડ જેવો કોઈ છોડ જોયો છે ખરો? મને તો થાય છે કે આટલું આટલું પાણી રેડીએ છીએ તે જતું હશે ક્યાં? એના મૂળ નીચે તળાવ હશે કે દરિયો?'

મામો કહે: 'ચાલ ને ખોદી જોઈએ. એની મેળે ખબર પડશે.'

ભાણેજ કહે: 'જ્યારે શેઠ-શેઠાણી ઊંઘી જાય ત્યારે મધરાત પછી વાત.'

લગભગ મધરાતે બન્ને જણા કોશ, કોદાળી તથા પાવડો લઈને ઊપડ્યા અને છોડની આસપાસ ખોદવા

લાગ્યા. ખૂબ ખૂબ ખોદ્યા પછી ભાણેજની કોદાળી શાનાક સાથે ભટકાઈ અને અવાજ થયો. બન્ને જણા અટકી ગયા. ભાણેજે અંધારામાં ને અંધારામાં અંદર હાથ નાખ્યો તો અંદર મોટો બધો ચરુ લાગ્યો. ચરુમાં હાથ નાખે ત્યાં તો મોઢા સુધી સોનામહોરોથી ભરચક !

મામો પૂછેઃ 'કાં ? કાંઇ છે ?'

ભાણેજ કહે· 'ના રે, કાંઈ લાગતું નથી. મોટો બધો પત્થર લાગે છે.'

મામો ભાણેજની લુચ્ચાઈ મનમાં સમજી ગયો. એ કહેઃ 'મેલ ને લપ ત્યારે! ચાલ ચાલ, આ ગદ્ધામજૂરી કરવા કરતાં સૂઈ જઈએ.'

જઈને બન્ને જણ સૂઈ ગયા.

કલાક બે કલાક વીત્યા અને મામાએ જોયું કે ભાણેજ ઘસઘસાટ ઘોરે છે એટલે તે ઊઠ્યો. ખોદ્યું હતું ત્યાં પહોંચ્યો. જઈને અંદર જુએ તો સોનામહોરોથી ભરેલો ચરુ પડ્યો છે. આસપાસ જરાક વધારે ખોદતાં સોના-મહોરોથી ભરેલો બીજો ચરુ પણ મળી આવ્યો. આટલું બધું ધન હાથ આવ્યું તેથી એ ખુશ ખુશ થઈ ગયો.

પણ એને મનમાં થયું કે એ બધું હું એકલો જ રાખું. એણે બન્ને ચરુ માથે ચડાવ્યા અને પાસેને તળાવે પહોંચ્યો. તળાવને કાંઠે કાદવમાં એણે બન્ને ચરુ સંતાડી દીધા. તરત એ ઘેર પાછો વળ્યો અને ચુપચાપ જઈને ઘોરતા ભાણેજની પડખે સૂઈ ગયો. ઘડીક વારમાં તો નસ-કોરાં પણ બોલાવવા લાગ્યો.

થોડી વાર થઈ અને ભાણેજ જાગ્યો. એણે જ સોના-મહોરોનો ચરુ પ્રથમ જોયેલો ને! એ મીનીપગલે ચાલતો દીઠેલું ધન હાથ કરવા ક્યારા પાસે પહોંચ્યો. જઈને જ્યાં હાથ ફેરવે તો ચરુ ન મળે! આસપાસ હાથ ફેરવી જોયો પણ પત્થર સિવાય કાંઈ નહિ. એને થયું કે મામા પહોંચ્યા લાગે છે. એમના વિના બીજાનું આ કામ નહિ.

એ ઘસઘસાટ ઊંઘતા મામા પાસે ગયો. મામાના માથાથી તે પગ સુધી નજર ફેરવી જોઈ. ધારી ધારીને એના શરીરનું એકેએક અંગ જોયું. નજર ફેરવતાં ફેરવતાં મામાના પગ અને ઘૂંટી પાસે એને કાદવ ચોંટેલો દેખાયો. એ તરત સમજી ગયો કે મામાએ કોઈક તળાવમાં જઈને ચરુ સંતાડી દીધા લાગે છે.

પણ તળાવમાં કયે ઠેકાણે સંતાડ્યા હશે? અક્કલને એણે કામે લગાડી દીધી. એ પણ તળાવે જઈ પહોંચ્યો અને તળાવને ચારે કિનારે આંટા દેવા લાગ્યો. તળાવના ત્રણ કાંઠા પરથી એ પસાર થયો ત્યારે કાંઠા પર બેઠેલા દેડકા ઊછળી ઊછળીને પાણીમાં પડવા લાગ્યા.

પણ જ્યારે ચોથે કાંઠેથી પસાર થયો ત્યારે એકેય દેડકો પાણીમાં પડ્યો નહિ. એને થયું કે અહીં કોઈ આવ્યું હશે તેથી દેડકા ચાલ્યા ગયા લાગે છે. એટલે એ કાંઠે જ મામાએ ધન સંતાડ્યું હોવું જોઈએ. તળાવમાં ઊતરીને એ તપાસ કરવા લાગ્યો. આડાઅવળા હાથ ફેર-વતાં બન્ને ચરુ હાથ આવી ગયા. પણ આટલા ભારે ચરુ ઉપાડીને ઠેઠ ઘેર પહોંચવું કેવી રીતે? સીધો ગયો ઘેર,

પેલી ગાયને છોડી આવ્યો અને ગાય સાથે બન્ને ચરુ મૂક્યા. ‘ આખો દિવસ આ ગાયે મને દોડાવેલો. હવે એનો વારો. ’ કહેતાંકને એણે તો ગાયને હાકતાં પોતાના ગામ તરફ મારી મૂક્યાં.

સવાર પડી અને કાગડા કા....કા....કરવા લાગ્યા કે મામો ઊઠ્યો. પણ જુએ તો પાસે ભાણેજ સૂતેલો નહિ. તરત એ દોડાદોડ તળાવે ગયો, પણ એકે ય ચરુ ત્યાં ન મળે. ઘેર આવીને જુએ તો છાપરામાં ગાય પણ ન મળે.

એ સમજી ગયો કે ગાય પર ચરુ લાદીને ભાણેજ ઊપડી ગયો લાગે છે. અને બીજે જાય પણ ક્યાં ? ગાય સાથે છે એટલે ઘર સિવાય બીજે ક્યાં ય જાય નહિ. તરત એ પણ ભાણેજની પાછળ ઊપડ્યો અને ભાણેજને પકડી પાડવાના પેંતરા ગોઠવવા લાગ્યો.

ચાલતો ચાલતો મામો એક મોટા શહેરમાં આવ્યો. શહેરમાં એ મોચીની દુકાને પહોંચ્યો. પાસે જેટલા પૈસા હતા તે બધા આપીને મોચીને કહે: ‘ એક જોડી જોડા એવા બનાવી આપ કે દેખીને આંધળો પણ ઓવારી જાય. ’

મોચીએ સોનેરી ભરીને ઝગઝગતા જોડા બનાવી દીધા. એ લઈને પાછો મામો ભાણેજની પાછળ પડ્યો. મોટો માર્ગ છોડી એ નાની કેડીએ ચડ્યો અને ટૂંકે માર્ગે ઝપાટાબંધ આગળ વધ્યો. થોડા વખતમાં એ ભાણેજને વટાવી ગયો.

ગાય સાથે હોવાથી ભાણેજ સડકે સડકે ચાલ્યો જાય છે. મામાએ એની આગળ બસો હાથ દૂર રસ્તા

પર એક જોડો નાખ્યો. વળી બીજા બસો હાથ આગળ ગયો અને ત્યાં બીજો જોડો નાખ્યો. અને એટલામાં એક મોટું ઝાડ હતું તેના પર સંતાઈને એ બેસી ગયો.

ભાણેજ ગાય લઈને ધીમે ધીમે ચાલ્યો આવે. ચાલતાં ચાલતાં સડક પર એણે એક જોડો જોયો અને વિચાર કરવા લાગ્યો; 'કેવો મજાનો સોનેરી ગૂંથણી ભરેલો જોડો છે! હવે તો હું પૈસાદાર થયો છું એટલે મને એ ભારે શોભે! પણ એક જોડાને કાંઈ પહેરાય છે?'

આમ વિચારી એ જોડાને મૂકીને આગળ વધ્યો. થોડુંક ચાલ્યો ત્યાં બીજો જોડો જોયો. એને થયું: 'લે! બીજો જોડો પણ આ રહ્યો! હું સૂરખ જ ને કે પેલો જોડો ન લઈ લીધો? હજી યે ક્યાં મોડું થઈ ગયું છે? લાવ આ ગાયને ઝાડ નીચે બાંધું અને પેલો જોડો લઈ આવું.'

એણે ગાયને ઝાડે બાંધી અને બીજો જોડો લઈને બસો વાર દૂર પડેલા પહેલા જોડાને લેવા દોડાદોડ ઊપડચો. જેવો એ આઘો ગયો કે તરત મામો ઝાડેથી નીચે ઊતર્યો અને ગાયને છોડીને ભાગી છૂટચો. સડક મૂકી પડતી અને એ કેડીએ કેડીએ પોતાના ઘર તરફ દોડચો.

થોડીક વારે જ્યાં ભાણેજ બીજો જોડો લઈ આવીને ઝાડ પાસે જુએ તો ગાય ન મળે. તે તરત મનમાં સમજી ગયો કે મામા પહોંચ્યા લાગે છે. એમના વિના બીજા કોઈનાં આ કામ નહિ.

ભાણેજ મૂઠીઓ વાળીને જોરથી ચાલવા અને દોડવા લાગ્યો અને મામો ગાય સાથે ઘેર પહોંચે તે પહેલાં ઘેર

પહોંચી ગયો. જઈને પોતે મામાના ઘરના બારણા પાછળ જ સંતાઈ બેઠો.

જેવો મામાએ ગાય સાથે ઘરમાં પગ દીધો કે ભાણેજ ઊભો થયો અને બોલ્યો: ' ઓહો ! સાજાનરવા ઘેર આવી પહોંચ્યા કે મામા ? ચાલો, ચાલો, ઘરમાં જઈએ અને ધનના ભાગલા પાડી લઈએ. અર્ધો ભાગ તમારો અને અર્ધો મારો.'

મામાથી હવે ના પડાય એવું રહ્યું ન હતું. ગાય પરથી ધનના ચરુ ઉતારીને ઘરના અંદરના ભંડારિયામાં લઈ ગયા. બારણાં બરાબર બંધ કર્યાં અને ભાગ પાડવા બેઠા. ચરુમાંથી બે મહોર કાઢતા જાય, એક મહોર એક ઢગલામાં અને બીજી મહોર બીજા ઢગલામાં મૂકતા જાય અને ભાગ પાડતા જાય. ભાગ પાડતાં બન્ને ચરુ ખાલી કર્યા. પણ સૌથી છેલ્લે એક મહોર વધી.

આ એક મહોરનું શું કરવું ? એ મહોર કોને આપવી ? થોડીક રકઝક બાદ બન્નેએ નક્કી કર્યું કે આવતી સવારે એનાં છૂટાં નાણાં જ કરાવી લેવાં અને સરખે ભાગે વહેંચી લેવાં. પણ આખી રાત સુધી એ મહોર કોની પાસે રહે ?

આ વાત પર પણ ઓછી રકઝક ન ચાલી. ઘણી માથાફોડને અંતે નક્કી થયું કે મહોર મામો રાખે અને સવાર પડતાંવેંત એનાં છૂટાં કરાવીને સરખે ભાગે વહેંચણી કરી લેવી

રાતને વખતે મામાએ તેની સ્ત્રીને અને ઘરનાં બીજાંને ભેગાં કરીને કહ્યું: ' જુઓ, આવતી કાલે સવારે

ભાણેજ વધેલી મહોરનો અર્ધો ભાગ લેવા આવશે. પણ મારે એને અર્ધો ભાગ આપવો નથી.

'સવારે તમે એક કામ કરજો. ફળિયામાં એક કપડું પાથરી રાખજો. હું એના પર મરી ગયાનો ઢોંગ કરીને પડ્યો રહીશ. હું મરી ગયો છું એ બતાવવા મારા મોઢામાં તુલસીનાં પાન મૂકજો અને રોકકળ પણ કરજો. ભાણેજ બારણામાં પગ મૂકે કે ધડાપીટ અને રોકકળ મચાવજો. આવી ધમાલ જોઈને એ ચાલ્યો જ જવાનો અને આખી સોનામહોર આપણે ઘેર રહેવાની.'

સ્ત્રીએ કહ્યું: 'ભલે.'

બીજે દિવસે સવારમાં જ મામો મુડદાની પેઠે ફળિયામાં સૂઈ ગયો. મોઢામાં તુલસીનાં પાન મૂકી દીધાં.

થોડી વારે ભાણેજ ત્યાં આવ્યો કે તરત બૈરાં રડારોળ અને ધડાપીટ કરવા લાગ્યાં. શું થયું છે એ જોવા ભાણેજ આવળ વધ્યો કે બધી સ્ત્રીઓએ તેને ઘેરી લીધો અને એક સાથે પૂછવા લાગી: 'તમે બન્ને તે ક્યાં ગયેલા? જઈને લાવ્યા પણ શું? તમે તમારા મામાને શું કરી નાખ્યું છે? આમ ઘડીપલમાં કેમ મરી ગયા? વોય માડી રે........' કહેતાં એ તો ચીસો નાખવા લાગી. કાળી ચીસોથી જાણે આભ ચિરાઈ જશે કે શું?

ભાણેજ બધો રંગ સમજી ગયો. એને થયું કે વધેલી સોનામહોર ન વહેંચવાના આ બધા ચેનચાળા લાગે છે. એણે પણ દેખાવ આદર્યો. તે રોતો રોતો કહે: 'અરેરેરે,

મારા મામા મરી ગયા....રે! મારો નોધારાનો આધાર ગયા રે....નમાવડિયાનાં માવતર મરી ગયાં રે....'

પણ આ તો હતા ચોર. એમને કોણ સગાં હોય કે સંબંધી હોય અને મરેલાને મસાણે લઈ જાય! એટલે ભાણેજ થોડી વારે છાનો રહીને બૈરાંને કહે: 'હશે! ભગવાને જે ધાર્યું હતું તે થયું. તમે બધાં બૈરાં કહેવાઓ. તમે આઘાં જાઓ. મારા મામાની બધી મરણવિધિ મારે જ પતાવવી પડશે ને?'

આમ કહીને ભાણેજ જાડું મજાનું દોરડું લઈ આવ્યો. મરેલ મામાને બન્ને પગે દોરડાને કસકસાવીને બાંધ્યું અને મસાણે લઈ જવા માટે મામાને ઢસડતો ઢસડતો ચાલ્યો. શેરીઓના ખાડાખૈયા અને ઢેકાઢૈયા પરથી પસાર થતાં મામાનો વાંસો છોલાવા લાગ્યો, પછડાટીઓ લાગવા માંડી, પણ બોલાય કેમ કરીને? ગમે તે થાય તો યે સોનામહોરનો અર્ધો ભાગ ન દેવો એ નક્કી!

સાંજ પડી, સૂરજ આથમ્યો અને ભાણેજ મામાનું મુડદું લઈને મસાણે પહોંચ્યો. આસપાસથી લાકડાં ભેગાં કરીને એણે ચિતા ખડકી અને તેના પર મામાને મૂક્યો. પણ ચિતા સળગાવવાનો વિચાર કરે ત્યાં, દીવાસળી ક્યાં? દીવાસળી તો ઘેર રહી ગયેલી. હવે કરવું શું? મામાને મૂકીને ઘેર દીવાસળી લેવા જાય તો તો મામો નાસી જ જાય ને? છેવટે એણે રાત મસાણમાં જ ગાળી નાખવાનો નિશ્ચય કર્યો.

મસાણ પાસે જ એક ખીજડો. ખીજડાની ડાળીએ

મામાના પગનું દોરડું કસકસાવીને બાંધ્યું અને મામો હવામાં અદ્ધર ઊંધે માથે ઝૂલવા લાગ્યો! ભાણેજ ચઢીને મામાની ઉપરની જ ડાળીએ જઈને બેઠો અને દોરડા પર પગ ભરાવી રાખ્યા. રખેને દોરડું તૂટી જાય તો તરત ખબર પડે.

થોડી વાર થઈ ત્યાં મસાણુ પાસેથી ચાર ચોર નીકળ્યા. એમણે ખીજડા પર મુડદાને લટકતું જોયું. ચોરનો સરદાર કહે: 'ભારે સારાં શુકન થયાં. બ્રાહ્મણો જોશમાં કહે છે કે મુસાફરીએ જતાં મુડદું દેખાય તો સારાં શુકન સમજવાં. આપણને ય આજે ચોરીમાં બખખાં થવાં જોઈએ. જો એમ થાય તો આપણે વળતી વખતે આ મુડદાને પહેલાં બાળવું અને પછી જ ઘેર જવું.' બધા ચોરે એ વાત કબૂલ કરી.

ચોર બધા એક શેઠના ઘરમાં ઘૂસ્યા. ઘરનાં બધાં વસઘસાટ ઘોરે. તેમણે શાંતિથી આખા ઘરની ધનદોલત ઉપાડી લીધી અને ચુપચાપ ગામ બહાર આવતા રહ્યા. જાણે સળીસંચાર પણ થયો નહિ એવી શાંતિથી કામ પતી ગયું. આટલી સહેલાઈથી કામ પતી જશે એવી તો એમને કલ્પના પણ નહિ. ધન પણ સારી પેટે હાથ આવી ગયું.

તેઓ સીધા મસાણે પહોંચ્યા અને મુડદાને બાળવાની તૈયારી કરવા લાગ્યા. હજી યે મામો એક શબ્દ બોલ્યા વગર લટક્યા કરે છે.

ચોરોએ આસપાસથી લાકડાં ભેગાં કર્યાં. ચિતા

ગોઠવી. મામાના મુડદાને છોડયું અને ચિતા પર ગોઠવવા લાગ્યા. મામાએ ચોરોએ લૂંટેલા ધનનો ઢગલો જોયો. ઘરેણાં અને દરદાગીના અંધારામાં યે ઝગમગ્યા કરે. એની દાઢ સળકી અને મનમાં વિચાર પણ ચમકયો.

ચોરોએ જેવી એની ચિતાને આગ મૂકી કે 'હાઉ હાઉ....ખાઉં !' એવી ચીસો નાખતો એ ઊભો થયો અને જોરથી બૂમ નાખી: 'દોડજે ભાણેજ, અર્ધા તારા અને અર્ધા મારા ! જોજે એકે યે ભાગે નહિ !'

ખીજડા પરથી ભાણેજે પણ 'હાઉ....હાઉ'ની ચીસો નાખતાં ભૂસકો માર્યો. ચોર બધા બેબાકળા થઈને લૂંટ મૂકી મૂઠીઓ વાળી ભાગી છૂટ્યા. એમને થયું કે આ તો ભૂત ! મારા બાપ ! પાછા વળીને જુએ જ કોણ ? જાય ભાગ્યા, જાય ભાગ્યા.

મામો અને ભાણેજ સીધા લૂંટ પર જઈ પહોંચ્યા. બન્ને એકબીજાને જોઈને પેટ પકડીને હસી પડયા. ખૂબ હસ્યા બાદ લૂંટ ઉપાડીને ઘર ભેગા થઈ ગયા. લૂંટનો સરખો ભાગ પાડી લીધો અને દિવસો આનંદમાં વિતાવવા લાગ્યા.

બાપ તેવા બેટા

એક ગામમાં બે ચોર રહે. બન્ને ભાઈ ચોરી કરવામાં એવા કાબેલ કે ન પૂછો વાત. ચોરી કરી કરીને તેમણે લાખો રૂપિયા મેળવેલા. એ રૂપિયામાંથી તેઓ આનંદચેન કરે અને સુખમાં દિવસ વિતાવે.

આ બન્ને ચોરને ઘરે એક એક દીકરો અવતર્યો. બન્ને ચોરે તો ચોરીનો ધંધો કરીને જિંદગી સુખચેનમાં ગાળી હવે દીકરાઓને પણ એ કળાની કેળવણી આપ્યા વગર કેમ ચાલે?

ગામમાં ચોરોનો એક ગુરુ રહે. એ પોતાની નિશાળમાં છોકરાઓને ચોરી કરવાની વિદ્યા શીખવે અને ચાતુરીના પાઠ પઢાવે. બન્ને ચોરે પોતાના દીકરાઓને આ નામચીન ગુરુ પાસે ભણવા મૂક્યા.

થોડાં વર્ષ બન્ને ત્યાં ભણ્યા અને તેમના ધંધામાં કુશળ થઈ ગયા. તેમાંય મોટા ચોરના દીકરે તો આબરૂ કાઢી. એ તો એના બાપને પણ વટાવી જાય એવો ચોરવિદ્યામાં કુશળ થઈ ગયો. ભણતરનું વર્ષ પૂરું થયું એટલે ગુરુજીએ સૌની પરીક્ષા લેવી શરૂ કરી. પરીક્ષા પણ સિફતથી ચોરી કરી આવવાની જ હતી.

ગુરુજીના ઘરથી થોડે છેટે એક ઝૂંપડી. ઝૂંપડીમાં એક ગરીબ માણસ રહે. ગરીબ માણસે તેના ફળિયામાં તૂંબડીનો એક વેલો વાવેલો અને ઝૂંપડી પર ચડાવેલો. વેલો આખી ઝૂંપડી પર પથરાઈ ગયેલો. આ વેલામાં બરાબર ઝૂંપડીને મોભારે એક મજાનું તૂંબડું થયેલું. ધણી–ધણિયાણી આખો દિવસ એ તૂંબડાનું ધ્યાન રાખ્યા કરે. ઘડી યે એને રેઢું ન મૂકે.

રાતે સૂએ ખરાં, પણ બરાબર તૂંબડાની નીચે જ. ઝૂંપડાનું છાપરું એવું જૂનુંખખ અને સડેલ હતું કે ઉંદરડો દોડે તો યે છાપરામાંથી ખરખર કચરો ખર્યા કરે. એટલે જરાકેય સળીસંચાર થાય તો કચરો તેમના પર પડે અને જાગી ઊઠે. ધણી–ધણિયાણીને ખબર ન પડે અને આ તૂંબડું ચોરી શકાય એ વાત જ અશક્ય હતી.

ગુરુજીએ પોતાના બધા શિષ્યોને ભેગા કર્યા અને કહ્યું: ‘ પેલા ઘરને માથેથી જે કોઈ પકડાયા વગર તૂંબડું ચોરી આવે તે ચોરવિદ્યામાં પહેલો નંબર. ’ બધા શિષ્યો વિચારમાં પડી ગયાં, પણ મોટા ચોરનો દીકરો તરત તૈયાર થયો. એણે બીડું ઝડપી લીધું.

એણે ગુરુજી પાસે માગણી કરી: ‘ જો મારી સાથે દોરી, બિલાડી અને છરી લઈ જવા દો તો હમણાં કામ પાર પાડી દઉં. ’

ગુરુજી કહે: ‘ ભલે. ’

રાત પડી અને બે–ત્રણ કલાક ગયા કે છોકરો પોતાની સાથે ત્રણે ચીજ લઈ ને પેલી ઝૂંપડીએ પહોંચ્યો.

જઈને ઝૂંપડીની પાછળ નેવાં હેઠ લપાઈને બેસી ગયો અને ઘરમાં સૂતાં સૂતાં ધણી–ધણિયાણી વાતો કરતાં હતાં તે સાંભળવા લાગ્યો.

થોડીક વાર થઈ અને વાતચીત બંધ થઈ. છોકરે વિચાર્યું કે હવે બન્ને સૂઈ ગયાં લાગે છે. એ પછી યે તેણે અર્ધો કલાક જવા દીધો. તેણે જોયું કે હવે ઘરમાંથી જરા યે અવાજ આવતો નથી કે તે ધીમે ધીમે છાપરા પર ચડ્યો. જેવો એ છાપરા પર ચડ્યો કે તરત જ ખડખડ-પાંચમ છાપરામાંથી કચરો નીચે ખરવા લાગ્યો અને ધણી–ધણિયાણીના ખાટલા પર પડવા લાગ્યો.

તરત બાઈ જાગી ઊઠી અને તેના ધણીને જગાડ્યો. એ બોલી: 'ઊઠો, ઊઠો, કોઈ તૂંબડું ચોરવા આવ્યું લાગે છે.' બાઈને બોલતી સાંભળી કે છોકરે સાથે લાવેલ બિલાડીનું ગળું દબાવ્યું. ગળું દબાયું એટલે બિલાડી બોલવા લાગી: 'મ્યાઉં....મ્યાઉં....મ્યાઉં....' બિલાડીનો અવાજ સાંભળીને ધણી બોલ્યો: 'બિલાડી લાગે છે, બિલાડી. મ્યાઉં મ્યાઉં કરે છે એ નથી સાંભળતી?'

ધણી–ધણિયાણી આ વાત કરતાં હતાં એ દરમિયાન છોકરે છરીથી તૂંબડું વેલા પરથી કાપી લીધું અને તરત એના ડીંટિયા સાથે દોરી બાંધી દીધી.

અર્ધું કામ પતી ગયું પણ હવે ખબર પડે નહિ તેમ નીચે ઊતરવું કેવી રીતે? ધણી–ધણિયાણી બન્ને હવે જાગી ગયાં છે. ઘર પર બિલાડી ચડી છે એવું હજી બાઈને માન્યામાં આવતું નથી. એને કોઈ માણસ જ ઘર

પર ચડ્યું લાગે છે. એને લાગે છે કે નહિ તો આમ એકધારો કચરો ખર્યા કરે નહિ. એણે ફરીથી એના ધણી-ને કહ્યું: 'પણ તમે જરા બહાર જઈને જુઓ તો ખરા! મને તો લાગે છે કે કોઈ ચોર જ આવ્યો છે.'

ધણી કહે: 'તું યે ભારે લપીલી! બિલાડી બોલી તો યે હજી તને ચોર જ લાગે છે?'

ધણી–ધણિયાણી આ રીતે અંદરોઅંદર વડછડ કર્યા કરતાં હતાં ત્યાં છોકરે જોરથી બિલાડીનો ઘરની અંદર ઘા કર્યો. એટલે ઊંચેથી પડવાથી બિલાડી ઘરમાં ચીસોચીસ નાખવા લાગી. ધણી કહે: 'લે જો! હવે તો માનવામાં આવે છે ને કે ઘર માથે બિલાડી હતી?'

બિલાડીએ ચીસોચીસ નાખીને ધમાલ મચાવી અને ધણી–ધણિયાણી વાતો કરવા લાગ્યાં. એ તકનો લાભ લઈને છોકરો છાપરા પરથી નીચે ઊતરી ગયો. દોરીએ બાંધેલ તૂંબડું પણ સાથે આવી ગયું.

બીજે દિવસે છોકરાએ ગુરુજી પાસે તૂંબડું રજૂ કર્યું. આસપાસ બીજા નિશાળિયા પણ એકઠા થઈ ગયા. કેવી રીતે એણે પરાક્રમ પાર પાડ્યું એ તેણે વિસ્તારથી સૌને સંભળાવ્યું. ગુરુજી એના પર ખુશ ખુશ થઈ ગયા અને બોલી ઊઠ્યા: 'ખરો બાપનો બેટો!'

આ ઊગતા ચોરના બાપને હજી આટલાથી સંતોષ ન થયો. એને થયું કે આટલી કુશળતાથી હજી દીકરો ધંધાને લાયક થયો ન ગણાય. હજી એને વધારે ઘડવો જોઈએ.

એણે દીકરાને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: 'બેટા! તું તારા ગુરુજીની પરીક્ષામાં પાસ થયો ખરો, પણ હું તને કહું તે કામ તું જો પાર પાડે તો આપણો ધંધો કરવાને તું લાયક ગણાય.'

દીકરો બોલ્યો: 'ફરમાવો બાપા!'

બાપ કહે: 'આપણા રાજાની રાણી એના ગળામાં નવલખો હાર પહેરે છે. એ હાર તું ચોરી આવે અને મારા હાથમાં મૂકે તો તને ખરો ચોર કહું.'

દીકરાએ આ પરાક્રમ પાર પાડવાનું પણ બીડું ઝડપ્યું.

બીજા દિવસથી જુવાન ચોર જ્યાં રાજારાણી રહેતાં હતાં તે રાજમહેલની આસપાસ ફરવા લાગ્યો અને મહેલને ધારી ધારીને નીરખવા લાગ્યો. રાજમહેલન ચાર દરવાજા, તેની રાંગ અને દીવાલ આસપાસ પણ એ આંટા મારવા લાગ્યો. આસપાસ રહેતા લોકોને પણ ઘેર જઈને બેસેઊઠે અને વાતો કરે ત્યાંથી પણ બધું જોયા કરે.

વાતોચીતોમાંથી જરૂરી વાતો પણ એણે જાણી લીધી. રાજારાણી આખો દિવસ શું કરે છે, ક્યાં રહે છે, મહેલને કયે સ્થળે સૂએ છે, શયનગૃહ પાસે કોણ ચોકી કરે છે અને આસપાસના કમરામાં કોણ હોય છે એ બધી વિગતો એણે મેળવી લીધી. આ બધા જ્ઞાનનો માલમસાલો ભેગો કરીને જુવાન ચોર તૈયાર થયો અને કામ પાર પાડવાને માટે એણે એક અંધારી રાત નક્કી કરી.

જુવાન ચોરે પોતાની સાથે એક તરવાર, એક

હથોડા, થોડાક લાંબા લોઢાના ખીલા અને સ્ત્રીનાં એક જોડ કપડાં લઈ લીધાં. પોતે કાળાં કપડાં પહેરી લીધાં. આટલી તૈયારી કરીને એ સરકતો સરકતો સાંજનાં અંધારાંમાં રાજમહેલના સિંહદ્વાર પાસે પહોંચી ગયો.

અહીંથી જનાનામાં જવા માટે વચ્ચે ચાર દરવાજા આવે. દરવાજે દરવાજે સોળ સોળ પડછંદ પહેરેગીરોની ચોકી. એકના એક પહેરેગીરો કાંઈ આખી રાત દરવાજે ચોકી ન કરે. રાજમાં હજારો પહેરેગીર હતા, એટલે કલાકે કલાકે પહેરેગીરનો પહેરો બદલાય. આ રીતે દરેક કલાકે દરેક દરવાજે બત્રીસ પહેરેગીરનું ટોળું ભેગું થાય. સોળ જતા પહેરેગીર અને સોળ આવતા પહેરેગીર. જુવાન ચોરે અંદર ઘૂસવા માટે આ વખત મુકરર કર્યો.

જ્યારે સિંહદ્વાર પાસે પહેરો બદલાવા લાગ્યો અને બત્રીસ પહેરેગીર ભેગા થયા ત્યારે જુવાન ચોર એ ટોળામાં ભળી ગયો સોળ પહેરેગીર ઘેર જવાની ધમાલમાં અને સોળ પહેરેગીર દરવાજા પર ગોઠવાઈ જવાની વેતરણમાં હતા. એટલે કોઈને આટલા બધા જણામાં એકાદ માણસ ઉમેરાયો છે તેનો ખ્યાલ પણ ગયો નહિ.

હજુ તેઓ આ ધમાલમાં હતા ત્યાં જુવાન ચોર આગળ સરકી ગયો અને બીજા દરવાજાની વચ્ચેના બગીચામાં પડ્યો રહ્યો. બીજો પહેરો બદલાયો ત્યાં સુધીનો વખત તેણે ત્યાં કાઢી નાખ્યો. રાત અંધારી ઘોર હતી અને તેનાં કપડાં પણ એવા રંગનાં હતાં એટલે કોઈની નજરે પડવાની બીક હતી નહિ.

આવી જ ચાલાકીથી એ આઠ વાગ્યા પહેલાં બીજો દરવાજો, નવ વાગ્યા પહેલાં ત્રીજો દરવાજો અને દસ વાગ્યા પહેલાં ચોથો દરવાજો વટાવી ગયો. હવે તે બરાબર રાજ-મહેલની સામે આવીને ઊભો.

એની નજર સામે જ રાણીજીનું શયનગૃહ હતું. શયનગૃહ મહેલને ત્રીજે માળે. શયનગૃહમાં ઝમરખ દીવો બળ્યા કરે. ઓરડામાંથી ધીમો ધીમો ગણગણાટ થતો હોય તેવો અવાજ આવ્યા કરે. જુવાન ચોર સમજી ગયો કે આ તો દાસીનો અવાજ. રાજારાણીને ઊંઘ આવી જાય તે માટે રોજ સૂવાટાણે એક દાસી વાર્તા માંડતી. એ હજી વાર્તા કરી રહી હોય એમ લાગ્યું.

હવે મહેલની ઉપર ચડવું કેવી-રીતે? અંદરથી એકે-એક બારણાં બંધ હતાં. બારણે બારણે ચોકિયાત બેઠા હતા. પણ એ માટે જ તે પોતાની સાથે ખીલા અને હથોડો લેતો આવ્યો હતો ને? મહેલની બહારની દીવાલમાં જ ખીલા ઠોકતા જવા અને ખીલે ખીલે પગ માંડીને ઉપર ચડતા જવું.

વાત તો સાચી, પણ ખીલા ઠોકવા કઈ રીતે? હથો-ડાથી ખીલા ઠોકવા જાય તો તો ભારે અવાજ થાય અને ચોકિયાત સાંભળી જાય. ક્યાંક રાજારાણી પણ જાગી જાય. અને તેઓ ન જાણે તો યે જાગતી દાસી જ તેમને ખબર આપી દે તો?

જુવાન ચોરે આ બધાનો વિચાર અહીં આવતાં પહેલાં જ કરી લીધો હતો. રાજમહેલની માથે મોટું બધું ટાવર

અને ટાવરને માથે જબરું ઘડિયાળ. દૂર દૂરથી એના કાંટા કલાક બતાવે એવડું મોટું. દરેક કલાકને અંતે આ ઘડિયાળ ટકોરા વગાડે.

ઝણણણણ અવાજ કરતા ઘડિયાળના ટકોરા રાજમહેલ તો શું, ઠેઠ શહેરને સામે છેડે સંભળાતા. દરેક ટકોરાની ઘણણાટી એટલી બોલતી કે એનો પડઘો શમી જવા માટે યે થોડો સમય જાય. જ્યારે કલાક પૂરો થાય અને ટકોરા વાગવા લાગે ત્યારે દરેક ટકોરાની સાથે જુવાન ચોરે દીવાલમાં ખીલા ઠોકવાનું નક્કી કરી રાખ્યું.

થોડી વાર થઈ ત્યાં દસ વાગ્યા અને ઝણણણ કરતા ઘડિયાળના ટકોરા ગાજવા લાગ્યા. તરત જ ટકોરે ટકોરે જુવાન ચોર દીવાલમાં ખીલા ઠોકવા લાગ્યો. એક ટકોરો, એક ઘા ને એક ખીલો દાખલ. બીજો ટકોરો, બીજો ઘા ને બીજો ખીલો દાખલ. ખીલા મારતો જાય ને એ જ ખીલા ઝાલીને ઉપર ચડતો જાય. દસ ટકોરા પૂરા થયા ત્યાં એણે દસ ખીલા ખોડી દીધા. શાંતિ ફેલાઈ કે એ પોતે દસમો ખીલો ઝાલીને નવમા ખીલા પર બેસી ગયો.

કલાક ગયો. અગિયાર વાગ્યા. ટકોરા ઝણઝણવા લાગ્યા. ટકોરે ટકોરે ચોર ખીલા ઠોકવા લાગ્યો અને ઉપર ચડવા લાગ્યો. અગિયાર વાગતાં અગિયાર ખીલા ખોડી દીધા અને પોતે ઉપર ચડીને બીજા માળની પાસે પહોંચી ગયો.

બારના ટકોરા વાગ્યા ત્યારે એણે બીજા બાર ખીલા ખોડી દીધા. ખીલે ખીલે એ ઉપર ચડી ગયો અને જ્યાં રાજારાણી સૂતાં હતાં તે ત્રીજે મજલે પહોંચી ગયો.

અહીં આવીને અંદર ડોકિયું કરે તો ઊંઘમાં ઘેરાયલી દાસી થોથવાતી થોથવાતી વાત કર્યે જાય છે. રાજારાણી ઘસઘસાટ ઊંઘી ગયાં છે. હળવે....હળવે....તે બારીમાંથી અંદર ઊતરી ગયો અને મીનીપગે ચાલતો વાર્તા કહેતી દાસીની પાછળ જઈને બેસી ગયો. રાણીજી રાજાની સાથે સોનાના પલંગ માથે મશરૂની તળાઈઓમાં સૂતાં છે. રાણીજીના ગળામાં સોનાનો હાર દીવાના તેજમાં ચળકયા કરે છે.

ચોર ઊંઘમાં ઘેરાયેલી દાસીની વાર્તા સાંભળવા લાગ્યો. દાસીની આંખમાં ઊંઘ વધારે ને વધારે ઘેરાયે જતી હતી. એકાદ પળ તે અટકી જતી, ઝોલું ખાઈ જતી અને વળી જાગીને વાર્તા શરૂ કરી દેતી હતી. એકાદ વખત લાંબું ઝોકું આવ્યું કે તેનો લાગ જોઈને ચોરે ઘડ તરવાર ઝીંકી અને દાસીનું માથું કાપી નાખ્યું. તરત જ એ દાસીની જગ્યાએ બેસી ગયો અને દાસી જેવો જ અવાજ કાઢીને દાસીએ અધૂરી મૂકેલી વાર્તા આગળ કહેવા લાગ્યો.

રાજારાણી ઘસઘસાટ ઊંઘતાં હતાં. વાર્તા કહેનાર બદલી ગયાની તેમને ખબર પણ શી પડે! દરમ્યાન ચોરે પોતાની સાથે લીધેલાં સ્ત્રીનાં કપડાં પહેરી લીધાં. પોતાનાં કપડાં એક પોટલીમાં બાંધી લીધાં. આ પછી ધીમે ધીમે તે રાણીજીના પલંગ પાસે ગયો અને હળવેથી રાણીજીના ગળામાંથી હાર સેરવી લીધો.

પાસેના ઓરડાઓમાંથી પસાર થઈને નીચલે માળ પહોંચ્યો અને પહેરેગીરને કહ્યું: 'ઉઘાડ બારણાં.'

પહેરેગીર કહે: 'કોણ?'

ચોરે દાસી જેવો જ અવાજ કરીને કહ્યું: 'એ તો હું દાસી. રાણીજીને પેટમાં દુ:ખવા આવ્યું છે તે દવા લેવા જવું છે.'

પહેરેગીરે બારણાં ઉઘાડી નાખ્યાં અને ચોર પહેલે માળે જઈ ઊભો. આ જ રીતે તે એક પછી એક ચાર દરવાજા વટાવતો રાજમહેલની બહાર નીકળી ગયો.

વહેલી સવારે જુવાન ચોરે એના બાપના હાથમાં રાણીજીના ગળાનો સોનાનો હાર મૂકયો. બાપ તો આ જોઈને આભો જ બની ગયો. આ તે સ્વપ્ન કે સાચું? એના હરખનો પાર ન રહ્યો. આ કેવી રીતે બન્યું એ બાપે પૂછ્યું કે છોકરાએ પોતાનું પરાક્રમ વિગતવાર વર્ણવી બતાવ્યું.

બાપે કહ્યું: 'શાબાશ, મારા દીકરા! તું તો મને ય વટી ગયો. ભગવાન તને સો વરસનો કરે અને આખી જિંદગી તું આવાં અને આથી યે ચઢિયાતાં કામ કરતો રહે!'

બીજે દિવસે સવારે રાજારાણી ઊઠ્યાં. સામે જુએ તો દાસી લોહીના ખાબોચિયામાં પડી છે. ધડ અને માથું જુદાં છે. આ શું? રાણીજીએ આસપાસ નજર કરી તો પોતાના ગળામાં હાર ન મળે. ખૂન અને ચોરી બન્ને! ખુદ રાજમહેલમાં આટલી બધી બિના બને કેવી રીતે? આટલા બધા પહેરેગીર અને ચોકિયાતો વટાવીને ચોર રાજમહેલમાં પહોંચે જ કેવી રીતે? રાજમહેલમાં આવે

તો યે ઠેઠ શયનગૃહમાં કઈ રીતે આવી શકે? અને પાછો સહીસલામત એ નાસી કેવી રીતે જાય? રાજમહેલનું નાક જ કપાઈ ગયું ને?

રાજાએ પહેરેગીરોને બોલાવ્યા. બધાએ વાત કરી કે વહેલી સવારે દાસી રાણીજી માટે દવા લેવા બહાર ગઈ હતી ખરી. એ સિવાય કોઈ અંદર આવ્યું નથી કે બહાર ગયું નથી. પણ દાસી કેવી ને વાત કેવી! દાસી તો બિચારી કપાઈને શયનગૃહમાં જ પડી છે.

રાજાએ ઘણી તપાસ કરાવી, ચારે પાસ ઘોડા દોડાવ્યા; પણ કાંઈ વળ્યું નહિ. છેવટે રાજાએ ગામમાં ઢંઢેરો પિટાવ્યો: 'જે કોઈ આ ચોરને પકડી આપે તેને એક હજાર સોનામહોર ઇનામ.' આ જાહેરાત પછી યે એક પછી એક દિવસ પસાર થવા લાગ્યા. મહિનો વીતી ગયો પણ ચોરનો કાંઈ પત્તો લાગ્યો નહિ.

ચોરને પકડવા માટે રાજાએ એક બીજી યુક્તિ રચી. એણે એક ઊંટ મંગાવ્યો. ઊંટની પીઠ માથે એણે સોના-મહોર ભરેલો એક ખડિયો નાખ્યો. ઊંટની સાથે એણે એક પહેરેગીર રાખ્યો. પહેરેગીર સોનામહોરનું ધ્યાન રાખતો જાય, શહેરમાં શેરીએ શેરીએ ભટકતો જાય અને બોલતો જાય: 'રાણીજીના ગળામાંથી હાર ઉપાડી જનાર ચોર ભારે ચાલાક! જો એ ખરો ચાલાક હોય તો આ ઊંટને માથેથી સોનામહોર ચોરી જાય.'

આ રીતે ઊંટ અને પહેરેગીર શહેરમાં ફર્યા કરે. આમ બે દિવસ અને બે રાત પસાર થઈ ગયાં, પણ કાંઈ

થયું નહિ. ચોરે આ વાત સાંભળી. એને થયું કે રાજાએ જ્યારે પડકાર ફેંક્યો છે ત્યારે તો એને ઝીલવો જોઈએ. તરત એણે પોતાના પાછલા ફળિયામાં એક ખાડો કરી લીધો અને છરી-તરવાર સજાવી રાખ્યાં. પોતે એક ખાખી-બાવાનો વેશ લીધો અને નગર બહાર ધૂણી ધખાવીને બેસી ગયો. ત્રીજી રાતે ઊંટને દોરતો દોરતો પહેરેગીર ચાલ્યો જાય ત્યાં એણે નગર બહાર એક ખાખીબાવો જોયો. ખાખીબાવા સિંહચર્મ પર બેઠા છે. સામે ધૂણી ધખી રહી છે. ધૂણીમાં ચીપિયાનો કોઈ પાર નથી.

ખાખીબાવાએ ઊંટના રખેવાળને પૂછ્યું: 'અત્યારે ઊંટ લઈને આમ ક્યાં ચાલ્યો જાય છે, ભાઈ?' રખેવાળે બધી વાત વર્ણવી બતાવી.

ખાખીમહારાજ કહે: 'મૂર્ખાઈ છે કે બીજું કાંઈ? એક તો રાજાનો ઊંટ અને તેમાં વળી સાથે રખેવાળ ફરે. કોની માએ સવાશેર સૂંઠ ખાધી હોય કે આમાંથી સોનામહોર ચોરવાની હામ ભીડે? રાજાનું યે ભેજું ફરી ગયું લાગે છે, નહિ તો આવી રમત આદરે? આવ, આવ, બચ્ચા! જરા બેસ, આરામ કર, ચલમબલમ પી. ઊંટ સાથે પછી રખડવું તો છે જ ને?'

ઊંટને પાસે બાંધી રખેવાળ નીચે બેઠો. ખાખી-મહારાજે ચલમ પેટાવી. એક સટ મારી ત્યાં તો ચલમ માથે વેંત વેંતના ભડકા નીકળ્યા. ચલમ તેમણે રખેવાળને આપી. રખેવાળ પણ ચલમની ઘૂંટ પર ઘૂંટ લેવા લાગ્યો. પણ આ તો ગાંજાની ચલમ. સાથે બીજો કેફ નાખ્યો.

હોય તો યે ના નહિ. ઘડી વારમાં રખેવાળ કેફમાં ઘેઘૂર થઈને ઝોલાં ખાવા લાગ્યો અને ઊંઘમાં નીચે ઢળી પડ્યો.

તરત જ ખાખીમહારાજ ઊભા થયા. ઊંટને દોરતા દોરતા આડાઅવળા માર્ગે થતા ચોરશેરીમાં પહોંચ્યા. જઈને પોતાના ઘરનું બારણું ખખડાવ્યું. એની સ્ત્રીએ આવીને બારણું ઉઘાડ્યું. ઊંટ લઈને ચોર ઘરમાં ઘૂસી ગયો. તરત જ સોનામહોરો ઘરમાં સંતાડી દીધી. ઊંટ વળી બહાર જાય તો ક્યાંક ચોરી પકડાઈ જાય એ બીકે ઊંટને મારી નાખ્યો અને પાછલા ફળિયામાં ખાડો ખોદી રાખેલો એમાં આખા ઊંટને ભંડારી દીધો. આસપાસ બધું એવું સરખું કરી લીધું કે ચોરીની એકાદ નિશાની પણ હાથ ન લાગે.

બીજે દિવસે સવારમાં રાજાને સમાચાર મળ્યા કે ઊંટનો રખેવાળ તો શેરી વચ્ચે કેફમાં ઘોરે છે અને ઊંટને કોઈ સોનામહોર સહિત રફુ કરી ગયેલ છે. રાજાના ગુસ્સાનો કોઈ પાર રહ્યો નહિ. રાજ્યમાં આવા ચોર હોય અને પકડાય નહિ તો વસ્તી સુખે શી રીતે જીવી શકે? એણે તરત રાજ્યમાં બીજો ઢંઢેરો પિટાવ્યો: 'જે કોઈ ચોરને પકડી આપે તેને એક લાખ સોનામહોર ઇનામ.'

નાના ચોરનો દીકરો પણ આ જુવાન ચોરની સાથે જ એક નિશાળમાં ભણતો હતો ને? એને થયું કે ચાલો ચોરને પકડી પાડીએ. એને શંકા ગઈ કે આવી ચોરી કરનાર તેનો પિતરાઈ ભાઈ જ હોવો જોઇએ. એના વિના આટલી બધી હિંમત કોણ કરે? આટલી ચાલાકી તો

એના જ બાપની ! એણે બધી બાબતોનો વિચાર કરીને મુદ્દામાલ સહિત ચોરને પકડવાની યોજના ગોઠવી નાખી.

નાના ચોરે બીજે દિવસે એક ડોશીનો વેશ લીધો. રોજ બપોરે પેલો જુવાન ચોર બહાર જાય. બરાબર એ જ વખતે ડોશીમા એ લત્તામાં આવીને જોરથી રડવા લાગ્યાં અને બારણે બારણે જઈ ને ભીખ માગવા લાગ્યાં: 'અરેરેરે ! મારો એકનો એક દીકરો, રાંકનું રતન મરવા પડ્યો છે. વૈદરાજ કહે છે કે ઊંટનું માંસ મળે તો છોકરો સાજો થઈ જાય. કોઈ અને ઊંટનું માંસ આપશો ? ભગવાન તમારું ભલું કરશે. તમારા દીકરા કરોડ વરસના થશે.'

માગતાં માગતાં ડોશી જુવાન ચોરને ઘેર જઈને ઊભાં રહ્યાં. જુવાન ચોર એ વખતે ઘેર હતો જ નહિ. ડોશીએ જઈને જુવાન ચોરની સ્ત્રી પાસે રોકકળ અને કાકલૂદી આદર્યાં. કહેતાં કહેતાં ડોશી વળી પેલી બાઈને પગે પડતાં જાય અને ઓવારણાં લઈ આશીર્વાદ દેતાં જાય.

જુવાન ચોરની વહુને દયા આવી ગઈ. ગમે એમ તો યે સ્ત્રીનું કોમળ હૈયું ને ? એ કહે: 'ઊભાં રહો, ડોશીમા ! જો ઊંટનું થોડુંક માંસ મળે તો તમને આપું.'

એને મનમાં થયું કે આખો ઊંટ દાટચો છે એમાંથી થોડુંક માંસ આપવામાં શો વાંધો છે ? એ છાનીમાની જ્યાં ઊંટને દાટ્યો હતો ત્યાં પહોંચી અને થોડુંક માંસ લઈ આવી. લાવીને ડોશીમાને આપ્યું. ડોશીમા એટલાં બધાં રાજી થઈ ગયાં કે ન પૂછો વાત. હરખમાં ને હરખમાં બાઈને હજાર આશીર્વાદ દેતાં ઘર બહાર નીકળી

ગયાં. થોડી વારે જુવાન ચોર આવ્યો. તેની સ્ત્રીએ તેને ડોશીની કાંઈ વાત કરી નહીં. ચોર વાતો કરીને ઊંઘી ગયો.

પેલો નાનો ચોર ડોશીને વેશે ઊંટનું માંસ મળતાં રાજી થઈ ગયો. તરત રાજા પાસે પહોંચ્યો. જઈને રાજાને કહે: 'તમારો ચોર પકડી આપું, પણ એક શરતે!'

રાજા કહે: 'બોલ.'

નાનો ચોર કહે: 'ચોરને અભયદાન મળવું જોઈએ.'

આટલી આટલી મહેનત છતાં ચોર પકડાતો નથી. જો પકડાય તો અભયદાન દેવામાં શો વાંધો, એમ વિચારી-ને રાજાએ અભયદાન દીધું.

નાનો ચોર રાજા પાસેથી પહેરેગીરની ટુકડી લઈને સીધો જુવાન ચોરને ઘેર પહોંચ્યો. તરત જ ઘરને ઘેરી લીધું અને અંદર જઈને તપાસ કરી, તો રાણીજીનો હાર, ઊંટ પરની સોનામહોરો અને મારેલું ઊંટ મળી આવ્યાં. આ બધી સાબિતીઓ સાથે નાનો ચોર રાજા પાસે પહોંચ્યો. જુવાન ચોરને પહેરેગીરોએ બાંધીને સાથે લઈ લીધો. જઈને બધું રાજા પાસે રજૂ કર્યું.

જુવાન ચોરને જોઈને રાજા વિચારમાં પડી ગયો. આટલા નાના ચોરે આ ચોરીઓ કરી? એણે નાના ચોરની માગણી પ્રમાણે એને અભયદાન દીધું અને બધી ચોરી કેવી રીતે કરી એની વિગત પૂછી. જુવાન ચોરે બધી વિગત કહી સંભળાવી. રાજા સાંભળતો ગયો તેમ તેમ ચોરની અક્કલ-હોશિયારી પર ખુશ થતો ગયો.

રાજાએ નાના ચોરને ચોરી પકડવા માટે એક લાખ સોનામહોર ભેટ દીધી. જુવાન ચોરની હોશિયારી બદલ એને રાણીજીનો હાર અને ઊંટ પરની સોનામહોર ભેટ આપી. પણ તેણે કહ્યું: 'તને મેં અભયદાન દીધું છે એ વાત સાચી, પણ મારી યે એક શરત.'

જુવાન ચોર હાથ જોડીને કહે: 'ફરમાવો, રાજા-સાહેબ!'

રાજા કહે: 'તારી હોશિયારી પર હું ફિદા છું. પણ તારે હવે પછી મારા રાજ્યમાં કદી ચોરી કરવી નહીં. ખાવાપીવામાં જે દિવસે વાંધો આવે તે દિવસે મારી પાસે આવીને નાણાં માગી જજે.'

ચોર કહે: 'ભલે.'

રાજાએ ચોરને વાંસો થાબડી રજા આપી.

રાણી કસૂંબલ

એક વખતે ગંગા નદીને કાંઠે એક ઋષિ રહે. ઋષિ દિવસ પ્રભુના પૂજાપાઠમાં અને રાત ભગવાનના ધ્યાન-ભજનમાં પસાર કર્યા કરે. ઋષિને માથે, પગે પછડાય એવડી મોટી જટા ઝૂલ્યા કરે અને મુખ પર સફેદ દાઢી–મૂછ ફરકયા કરે. વહેલી સવારથી માંડીને સાંજ સુધી ઋષિ નદી-ને કાંઠે જ ધ્યાનમાં બેઠા રહે અને રાતે પોતાની ઝૂંપડીમાં ચાલ્યા જાય. ઝૂંપડી નાની સરખી અને ઋષિએ પોતે જ પાસેના જંગલમાંથી ઝાડપાન લાવીને બનાવેલી. ઝૂંપડી પર તાડનાં પાન છાઈ દીધેલાં.

ઋષિ રહે તેની આસપાસ માઈલો સુધી કોઈ માણુસ ન રહે, પણ ઋષિની ઝૂંપડીમાં એક ઉંદરડો રહે. રાતે ઋષિ ફળફળાદિ લાવીને ફળાહાર કરે. તેમાંથી જે કાંઈ વધે તે ઉંદર ખાય અને મજા કરે. ઋષિના હૈયામાં પ્રાણી-માત્ર પર દયાભાવ, એટલે ઉંદર ઋષિથી જરા યે ડરે નહિ. ઊલટો ક્યારેક ઋષિના પગ પર બેસીને ગલગલિયાં કરે અને ક્યારેક તો શરીર પર ચડીને આમતેમ દોડ્યા કરે. ઋષિ ઉંદરની આ બધી રમતો દયાભાવથી નીરખ્યા કરે.

ઋષિને એક વખતે ઉંદર પર દયા આવી ગઈ.

કોઈ વાતચીત કરનારું મળે તો વખત ચાલ્યો જાય એમ વિચારી પોતાના તપોબળથી ઋષિએ ઉંદરને વાચા આપી. ઉંદર અસલ માનવી જેવું જ બોલે. રોજ રાતે ઉંદર ઋષિ પાસે આવે અને કાલીઘેલી વાતો કરે. મા બાળકના કાલા-ઘેલા સવાલોના જવાબ આપે તેમ ઋષિ પણ લહેરથી ઉંદરને જવાબ આપ્યા કરે.

એક રાતે ઋષિએ ફળાહાર કરી લીધો એટલે ઉંદર તેમની પાસે આવીને ઊભો રહ્યો. પાછલા બે પગ પર ઊભો રહી, બે હાથ જોડીને ઉંદર ઋષિને કહેવા લાગ્યો: 'હે ઋષિ મહારાજ! આપે દયા કરીને માનવી બોલી શકે તેવી મને વાચા આપી. પણ આપ ગુસ્સે ન થાઓ તો મારે આપની પાસેથી એક વધારે વરદાન માગવું છે.'

ઋષિ કહે: 'બચ્ચા! વધારે વરદાન વળી તારે શું માગવું છે?'

ઉંદર કહે: 'બીજું તો કાંઈ નહિ, મહારાજ! પણ આપ જ્યારે દિવસે પૂજાપાઠ કરવા માટે નદીકાંઠે ચાલ્યા જાઓ છો ત્યારે અહીં આપણી ઝૂંપડીમાં એક બિલાડી આવે છે. મને પકડવા એ ઘણાંય ફાંફાં મારે છે. એ તો આપની મારા પરની દયામાયા કહો ને કે હજી હું જીવતો છું. નહિ તો ક્યારની યે તે મને ખાઈ ગઈ હોત. મને તો બીક લાગ્યા કરે છે કે જેદી–તેદી એ બિલાડી મને ખાઈ જશે. આથી મારી આપને એક જ પ્રાર્થના છે કે– જો મને આપ ઉંદરમાંથી બિલાડી બનાવી દો તો એ

બિલાડીને હું પહોંચી વળું. એ મને મારી નાખે એવી મારી બીક જ ટળી જાય.'

ઋષિને બિચારા ઉંદર પર દયા આવી. એમણે કમંડળમાંથી થોડું પાણી લઈને ઉંદર પર છાંટ્યું અને તરત ઉંદરડો એક બિલાડી બની ગયો.

બિલાડી ઋષિની ઝૂંપડીમાં રહે અને આનંદ કરે. રોજ રાતે ઋષિ આવે ત્યારે મોડે સુધી બન્ને વાતો કર્યા કરે.

થોડા દિવસ ગયા એટલે એક રાતે ઋષિએ બિલાડી-ને પૂછ્યું: 'બોલો તો ખરાં, બિલાડીબાઈ? આ અવ-તાર તમને કેવોક ગમે છે?'

પગે લાગીને બિલાડી કહે: 'ઋષિ મહારાજ! આ અવતાર કાંઈ ખાસ ગમ્યો નહિ.'

ઋષિ પૂછે: 'આ અવતાર ખાસ કેમ નથી ગમતો? તારું શરીર એવું મજબૂત અને જોરાવર છે કે દુનિયાની કોઈ પણ બિલાડીને તું પહોંચી વળે તેમ છે. હવે તારે બિલાડીની જાતનો ડર નથી ને?'

બિલાડી કહે: 'ના રે, ઋષિ મહારાજ! આપે મને એવી જોરદાર બનાવી છે કે દુનિયાની ગમે તેવી બિલાડીને પહોંચી વળું. હવે બિલાડીની જાતનો ડર રહ્યો નથી. પણ હવે એક નવો દુશ્મન જાગ્યો છે. જ્યારે આપ નદીકાંઠે પૂજાપાઠ કરવા જાઓ છો ત્યારે પાછળથી અહીં ઝૂંપડીએ શિકારી કૂતરાઓનું એક ટોળું આવે છે. આવીને તેઓ એવું ભસવા લાગે છે કે જાણે હમણાં ઝૂંપડી તોડીને અંદર ઘૂસી જશે અને મને મારી નાખશે. જો આપ

મારા પર ગુસ્સે ન થાઓ તો માગણી કરું કે આ કરતાં તો મને એક કૂતરો બનાવી દો તો બધી બીક ટળે.'

ઋષિ એની વાત સાંભળીને જરાક મલક્યા અને બિલાડી પર થોડુંક પાણી છાંટતાં બોલ્યા: 'બની જા કૂતરો.' તરત બિલાડી એક ડાઘીઓ કૂતરો બની ગઈ.

પાછા ઋષિ હંમેશની જેમ ધ્યાનભજનમાં દિવસ વિતાવવા લાગ્યા. રાત કૂતરા સાથે વાતોમાં ગાળવા લાગ્યા.

એક રાતે કૂતરો કહે: 'ઋષિ મહારાજ! આપે તો મારા પર દયા કરી કે મારું ખરાબ કર્યું તે જ મને સમજાતું નથી. હું એક ઉંદરડો હતો અને આપે દયા કરી મને વાચા આપી. તેમાંથી મને બિલાડી બનાવી અને તે પછી કૂતરાનો અવતાર આપ્યો. પણ કૂતરાના અવતારમાં હું દુઃખી દુઃખી થઈ ગયો. હવે મારું પેટ મોટું થયું તેથી ખાવા માટે ખૂબ જોઈએ છે. આપ ખાઓ છો તેમાંથી જે કાંઈ વધે છે એથી તો મારા પેટનો એક ખૂણો ય ભરાતો નથી. મારા કરતાં તો ઝાડે ઝાડે કૂદતાં વાંદરાં વધારે સુખી છે. જેટલાં ફળ એમને ખાવાં હોય તેટલાં પોતાને હાથે તોડીને ખાય છે ને આનંદ કરે છે. આપ જો મારા પર ગુસ્સે ન થાઓ તો એક માગણી કરું. આ કૂતરા કરતાં જો મને વાંદરો બનાવી દો તો આપનો પાડ કદી ભૂલું નહિ.'

દયાળુ ઋષિએ કૂતરાના શરીર પર હાથ ફેરવ્યો અને ઘડી વારમાં કૂતરો વાંદરો બની ગયો.

વાંદરો પોતાનું રૂપ જોઈને રાજી રાજી થઈ ગયો.

આખો દિવસ એકથી બીજે ઝાડે કૂદે અને ત્યાંથી ત્રીજે ઝાડ છલંગ મારે. ઝાડે ઝાડેથી મીઠાં મીઠાં ફળ તોડતો જાય અને ઉડાવતો જાય. ફળફળાદિ જોઈને એ જાણે ગાંડો થઈ ગયો.

પણ એનો આ આનંદ થોડાક જ દિવસ ટક્યો. થોડો વખત ગયો અને ઉનાળો બેઠો. તડકો તપવા લાગ્યો અને ચારે બાજુ પાણી સુકાવા લાગ્યાં. નદીતળાવમાં પાણી હતાં, પણ ત્યાંથી વાંદરો પાણી કેવી રીતે પીએ?

વાંદરાની જાત પાણીથી બહુ ડરે. નદીતળાવમાં જવાની એની હિંમત ચાલે નહિ. પણ એ વખતે સૂવર અને ભૂંડ તો આખો દિવસ પાણીમાં પડ્યાં રહે અને ગેલ કર્યા કરે. તેમને ઉનાળાનો તડકો પણ ન લાગે.

વાંદરાને સૂવરની અદેખાઈ આવવા લાગી. એને થયું: વાહ, આ બધાં સૂવર કેટલાં બધાં સુખી છે? આખો દિવસ પાણીમાં શેલારા માર્યા કરે છે અને તોફાનમસ્તી કર્યા કરે છે. ગરમી એમની પાસે આવે ય શાની?

બસ, મનમાં વિચાર આવ્યો એટલે ઋષિને કહ્યા વગર છૂટકો છે? એક રાતે ઋષિ નિરાંતે બેઠા હતા ત્યારે વાંદરાએ પોતાની કથની શરૂ કરી. વાંદરાની જાતને કેવાં કેવાં દુઃખ તેનું વિગતવાર વર્ણન કરી નાખ્યું અને સૂવરની જિંદગીમાં કેવાં કેવાં સુખ તે પણ કહી દેખાડ્યું. છેવટ માગણી પણ કરી નાખી કે: 'હે મહારાજ! આ કરતાં તો સને સૂવર બનાવી દો તો આપનો પાડ.'

ઋષિ મહા દયાળુ હતા. એમને બિચારા વાંદરા પર

દયા આવી ગઈ અને તરત એને સૂવર બનાવી દીધો. સૂવર ખૂબ ખુશ થઈ ગયો.

સૂવર આખો દિવસ પાણીમાં પડ્યો રહે અને પાણી સાથે ધીંગામસ્તી કર્યા કરે. ઘડી વાર પણ પાણીમાંથી હવે બહાર નીકળે શાનો? આમ કરતાં બે દિવસ નીકળી ગયા.

ત્રીજે દિવસે સૂવર પાણીમાં શેલારા માર્યા કરે ત્યાં જંગલમાં ધમાધમ થવા લાગી. કાન માંડીને સૂવર સાંભળવા લાગ્યો તો અવાજ પાસે ને પાસે આવવા લાગ્યો. થોડી વાર થઈ ત્યાં છો સૂવર પાસે થઈને એક શણગારેલો હાથી નીકળ્યો. હાથી પર અંબાડી અને તેના પર રાજા બેઠેલો. રાજા શિકારે નીકળેલો.

સૂવર ઊભો ઊભો હાથીનું શરીર અને તેના શણગાર ફાટી આંખે જોયા કરે, ત્યાં તો રાજાએ સૂવર સામે નિશાન તાક્યું. છેલ્લી ઘડીએ સૂવરનું ધ્યાન ગયું અને આંખો મીંચીને ત્યાંથી એ નાસી છૂટયો. રાજાના તીરનો શિકાર થતો થતો સૂવર માંડ બચી ગયો.

નાસતો નાસતો સૂવર વિચાર કરવા લાગ્યો: 'અરેરેરે, આ સૂવર થવામાં તો પળે પળે જિંદગીનું જોખમ. કોણ ક્યારે શિકાર કરી નાખે એ કહેવાય નહિ. આ કરતાં પેલા હાથીનું જીવન કેવું સુખી! ખુદ રાજાને જ માથે બેસાડીને ફરવાનું. પછી એનું નામ કોણ લે?'

દોડતો દોડતો સૂવર ઋષિ પાસે જઈ પહોંચ્યો અને પોતાને હાથી બનાવી દેવાની માગણી કરી. ઋષિએ તેને હાથી બનાવી દીધો.

હાથી આખો દિવસ જંગલમાં ચારે બાજુ ભટક્યા કરે અને ઝાડે ઝાડે માથાં ભરાવ્યા કરે. થોડા દિવસ ગયા અને તે જંગલમાં પેલો રાજા શિકારે આવ્યો. હાથીને તો આટલું જ જોઈતું હતું. જ્યાં રાજાનો પડાવ પડ્યો હતો તેની આસપાસ હાથી આંટા મારવા લાગ્યો.

રાજાએ હાથીને જોયો. જુવાન હાથી. કાળું ભમ્મર શરીર. જાણે મેઘનો પહાડ. મોઢામાં દંતુશળ મોતી જેવાં ચળક્યા કરે. રાજાને હાથી ગમી ગયો. તેણે ચોપદારોને કહ્યું કે ગમે તેમ કરીને પેલા હાથીને પકડી લો. જેવા ચોપદાર પાસે આવ્યા કે હાથી છાનોમાનો ઊભો રહી ગયો. ચોપદારો તેને પકડીને દરબારી હાથીથાને લઈ ગયા અને કેળવવા લાગ્યા. હાથી થોડા દિવસમાં જ કેળવાઈ ગયો અને સવારી માટે તૈયાર થઈ ગયો. રોજ સવાર–સાંજ રાજા એના પર અંબાડી નાખીને ફરવા જાય અને હાથી મનમાં રાજી થાય.

થોડા દિવસ થયા ત્યાં કાંઈ વ્રતનો દિવસ આવ્યો. રાણીજીને થયું કે આવા વ્રતને દિવસે ચાલ ગંગા નદીમાં જઈને સ્નાન કરું. રાજાજીને પણ સાથે આવવાનું એમણે કહ્યું. રાજાએ નવા હાથીને શણગારીને તૈયાર કરવાનું કહ્યું. રાજા અને રાણી બન્ને હાથી પર અંબાડીમાં બેઠાં અને હાથીને ગંગાકાંઠા તરફ હાંકવામાં આવ્યો. આખા ગામનાં લોકો નવા હાથીને જોવા નીકળ્યાં.

લોકો આનંદના પોકાર કરવા લાગ્યાં. પણ હાથીને મનમાં વિચાર થયો: ‘હું ગમે તેમ તો યે ઋષિનો બનાવેલો

હાથી. મારા પર રાજા બેસે એ ઠીક, પણ આ રાણી મારા પર કાં બેસે? રાણી ગમે તેમ તોયે સ્ત્રી કહેવાય ને? એમાં મારી શોભા શી? આ રાણીએ તો મારા પર ચડીને મારું અપમાન કર્યું.'

આમ વિચાર કરતો હાથી ધૂંવાંપૂંવાં થયો. શહેર બહાર નીકળ્યો કે હાથી ગાંડોતૂર બનીને ઠેકડા મારવા તથા કૂદવા લાગ્યો. માવત ઘણો એને કાબૂમાં લેવા ધમપછાડા કરે, પણ હાથી કાબૂમાં આવે શાનો? થોડી વારમાં હાથીએ માવતને સૂંઢથી દૂર ફગાવ્યો. અંબાડીને નીચે ફેંકી દીધી. રાજારાણી દૂર જઈ પડ્યાં અને હાથી વન તરફ ભાગી છૂટ્યો.

જેવાં રાજારાણી નીચે જઈ પડ્યાં કે રાજાએ ઊઠીને તરત રાણીજીને તેડી લીધાં. એમનાં અંગ પર ચોંટેલી ધૂળ રાજાજી ખંખેરવા લાગ્યા. પોતાનાં કપડાંનો પંખો કરી પવન નાખતાં નાખતાં રાજા રાણીજીને પૂછવા લાગ્યા: ' ક્યાં વાગ્યું? કેવુંક વાગ્યું? પાટો બાંધી દઉં? જરા હાથથી ચોળું તો મટી જશે?' આમ રાજા કહેતા જાય, રાણીજી માથે હાથ ફેરવતા જાય અને આશ્વાસન આપતા જાય.

હાથી દૂર ઊભો ઊભો આ બધું જોયા કરે. આ બધું જોઈને હાથી ત્યાંથી ભાગી છૂટ્યો અને પળવારમાં દૂર દૂરના જંગલમાં ગેબ થઈ ગયો.

હાથી જંગલમાં જઈ પહોંચ્યો પણ ત્યાં એના મનમાં વિચાર આવવા લાગ્યા: ' અહોહોહો, આ જગતમાં જો

સૌથી વિશેષ માનપાન હોય તો એક રાણીનાં જ. બીજાં માનપાન એની પાસે કાંઈ વિસાતમાં નહિ. પેલી રાણી આરા પરથી નીચે પડી ગઈ. સાથે રાજા પણ પડ્યો હતો. પણ ખુદ રાજાએ ઊભા થઈને એની ધૂળ ખંખેરી, એને હાથમાં તેડી લીધી, એનાં આંસુ લૂછ્યાં અને મીઠાં મીઠાં વેણ કહીને એને આશ્વાસન આપ્યું. અ હા હા હા! શું રાણીજીનું સુખ! ચાલ જઈને ઋષિને કહું કે મને રાણી બનાવી દો.'

આમ વિચારતો વિચારતો હાથી જાય છે સાંજને વખતે ઋષિની ઝૂંપડીએ પહોંચ્યો. જ્યાં ઋષિ નદીએથી પાછા વળ્યા કે હાથી લાંબો થઈને તેમને પ્રણામ કરવા લાગ્યો.

ઋષિ કહે: 'અરે હાથી! તું અહીં ક્યાંથી? રાજાના હાથીથાનમાંથી અહીં વળી કેમ આવી પહોંચ્યો? છો તો મજામાં ને?'

હાથી કહે: 'અરે મહારાજ! મારા દુઃખની કથની આપને શું કહું? આપે મારા પર હંમેશા દયા રાખી છે અને આપની દયાથી જ હું આનંદથી જીવ્યે જાઉં છું. આપ મારી એકેએક માગણી પૂરી કરતા આવ્યા છો. હવે મારે આપની પાસે એક જ વખત વરદાન માગવું છે. એ પછી કદી યે બીજું વરદાન માગીશ નહિ.'

ઋષિ કહે: 'હજી વળી વરદાન માગવાનું શું બાકી રહ્યું છે?'

હાથી કહે: 'હું હાથી તો થયો. એથી મારું વજન

વધ્યું પણ કાંઈ સુખ વધ્યું નહિ. બસ, આ દુનિયામાં કોઈ સુખી હોય તો એ રાજાની રાણી છે. એના જેવું બીજું એકેય સુખ નથી. તો હે મહારાજ! મને રાણી બનાવી દો તો આપનો આભાર આ અવતારમાં કદી ન ભૂલું.'

ઋષિ કહે: 'મૂરખ! તને મારે રાજાની રાણી કેવી રીતે બનાવવો? મારે વળી આખું રાજ્ય ક્યાંથી ઊભું કરવું અને તને પરણાવવા રાજા કેવી રીતે પેદા કરવો? થાય તો આટલું થાય: તને જોઈને કોઈ પણ તારા પર મોહી પડે એવી તને રૂપ રૂપના અંબાર જેવી સોળ વરસની સુંદરી બનાવી દઉં. તને સાંભળીને તારા પર ઓવારી જાય એવી વાણીની મધુરતા, હાલચાલ, બધું યે આપું. જો પ્રભુકૃપાએ કોઈ રાજા તને ભેટી જાય તો તારું કામ પતી જાય.'

હાથીએ વાત કબૂલ રાખી. તરત ઋષિએ હાથી પર પાણી છાંટયું અને તેમાંથી સોળ વરસની સુંદરી બની ગઈ. સુંદરીના રૂપનો તો કોઈ પાર નહિ. ઋષિએ એનું નામ પાડયું કસૂંબલ.

કસૂંબલ ઋષિની ઝૂંપડીમાં રહે. આખો દિવસ ઝૂંપડીના ઝાડછોડને પાણી પાય અને ફૂલ ઉછેરે. ઋષિ માટે પૂજાપાઠમાં આપવા ફૂલની માળા આખો દિવસ ગૂંથ્યા કરે.

એક દિવસ ઋષિ નદીકાંઠે પૂજાપાઠ કરવા ગયેલા અને કસૂંબલ ઝૂંપડીને બારણે બેઠી હતી. એ વખતે જરિયાની પોષાક પહેરેલ કોઈ માણસ ઝૂંપડીએ આવ્યો.

માણસને જોઈને તરત કસૂંબલ ઊભી થઈ અને પૂછવા લાગી: 'આપ કોણ છો? ક્યાંથી પધારો છો?'

પેલો માણસ કહે: 'હું પાસેના રાજનો રાજા છું. હું આ જંગલમાં શિકારે આવેલો, પણ ભૂલો પડ્યો છું. ખૂબ તરસ લાગી છે તેથી આ કોઈ ઋષિની ઝૂંપડી છે એમ ધારીને પાણી પીવા તથા જરા થાક ઉતારવા આવ્યો છું.'

કસૂંબલ કહે: 'પધારો, પધારો! આ ઝૂંપડીને આપનું ઘર જ માનજો. દુ:ખની વાત છે કે અમે તો ગરીબ છીએ અને આપ તો રાજા છો, એટલે આપની પૂરી આગતા-સ્વાગતા નહિ થઈ શકે. પણ આ રંકની ઝૂંપડીમાં ફૂલ નહિ તો ફૂલની પાંદડી આપને મળી રહેશે.'

રાજા ખુશ થઈ ગયો. કસૂંબલ જઈને પાણી ભરી આવી અને પાસે બેસીને રાજાના પગ ધોવાની તૈયારી કરવા લાગી.

રાજાએ તરત પોતાના પગ ખેંચી લીધા અને કહ્યું: 'અરે ઋષિપુત્રી! મારા પગને ન અડતાં. ગમે તેમ તો યે હું તો ક્ષત્રિય છું અને આપ તો ઋષિનાં પુત્રી. આપ મારા પગ ધુઓ તો હું પાપમાં જ પડું ને?'

કસૂંબલ કહે: 'રાજાસાહેબ! હું ઋષિપુત્રી નથી, તેમ કોઈ બ્રાહ્મણની દીકરી પણ નથી. એટલે પગ ધોવા દેવામાં આપને કશું પાપ નહિ લાગે. વળી આપ તો

અતિથિ છો. અતિથિ એ તો દેવ કહેવાય. એના પગ ધોવા એ યજમાનની ફરજ છે.'

રાજા કહે: 'માફ કરજો, પણ એક વાત પૂછું? આપ કોનાં દીકરી છો?'

કસૂંબલ કહે: 'ઋષિજી કહે છે કે મારાં માતાપિતા ક્ષત્રિય હતાં.'

રાજા કહે: 'એ તો તમારાં રૂપસૌંદર્ય અને વર્તન ઉપરથી જ લાગે છે કે આપ કોઈ રાજપુત્રી જ હશો. પણ તમારા પિતા ક્યાંના રાજા હતા એ આપને કાંઈ ખબર છે?'

કસૂંબલે એનો કાંઈ જવાબ ન આપ્યો. એ તરત ઝૂંપડીમાં ગઈ. એક થાળીમાં ભાતભાતનાં મીઠાં ફળ લઈ આવી અને રાજા સમક્ષ ધર્યાં.

રાજા કહે: 'મારા સવાલનો જવાબ ન આપો ત્યાં સુધી હું ન ખાઉં.'

છેવટે કસૂંબલે વાત કરી: 'ઋષિજી કહે છે કે મારા પિતા એક મોટા રાજા હતા. વૃદ્ધ થયા તોયે તેમને એકેય પુત્ર નહિ. વૃદ્ધાવસ્થાને લીધે રાજકાજમાં બરાબર ધ્યાન આપી શકે નહિ. ધીમે ધીમે શત્રુ વધવા લાગ્યા અને છેવટ ઘણા શત્રુ તેમના પર એકસાથે ચડી આવ્યા. મારા પિતા હાર્યા અને મારાં માતાજીને લઈને જંગલ તરફ નાસી આવ્યા. પણ જંગલમાં મારા પિતાજીને એક વાઘે ફાડી ખાધા. એ જ વખતે મારાં માતાજીએ મને જંગલમાં જન્મ આપ્યો. પણ હું અભાગણી જન્મી અને મારાં માતાજીનું

અવસાન થયું. ભગવાનને કરવું છે તે જે ઝાડની નીચે હું પડેલી તેના પર એક મધપૂડો. મધપૂડામાંથી મારા મોઢામાં મધ ટપકયા કરે અને હું જીવ્યા કરું. થોડા દિવસ થયા ત્યાં ઋષિ મારી પાસેથી નીકળ્યા. તેમણે મને જોઈ અને અહીં લઈ આવ્યા. આ મુજ અભાગણીની કર્મકથની છે.'

રાજા કહેઃ 'હં હં હં, તમે વળી અભાગણી શાનાં? તમે તો સ્ત્રી–જગતમાં સૌથી સુંદર છો. તમે તો કોઈ પણ રાજાનો મહેલ શોભાવો તેમ છો.'

રાજા તો કસૂંબલના પ્રેમમાં પડી ગયો. થોડા દિવસ તે જંગલમાં જ રોકાઈ ગયો અને ઋષિ પાસે કસૂંબલના હાથની માગણી કરી. ઋષિએ જંગલમાં જ આળાલીલા વાંસ વાઢી, નાની સરખી ચોરી બનાવી કસૂંબલ અને રાજાનાં લગ્ન કરી આપ્યાં. કસૂંબલને લઈને રાજા પોતાની રાજધાનીમાં ગયો.

રાજાએ કસૂંબલને પટરાણી સ્થાપી. કસૂંબલ રાજા પાસે પાણી માગે તો દૂધ મળે અને ચીર માગે ત્યાં હીર મળે. રાજા કસૂંબલને હથેળીમાં રમાડે. કસૂંબલના સુખનો કોઈ પાર નહિ. બીજી રાણીઓ એનું સુખ જોઈને મનમાં બળી મરે.

પણ કસૂંબલનું આ સુખ ઝાઝું ન ટકયું. એક દિવસ તે રાજમહેલમાં કૂવાને કાંઠે ઊભેલી ત્યાં એને અચાનક ચક્કર આવ્યાં અને ધબ્બ દઈને તે કૂવામાં જઈ પડી. પડ્યા ભેગો તેનો જીવ ઊડી ગયો.

રાજા આ સમાચાર સાંભળીને દોડ્યો આવ્યો. તરત કસૂંબલને બહાર કઢાવી, પણ હવે શું કરે ? રાજા કસૂંબલ-ને યાદ કરી કરીને માથાં પછાડે અને ચોધાર આંસુએ રડે. ખાય નહિ, પીએ નહિ. 'કસૂંબલ! કસૂંબલ!' એમ બોલતો રહ્યા કરે. રાજાને તો રાતદિવસ એકાકાર થઈ ગયાં. સૌને ચિંતા પેઠી કે રાજાનું થશે શું ?

જોગાનજોગ ઋષિ મહારાજ ત્યાં આવી પહોંચ્યા. એમણે રાજાને કહ્યું: 'હે રાજા ! નકામો શોક ન કર. પ્રભુએ જે ધાર્યું હોય તે જ થાય છે. તું 'કસૂંબલ! કસૂંબલ!' કહીને જેને માટે માથાં પછાડે છે એ કાંઈ રાજપુત્રી હતી જ નહિ.'

'હેં, હેં, શું કહો છો ? ત્યારે એ કોણ હતી ?' એમ રાજા ફાટ્યે ડાચે પૂછવા લાગ્યો.

ઋષિ કહે: 'એ તો મૂળ મારી ઝૂંપડીમાં એક ઉંદ-રડો હતો. તેની ઇચ્છા પ્રમાણે, તેના પર દયા આવવાથી મેં બિલાડી, કૂતરો, સૂવર, હાથી અને છેવટે સુંદર કન્યા બનાવેલ. એ સુંદર કન્યા તે તારી રાણી કસૂંબલ. મેં એને આટલાં રૂપ દીધાં, પણ આયુષ્ય તો વિધાતાએ દીધું હોય એટલું જ એ જીવે ને ? એનું ઉંદર તરીકેનું આયુષ્ય પૂરું થયું એટલે તે અહીં તારા રાજમહેલમાં અવસાન પામી. માટે એનો શોક છોડી દે અને તારી બીજી રાણીઓમાં મન પરોવી દે.

'હા, એક વાત ખરી. ગમે તેમ તો યે આટલાં એને

રૂપ દીધાં એટલે કસૂંબલ મારી દીકરી હતી. પ્રભુની કૃપાથી હું એને આ જગતમાં અમર બનાવીશ. એનું શરીર કૂવામાં જ રાખજે. કૂવાને માટીથી ભરી દેજે. એના શરીરમાંથી એક છોડ ઊગશે. એ છોડનું નામ પડશે કસૂંબી–(અફીણનો છોડ).

'એ કસૂંબીના છોડ પરથી અફીણ નામે એક ઔષધિ મળશે. એ અફીણ જન્મ જન્માંતર સુધી પ્રખ્યાત થઈ જશે. આ ધરતીનો અંત આવશે ત્યાં સુધી લોકો એ અફીણનો કેફ કર્યા કરશે. કોઈ ખાઈને, કોઈ પીને, તો કોઈ ફૂંકીને એનો કેફ કરશે. જે કોઈ અફીણનો એકવાર બંધાણી થશે, એનાથી પછી કદી એનું બંધાણ છૂટશે નહિ અને કસૂંબલને જેટલા અવતાર મળ્યા હતા એ બધા અવતારના અવગુણ અફીણના બંધાણીમાં એકઠા થશે. અફીણિયો ઉંદર જેવો આળવીતરો, બિલાડી જેવો દૂધનો શોખીન, કૂતરા જેવો કરડકણો, વાંદરા જેવો ગોબરો, સૂવર જેવો જંગલી, હાથી જેવો આળસુ અને રાણી જેવો અભિમાની થશે.'

કોણ મોટું?

એક વખત દેવલોકમાં દુર્ભાગ્યના દેવ શનિ અને સુભાગ્યની દેવી લક્ષ્મી અંદરોઅંદર લડી પડ્યાં. શનિ કહેઃ 'હું મોટો.' લક્ષ્મી કહેઃ 'હું મોટી.'

શનિ કહેઃ 'મારી નજર જેના પર પડે એનું ઘડી-માં હું ખેદાનમેદાન કાઢી નાખું.'

લક્ષ્મી કહેઃ 'કોઈનું ખરાબ કરવું એ કાંઈ સારી વાત? હું તો જેના પર નજર નાખું, એને ઘેર આંખના પલકારામાં રિદ્ધિસિદ્ધિ ભરી દઉં.'

આમ બન્ને વચ્ચે ઝગડો ચાલવા લાગ્યો. ઝઘડાનો કોઈ અંત આવ્યો નહિ, એટલે શનિ અને લક્ષ્મીએ બધા દેવોને ભેગા કર્યા. તેમણે દેવોને ન્યાય કરવા કહ્યું. પણ અર્ધા દેવોએ શનિને મોટો કહ્યો અને અર્ધા દેવોએ લક્ષ્મીને મોટી કહી. હવે કરવું શું?

શનિ અને લક્ષ્મી કહેઃ 'દેવો આપણો ન્યાય નહિ કરી શકે. ચાલો દુનિયા પર જઈએ અને કોઈ ડાહ્યા અને ન્યાયવાન માણસ પાસે જઈને ન્યાય કરાવીએ.'

આ વખતે ભૂલોકમાં લક્ષ્મીનંદન નામે એક વેપારી રહે. લક્ષ્મીનંદન જેવો શ્રીમંત એવો જ ન્યાયવાન. ગામના લોકોને લક્ષ્મીનંદનની ન્યાયબુદ્ધિ પર ભારે વિશ્વાસ. પંચનો ન્યાય કરવામાં કાંઈ વાંધો આવે તો એનો નિવેડો લક્ષ્મીનંદન પાસે કરાવવા આવે.

શનિ અને લક્ષ્મીએ નક્કી કર્યું કે આ લક્ષ્મીનંદન પાસે જઈએ અને ન્યાય કરાવીએ.

તેમણે પોતાના દૂત લક્ષ્મીનંદન પાસે મોકલ્યા અને પોતે ન્યાય કરાવવા આવે છે તેવો સંદેશો મોકલ્યો.

લક્ષ્મીનંદન વિચારમાં પડી ગયો. એને મનમાં થયું કે આવાં મોટાં દેવલોક મારી પાસે ન્યાય કરાવવા આવે છે, ત્યારે કરવું શું? જો શનિને મોટો કહું તો લક્ષ્મીજી મારા પર ખિજાય ને મારી રિદ્ધિસિદ્ધિ ચાલી જાય. ને લક્ષ્મીજીને મોટાં કહું તો શનિ મારા પર ખિજાય ને ધનોતપનોત કાઢી નાખે. હશે, જે થવાનું હશે તે થશે પણ સાચું કહ્યા વગર છૂટકો છે?

લક્ષ્મીનંદને એક નવો માર્ગ વિચાર્યો. એક દેવને નાના અને બીજા દેવને મોટા કહેવાને બદલે આગતા-સ્વાગતા જ એવી કરવી કે દેવ પોતાની મેળે સમજી જાય કે કોણ મોટું ને કોણ નાનું. એણે બે બાજોઠ તૈયાર કરાવ્યા. એક સોનાનો અને બીજો રૂપાનો.

શનિ અને લક્ષ્મી તેને ઘેર આવ્યાં કે લક્ષ્મીનંદને લક્ષ્મીજીને સોનાનો બાજોઠ બેસવા આપ્યો અને શનિને રૂપાનો બાજોઠ બેસવા આપ્યો.

પોતાને રૂપાનો બાજોઠ મળ્યો તેથી શનિમહારાજ ખિજાઈ ઊઠયા અને નસ્કોરાં ફૂંફાડતા બોલ્યા: 'તારે મન હું લક્ષ્મીથી ઊતરતી કોટિનો છું, એમ ને? ત્યારે જોઈ લે, મારી તાકાત. આજથી ત્રણ વરસ સુધી મારો તને ઓછાયો રહેશે અને ત્યાં સુધી તું રાનરાન ને પાનપાન થઈ જઈશ. હું જોઉં છું કે એ ત્રણ વર્ષ પછી તારી શી દશા થાય છે!' આમ કહીને ધૂંવાંપૂંવાં થતા શનિ-મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા.

લક્ષ્મીજી કહે: 'બેટા લક્ષ્મીનંદન, તું જરા યે ગભરાઈશ નહિ. હું તારી મદદે રહીશ. આ દુનિયામાં સૌના દિવસ સરખા જતા નથી. તડકી–છાંયડી સૌના જીવનમાં આવ્યા કરે છે. એથી માણસે કદી દુ:ખી ન થવું જોઈએ.'

લક્ષ્મીનંદન કહે: 'માતાજી, આપ જો મારી મદદે રહેવાનાં હો, તો મારે શી ચિંતા? ભલે ત્રણ વર્ષ જરા અવળાં જતાં.' આમ કહીને લક્ષ્મીનંદન પગે પડ્યો કે આશીર્વાદ આપીને લક્ષ્મીજી પણ ત્યાંથી ચાલ્યાં ગયાં.

લક્ષ્મીનંદને તેની પત્ની ગુણવંતીને બોલાવીને કહ્યું: 'એક વાત સાંભળ. મારા પર શનિમહારાજ ખિજાયા છે એટલે કાંઈ સારાં વાનાં નહિ થાય. હું જો આ ઘરમાં રહું તો આખું ઘર ધનોતપનોત થઈ જાય. અને મારે એકને વાંકે ઘરનાં બધાં હેરાન થાય. આથી હું એકલો ઘર છોડીને ચાલ્યો જાઉં છું. મારું વળી જે થવું હશે તે થશે અને બધાં સંકટને હું પહોંચી વળીશ. પણ તું ઘેર રહેજે, ઘર સાચવજે અને સૌની સંભાળ રાખજે.'

ગુણવંતી કહેઃ 'વાહ! તમે તે આ કેવી વાત કરો છો? ઘરનાં સૌ પોતપોતાનું સંભાળી લેશે. હું તો તમારી સાથે જ આવવાની. જ્યાં તમે, ત્યાં હું.'

લક્ષ્મીનંદને ગુણવંતીને ઘણી સમજાવી, પણ ગુણવંતી એકની બે ન થઈ. છેવટ લક્ષ્મીનંદને ગુણવંતીને પણ સાથે આવવા હા પાડી ને કહ્યું: 'આ શેતરંજીની કિનારમાં જેટલાં બની શકે તેટલાં હીરા–મોતી સીવી લે. આપણને મુસાફરીમાં એ ક્યાંક કામમાં આવી જશે.' ગુણવંતીએ શેતરંજીની કિનારમાં હીરા–મોતી સીવી લીધાં અને બંને ઘરમાંથી છાનાંમાનાં નીકળી જવાને તૈયાર થયાં.

ઘરમાંથી નીકળતાં પહેલાં લક્ષ્મીનંદને લક્ષ્મીજીની પ્રાર્થના કરી. લક્ષ્મીજી હાજર થયાં. લક્ષ્મીનંદને કહ્યું: 'હે લક્ષ્મીજી! અમારા પર શનિમહારાજનો ઓછાયો પડે તે પહેલાં ઘર છોડી ચાલ્યાં જઈએ છીએ. પાછળથી ઘરની સંભાળ રાખજો અને મુસાફરીમાં અમારી મદદે રહેજો.'

લક્ષ્મીનંદનની પ્રાર્થના સાંભળીને લક્ષ્મીજી એ જ વખતે પ્રગટ થયાં ને બોલ્યાં: 'બેટા! કોઈ વાતની ચિંતા રાખીશ નહિ. હું સદાય તારી મદદે રહીશ જા.'

લક્ષ્મીજીને પગે લાગીને લક્ષ્મીનંદન અને તેની પત્ની ગુણવંતી ચાલી નીકળ્યાં. આગળ લક્ષ્મીનંદન, પાછળ ગુણવંતી. ગુણવંતીને માથે શેતરંજીનો વીંટલો. ચાલતાં ચાલતાં તેઓ એક નદીને કાંઠે જઈ પહોંચ્યાં. નદી બે કાંઠામાં ભરપૂર પાણીએ ચાલી જાય. સામો કાંઠો પણ દેખાય નહિ. નદી

પાર કરવી કેવી રીતે ? આસપાસ નજર કરે ત્યાં એક નાનો મછવો દેખાયો. મછવામાં ખારવો બેઠેલો.

લક્ષ્મીનંદન ખારવા પાસે ગયો અને પૂછ્યું: 'સામે પાર લઈ જઈશ ?'

ખારવો કહે: 'હા, લઈ તો જાઉં. પણ મછવો નાનો છે. એક એકને લઈ જાઉં. તમે છો ત્રણ: બે તમે પોતે અને ત્રીજી શેતરંજી. મારી હોડી એકસાથે બે માણસનો ભાર ઉપાડી શકે તેમ નથી.'

લક્ષ્મીનંદને કહ્યું: 'પહેલાં મારી પત્નીને અને શેતરંજીને લઈ જા અને પછી મને લઈ જાજે.'

પણ ખારવો એકનો બે ન થયો. છેવટ સૌથી પહેલાં શેતરંજી સામે કાંઠે મોકલી આપવા હોડીમાં મૂકી. હોડી નદીની અધવચ પહોંચી કે અચાનક વાવાઝોડું આવ્યું. પવન જોર જોરથી ફૂંકાવા લાગ્યો. નદીમાં મોજાં ઊછળવા લાગ્યાં. જોરથી પવનનું એક ઝાપટું આવ્યું અને શેતરંજી ઊડી પડી. બીજું ઝાપટું આવ્યું અને મછવો ઊડી પડ્યો. ત્રીજે ઝાપટે તો ખારવો પણ ગાયેબ! શેતરંજી, મછવો કે ખારવાનો કોઈનો પત્તો નહિ.

થોડી વાર થઈ અને વાવાઝોડું શમ્યું કે નદી જ અલોપ થઈ ગઈ. થોડી ક્ષણ પહેલાં જ્યાં નદી ઘૂઘવતી હતી ત્યાં તો કઠણ જમીન અને જમીન પર રસ્તા ચાલ્યા જાય. લક્ષ્મીનંદન સમજ્યો કે આ બધાં શનિમહારાજ-નાં કામ લાગે છે. હશે, શનિમહારાજને એમની તાકાત અજમાવવા દો.

લક્ષ્મીનંદન પાસે હવે એક પાઈ પણ રહી નહિ. લક્ષ્મીનંદન અને ગુણવંતી ખાલી હાથે ચાલતાં થયાં અને પાસે દેખાતા એક ગામડે પહોંચ્યાં. ગામમાં પોણી વસ્તી કઠિયારાની. કઠિયારા વહેલી સવારે જંગલમાં પહોંચી જાય. લાકડાં કાપીને ભારા બાંધે અને પાસેના શહેરમાં જઈને વેચી આવે.

લક્ષ્મીનંદને ગામમાં એક ઝૂંપડું વાળ્યું અને કઠિયારા સાથે લાકડાં કાપવા જવા તૈયાર થયો ને કઠિયારાને પૂછી જોયું. કઠિયારા કહે: 'આવ ને ભાઈ! તારે હાથે લાકડાં કાપવાં છે ને તારે ઉપાડીને વેચવાં છે ને?' લક્ષ્મીનંદન બધા કઠિયારાની સાથે જંગલમાં લાકડાં કાપવા ગયો.

કઠિયારા તો આડેધડ જે ઝાડ આવ્યું તેનાં લાકડાં કાપવા લાગ્યા અને મોટા મોટા ભારા બાંધવા લાગ્યા. પણ લક્ષ્મીનંદને ઝાડ સામે નજર ફેરવી તો ક્યાંક ક્યાંક સુખડનાં ઝાડ દેખાયાં. એણે સુખડનાં ઝાડમાંથી થોડાંક લાકડાં કાપી લીધાં અને સૌની સાથે શહેરમાં વેચવા ચાલ્યો. કઠિયારાઓને મોટા મોટા ભારાના થોડા પૈસા મળ્યા, પણ લક્ષ્મીનંદનને થોડાંક લાકડાંના ઝાઝા પૈસા મળ્યા.

આ રીતે રોજ કઠિયારા લાકડાંના ભારા ખેંચી આવે અને લક્ષ્મીનંદન સુખડ લઈ આવે. કઠિયારાને થોડા પૈસા મળે, અને લક્ષ્મીનંદનને ઘણા પૈસા મળે. આથી આખા ગામના કઠિયારા લક્ષ્મીનંદન પર અદેખાઈના માર્યા ગુસ્સે થયા અને બધાએ ભેગા મળીને લક્ષ્મીનંદન તથા તેની પત્ની ગુણવંતીને મારી મારીને ગામ બહાર કાઢી મૂક્યાં.

લક્ષ્મીનંદન અને ગુણવંતી ત્યાંથી ચાલી નીકળ્યાં. ચાલતાં ચાલતાં એક બીજે ગામડે પહોંચ્યાં. આ આખા ગામમાં વણકરો રહે. સ્ત્રીઓ બધી કાંતે અને પુરુષો બધા કાપડ વણે. લક્ષ્મીનંદને ગામમાં એક ઝૂપડું બનાવ્યું અને રહેવા લાગ્યો.

ગુણવંતીએ એક રેંટિયો લાવી કાંતવાનું શરૂ કર્યું. થોડા દિવસમાં ગુણવંતી કાંતવામાં ભારે કુશળ થઈ ગઈ અને રેશમ જેવા તાર કાઢવા લાગી. આખા ગામમાં બધી સ્ત્રીઓ કરતાં એનું સૂતર વખણાય અને તેને બધાં કરતાં સવાયા–દોઢા દામ મળે. ગામ આખાની સ્ત્રીઓ એના પર રીસે બળવા લાગી.

અધૂરામાં પૂરું એક વખત લક્ષ્મીનંદને ગામલોકોને પોતાને ઘેર જમણ આપ્યું. જમણ બધું ગુણવંતીએ પોતાને હાથે રાંધીને તૈયાર કર્યું. ગુણવંતીએ ભાતભાતની મીઠાઈ બનાવી. વણકરો બધા જમવા આવ્યા. તેમણે આવું ભોજન કયે દિવસે ખાધું હોય? એ તો બધા ખાતા જાય, આંગળા ચૂસતા જાય અને રસોઈનાં વખાણ કરતા જાય: 'વાહ રસોઈ! વાહ રસોઈ!'

ખાઈને બધા ઘેર ગયા. જઈને સૌ પોતપોતાની સ્ત્રીઓને કહે: 'તમે તે બધી શું રાંધો છો? રાંધતાં યે તમને ક્યાં આવડે છે? કેવું રંધાય છે એ ગુણવંતી પાસે જઈને શીખી આવો તો કાંઈક ખબર પડે!'

આથી આખા ગામની સ્ત્રીઓ ગુણવંતી પર ખૂબ

રીસે બળવા લાગી અને ગુણવંતીને કેમ ઠેકાણે કરવી એનો વિચાર કરવા લાગી.

એક વખત ગુણવંતી ગામની સ્ત્રીઓ સાથે નદીએ નાહવા ગઈ. આ નદીને કાંઠે એક હોડી. તે હોડી વર્ષોથી નદીને કાંઠે રેતીમાં ભરાઈ ગયેલી. લોકોએ ભારે મહેનત લીધેલી, પણ હોડી નીકળેલી નહિ. ગુણવંતી તેની પાસેથી નીકળી અને અચાનક તેનો હાથ હોડીને અડ્યો કે તરત હોડી નદીના પાણી તરફ સરવા લાગી.

થોડે દૂર બેઠેલો ખારવો આ જોઈ રહ્યો. એને થયું કે આ બાઈ ચમત્કારી લાગે છે. એને જો પકડીને પાસે રાખી હોય તો એ ભારે કામ લાગે. આથી તેણે બીજા ખારવાને ભેગા કર્યા અને સૌને વાત કરી. બધા ખારવા એકદમ દોડ્યા આવ્યા અને ગુણવંતીને પકડીને હોડીમાં બેસાડી દીધી. આ પછી હોડીને હાંકી મૂકી. ગામની સ્ત્રીઓ આ બધું જોઈ રહી. કોઈ એક હરફ પણ ન બોલી. ઊલટી રાજી થઈ કે ઠીક ટાઢે પાણીએ ખસ ગઈ.

હોડીવાળા ગુણવંતીને ઉપાડી ગયાની વાત જાણીને લક્ષ્મીનંદનના દુઃખનો પાર રહ્યો નહિ. હવે એ અહીં રહીને શું કરે? તે નદીકાંઠે ગયો અને નદીને વહેણે વહેણે ચાલવા લાગ્યો. એને મનમાં એમ કે આ રસ્તે ગુણવંતીને લઈ ગયા છે એટલે ક્યાંક ગુણવંતી મળી જશે.

લક્ષ્મીનંદન નદીને વહેણે વહેણે ચાલતો થયો. ચાલતાં ચાલતાં રાત પડી. તેણે આસપાસ નજર કરી,

ક્યાંયે ગામડું કે ઝૂંપડું નજરે ચડ્યું નહિ. જુએ તો એક મોટું ઝાડ. એ ઝાડ પર ચડી ગયો અને તેના પર આખી રાત સૂઈ રહ્યો. સવારે એ ઝાડ પરથી નીચે ઊતર્યો. જુએ તો ઝાડ નીચે એક કપિલા ગાય. કપિલા ગાય એટલે વાછડાં થાય નહિ તો યે દિવસમાં ગમે ત્યારે દૂધ આપે તેવી ગાયો. લક્ષ્મીનંદન આ ગાયને જોઈને રાજી થયો. તેણે ગાયને દોહી અને પેટ ભરીને દૂધ પીધું.

દૂધ પીને લક્ષ્મીનંદન આરામ કરવા બેઠો અને આસપાસ નજર કરવા લાગ્યો. જુએ તો પાસે ગાયના છાણનો મોટો ઢગલો. પણ આખો યે ઢગલો પીળા રંગે ચમક્યા કરે. લક્ષ્મીનંદને ધ્યાન દઈને જોયું તો આખોયે ઢગલો સાચા સોનાનો. છાણ હજી લીલું હતું તેથી લક્ષ્મીનંદન તેની ઈંટો બનાવવા લાગ્યો અને તેના પર પોતાનું નામ 'લક્ષ્મીનંદન,' 'લક્ષ્મીનંદન,' લખતો ગયો. બપોર થયા ત્યાં ઈંટો સુકાઈ ગઈ અને તેના પર લક્ષ્મીનંદનનું નામ છપાઈ ગયું.

ઝાડ નદીકાંઠે જ હતું અને કપિલા ગાય અહીં સવાર-સાંજ આવતી હતી, એટલે લક્ષ્મીનંદને અહીં જ રહેવાનું નક્કી કર્યું. એને થયું કે આ માર્ગે કોઈ દિવસે હોડીવાળા નીકળશે અને ગુણવંતી મળી જશે.

દરમ્યાન રોજ સવાર–સાંજ કપિલા ગાય પોદળા કરે. એ છાણનું સોનું થઈ જાય, લક્ષ્મીનંદન એ છાણની ઈંટો બનાવતો જાય, તેના પર પોતાનું નામ લખતો જાય

અને એક ઉપર બીજી મૂકીને ઈંટો સરખી રીતે ગોઠવતો જાય. થોડા વખતમાં સોનાની ઈંટોનો મોટો ઢગલો થયો. દૂરથી યે એનો ચળકાટ દેખાય.

પેલી બાજુ ગુણવંતીનું શું થયું? ગુણવંતી તો રૂપ-રૂપનો અવતાર હતી, પણ હવે ગુણવંતીને થયું કે આ રૂપ મને હેરાન કરશે. આથી જ્યારે તેને હોડીવાળાઓએ પકડીને હોડીમાં નાખી ત્યારે તેણે લક્ષ્મીજીને પ્રાર્થના કરી કે: 'હે લક્ષ્મીજી! આપની દયામાયાથી મને રૂપ મળ્યું છે. પણ આ રૂપ દેખીને જંગલી લોકો મને હેરાન કરવામાં બાકી નહિ રાખે. આથી હે દયાળુ માતાજી! મારાં રૂપરંગ ફેરવીને મને એવી કદરૂપી કરી નાખો અને મારા અંગ પર એવો ગંધાતો રોગ મૂકો કે એ જોઈને કોઈ મારી પડખે પણ ન ચડે.'

લક્ષ્મીજીએ ગુણવંતીની પ્રાર્થના સાંભળી અને તરત જ તેનું રૂપ ઉડાડી દીધું. શરીર જાણે હાડકાંનું માળખું હોય તેવું થઈ ગયું. આખે અંગે ઘારાં થઈ ગયાં અને ઘારાંમાંથી પરુ વહેવા લાગ્યું. હોડીવાળા સાંજે એની પાસે આવ્યા. જુએ તો બાઈને આખે અંગે ઘારાં હતાં અને ઘારાંમાંથી પાચપરુ વહે. પરુમાંથી એવી દુર્ગંધ આવે કે કોઈથી પાસે પણ ઊભા ન રહેવાય. આથી હોડીવાળાઓએ ગુણવંતીને માલ ભરવાના ભંડકમાં પૂરી દીધી ને બારણાં બંધ કરી દીધાં. સવારસાંજ તેને ખાવા માટે થોડાક ભાત અને પાણી મોકલી દે. અને રાતદિવસ ભંડકમાં પૂરી રાખે.

ભંડકિયામાં ગુણવંતીની હેરાનગતિનો કોઈ પાર ન

હતો. પણ આબરૂ જળવાઈ રહી એ વિચારથી ગુણવંતીના આનંદનો પાર નહિ.

હોડી હાંકતાં હાંકતાં હોડીવાળા એક દૂર દૂરને બંદરે ગયા. ત્યાં તેમની પાસે હતો તે માલ વેચી નાખ્યો અને નાણાં લઈને દેશ તરફ પાછા ફર્યા. નદીને વહેણે વહેણે તેઓ ઉપરવાસ ચાલ્યા આવે, ત્યાં તેમણે દૂરથી સોનાનો ટેકરો જોયો. અહીં જ લક્ષ્મીનંદન કપિલા ગાય સાથે રહેતો હતો. લક્ષ્મીનંદનની નજર આખો દિવસ નદી પર રહેતી હતી. તેણે દૂરથી હોડીને આવતી જોઈ કે તરત એના મનમાં થયું કે આમાં જરૂર ગુણવંતી હોવી જોઈએ.

લક્ષ્મીનંદન આમ બેઠો બેઠો વિચાર કરે છે ત્યાં તો હોડીવાળા નીચે ઊતર્યા અને સોનાની ઈંટો ઉપાડવા લાગ્યા. લક્ષ્મીનંદને કહ્યું: ‘ આ ઈંટો તો મારી છે. ઉપાડો મા.’ તરત હોડીવાળા એના પર તૂટી પડ્યા. લક્ષ્મીનંદન એક અને હોડીવાળા અનેક. લક્ષ્મીનંદન તેમને ક્યાંથી પહોંચે ? હોડીવાળાઓએ તેને સારી પેઠે ઠમઠોર્યો અને બાંધીને હોડી પર લઈ ગયા. સોનાની બધી ઈંટો તેમણે હોડીમાં ભરી લીધી અને લક્ષ્મીનંદનને ગંધાતી ગુણવંતીથી થોડેક જ દૂર ભંડકિયામાં બાંધી દીધો.

એને પૂરીને હોડીવાળા ચાલતા થયા કે લક્ષ્મી-નંદનની નજર ગુણવંતી પર પડી. ગુણવંતીના શરીરમાં આટલો બધો ફેરફાર થઈ ગયો હતો તોપણ લક્ષ્મીનંદન તેને ઓળખી ગયો અને ગુણવંતી પણ તેને ઓળખી ગઈ. પણ અહીં ઓળખાણ કાઢવાનો અવસર ન હતો. આથી

તેઓ હાથની નિશાનીઓ અને હાવભાવથી વાતચીત કરવા લાગ્યાં અને એકબીજાનાં ખબરઅંતર પૂછી લીધાં.

હોડીવાળા બધા ચોપાટ રમવાના ભારે શોખીન. તેમને લાગ્યું કે આ કેદી લાગે છે શેઠ માણસ, એટલે ચોપાટ રમતાં એને આવડતી હોવી જોઈ એ. એમ ધારીને તેમણે લક્ષ્મીનંદનને સાથે ચોપાટ રમવા બોલાવ્યો.

લક્ષ્મીનંદન ચોપાટ રમવામાં ભારે કુશળ. પાસા પર પાસા ફેંકવા લાગ્યો અને હરેક વખતે બધા હોડીવાળાને જીતવા લાગ્યો. થોડો વખત થયો અને બધા હોડીવાળાને એના પર અદેખાઈ આવી. આથી બધાએ ભેગા થઈને લક્ષ્મીનંદનને પકડીને નદીમાં ફેંકી દીધો. લક્ષ્મીનંદન નદીનાં ઊછળતાં મોજાં વચ્ચે જઈ પડ્યો.

લક્ષ્મીનંદનને હોડીમાંથી ફેંકી દીધો એ ગુણવંતીએ જોયું. તેણે તરત જ પોતાની પાસે એક લાંબું લાકડું પડ્યું હતું તે નદીમાં ફેંક્યું. લક્ષ્મીનંદને એ લાકડું પકડી લીધું અને તેને આધારે તરતો તરતો નદીના વહેણમાં આગળ વધવા માંડ્યો. સાંજને વખતે તે નદીને કાંઠે જઈ પહોંચ્યો. કાંઠે ચડીને જુએ તો પાસે એક વાડી અને તેમાં મોટાં મોટાં ઝાડ. એકાદ ઝાડ પર ચડી જઈને એણે ટાઢે ધ્રૂજતાં ધ્રૂજતાં આખી રાત ગાળી નાખી.

આ વાડી એક માલણની હતી. માલણ વર્ષોથી આ વાડીએથી રાજાને ફૂલહારની છાબડી પહોંચાડતી. પણ ગમે તે થયું અને બે–ચાર વર્ષ પહેલાં આ વાડીનાં એકેએક ઝાડછોડને ફૂલ આવતાં અટકી ગયાં. બિચારી માલણ

હવે રાજાને ફૂલહારની છાબડી ક્યાંથી પહોંચાડે? માલણ-ની રોજી તૂટી ગયેલી અને બિચારી કંગાલ હાલતમાં અહીં રહેવા લાગી.

જે રાત્રે લક્ષ્મીનંદન આ વાડીના ઝાડ પર સૂઈ રહ્યો એની વળતી સવારે ઊઠીને માલણ વાડી તરફ નજર કરે ત્યાં, આ શું? સાચું દેખાય છે કે ખોટું? વાડીનાં એકેએક ઝાડછોડ પર ફૂલ ખીલી ઊઠ્યાં છે અને સુગંધ મહેકી રહી છે. માલણ હરખમાં ને હરખમાં એકેએક છોડને માથે હાથ ફેરવતી જાય છે અને રાજી થતી જાય છે. એકે ય છોડ ફૂલ વગરનો નહિ.

આમ અચાનક કેમ થઈ ગયું એમ વિચારતી તે ચાલી જાય છે ત્યાં તેણે નદીકાંઠા પાસે એક ઝાડ ઉપર ટાઢથી થરથરતો અને પીડાતો એક માણસ જોયો. ટાઢમાં ને ટાઢમાં માણસ કોકડું વળી ગયેલો. માલણને થયું કે આ માણસનાં શુકનવંતાં પગલાંથી મારી વાડી ફૂલવંતી બની છે. આથી તે લક્ષ્મીનંદનને પોતાની ઝૂંપડીએ લઈ આવી અને તાપ કરીને શેકવા લાગી. થોડી વારમાં લક્ષ્મી-નંદનની ટાઢ ઊડી ગઈ અને આળસ મરડીને તે ઊભો થયો.

આ પછી તરત માલણ રાજદરબારે દોડી. તેણે જઈ-ને જાણ કરી કે હવે પાછી હું ફૂલહારની છાબડી લઈને આવીશ. માલણને અગાઉની જેમ રાજદરબારની માલણનું કામ ફરીથી સુપરત કરવામાં આવ્યું. લક્ષ્મીનંદન આ માલણને ત્યાં રહે. દિવસ આખો ભાતભાતના હારગજરા ગુંથે અને દિવસ કાઢી નાખે.

એક દિવસ એણે માલણને કહ્યું: 'હે મા! મને નોકરી આપવા માટે તમે પ્રધાનજીને વાત ન કરો?'

માલણે પ્રધાનને જઈને વાત કરી. પ્રધાને લક્ષ્મીનંદનને મળવા બોલાવ્યો. લક્ષ્મીનંદન પ્રધાન પાસે ગયો. પ્રધાને તેને થોડાક સવાલ પૂછ્યા. લક્ષ્મીનંદને એના એવા બુદ્ધિપૂર્વક ને સુંદર જવાબ આપ્યા કે પ્રધાન તેની બુદ્ધિ પર ખુશ થઈ ગયો.

પ્રધાન કહે: 'બોલ, તને કયું કામ ફાવશે? તને ફાવે તે નોકરી પસંદ કરી લે.'

લક્ષ્મીનંદનને થયું કે નદી પર રહું તો ક્યારેક પેલા હોડીવાળા મળી આવે અને ગુણવંતીનો પત્તો લાગી જાય. આમ વિચારીને લક્ષ્મીનંદન કહે: 'નદીની જકાત ઉઘરાવવાનું મને ફાવશે.'

લક્ષ્મીનંદનને નદીના જકાતખાતાનો ઉપરી બનાવવામાં આવ્યો. લક્ષ્મીનંદન જકાતખાતાના ઉપરીનું કામ બજાવ્યે જાય અને એકેએક હોડીને ધ્યાન દઈને નીરખતો જાય છે. આમ કરતાં કરતાં થોડા દિવસ ગયા ત્યાં જે હોડીમાં ગુણવંતીને પકડીને બંદીવાન રાખેલી તે હોડી નીકળી. તરત લક્ષ્મીનંદને હોડીને અટકાવી અને હોડીવાળાઓ પર પોતાની સોનાની ઈંટો ચોરી ગયાનો આરોપ મૂક્યો.

હોડીવાળા લક્ષ્મીનંદનને જકાત–ઉપરી તરીકે જોઈને થથરી ગયા. મામલો ઠેઠ રાજદરબારે પહોંચ્યો. સોનાની ઈંટો લક્ષ્મીનંદનની છે કે નહિ તે તપાસવા રાજા પોતે

નદીકાંઠે આવ્યા. આવીને જુએ તો એકેએક ઈંટ પર ચોકખા અક્ષરે 'લક્ષ્મીનંદન' એવું નામ લખેલું.

લક્ષ્મીનંદને ગુણવંતીને પણ હોડીમાંથી છૂટી કરવા હોડીવાળાને કહ્યું. હવે હોડીવાળાથી કેમ ના પડાય? ગુણવંતીએ જેવો હોડી નીચે પગ દીધો કે એનો રોગદોગ બધો ચાલ્યો ગયો અને તેનું મૂળરૂપ પાછું આવી ગયું.

આ બધું શું થઈ રહ્યું છે તે રાજા સમજ્યો નહિ. લક્ષ્મીનંદને રાજાને વિગતથી પોતાના દુર્ભાગ્યની વાત કરી.

આ પોતે જ લક્ષ્મીનંદન? જેની ન્યાયનિષ્ઠા દેશભરમાં વખણાય છે તે પોતે જ આ લક્ષ્મીનંદન? રાજા લક્ષ્મીનંદનને ભેટી પડ્યો અને લક્ષ્મીનંદનને માનપાનથી પોતાને ત્યાં મહેમાન તરીકે રાખ્યો. થોડા દિવસ પછી હાથી, ઘોડા અને પાલખીની જબરી ભેટ–સોગાદ સાથે રાજાએ લક્ષ્મીનંદનને પોતાને વતન જવા વિદાય આપી.

ત્રણ વરસે લક્ષ્મીનંદન પાછો ગુણવંતી સહિત પોતાને ઘેર આવ્યો. ઘરની રિદ્ધિસિદ્ધિ તેની ગેરહાજરીમાં ઊલટી અનેકગણી વધી ગઈ હતી. ત્રણ વર્ષે ઘરનાં બધાં હેતથી મળ્યાં. લક્ષ્મીનંદન શેઠ પાછા આવ્યા જાણી નગરની પ્રજા પણ રાજી થઈ. લક્ષ્મીનંદને તે પછીના દિવસો લક્ષ્મીદેવીની મહેરથી આનંદમંગળમાં વિતાવ્યા.

હજારીમલ્લ–એકલમલ્લ

૧

એક ગામમાં કોઈ બ્રાહ્મણ રહે. બ્રાહ્મણ એવો આળસુ કે ન પૂછો વાત. બેસે ત્યાંથી ઊઠે નહિ અને સૂએ ત્યાંથી ઊભો થાય નહિ. આવા આળસુને વળી તેના બાપે પરણાવી દીધેલો. બ્રાહ્મણી બિચારી હેરાન થયા કરે. બ્રાહ્મણ લોટ માગવા જાય તો રોટલો કરીને ખવરાવે ને ? પણ બ્રાહ્મણને તો ચાલવાનો જ કંટાળો. બીજા બ્રાહ્મણો આસ-પાસનાં ગામોમાં ફરી આવે; ક્યાંક પરણમાં, ક્યાંક મરણ-માં જઈ આવે અને ભેટસોગાદ લઈ આવે. પણ આ બ્રાહ્મણ ક્યાં યે જાય જ શાનો ? સારું હતું કે ઘેર કાંઈ બાળક ન હતાં, નહિ તો વળી એમની શી દશા થાત ?

એવામાં પાસેના રાજમાં રાજમાતા મરી ગયાં. રાજા ધામધૂમથી તેની માનો દહાડો કરવા લાગ્યો. ગામેગામથી બ્રાહ્મણો અને ગરીબગુરબાં રાજધાની તરફ જવા લાગ્યાં.

બ્રાહ્મણીને આ વાતની ખબર પડી. એ બ્રાહ્મણને કહે: ‘ આમ બેઠા છો શું ? રાજમાતાના દહાડામાં જાવ તો સારી દાનદક્ષિણા મળે અને થોડા દિવસનું આપણું પેટિયું નીકળે. ’

પણ બ્રાહ્મણ સાંભળે તો ને ? એણે આડી ગલીએ પડ્યાં પડ્યાં હોંકારો યે ન દીધો.

પણ બ્રાહ્મણી બ્રાહ્મણ પાછળ લાગી. એ કહેવા લાગી: 'તમે રાજમાતાના દહાડામાં જાઓ તો જ હા, નહિ તો ના. ત્યાં સુધી હું રાંધું નહિ, ખાઉં નહિ, પીઉં નહિ અને બેસી જ રહું.' બ્રાહ્મણીએ બરાબર હઠ લીધી. છેવટે કંટાળીને બ્રાહ્મણે જવાંની હા પાડી.

બ્રાહ્મણે હા પાડી કે બ્રાહ્મણી રાજી રાજી થઈ ગઈ. બ્રાહ્મણીએ સારી મજાની કેળ પાડી. કેળને બાળીને રાખ કરી અને એ રાખથી ખૂબ ઘસી ઘસીને બ્રાહ્મણનાં કપડાં બગલાની પાંખ જેવાં ઊજળાં કરી દીધાં. ગમે તેમ તો યે બ્રાહ્મણ રાજાસાહેબ પાસે જવાનો હતો ને ? રાજા-સાહેબ પાસે જેવાંતેવાં કપડાં પહેરીને જાય તો કાંઈ શોભે ? કપડાં ક્યાંક ફાટી ગયાં હતાં ત્યાં એવાં મજાનાં સાંધી દીધાં કે નવાંનકોર જોઈ લો.

છેવટ એક દિવસ બ્રાહ્મણ માંડ તૈયારી કરીને રાજાની રાજધાની તરફ ઊપડ્યો. પણ એને જવાની મૂળ ઇચ્છા હતી જ ક્યાં ? આથી એણે કોઈને પૂછ્યું નહિ કે કયે માર્ગે થઈને રાજધાનીએ જવાય. એ તો જે માર્ગ પર ચાલ્યો જતો હતો તેના પર નાકની સામે નજર રાખીને ચાલવા જ લાગ્યો.

બ્રાહ્મણ ચાલ્યો જ જાય, ચાલ્યો જ જાય, પણ ક્યાં યે રાજધાની દેખાય નહિ. રાજધાની શું, કોઈ માણસ પણ

એ માર્ગે દેખાય નહિ. સાચે માર્ગે જતો હોય તો માણસ કે રાજધાની નજરે ચડે ને?

નીચી નજર રાખીને એ ચાલ્યો જાય ત્યાં એની સામે ટેકરા ને ટેકરા દેખાવા લાગ્યા. નજર નોંધીને જુએ તો કોડીના ટેકરા. થોડેક દૂર ચાલ્યો ત્યાં પૈસાના ટેકરા નજરે પડ્યા. એથી યે આગળ ચાલ્યો તો એક પછી એક એકઆની, બેઆની, આઠઆની અને રૂપિયાના રંગરંગીન ટેકરા આવવા લાગ્યા. બ્રાહ્મણ તો રૂપિયાના ટેકરા જોઈને રાજી રાજી થઈ ગયો. પાછળ ફરી ફરીને રૂપિયાને જોતો જાય ને આગળ ચાલ્યો જાય. આ રીતે જરાક આગળ ચાલ્યો ત્યાં સોનામહોરોના ટેકરા આવ્યા. જાણે હમણાં જ ટંકશાળમાંથી સોનામહોર છાપીને બહાર નાખી ન હોય? સૂરજનાં અજવાળાં પડવાથી સોનામહોરો એવી ઝગમગે કે સામે નજર નાખતાં નજર પણ અંજાઈ જાય.

સોનામહોરના ટેકરાની પાસે જ એક મોટો મહેલ. મહેલના મજલા ઠેઠ આકાશ સાથે વાતો કરે. મહેલનો મોટો દરવાજો અને દરવાજે એક બાઈ ઊભેલી. બાઈનાં રૂપનો કોઈ પાર નહિ. બાઈનાં રૂપ સામે આંખ પણ માંડી શકાય નહિ.

બ્રાહ્મણ હજી મહેલ નીરખી રહ્યો હતો ત્યાં તો પેલી બાઈ દોડીને બ્રાહ્મણને પગે પડી અને બોલવા લાગી: 'પધારો પતિદેવ! કેટલે વર્ષે આપે મને દર્શન દીધાં?'

બ્રાહ્મણ ઝબકીને કહે: 'અરે! અરે! આઘાં ઊભાં

રહો. તમે વળી મારાં પત્ની ક્યાંથી ? મારા પગ છોડો, પગ છોડો.'

ફરી વાર બ્રાહ્મણના પગ પકડીને બાઈ કહેવા લાગી: 'અરેરે ! તમને આપણાં લગ્ન પણ યાદ નથી ? આપણે નાનાં હતાં ત્યારે આપણાં લગ્ન થયેલાં. એક દિવસ તમે ચાલ્યા તે બસ, ચાલ્યા જ ગયા. પાછા આવ્યા જ નહિ. તમારી આ અભાગણી પત્નીને ભૂલી ગયેલા કે શું ?

'કેટલાં વર્ષથી અહીં ઊભી ઊભી તમારી રાહ જોઉં છું ? આજ આટલે વર્ષે તમારાં દર્શન થયાં એટલે મારે તો સોનાનો સૂરજ ઊગ્યો. પધારો પતિદેવ, આપના આ મહેલને પાવન કરો. દૂર દૂરથી મુસાફરી કરીને ચાલ્યા આવતા લાગો છો, તેથી આરામ કરો અને થાક ઉતારો. બસ, હવે આપણે આનંદથી ખાશું, પીશું અને મોજ કરશું. ભગવાને મોજ કરવાને આપણને ક્યાં ઓછું આપ્યું છે ? પધારો પતિદેવ !'

બ્રાહ્મણ તો આ સાંભળીને અચંબામાં જ પડી ગયો. પત્ની શી અને વાત શી ? એ વિચાર કરવા લાગ્યો કે હું તો પરણ્યો છું એકવાર અને એ પરણેતરે તો આજે મને દાનદક્ષિણા લેવા ધકેલ્યો છે. એ બિચારી હજી ગામડામાં બેઠી છે અને આને વળી હું ક્યારે પરણ્યો હોઈશ ?

પણ એને બીજો વિચાર આવ્યો કે કદાચ હું અણસમજણો હોઉં ત્યારે મારાં માવતરે મને પરણાવી દીધો હોય તો કોને ખબર ? આ બાઈ સામે ચાલીને કહે છે

ત્યારે વાત કાંઈ ખોટી હોય? જો હવે એને હું ના પાડું તો આટલાં વર્ષથી રાહ જોતી આ બાઈને કેવું દુઃખ થાય?

બાઈ પણ એવી રૂપાળી હતી કે જાણે ઇંદ્રલોકની અપસરા! બાઈ સૂરજ સામે જુએ તો સૂરજનાં કિરણ પણ ઝંખવાઈને પાછાં પડે અને ધરતી સામે જુએ તો ધરતી પણ ઝળહળી ઊઠે. આવી બાઈને પોતે પરણેલો એ વાત જ શું ભૂલી ગયો?

આમ વિચારતો બ્રાહ્મણ ઊભો હતો ત્યાં બાઈ ફરીથી બોલવા લાગી: 'ગાંડા પતિદેવ! મને ક્યારે પરણેલા એ યાદ કરો છો ને? કેવાં ધામધૂમ અને ઠાઠમાઠથી આપણાં લગન થયેલાં એ પણ ભૂલી ગયા કે? મારા પતિદેવ તો સાવ ભૂલકણા નીકળ્યા! ભૂલકણા પતિરાજ, પધારો! આ મહેલ આપનો જ છે અને આપની સેવાચાકરી કરવા માટે આપના ચરણની દાસી અહીં તૈયાર ઊભી છે.'

બ્રાહ્મણ કાંઈ બોલ્યા વગર બાઈની પાછળ પાછળ મહેલમાં ગયો. અહાહાહા, કેવો રૂપાળો મહેલ! મહેલને સાત મજલા અને મજલે મજલે ઓરડા. ઓરડે ઓરડાને વિવિધ રીતે શણગાર્યો હતો. બ્રાહ્મણ તો ફાટી આંખે બધું જોતો જાય અને ચાલ્યો જાય.

બાઈએ ફરી ફરીને આખો મહેલ બતાવ્યો. પણ બ્રાહ્મણને એક વાતનો અચંબો થયો. આવડા મોટા મહેલમાં આ બાઈ સિવાય બીજું કોઈ માનવી કાં ન દેખાય? કોઈ નોકરચાકર નહિ કે કોઈ દાસદાસી પણ નહિ. આમ કેમ

હશે ? બ્રાહ્મણને ઘણું યે પૂછવાનું મન થાય, પણ જીભ ઊપડે નહિ.

વાત એમ હતી કે આ બાઈ કોઈ માનવી ન હતી. એ તો હતી રાક્ષસી. તેણે અહીંના રાજાને, રાણીને અને રાજકુટુંબનાં એકેએક માણસને મારી ખાધેલાં. એ પછી તે વસ્તીને મારીને ખાવા લાગી અને થોડા વખતમાં વસ્તીને પણ સાફ કરી નાખી. અડખેપડખેના જોજન જોજનના વિસ્તારમાં કાળા માથાનું કોઈ માનવી બચ્યું નહિ. એકલી રાક્ષસી જ આ મહેલમાં રહે.

બ્રાહ્મણ આ રાક્ષસી સાથે રહેવા લાગ્યો. બન્ને આખો દિવસ ગાનગુલતાન કરે. રોજ રાક્ષસી ભાતભાતનાં ભોજન રાંધે અને બ્રાહ્મણને ભાવથી કોળિયા દઈને ખવરાવે

સાત–આઠ દિવસ થયા એટલે રાક્ષસી કહે: ‘ આપણે અહીં કેવાં ગુલતાન કરીએ છીએ ? પણ તમે પેલા ગામડામાં પરણ્યા છો તે મારાં બેન શું કરતાં હશે ? તમે એને ભૂલી જ ગયા ને ? કેવા ભૂલકણા છો તમે ? આપણે સૌ સાથે રહીએ અને આનંદ કરીએ, પછી જગતની ચિંતા નહિ. આવતી કાલે જ તમે ઊપડો અને મારાં બેનને તેડી લાવો. મારાં બેન માટે સારાં સારાં કપડાં અને ઘરેણાં પણ હું તૈયાર કરી આપું.’

રાક્ષસીએ નવાં નવાં લૂગડાં તથા ઘરેણાંગાંઠાં બાંધી આપ્યાં અને બીજે દિવસે બ્રાહ્મણ ઘર તરફ ચાલ્યો.

ત્યાં ઘેર બ્રાહ્મણીનું શું થયું ? રાજમાતાના દહાડામાંથી ગામના બીજા બ્રાહ્મણો મોટી મોટી લેટસોગાદો

લઈને પાછા આવ્યા, પણ થોડા દિવસ ગયા તો યે તેનો પતિ પાછો આવ્યો નહિ. તેણે બીજા બ્રાહ્મણોને પોતાના પતિના સમાચાર પૂછી જોયા. બધા કહેઃ 'તારા પતિને અમે જોયો જ નથી, પછી ક્યારે આવશે તેની શી ખબર પડે?'

બિચારી બ્રાહ્મણી રોજ એના પતિની રાહ જુએ પણ સાંજ પડયે નિરાશ થઈ જાય. એને છેવટે એમ વિચાર આવ્યો કે રખે ને બ્રાહ્મણ માર્ગ ભૂલી ગયો હશે? જંગલને રસ્તે ચડી ગયો હશે? કે કોઈ લૂંટારાઓએ તેને લૂંટીને મારી તો નહિ નાખ્યો હોય?

બ્રાહ્મણી આવા વિચારથી રોજ રડ્યા કરે. એવામાં એક દિવસ તેને ઘેર ગામનાં છોકરાં દોડતાં દોડતાં સમાચાર લઈ આવ્યાં કે તમારા પતિ મજાનાં લૂગડાંલત્તાં લઈને ચાલ્યા આવે છે. બાઈ રાજી થઈને બારણે આવી ત્યાં તો બ્રાહ્મણ આવી પહોંચ્યો. બ્રાહ્મણ ઘરમાં આવીને બેઠો અને થાકબાક ઉતાર્યો. થોડી વાર થઈ કે તે પોટલું છોડી બ્રાહ્મણીને લૂગડાંલત્તાં ને ઘરેણાંગાંઠાં આપવા લાગ્યો.

બ્રાહ્મણી આવાં સુંદર લૂગડાં અને કિંમતી ઘરેણાં જોઈને અચંબામાં પડી ગઈ અને પૂછવા લાગીઃ

'આ બધું તમે લાવ્યા ક્યાંથી?'

બ્રાહ્મણ કહેઃ 'એ જ વાત તને કહેવા હું આવ્યો છું. મને તો યાદ નહિ, પણ તારા પહેલાં મારું એક બીજે ઠેકાણે લગન થયેલું. એ વહુ બિચારી આટલાં વર્ષથી મારી રાહ જોતી બેઠી હતી. અચાનક મને તે મળી ગઈ. દૂર

દૂર જંગલમાં મોટા એવા રાજમહેલમાં એ રહે છે અને મહેલની આસપાસ સોનામહોર તેમ જ રૂપિયાના ઢગલાનો કોઈ આરોવારો નથી. મને જોઈને એ રાજી રાજી થઈ ગઈ. આટલા દિવસ હું ત્યાં જ હતો. એ કહે કે આપણે આનંદ કરીએ અને મારાં બેન ગામડામાં હેરાન થાય એ ન શોભે. એણે જ આ લૂગડાં અને ઘરેણાંગાંઠાં તારે માટે મોકલ્યાં છે અને તને તેડી લાવવા માટે મને ખાસ મોકલ્યો છે. ચાલ, તૈયાર થઈ જા. આપણે સૌ સાથે રહેશું અને મોજ કરશું.'

બ્રાહ્મણી આ બધું સાંભળીને વિચારમાં પડી ગઈ. પહેલી ઘરવાળી, રૂપિયાના તેમ જ સોનામહોરના ઢગલા અને એવી એવી વાતો સાંભળીને બ્રાહ્મણીને થયું કે બ્રાહ્મણ ગાંડો તો નહિ થઈ ગયો હોય ? એ વાત સાચી હશે ? એ વાત સાચી ન હોય તો બ્રાહ્મણ આ કપડાંલત્તાં અને ઘરેણાંગાંઠાં લાવ્યો હોય કયાંથી ?

લૂગડાં યે સાચાં હીરનાં અને રેશમનાં. ઘરેણાં બધાં હીરામાણેક અને મોતીથી ઝબક ઝબક ઝબકારા મારે. આવાં હીરામાણેક કાં તો રાજાની રાણીઓ પાસે જ જોવા મળે કે કરોડાધિપતિ શેઠની શેઠાણીઓ પાસે હોય. જે બાઈ પાસે આવાં જરઝવેરાતનો પાર નથી એ કોઈ માનવી હોય તેમ માની શકાય નહિ. આ બ્રાહ્મણ કોઈ રાક્ષસીની જાળમાં તો નહિ ફસાયો હોય ?

બ્રાહ્મણી હજી આમ વિચારતી હતી ત્યાં બ્રાહ્મણ તેને કહે: 'તું મારી સાથે ચાલ ને ચાલ. ન આવવું હોય તો તારી મરજી. પડી રહેજે આ ગામડામાં અને રાંધી ખાજે

જારના રોટલા. હું તો પાછો મારી પહેલી પત્ની પાસે જવાનો એ વાત નક્કી. નકામું ભૂખે મરવું એ કરતાં ત્યાં લીલાલહેર કરવી શી ખોટી ?'

છેવટે બ્રાહ્મણી થાકી. કોઈ રીતે બ્રાહ્મણ ન માન્યો એટલે એને થયું કે અહીં એકલી રહું એના કરતાં બ્રાહ્મણ સાથે જ જવા દે. ક્યાંક એ ફસાયો હશે તો સારસંભાળ લઈ શકાશે.

છેવટે એક દિવસ બ્રાહ્મણ અને બ્રાહ્મણી રાક્ષસીને મહેલે જવા ઊપડ્યાં. જે માર્ગે થઈને બ્રાહ્મણ ગયેલો એ જ માર્ગે થઈને તેઓ ચાલ્યાં. થોડાંક આગળ વધ્યાં કે કોડીના ઢગલા દેખાયા. એ પછી એક પછી એક એકઆની, આઠઆની અને રૂપિયાના ઢગલા આવ્યા. છેવટે ઝગમગતો સોનામહોરનો ઢગલો આવ્યો અને મોટો મોટો મહેલ પણ દેખાયો. બ્રાહ્મણી શાંતિથી આ બધું નીરખતી જાય અને ચાલી જાય. એને આ બધું રાક્ષસ-મુલક જેવું જ લાગે અને એની નવાઈ વધતી જાય.

તેઓ મહેલના દરવાજા પાસે આવીને ઊભાં રહ્યાં કે તરત મહેલમાંથી પેલી રૂપસુંદર રાક્ષસી બહાર દોડી આવી. 'આવો! આવો!' કહેતી તે બ્રાહ્મણીને ગળે વળગી પડી અને હર્ષનાં આંસુ વહાવતી બોલવા લાગી: 'ઓહો, આવી પહોંચ્યાં કે બેન! છેવટ આ અભાગણી બેનને યાદ કરીને તેનું રંક આંગણું પાવન કર્યું કે? આજ તો મારે સોનાનો સૂરજ ઊગ્યો કે મારી બેનનાં મને દર્શન થયાં. આવો આવો, બેન! આ મહેલ તમારો જ છે.'

આમ કહેતી રાક્ષસી બ્રાહ્મણ-બ્રાહ્મણીને મહેલમાં લઈ ગઈ અને આગતા-સ્વાગતા કરવા લાગી.

રહેવા માટે આવો રૂપાળો રાજમહેલ. રાજમહેલને ઓરડે ઓરડે સુખસગવડનાં હજારો સાધન. વધારામાં બ્રાહ્મણી વહુ અને રાક્ષસી વહુનાં સારસંભાળ અને જતન. બન્ને પત્નીઓ બ્રાહ્મણને ખુશી કરવા માટે મરી પડે. બ્રાહ્મણના આનંદનો કોઈ પાર નહિ. આનંદ, આનંદ, આનંદ સિવાય બીજી કોઈ વાત નહિ. આવા આનંદમાં દિવસ વીતીને કેમ રાત પડે છે અને રાત વીતીને કેમ દિવસ ઊગે છે તેની બ્રાહ્મણને કાંઇ ખબર પડે નહિ. આનંદમાં ને આનંદમાં આ રાજમહેલમાં રહેતાં પંદર-સોળ વર્ષ આંખના પલકારામાં પસાર થઈ ગયાં.

૨

આ પંદર વર્ષમાં બ્રાહ્મણને ઘેર બે દીકરા આવ્યા. એક રાક્ષસી વહુને અને બીજો બ્રાહ્મણી વહુને. રાક્ષસીનો દીકરો મોટો. એનાં રૂપરંગ અને દેહ જોયાં હોય તો દેવ જેવાં. એનું નામ પાડ્યું હજારીમલ. બ્રાહ્મણીનો દીકરો નાનો. તેનું નામ પાડ્યું એકલમલ. બન્ને ભાઈ સાથે રમે-જમે અને મોટા થાય. ઘડી પણ અળગા પડે નહિ. બન્ને ભાઈને એકબીજા પર એવો ભાવ કે એકબીજાને જોયા વગર ચેન ન પડે. બન્નેનાં ખોળિયાં જુદાં, પણ જીવ એક.

બન્ને ભાઈ મોટા થયા અને બન્નેને ભણવા માટે નિશાળે બેસાડ્યા. નિશાળનું ગામ ચાર જોજન દૂર.

રાક્ષસી-માએ બન્નેને બેસવા માટે મહેલમાંથી બે તીર-વેગી ઘોડા આપ્યા. બન્ને ભાઈઓ ઘોડા માથે બેસે કે તરત ચાર જોજન વટાવી ઘોડા નિશાળે ઊભા રહે. ભણીને સાંજે બન્ને ભાઈ પાછા ફરે.

બ્રાહ્મણી જે દિવસથી અહીં આવી હતી, તે દિવસથી ઝીણી નજરે આ રાક્ષસીનાં આચરણ નીરખ્યા કરે. એને મનમાં શંકા તો હતી જ કે આ કોઈ રાક્ષસી હોવી જોઈએ, પણ રાક્ષસીનું કોઈ વર્તન હાથ આવે નહિ. રાક્ષસી બહુ સંભાળથી રહે, તેથી કાંઈ ખબર પડવા દે નહિ. જેમ માનવી વર્તે એમ જ તે વર્તે જાય. પણ જાતિસ્વભાવ કેટલોક વખત છૂપો રહે?

બ્રાહ્મણને આખો દિવસ શું કામ હોય? છેવટે તે બેસી બેસી કંટાળ્યો અને વખત પસાર કરવા આસપાસના જંગલમાં શિકારે જવા લાગ્યો.

એક દિવસ તે શિકારે ગયો અને એક હરણ મારી લાવ્યો. લાવીને એણે હરણને બંગલાના ચોગાનમાં મૂક્યું. પણ કેવું એ હરણ? પાંચ મણની લથબથ કાયા. માંસ તો જાણે ઠાંસી ઠાંસીને ભરેલું. હરણને જોઈને રાક્ષસીના મોઢા-માં પાણી આવવા લાગ્યું. રાક્ષસનો સ્વભાવ હોય છે કે તેમને કાચું માસ ભારે ભાવે. કાચું માંસ ખાવા તે મરી પડે.

બ્રાહ્મણી હરણને રાંધવા માટે કાંઈ તૈયારી કરે તે પહેલાં રાક્ષસી હરણને એક ઓરડામાં ઉપાડી ગઈ અને કાચેકાચું ખાવા લાગી. બ્રાહ્મણી છાનીમાની સંતાઈને આ બધું જોવા લાગી.

રાક્ષસીએ ઘડ કરતોકને હરણનો પગ ખેંચી કાઢયો અને પગ કરડવા માટે મોઢું ફાડયું ત્યાં તો મોઢામાં છરા જેવડા દાંત તકતકે અને હાથ જેવડી જીભ લસલસે. ખાવા માટે મોઢું ઉઘાડયું ત્યાં તો જાણે ગુફા ઊઘડી. આખી દુનિયાને હોઈયાં કરી જશે કે શું ? ઘડઘડ કરતી હરણને રાક્ષસી કાપતી ગઈ અને લસલસ કરતી કાચું ખાતી ગઈ. ઘડી વારમાં આખું ય હરણ સાફ કરી ગઈ. રાંધવા માટે એક ટુકડો બાકી રાખ્યો.

બ્રાહ્મણ રોજ શિકારે જવા લાગ્યો. બીજે દિવસે પણ તે એક હરણ મારી આવ્યો અને ત્રીજે દિવસે પણ એક મજાનું હરણ મારી લાવ્યો. રાક્ષસીનો જીવ આવાં મજાનાં હરણ જોઈ ને હાથ રહે નહિ. કાચું માંસ ખાવા માટે તે ઊંચીનીચી થાય અને તરત હરણને ઘસડી જઈ ખાવા લાગે. બીજું અને ત્રીજું પણ એ આ રીતે ખાઈ ગઈ.

ત્રીજે દિવસે બ્રાહ્મણી ન રહી શકી. એ રાક્ષસીને કહે: 'હેં બેન! છોકરાનો બાપ આખું હરણ મારી આવે છે, પણ રાંધવા માટે જરા ય માંસ વધતું કેમ નહિ હોય? એક કટકો જ માંડ બાકી કેમ રહે છે?'

રાક્ષસી ધૂંવાંપૂંવાં થઇ ગઈ અને ત્રાડી ઊઠી: 'ત્યારે શું હું કાચેકાચું માંસ ખાઈ જાઉં છું?'

બ્રાહ્મણી કહે: 'ખાઈ પણ જતાં હો. નથી જ ખાતાં એવી કાંઈ મને ખબર છે?'

રાક્ષસીને થયું કે પોતે પકડાઈ ગઈ છે એટલે એના ગુસ્સાનો પાર રહ્યો નહિ. આખો દિવસ લાલચોળ થઈને

ઘરમાં ફરવા લાગી. મોઢું એવું ભયંકર લાગે કે હમણાં જ જે મળશે તેને ખાઈ જશે કે શું ?

બ્રાહ્મણીને થયું કે હવે આવી બન્યું. પોતે, બ્રાહ્મણ કે પોતાનો છોકરો ત્રણેમાંથી એકે ય બચે તેમ લાગતું નથી. રાત્રે સૂવા ગઈ પણ ઊંઘ આવી નહિ. એને મનમાં થઈ જ ગયું કે આવતી કાલે રાક્ષસી મને મારીને ખાઈ જશે. મારા પતિના તથા મારા દીકરાના પણ એ જ હાલ થવાના.

બીજો દિવસ થયો. સવાર પડી. એનો દીકરો નિશાળે જવા તૈયાર થયો. બ્રાહ્મણીએ સોનાની નાની ટબૂડીમાં તેનું દૂધ ભર્યું અને તે એકલમલને આપતાં કહ્યું: 'જો બેટા, તને એક વાત કહું. તારા ભાઈ હજારીમલની મા રાક્ષસી છે. એ આપણા પર ખિજાણી છે. એ હવે આપણને જીવતાં મૂકે એમ લાગતું નથી. તું ભણવા જા, ત્યાં આ દૂધનો રંગ જોતો રહેજે. જો એ થોડુંઘણું રાતું થઈ જાય તો માનજે કે એણે તારા બાપને મારી નાખ્યો છે. જો બધું યે રાતું થઈ જાય તો માનજે કે મને પણ મારી નાખી છે. તો પછી આ દિશાએ પગલું માંડીશ નહિ. ઘોડા પર બેસીને ભાગી છૂટજે. જો આ બાજુ આવીશ તો રાક્ષસી તને પણ ખાઈ જશે. માટે મારું આટલું કહ્યું માનજે.'

'ભલે, મા.' કહીને એકલમલ હજારીમલ સાથે નિશાળે ઊપડ્યો.

રાક્ષસી સવારમાં ઊઠી અને તરત જ તેણે બ્રાહ્મણને ફરમાવી દીધું કે તારે હવે બ્રાહ્મણી સાથે બોલવાનું નથી. શું થયું છે એ વિષે બ્રાહ્મણ વિચાર કરે તે પહેલાં રાક્ષસી

બ્રાહ્મણને કહે: 'અહીં પાસે નદી છે ત્યાં ચાલો આપણે બન્ને નાહવા જઈએ.'

બ્રાહ્મણને ઊઠવું ગમતું ન હતું, પણ રાક્ષસી તેને છોડે તેમ ન હતી. બ્રાહ્મણીએ આ ઉપરથી માની લીધું કે આ બધી મોતની નિશાનીઓ છે. પણ તેના હાથની વાત રહી ન હતી. અહીં જંગલમાં એ ભાગીને ય જાય ક્યાં?

રાક્ષસી અને બ્રાહ્મણ બન્ને નદીએ નાહવા ગયાં. જેવો બ્રાહ્મણ કપડાં કાઢીને નાહવા તૈયાર થયો ત્યાં તો રાક્ષસીએ એનું મૂળસ્વરૂપ ધારણ કર્યું. ઠેઠ આકાશે માથું અડે અને હાથપગ તો જબરા થાંભલા જેવડા. છરા જેવડા દાંત કચકચાવે અને હાથ હાથ જેવડી જીભ લસલસાવે. પાવડા પાવડા જેવડા નખ આંગળીઓ પર ખટખટાવે.

બ્રાહ્મણ રાક્ષસીનું આવું સ્વરૂપ ફાટી આંખે જોયા કરે, ત્યાં તો ઉંદરને બિલાડી ઉપાડે તેમ રાક્ષસીએ બ્રાહ્મણને ઉપાડ્યો. ધડધડ એના હાથપગ ખેંચી કાઢ્યા અને કાચા ને કાચા કરડકરડ ખાવા લાગી. થોડી વારમાં બ્રાહ્મણનું માથું, પેટ અને બધાં અંગ રાક્ષસી સાફ કરી ગઈ. તરત જ ત્યાંથી રાક્ષસી મહેલ તરફ દોડી. આવીને બ્રાહ્મણીને પકડી અને ધડાધડ એનાં અંગેઅંગ તોડીને ખાવા લાગી. ઘડી વારમાં બ્રાહ્મણી હતી ન હતી થઈ ગઈ.

એકલમલ નિશાળે ગયો હતો, પણ તેનું ધ્યાન તેની માએ આપેલ સોનાની ટબૂડીમાં ભરેલા દૂધ પર હતું. બપોરનો વખત થયો અને ટબૂડીનું દૂધ થોડું લાલ દેખાયું કે તરત એણે ચીસ પાડી:

પાસે બેઠેલ તેના ભાઈ હજારીમલે પૂછ્યું: 'કેમ ભાઈ, શું થયું? બૂમ શા માટે મારે છે?'

એકલમલ કહે: 'પિતાજી મરી ગયા રે! પિતાજી મરી ગયા!'

'હેં....હેં....શું કહે છે?' આમ હજારીમલ પૂછે છે ત્યાં તો ટબૂડીનું બધું દૂધ લાલ થઈ ગયું અને જોરથી ચીસ પાડીને એકલમલ બોલ્યો: 'મારી મા મરી ગઈ.... રે....' આમ કહેતો તે બહાર દોડ્યો અને તેના ઘોડા પર સવાર થઈ ગયો.

એકલમલ આ શું બોલી રહ્યો છે અને કરી રહ્યો છે તે કાંઈ ન સમજાવાથી હજારીમલ પાછળ દોડતો આવીને પૂછવા લાગ્યો: 'અરે, તું ક્યાં જાય છે, એકલ? આ શું બોલી રહ્યો છે અને કરી રહ્યો છે? ઊભો રહે, હું યે તારી સાથે આવું.'

એકલમલ કેમે ય છાનો રહેતો નથી. ખૂબ ખૂબ સમજાવ્યો ત્યારે માંડ એ બોલ્યો: 'તને શું કહું હજારી-ભાઈ? કીધા જેવી વાત નથી અને તને માન્યામાં આવે એવી પણ વાત નથી.'

હજારીમલ કહે: 'પણ તું તારે કહે ને? હું તારો ભાઈ છું અને તારી વાત માન્યામાં નહિ આવે?'

એકલમલ કહે: 'જો, સાંભળ ત્યારે. તારી મા રાક્ષસી છે. મારી મા એના કાંઈક વાંકમાં આવેલી તેથી આજે તારી માએ આપણા બાપા તથા મારી માને મારી

ખાધાં છે. જો હુ રોકાઈશ તો મને યે મારી ખાશે. મને ભાગી છૂટવા દે.'

હજારીમલને આજે જ ખબર પડી કે તેની મા રાક્ષસી છે અને આવી ક્રૂર છે. તેણે એકલમલને કહ્યું: 'હશે ભાઈ! જે થવાનું હતું તે થઈ ગયું. પણ આપણે બે ભાઈ સાચા. જ્યાં તું ત્યાં હું. હું તને કાંઈક મદદમાં આવીશ.' આમ કહેતા તે પણ ઘોડા પર સવાર થયો અને એકલમલની પાછળ મારી મૂકયાં.

હજારીમલ અને એકલમલ ભાગ્યા જાય ત્યાં અધેં રસ્તે પેલી રાક્ષસી દેખાઈ. બરાબર રાક્ષસીનું વિકરાળ રૂપ ધારણ કરીને જ ઊભેલી. એકલમલને જોઈને તે બોલવા લાગી: 'આમ આવ! આમ આવ! દીકરા, આમ આવ!'

હજારીમલે આ બૂમો સાંભળી અને તે પોતે જ તેની મા તરફ ફર્યો. 'આવ્યો કે બેટા!' એમ બોલી પાસે આવતાં રાક્ષસી લાડનાં વચન બોલે ત્યાં તો હજારીમલે કેડેથી તરવાર કાઢી રાક્ષસીની ગરદન પર ઝીંકી. રાક્ષસીનું માથું એક બાજુ થઈ પડયું.

એકલમલ આ દરમિયાન ઘોડો દોડાવ્યે જાય અને જીવ લઈને ભાગ્યો જાય. પવનવેગી ઘોડાએ થોડી વારમાં એને કયાંયે દૂર પહોંચાડી દીધો. હજારીમલ પાછળ રહી ગયો પણ એણે ઘોડાને પાટીએ ચડાવ્યો અને થોડી વારમાં એકલમલ સાથે થઈ ગયો. એણે એકલમલને કહ્યું: 'રાક્ષસી-માને મેં મારી નાખી છે. હવે તારે ડરવાની જરૂર નથી.'

એકલમલનો એક ડર ગયો, પણ મા અને બાપને

તો એ રાક્ષસીએ મારી નાખ્યાં ને ? હવે કાંઈ માબાપ થોડાં પાછાં મળવાનાં છે ? આ બાબતના એના દુઃખનો પાર રહ્યો નહિ.

એકલમલ અને હજારીમલ ઘોડા પર આગળ વધવા લાગ્યા. પવનવેગી ઘોડાઓએ સાંજ પડતાં સુધીમાં હજારો જોજન ભોં કાપી નાખી. સાંજ પડી ત્યારે તેઓ એક શહેરમાં જઈ પહોંચ્યા.

૩

આ ગામના દરવાજા પાસે જ એક બ્રાહ્મણનું ઘર. એ બ્રાહ્મણને ઘેર તેઓ એક રાત માટે ઊતર્યા. બ્રાહ્મણે તેમને આદરમાન આપ્યાં અને બેસવા માટે ખાટલા ઢાળી દીધા. થોડી વારમાં રૂપાળી રસોઈ કરી બન્નેને જમાડ્યા. ખાઈ કરીને બન્ને ભાઈ ફળિયામાં ખાટલા પર આડા પડ્યા.

બન્ને ભાઈની આટઆટલી મહેમાની કરી પણ ઘરનાં બધાં માણસોનાં મોઢાં આટલાં બધાં શોકમાં કાં ? કોઈના મોં પર આનંદ-ઉત્સાહ કાં દેખાય નહિ ? બન્ને ભાઈ ખાટલામાં સૂતા સૂતા વિચાર કરે ત્યાં ઘરમાંથી રડવાનો અવાજ આવવા લાગ્યો અને ધીમે ધીમે વાતો થવા લાગી. બન્ને ભાઈ કાન માંડીને વાતો સાંભળવા લાગ્યા.

બ્રાહ્મણની ઘરડી મા કહી રહી હતી: ' બેટા ! મને જવા દે. હું ખાઈપી ઊતરી છું. હું હવે બહુ બહુ તો માંડ બેચાર વર્ષ કાઢીશ. બેચાર વર્ષ જીવું એ કરતાં હું જાઉં તો શું ખોટું ? '

ઘરડી માને અટકાવતી એક નાનકડી છોકરી બોલી: ‘ તમે રહેવા દો, મોટીમા ! મને જ જવા દો. તમને પૂછીને તો ઘરનાં કામકાજ થાય છે, એટલે તમારી હજી જરૂર કહેવાય. હું કાંઈ કામની નથી, એટલે હું જાઉં તો ઘરમાં કાંઈ ખોટ પણ નહિ દેખાય.’

ઘરનો કર્તા હતો તે બ્રાહ્મણ બોલ્યો: ‘ જુઓ મા! હું ઘરનો કરતોકારવતો માણસ છું, એટલે ખરી રીતે તો ત્યાં જવાની મારી જવાબદારી કહેવાય, માટે મને જ જવા દો.’

તેને અટકાવી નાનોભાઈ બોલ્યો: ‘ રાખો હવે મોટાભાઈ! તમે ઘરના કરતાકારવતા છો અને ઘરના થાંભલા જેવા છો. તમે જાવ તો આખું ઘર જ ભાંગી પડે ને ? એ કરતાં તમે રોકાવ અને મને જવા દો. હું જઈશ તો ઘરમાં કશી ખોટ નહિ વરતાય. ’

હજારીમલ અને એકલમલ ખાટલામાં પડ્યા પડ્યા આ વાતચીત સાંભળે. તેમના અચંબાનો કોઈ પાર ન રહ્યો. તેમને થાય કે આ બધાનો અર્થ શો ?

ખૂબ વિચાર કરી જોયો, પણ કાંઈ સમજાયું નહિ એટલે હજારીમલ ઊઠ્યો અને ઘરમાં ગયો. જઈને એણે બ્રાહ્મણને પૂછ્યું: ‘ અમે આવ્યા ત્યારથી તમારા કોઈના મોઢા પર નૂર દેખાતું નથી. જાણે ચિંતાનું વાદળ ફરી વળ્યું છે. એ પછી અમે અત્યારે બહાર સૂતા છીએ અને તમે અંદર અંદર જે વડચડ કરી રહ્યાં છો તે અમે સાંભળી રહ્યા છીએ. પણ તમે શું કહી રહ્યાં છો તે કાંઈ સમજાતું નથી. વાત તો કરો કે આ બધું છે શું ? અમે તમારા

મહેમાન છીએ અને તમારું અન્ન અમારા પેટમાં પડ્યું છે. બનશે તો અમે ય તમને કાંઈક ઉપયોગમાં આવશું.'

બ્રાહ્મણે કહ્યું: 'તમારી આટલી બધી ઈંતેજારી છે ત્યારે સાંભળો, ભાઈ! આ શહેરની પાસેના જંગલમાં એક રાક્ષસી રહે છે. એણે અડખેપડખેનાં બધાં ગામ અને શહેર સાફ કરી નાખ્યાં છે. માનવીને એ દેખ્યું મૂકતી નથી.

'અમારા શહેરને પણ એ સાફ કરી નાખવા આવેલી પણ અમારા રાજાએ તેને કહ્યું: 'કોઈ રીતે મારું શહેર છોડ; કોઈ રીતે મારી વસ્તીને જીવવા દે.'

'રાક્ષસી કહે: 'એક શરત. તારા ગામની બહાર મંદિર છે ત્યાં રોજ એક માણસ તારે મોકલવું. એ માણસ ખાઈને હું ચાલી જઈશ. પણ જો કોઈ દિવસ આમાં ભૂલચૂક પડી છે તો તારી કે તારી વસ્તીની ભલીવાર નથી એ માની લેજે. જ્યાં સુધી રોજ મને એક માણસ મળશે ત્યાં સુધી તારી વસ્તીનું હું નામ નહિ લઉં.'

'અમારા રાજાને આ વાત માન્યા વગર છૂટકો ન હતો. ન માને તો કરે પણ શું? રાક્ષસી સાથે કાંઈ લડયે પહોંચી શકાય તેમ નથી. તે દિવસથી રાજાએ કાયદો કર્યો છે કે વારા પ્રમાણે દરેક ઘરમાંથી રાક્ષસીને ખવરાવવા માટે એક માણસ મોકલવું. અડખેપડખેનાં બધાં ઘરોનો વારો આવી ગયો. આજે હવે અમારા ઘરનો વારો છે. રાક્ષસીનો ભરખ થવા માટે અમારા ઘરમાંથી કોણ જાય તેની અમે વાતચીત કરી રહ્યાં હતાં. અમારાં બધાંનાં મોઢાં પર શોકની છાયા ઢળી છે એ વાત સાચી, પણ એનું કારણ આ છે, ભાઈ!'

હજારીમલે જઈને એકલમલને આ બધી વાત કરી. થોડી વાર તેમણે અંદરોઅંદર ધીમે ધીમે વાત કરી. ત્યાર બાદ હજારીમલ પાછો ઘરમાં આવ્યો અને બ્રાહ્મણને કહેવા લાગ્યો: 'સાંભળો, યજમાન! તમારે કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. અમે તદ્દન અજાણ્યા હતા તો યે તમે અમારી આટલી બધી આગતાસ્વાગતા કરી માનપાન દીધાં ત્યારે અમારે પણ તેનો કાંઈક તો બદલો વાળવો જોઈએ ને? અમે પોતે જ તમારા ઘર તરફથી રાક્ષસીનો ભરખ થવા મંદિરે જઈશું. તમારા ઘરમાંથી કોઈએ જવાની જરૂર નથી.'

આ વાત સાંભળતાં તો આખું ઘર એકસાથે બોલી ઊઠ્યું: 'અરે, શી વાત કરો છો? અતિથિ તો દેવ કહેવાય. અતિથિનાં સુખ–સગવડ સાચવવાં એ ગૃહસ્થની ફરજ છે. વળી અમે અમારી ચિંતામાં તમને સાચવ્યા પણ શું છે? અતિથિને કાંઈ ઘરનાં માણસને બદલે મરવા જવા દેવાય?'

પણ હજારીમલ અને એકલમલ કેમે કર્યા માને નહિ. હા–ના, હા–ના કરતાં છેવટ ઘરનાં માણસો માન્યાં અને તેમણે મહેમાનોને જવાની હા પાડી.

ગામમાં દીવાબત્તી થવા લાગ્યાં એટલે હજારીમલ અને એકલમલ પોતાના ઘોડા પર બેસીને ગામ બહાર આવ્યા. યજમાને કહેલા મંદિરે તેઓ પહોંચ્યા અને અંદર જઈને મંદિરનાં બારણાં બંધ કરી દીધાં.

હજારીમલ કહે: 'એકલમલ! તું નાનો છે. તું તારે સૂઈ જા. આખી રાત હું પહેરો ભરીશ અને રાક્ષસી આવશે તો એની સાથે લડી લઈશ. જરૂર પડશે તો તને ઉઠાડીશ.'

એકલમલ મોટાભાઈના કહેવા પ્રમાણે સૂઈ ગયો અને થોડી વારમાં તેને ઘટઘસાટ ઊંઘ આવી ગઈ.

હજારીમલ જાગતી આંખે પહેરો ભરી રહ્યો છે. સૂમ સૂમ સૂમ અંધારી રાત વહી જાય છે. અરધી રાત સુધી કાંઈ બન્યું નહિ. પણ મધરાત થઈ અને પાસેના રાજ-મહેલેથી ઘનનનન, ઘનનનન કરતાં મધરાતનાં ઘડિયાળાં વાગ્યાં કે તરત પવનના સુસવાટા બોલવા લાગ્યા. સુસવાટા ધીમે ધીમે પાસે આવવા લાગ્યા. આ સુસવાટાથી ચાર ચાર જોજનનાં ઝાડ હચમચી ઊઠ્યાં અને ધરતી સૂપડામાં સોવાતી હોય તેમ ઊંચીનીચી થતી ધણેણવા લાગી.

હજારીમલ પોતે પણ રાક્ષસીનો જ દીકરો હતો ને? એ સમજી ગયો કે પેલી રાક્ષસી આવતી લાગે છે. થોડીક વાર થઈ ત્યાં કડાકા બોલ્યા અને રાક્ષસીએ આવીને મંદિરનાં બારણાં ધધડાવ્યાં.

રાક્ષસી બોલવા લાગી—

ખાઉં! ખાઉં! ખાઉં!
માણસ ગંધાય! માણસ ખાઉં!
કોણ મંદિરે પહેરો ભરે?

રાક્ષસીને બોલતી સાંભળીને અંદરથી હજારીમલે જવાબ આપ્યો—

મારું નામ હજારીમલ!
મારું નામ એકલમલ!
કોણ મને પડકાર કરે?

અંદરથી આવતો જવાબ સાંભળીને રાક્ષસીએ ફૂઈડ-

ફૂં.... ફુઈડફૂં.... કરતાં નસકોરાં બોલાવ્યાં અને સૂંઘવા લાગી. એને લાગ્યું કે મંદિરમાં રાક્ષસયોનિનું કોઈ માણસ લાગે છે. રાક્ષસ રાક્ષસને ખાય નહિ. આથી ફૂંફાડા બોલાવતી રાક્ષસી પાછી ફરી અને ધરતી ધણધણાવતી ચાલી ગઈ.

એકાદ કલાક વીત્યો અને રાક્ષસીને તો ભૂખ વર્તાવા લાગી. ધમ્મ....ધમ્મ....ડગલાં માંડતી પાછી એ મંદિરે આવી અને બારણાં ખખડાવતી બોલવા લાગી—

ખાઉં! ખાઉં! ખાઉં!
માણસ ગંધાય! માણસ ખાઉં!
કોણ મંદિરે પહેરો ભરે ?

હજારીમલ જાગતો જ બેઠો હતો. તેણે જવાબ દીધો:

મારું નામ હજારીમલ!
મારું નામ એકલમલ!
કોણ મને પડકાર કરે!

ફરી પાછી ફૂંફાડા મારતી રાક્ષસી ચાલી ગઈ. બે વાગ્યા અને ફરી પાછી એ આવી. ત્રણના ટકોરે પણ એ આવી અને ફરી બારણાં ખખડાવ્યાં. દરેક વખતે હજારીમલે જવાબ આપ્યા અને અંદર કોઈ રાક્ષસ છે એમ સમજીને ફૂંફાડા મારતી રાક્ષસી પાછી ફરી ગઈ.

ત્રણ વાગ્યા પછી હજારીમલને ઊંઘ આવવા લાગી. પોપચાં ભારે થવા લાગ્યાં અને આંખો ઘેરાવા લાગી. બેત્રણ ઝોલાં પણ આવી ગયાં. આથી એણે એકલમલને જગાડ્યો અને તેને પહેરો સોંપ્યો. રાક્ષસી આવે અને સવાલ પૂછે તો તેનો જવાબ કેમ આપવો તે એણે એકલમલને

શિખવાડી દીધું. ખાસ કરીને પહેરો ભરવામાં પહેલું નામ હજારીમલનું આપવાનું કહ્યું અને એ ઊંઘી ગયો.

રાજમહેલ પર ચારનાં ઘડિયાળાં થયાં. તરત પવનના સુસવાટા બોલાવતી તથા ધરતી ધણધણાવતી રાક્ષસી આવી પહોંચી. મંદિરે આવીને તેણે બારણાં ખખડાવ્યાં અને બૂમો પાડતી બોલવા લાગી–

ખાઉં ! ખાઉં ! ખાઉં !
માણસ ગંધાય ! માણસ ખાઉં !
કોણ મંદિરે પહેરો ભરે ?

એકલમલ રાક્ષસીની ધણધણાટીથી અને તેની આવી ચીસોથી ડરી ગયો. તે ઉતાવળે ઉતાવળે મોટાભાઈએ કહેલ જવાબ આડોઅવળો કરી બોલવા લાગ્યો:

મારું નામ એકલમલ !
મારું નામ હજારીમલ !
કોણ મને પડકાર કરે ?

એનો અવાજ સાંભળીને રાક્ષસી સમજી ગઈ કે અંદર કોઈ માનવી લાગે છે. તરત જ એ ખડખડાટ હસી પડી. એના હસવાથી મંદિરની દીવાલો થરથરી ઊઠી અને પાટુ મારીને એણે મંદિરનાં બારણાં તોડી નાખ્યાં. બારણાં તૂટ્યાં કે જબ્બર કડાકો થયો.

કડાકાના અવાજથી હજારીમલ ભરઊંઘમાંથી જાગી ઊઠ્યો. જાગતાંવેંત તેણે કમરે લટકતી તલવાર કાઢી અને કૂદકો મારીને રાક્ષસીના ગળા પર ફટકારી. ઘડ....અવાજ કરતું રાક્ષસીનું ડોકું એક બાજુ જઈ પડ્યું અને ધબ્બ

અવાજ કરતું રાક્ષસીનું ધડ બીજી બાજુ મંદિર બહાર જઈ પડ્યું. નીચે પડતાંની સાથે રાક્ષસીનું ધડ ડુંગર જેવડું બની ગયું અને એક ખેતરવા જમીનમાં પાટની જેમ પહોળું થઈને પડી ગયું. હજારીમલે રાક્ષસીનું માથું પોતાની પાસે રાખ્યું. મંદિર બંધ કરીને બન્ને ભાઈ અંદર સૂઈ ગયા.

વહેલા પરોઢે કઠિયારા લાકડાં કાપવા માટે જંગલમાં જતા હતા તે આ મંદિર પાસેથી નીકળ્યા. તેમણે મંદિર પાસે મોટો કાળો કાળો ડુંગર જોયો અને તેઓ અજાયબીમાં પડી ગયા. અહીં તો કોઈ ડુંગર હતો નહિ અને એક રાતમાં આ ડુંગર ક્યાંથી આવી ગયો ? પાસે આવીને તેઓ નીરખી નીરખીને જોવા લાગ્યા, ત્યારે ખબર પડી કે આ તો આખા ગામનો ભરખ કરી જનાર પેલી રાક્ષસીનું જ મડદું ! જોઈને બધાની આંખો ફાટી રહી.

બીજી ક્ષણે આ રાક્ષસીને મારી નાખવા રાજાએ ઇનામ કાઢેલું તે કઠિયારાઓને યાદ આવ્યું. જે કોઈ આ રાક્ષસીને મારી આવે તેને અર્ધું રાજપાટ આપે અને પોતાની કુંવરી પરણાવે એમ રાજાએ દાંડી પિટાવેલી, પણ હજી સુધી કોઈ રાક્ષસીને મારી શકેલ નહિ.

રાક્ષસીને મારી નાખનાર કોઈ આસપાસ દેખાયું નહિ એટલે કઠિયારાઓએ કુહાડે કુહાડે રાક્ષસીનું એકાદ અંગ કાપી લીધું અને રાજા પાસેથી ઇનામ મેળવવાની લાલચે રાજમહેલે પહોંચ્યા. પહેરેગીર તરત એમને રાજા પાસે લઈ ગયો. એક કઠિયારો કહે: ‘ મેં રાક્ષસીને મારી છે. જુઓ, આ રહ્યો રાક્ષસીનો હાથ. ’ તો બીજો કઠિયારો

કહે: 'મેં રાક્ષસીને મારી છે. જુઓ, આ રહ્યો રાક્ષસીનો પગ.' આમ દસબાર કઠિયારા ઈનામ મેળવવાની લાલચે હુંસાતુંસી કરવા લાગ્યા.

રાજાને કાંઈ સમજ પડી નહિ. તેણે તરત પ્રધાનને બોલાવ્યો અને આગલી રાતે કોના ઘરનો વારો હતો તેની તપાસ કરવા કહ્યું. એથી આ વાતનો કાંઈક તાગ આવે તો તાગ મેળવવા એણે વિચાર કર્યો. જે ઘરનો વારો હતો તે ઘરનો બ્રાહ્મણ રાજા પાસે આવ્યો અને વાત કરી કે કાલ અમારે ઘેર બે જુવાન મહેમાન તરીકે આવેલા. અમારી ના છતાં તેઓ અમારા ઘર તરફથી મંદિરે ભરખ થવા ગયા છે.'

તરત રાજાએ મંદિરે તપાસ કરવા માણસો દોડાવ્યાં. જઈને જુએ તો મંદિરનાં બારણાં અંદરથી બંધ. ઘણાં યે ખખડાવ્યાં, પણ રાતના ઉજાગરાથી બન્ને ભાઈ એવા ઘસઘસાટ ઘોરે કે જાગે જ શાના? રાજાના નોકરોએ બારણાં તોડી નાખ્યાં અને બન્ને ભાઈને જગાડ્યા.

બન્ને ભાઈ રાક્ષસીનું માથું લઈને રાજાને મળવા ગયા અને પોતાનાં પરાક્રમની વાત કરી. રાક્ષસી મરી તેથી રાજાના આનંદનો કોઈ પાર રહ્યો નહિ.

રાજાએ પોતાના વચન પ્રમાણે તરત ઘડિયાં લગન લીધાં. એણે પોતાની દીકરી હજારીમલને પરણાવી અને અર્ધું રાજ્ય તેને સોંપી દીધું. હજારીમલને અને એકલમલને રાજાએ પોતાને મહેલે જ રોકયા અને બન્ને ભાઈ આનંદથી દિવસો પસાર કરવા લાગ્યા.

૪

હજારીમલ અને એકલમલ અહીં સાથે આનંદમાં દિવસો પસાર કરે. પણ થોડો વખત થયો ત્યાં એક ગોટાળો ઊભો થયો.

વાત એમ બની કે રાજરાણી પાસે એક ઘરડી દાસી. એ આખા રાજમહેલમાં કર્તાહર્તા. ઘરડી થઈ ગયેલી પણ કામમાં એવી ચપળ કે ગમે તેવાં કામ ઘડીપલમાં પતાવી દે. હજારો રાજા એક સાથે રાજમહેલમાં મહેમાન તરીકે ઊતરે તો તેમની આગતાસ્વાગતાની વ્યવસ્થા આ દાસી એકલે હાથે કરી નાખે. રાજમહેલનાં હજારો દાસદાસીઓને તે એક લાકડીએ હાંકે અને ધાર્યાં કામ કરાવે.

રાજરાણીને ખબર પણ ન પડે એમ સવારથી સાંજ સુધી રાજમહેલનાં કામ ઘડિયાળને ટકોરે પતી જાય તે આ દાસીની હોંશિયારીને લીધે. એક ઘડી જો એ દાસી આડીઅવળી થાય તો તરત રાજમહેલમાં અંધેર વર્તાઈ જાય. આથી આ દાસીનાં રાજરાણી પાસે બહુ માન. રાજરાણી તો જેમ દાસી કહે તેમ જ કરે. એનું વચન કદી ઉથાપે નહિ. રાજરાણી એનાં આટલાં માન સાચવે, પછી મહેલનું કયું માણસ એની સામે બોલી શકે ?

પણ આ દાસી કોઈ બાઈ–માણસ ન હતી. એ તો એક રાક્ષસી હતી. આસપાસ રહેતાં બધાં રાક્ષસલોક મરી પરવારેલાં અને તે એક બચેલી. એટલે તેણે દાસીનો વેશ લીધેલો અને અહીં રાજમહેલમાં આવીને દાસી તરીકે

રહેલી. થોડા વખતમાં પોતાની રાક્ષસી શક્તિઓ વડે રાજ-મહેલમાં મુખ્ય દાસી તરીકે એણે સ્થાન મેળવી લીધેલું.

મુખ્ય દાસી તરીકે તેનાં માનપાન ઓછાં ન હતાં અને ખાવાપીવાની તેને કશી કમીના હતી નહિ. પણ એ તો હતી રાક્ષસી. માણસના ખોરાકથી એનું પેટ ભરાય નહિ અને કાચું માંસ ખાવા મળે નહિ, ત્યાં સુધી એને સંતોષ થાય નહિ. આથી તે રોજ રાતે બધાં સૂઈ જાય ત્યારે મૂળરૂપ ધારણ કરે અને કાચા માંસનો ભરખ કરવા નીકળે. રસ્તામાં જે કાંઈ મળે તે ખાતી જાય. બકરાં, ઘેટાં, ઘોડા કે હાથીને પણ મૂકે નહિ.

પણ જ્યારથી એકલમલ અહીં આવ્યો ત્યારથી દાસી મૂંઝાવા લાગી. એકલમલ હજી નાનો હતો અને પરણ્યો ન હતો, તેથી તે જનાના બહાર રાજમહેલને દરવાજે પલંગ નખાવીને સૂએ. મોડી રાત સુધી એ જાગતો હોય અને આસપાસ ધ્યાન રાખતો હોય. આ વખતે પેલી દાસી-ને રાક્ષસીનું સ્વરૂપ લઈ ભરખ કરવા જવાનું ટાણું. એકલમલ તેને બે–ચાર વખત જાનવર ખાતી જોઈ ગયો અને અચંબામાં પડી ગયો.

દાસીને થયું કે આ વળી માર્ગમાં કાંટો ક્યાં ઊભો થયો ? કોઈક દિવસે ક્યાંક આ એકલમલ બધી વાત બહાર પાડી દેશે અને મને અહીંથી કઢાવશે. એ પહેલાં એને જ અહીંથી કાઢવા દે.

એક દિવસ આ બુઢ્ઢી રોતી રોતી રાજરાણી પાસે

ગઈ અને આંસુ સારતી કહેવા લાગી: 'રાણીજી! મને રજા આપો. મારાથી હવે આ મહેલમાં રહેવાય એવું રહ્યું નથી.'

રાજરાણી પૂછે: 'પણ શી વાત બની છે એ તો કહે? કોઈએ તારું વેણ ઉથાપ્યું? કોઈએ તારું અપમાન કર્યું? તું જાય પછી અહીં કામ કોણ કરે? તને જે કાંઈ વાંધો હોય તે કહે. હું પાર પાડી આપું, પછી કાંઈ?'

દાસી કહે: 'બીજો તો કોઈ વાતનો વાંધો આપને પ્રતાપે આ રાજમહેલમાં મને નથી. પણ કોઈ આબરૂ સાચવવાવાળી બાઈ હવે આ મહેલમાં રહી શકે તેમ નથી. તમારા જમાઈના ભાઈ એકલમલનાં પરાક્રમ તમે જાણતાં હો તો ખબર પડે. મારા જેવી ઘરડી બુઢ્ઢીની યે ઠઠ્ઠા-મશ્કરી કરતાં અને મારી સામે આંખ–મિચકારા કરતાં રોયો શરમાતો નથી. અહીં રહી આબરૂ ખોવી એ કરતાં ગમે ત્યાં શેર બાજરી મળી રહેશે અને આબરૂ સાચવીને જીવી શકાશે. એકલમલ ભલે આ રાજમહેલમાં છૂટેછેડે માણે. મને મહેરબાની કરીને રજા આપો તો તમારો પાડ.'

રાજરાણીએ દાસીને શાંત પાડી અને માંડ માંડ રોકી. દાસી જાય એ રાજરાણીને કેમે ય પોસાય તેમ ન હતું. એ કરતાં આવો ખરાબ એકલમલ રવાના થાય તો સારું. એણે એકલમલને ઠેકાણે પડવાની દાસીને બાંયધરી આપી.

તરત રાજરાણીએ તો પોતાના જમાઈ હજારીમલને બોલાવ્યો અને એકલમલની વિરુદ્ધ તેને ભંભેરવા લાગી. વાતો કરીને રાજરાણીએ કહ્યું: 'આવો હરામી માણસ

મારા મહેલમાં ન જોઈએ. એને મહેલમાંથી રજા આપો તો જ હા, નહિ તો ના.'

હજારીમલે એની સાસુને ખૂબ સમજાવી કે એકલમલ એવો ન હોય. કોઈએ તમને ભંભેર્યાં લાગે છે.

રાજરાણી કહેઃ 'તમે રજા આપો તો ઠીક છે, નહિ તો પછી હું મારી મેળે જોઈ લઈશ.'

હજારીમલને થયું કેઃ બીજું તો કાંઈ નહિ, ક્યાંક આ રાજરાણી ખબર નહિ પડે તેમ એકલમલનું ખૂન કરાવશે તો હું ભાઈ જેવો ભાઈ ખોઈ બેસીશ. આ કરતાં એકલમલ ક્યાંક ચાલ્યો જાય તો સારું. ગમે ત્યાં જશે તો યે એ પોતાનો માર્ગ કરી લેશે. એ જીવતો હશે તો મારે બસ છે.

પણ અહીંથી ચાલ્યા જવાની વાત એકલમલને કહેવી કેવી રીતે? મોઢામોઢ કહેવાની હિંમત ચાલી નહિ તેથી તેણે એકલમલ ઉપર કાગળ લખ્યો અને પાનદાનીમાં મૂક્યો. કાગળમાં માત્ર એટલું જ લખ્યુંઃ 'તું અહીંથી ચાલ્યો જા એમાં જ તારી સલામતી છે.'

પાનદાનીમાં કાગળ મૂકીને તે નાહવા ચાલ્યો ગયો. પાછળથી એકલમલ આવ્યો અને તેણે પાનદાનીમાં પડેલો પોતાના નામનો કાગળ વાંચ્યો. કાગળ વાંચીને તે અજાયબીમાં પડી ગયો. દુઃખ થયું પણ જે થવા-કાળ હશે તે થશે જ એમ ધારીને તેણે પોતાનો ઘોડો તૈયાર કર્યો અને રાજમહેલ બહાર નીકળી ગયો.

૫

એકલમલનો ઘોડો પંખીરાજ જાતનો હતો, તેથી થોડા કલાકમાં તો દેશદેશાંતર અને વનવગડા વટાવીને એણે એકલમલને ક્યાં યે પહોંચાડી દીધો.

બરાબર બપોરનો સમય થયો કે એકલમલને થાક લાગ્યો અને તરસ પણ લાગી. આસપાસ નજર કરે તો સામે એક મહેલ દેખાય. આરસપહાણનો મહેલ સૂરજના પ્રકાશમાં ઝગારા માર્યા કરે અને આંખોને આંજ્યા કરે. કોટકાંગરા અને મજલામેડીનો કોઈ પાર નથી.

એકલમલ ઘોડા પરથી નીચે ઊતર્યો અને રાજમહેલમાં આંટા મારવા લાગ્યો. પણ આ શું ? આવડા મોટા મહેલમાં કોઈ જીવતું જણ્યું કાં દેખાય નહિ ? મહેલને ઓરડે ઓરડે ફરતો જાય, ભાતભાતના સાજશણગાર નીરખતો જાય પણ કોઈ કાળા માથાનું માનવી નજરે પડે નહિ.

ફરતો ફરતો તે છેલ્લે ઓરડે આવ્યો. ઓરડામાં નજર કરે તો સોનાના પલંગ પર એક જુવાન સ્ત્રી સૂતી હતી. પણ શાં બાઈનાં રૂપ ? અંગેઅંગમાંથી તેજનાં કિરણ ફૂટી રહ્યાં હતાં. અને તેમાં યે બાઈના વાળ ? સોનેરી રંગે વાળ ચળક્યા કરે અને વાળની લટો પેની–ઢક લટક્યા કરે. એકલમલે બાઈને જગાડવા ઘણી યે બૂમો પાડી. પણ બાઈ તો ન હલે કે ન ચલે. જાણે અઘોર નિદ્રામાં પડેલી.

એકલમલે આસપાસ નજર ફેરવી તો બાઈના માથા પાસે બે લાકડીઓ પડેલી. એક રૂપાની અને બીજી સોનાની.

એકલમલે રૂપાની લાકડી ઉપાડીને બાઇને માથે ફેરવી પણ કાંઈ ન થયું. તે પછી સોનાની લાકડી ફેરવી ત્યાં તો બાઈ પડખું ફરી. થોડીક વાર થઈ ત્યાં બાઈ આળસ મરડીને બેઠી થઈ. બાઈએ આસપાસ નજર કરી તો સામે એક જુવાન પુરુષ દેખાયો. બાઈએ પૂછ્યું: 'હે કાળા માથાના માનવી! તમે કોણ છો અને અહીં ક્યાંથી આવી ચડ્યા?' એકલમલે પોતાની બધી વાત કહી નાખી.

વાત સાંભળીને બાઈ બોલી: 'અરે અભાગી માણુસ! તમે અહીં ક્યાં આવી ચડ્યા? આ તો રાક્ષસોનો મુલક છે. અહીં એક હજાર રાક્ષસો રહે છે. સવાર પડ્યે તેઓ પાસેના જંગલમાં શિકારે ચાલ્યા જાય છે અને સાંજ પડ્યે પાછા આવે છે. તેઓ કાળા માથાના માનવીને તો દીઠું મૂકતા નથી.

'મારા બાપા આ દેશના રાજા હતા. અહીં તો અનેક મોટાં નગર તથા ગામડાં હતાં અને લાખો લોકો આનંદ-કલ્લોલ કરતાં. પણ થોડાં વર્ષ પહેલાં આ રાક્ષસો અહીં આવી પહોંચ્યા; દેશના એકેએક માણુસને તેઓએ મારી ખાધાં; ઢોરઢાંખરને પણ ન મૂક્યાં. મારા બાપાને, મારી બાને અને મારાં ભાઇબેનને પણ તેઓ ખાઈ ગયાં. છેવટ હું એક બચી ગઈ. કોણ જાણે કેમ, એક ઘરડી રાક્ષસીને મારા સોનેરી વાળ જોઇને મારા પર ભાવ થયો. એણે મને ખાવા ન દીધી. એણે મારું નામ પાડ્યું છે સુવર્ણકેશી.

'આ ઘરમાં હું અને એ બુઢ્ઢી રાક્ષસી રહીએ છીએ. જ્યારે રાક્ષસી બહાર ચારો કરવા જાય છે ત્યારે પેલી

રૂપાની લાકડીથી મને નિર્જીવ કરીને આ પલંગ પર સુવાડી જાય છે અને આવે છે ત્યારે આ સોનાની લાકડીથી મને જીવતી કરે છે. પણ હે રાજકુમાર! મને તો તમારી ચિંતા થાય છે. હમણાં રાક્ષસો આવશે અને તમને મારી ખાશે.'

એકલમલ આ બધી વાત સાંભળીને વિચારમાં પડી ગયો. રાક્ષસોથી કેમ બચવું તેની તેમણે અનેક યોજનાઓ ઘડી અને ભાંગી. ત્યાં તો સાંજ પડી અને રાક્ષસોના પાછા ફરવાનો અવાજ સંભળાવા લાગ્યો. સુવર્ણકેશીને તરત એક વિચાર સૂઝ્યો. તેણે એકલમલને શિવના મંદિર પર ઝૂકી રહેવા બીલીપત્રના ઝાડમાં સંતાઈ જવા કહ્યું. એકલમલે સુવર્ણકેશીને માથે રૂપાલાકડી ફેરવી, તેને નિર્જીવ કરી ને દોડાદોડ એ ઘટાદાર બીલીપત્રના ઝાડમાં સંતાઈ ગયો.

થોડી વાર થઈ ત્યાં ધરતી ધમધમાવતા તથા હાકોટા પાડતા હજાર રાક્ષસો પાછા ફર્યા અને મહેલમાં ઓરડે ઓરડે જઈને થાકયાપાકયા સૂવા લાગ્યા. પેલી બુઢ્ઢી રાક્ષસી સુવર્ણકેશીને ઓરડે આવી અને સોનાલાકડીથી સુવર્ણ-કેશીને જીવતી કરી. પણ ઘરડી રાક્ષસીને માણસની ગંધ આવવા લાગી એટલે બોલવા લાગી—

માણસ ગંધાય! માણસ ખાઉં!
માણસ બંધાય! માણસ ખાઉં!

આ સાંભળીને સુવર્ણકેશી કહે: 'માણસ તો એક હું અહીં છું. ખાઈ જાઓ મને એટલે તમને નિરાંત થાય.'

સુવર્ણકેશીને માથે હાથ ફેરવતાં રાક્ષસી કહે: 'ના માડી, તને ખવાય? કરોડ વરસની તું થા!' એમ કહેતાં

ડોશી આડે પડખે થઈ અને ઘડીક વારમાં એનાં નસકોરાં બોલવા લાગ્યાં. થોડીક વારમાં બીજા રાક્ષસો પણ સૂઈ ગયા અને તેમનાં નસકોરાંના અવાજથી આખો મહેલ ગાજવા લાગ્યો. એકલમલ આ બધો અવાજ સાંભળતો ઝાડ પર જાગતો બેઠો રહ્યો.

સવાર પડી અને રાક્ષસો જાગ્યા. તરત તેઓ ચારો કરવા માટે ધરતી ધમધમાવતા જંગલ તરફ ઊપડ્યા. બુઢ્ઢી રાક્ષસી પણ સુવર્ણકેશીને માથે રૂપાલાકડી ફેરવી, તેને નિર્જીવ કરીને ચાલી ગઈ.

રાક્ષસો દૂર દૂર ચાલ્યા ગયા એટલે એકલમલ ઝાડ પરથી નીચે ઊતર્યો અને મહેલે આવ્યો. એણે સુવર્ણકેશી-ને સોનાલાકડી ફેરવીને જગાડી. ફરીથી બંને એકબીજાને જોઈને હસી પડ્યાં અને એકબીજાના હાથ પકડીને બગીચે બગીચે ફર્યાં. નદીએ જઈને નાહ્યાં. આખો દિવસ આનંદ-ગુલતાન કર્યાં. અહાહાહા! શો આનંદ આવ્યો?

પણ આ આનંદ તો સાંજ સુધી જ ને? એ પછી રાક્ષસો આવી પહોંચે ત્યારે શું થાય? આ બધા રાક્ષસો-ને મારવા કેવી રીતે? બન્નેએ યોજના વિચારી કાઢી આજે રાક્ષસી ઘેર આવે ત્યારે ગમે તેમ કરીને સુવર્ણકેશીએ આ બધા રાક્ષસોને કેવી રીતે મારવા તે વાત જાણી લેવી.

સાંજ પડી એટલે ફરી પાછી એકલમલે સુવર્ણકેશી પર રૂપાલાકડી ફેરવી અને પોતે જઈને બીલીના ઝાડ ઉપર સંતાઈ ગયો. થોડીક વારમાં રાક્ષસી આવી પહોંચી અને

સુવર્ણકેશીને એણે સોનાલાકડીએ જગાડી. તરત એ બોલવા લાગી:

માણસ ગંધાય! માણસ ખાઉં!
માણસ ગંધાય! માણસ ખાઉં!

સુવર્ણકેશી કહે: 'માણસ તો એક હું જ અહીં છું. મને ખાઈ જાઓ એટલે તમને નિરાંત થાય.'

રાક્ષસી કહે: 'ના માડી! તને ખવાય? કરોડ વરસની થા, બેટા!'

આમ કહીને રાક્ષસી ઘોરવા લાગી. તરત સુવર્ણકેશી રાક્ષસીને ખાટલે ગઈ અને તેના પગ દાબવા લાગી. થાકી ગયેલી રાક્ષસી આથી રાજી રાજી થઈ ગઈ. પણ થોડી વાર થઈ ત્યાં સુવર્ણકેશીની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. ઊનાં ઊનાં આંસુ રાક્ષસીના પગ પર પડવા લાગ્યાં. રાક્ષસી આંખો ઉઘાડી જુએ તો સુવર્ણકેશી રૂએ. તેણે એને પૂછ્યું: 'અરે બેટા! તું રડે કાં? હું બેઠાં તને શાં દુઃખ?'

સુવર્ણકેશી કહે: 'માડી! તમે બેઠાં મારે શાં દુઃખ હોય? પણ તમે હવે ઘરડાં થયાં છો.. ક્યાંક તમે મને છોડીને ચાલ્યાં જાઓ તો મારા શા હાલ? આ રાક્ષસો મને મારી જ ખાય ને?'

રાક્ષસી કહે: 'ગાંડી રે ગાંડી! અમે તો રાક્ષસો કહેવાઈએ. અમારે વળી મોત કેવું? અમે માનવીની પેઠે ઘરડાં થઈને મરી ન જઈએ. અમારું મોત કોઈને હાથ ન આવે. લે તને એની વાત કહું કે તને નિરાંત થાય.

'જો પેલું તળાવ રહ્યું. એ તળાવની વચ્ચે એક ઝાડ છે. એ ઝાડ પર બે ભમરા છે. જો કોઈ માણુસ એક શ્વાસે તરીને તળાવની વચ્ચે ઊભેલા એ ઝાડ પર ચડી જાય અને એક શ્વાસે એ ભમરાને કાંઠે લાવીને લોહીનું ટીપું જમીન પર પડ્યા વગર મારી નાખે તો અમે બધા રાક્ષસો મરી જઈએ. પણ જો ભમરો મારતાં લોહીનું એકાદ ટીપું યે જમીન પર પડી જાય તો એમાંથી હજારો રાક્ષસ નવા ઊભા થાય અને માનવીને કાચો ને કાચો ખાઈ જાય.

'પણ આ વાતની કોને ખબર પડે અને કોણ અમને મારી શકે? એટલે અમારું મોત છે જ નહિ. માટે બેટા! તું જરા યે ચિંતાફિકર કરીશ નહિ.'

આમ વાત કરીને થોડી વારે રાક્ષસી ઊંઘી ગઈ અને સુવર્ણકેશીને પણ નિદ્રા આવી ગઈ.

બીજો દિવસ થયો અને રાક્ષસો જંગલમાં ચારો કરવા ચાલ્યા ગયા. તરત એકલમલ ઝાડેથી નીચે ઊતર્યો અને સોનાસળીથી સુવર્ણકેશીને જગાડી. આગલી રાતે રાક્ષસીએ તેમના મરણની જે વાત કરેલી તે સુવર્ણકેશીએ એકલમલને કહી. એકલમલ કહેઃ 'ઓહો! વાત તો આટલી જ છે ને? એમાં શું?'

તરત એકલમલ તૈયાર થયો. તેણે તળાવકાંઠે એક છરી મૂકી અને રાખનો એક ઢગલો કર્યો. કછોટો વાળીને એ તળાવમાં કૂદી પડ્યો અને તરતો તરતો એક શ્વાસે તળાવ વચ્ચે આવેલ ઝાડ પાસે જઈ પહોંચ્યો. છલંગ

મારતો એ ઝાડ પર ચડી ગયો અને છેલ્લી ડાળે ભમતા ભમરાને પકડીને નીચે ઊતરી આવ્યો. વળી એક શ્વાસે તરતો તરતો તળાવને કાંઠે આવી પહોંચ્યો.

જેવો તે તળાવને કાંઠે પાછો ફર્યો કે તરત જંગલમાં રખડતા રાક્ષસો ચિચિયારી પાડી ઊઠ્યા. તેમનો કાળ આવી પહોંચ્યો છે એમ જાણી તેઓ એક શ્વાસે મહેલ તરફ દોડ્યા. તેમના આવવાના અવાજથી ધરતી ધણધણવા લાગી. તરત એકલમલે ભમરાને માથે છરી ફેરવી અને તેનું લોહી પેલા રાખના ઢગલામાં શોષાઈ ગયું. એ જ વખતે મહેલ તરફ દોડ્યા આવતા રાક્ષસો ભફોભફ કરતા જ્યાં હતા ત્યાં જમીન પર ઢળી પડ્યા. આમ એક સાથે એક હજાર રાક્ષસોનો અંત આવ્યો.

આ પછી એકલમલ અને સુવર્ણકેશીએ એકબીજાના હાર બદલાવીને ગાંધર્વલગ્ન કર્યાં અને રાજમહેલમાં સુખ-ચેનથી રહેવા લાગ્યાં. સુવર્ણકેશી કેટલાં ય વર્ષોથી મહેલ બહાર નીકળેલી નહિ, આથી તેઓ આસપાસ રખડવા લાગ્યાં અને ફરી ફરીને બધું જોવા લાગ્યાં.

૬

એક દિવસે તેઓ પાસેની નદીએ નાહવા ગયાં. નાહીને બહાર આવ્યા પછી સુવર્ણકેશી નદીકાંઠે બેસીને વાળ ઓળવા લાગી. થોડાક વાળ ઊતર્યા એ તેણે નદીમાં નાખી દીધા અને બન્ને મહેલમાં પાછાં ફર્યાં.

આ બાજુ સુવર્ણકેશીએ નદીમાં ફેંકેલા વાળ પાણીના પ્રવાહ સાથે ઊપડ્યા. તરતા તરતા વાળ આગળ ચાલ્યા જાય, ત્યાં એક આરે હજારીમલ અને તેના ગોઠિયા નહાય. હજારીમલની નજર સૂર્યનાં કિરણોથી ચળકતા પેલા વાળ પર પડી અને તેણે કહ્યું: 'જે કોઈ પેલા વાળને લાવી આપે તેને હજાર સોનામહોર આપું.'

તરત એક જણે એ વાળ પકડી પાડ્યા અને હજારીમલના હાથમાં આપ્યા. જ્યાં વાળ હાથમાં આવ્યા અને ઉખેળ્યા, ત્યાં તો વાળ લાંબે અડ્યા. 'વાહ! વાહ! આવા વાળવાળી સ્ત્રી કેવી હશે! બસ પરણું તો આ વાળવાળી સ્ત્રીને જ પરણું!' એમ વિચારતો હજારીમલ મહેલે પાછો ફર્યો. ખાધાપીધા વગર એ બહારની દોઢીએ સૂઈ રહ્યો.

રાજરાણીને આ વાતની ખબર પડી. તરત એ હજારીમલ પાસે આવી પહોંચ્યાં અને પૂછવા લાગ્યાં: 'બેટા! શા વિચારે આમ અણુમણા સૂતા?'

હજારીમલે પેલા સોનેરી વાળ બતાવ્યા અને કહ્યું: 'બસ, મારે તો આ વાળ શોભાવનારી સ્ત્રી જોઈએ.'

રાજરાણી કહે: 'ઓહો! વાત આટલી જ છે ને? જાઓ, ખાઓ, પીઓ ને કલ્લોલ કરો. થોડા દિવસમાં એ બાઈને તમારી પાસે હાજર કરું, બસ!'

રાજરાણીએ તરત પેલી ઘરડી દાસીને બોલાવી અને કહ્યું: 'આ સોનેરી વાળવાળી બાઈને ગમે ત્યાંથી લાવી દે.'

દાસી કહે: 'જેવો હુકમ!'

ઘરડી દાસીએ સાગસીસમનાં લાકડાં મંગાવીને એક હોડી કરાવી અને મનપવનનાં લાકડાં મંગાવીને હલેસાં તૈયાર કરાવ્યાં. હોડીમાં તેણે લાખનાં બનાવેલાં રંગબેરંગી અને ભાતભાતનાં વાસણ મૂકયાં. જાતજાતની મીઠાઈઓ લીધી અને થોડીક મીઠાઈમાં ઝેર પણ ભેળવી લીધું. હોડીને તેણે નદીમાં તરતી મૂકી અને ત્રણ ટકોરા મારીને બોલી:

સાગસીસમની હોડલી
અને મનપવનના હાથ,
જાજે જાજે હોડલી,
જ્યાં સુવર્ણકેશીનાં સ્નાન.

આટલું તે બોલી ત્યાં તો હોડી નદીમાં તીરવેગે આગળ વધવા લાગી. હોડી તો દોડી જ જાય, પવનવેગે દોડી જ જાય. ગામ મૂકયાં, શહેર મૂકયાં, વન અને જંગલ મૂકયાં. તરતી તરતી હોડી ઠેઠ સુવર્ણકેશી નાહતી તે ઘાટે આવીને ઊભી રહી ગઈ. હોડીને ત્યાં ઊભી રાખી, પેલી મીઠાઈઓ સાથે લઈને દાસી કાંઠે આવી. ફરતી ફરતી તે રાજમહેલે આવી પહોંચી. અંદર નજર કરે ત્યાં સુવર્ણકેશી બેઠી બેઠી વાળ ઓળ્યા કરે.

દાસીએ દોડાદોડ જઈને સુવર્ણકેશીનાં ઓવારણાં લીધાં. સુવર્ણકેશીને ગળે હાથ ભરાવીને આંસુ સારતી બોલવા લાગી: 'બેટા સુવર્ણકેશી, હું તારી માસી થાઉં! તારી માસીને તું ઓળખે છે બેટા! કયાંથી ઓળખે? તું જ્યારે ઘોડિયામાં હીંચતી ત્યારે મને તેં જોયેલી. કેટલાં વર્ષે મને મારી દીકરી મળી! આનંદમાં તો છો ને, બેટા?'

આમ કહેતી જાય અને દાસી રડતી જાય. એનો ભાવ જોઈને સુવર્ણકેશીને થયું કે આ મારી માસી જ લાગે છે. એકલમલને પણ થયું કે કદાચ એ સુવર્ણકેશીની માસી હોય તો ના નહિ. સૌએ સાથે બેસીને માસીએ લાવેલ મીઠાઈ ખાધી.

બપોર થયા અને એકલમલ હંમેશની જેમ સૂઈ ગયો. રાંઢા થયા એટલે પેલી માસી કહે: 'બેટા! આટલામાં નદી હોય તો ચાલ ને નાહવા જઈએ. મુસાફરીનો થાક પણ કંઈક ઊતરે!'

સુવર્ણકેશી કહે: 'પણ એ હજી સૂતા છે ને બહાર કેમ જવાય?'

માસી કહે: 'એના પલંગ પાસે આ મીઠાઈ મૂકતાં જઈએ. ઊઠીને એ નાસ્તો પતાવશે ત્યાં તો આપણે પાછાં આવી પહોંચશું.'

એકલમલના પલંગ પાસે પેલી દાસીએ ઝેરવાળી મીઠાઈ મૂકી દીધી અને સુવર્ણકેશીને લઇને નદીએ પહોંચી. બરાબર જ્યાં તેણે હોડી ઊભી રાખેલી ત્યાં જ તેઓ આવી પહોંચ્યાં. સુવર્ણકેશીએ હોડીમાં પડેલાં લાખનાં વાસણ જોયાં અને બોલી ઊઠી: 'વાહ, વાહ, વાસણ! આ તો આપણા મહેલમાં શોભે તેવાં છે.'

પેલી દાસી કહે: 'ચાલ ને બેટા! જોઈએ તેટલાં વાસણ તેમાંથી લઈ લઈએ. કોણ ના પાડે તેમ છે?'

સુવર્ણકેશી વાસણનાં વખાણ કરતી હોડી પર ચડી.

પાછળ દાસી પણ હોડી પર ચડી ગઈ અને ચડતાંવેંત ત્રણ ટકોરા મારીને તે બોલી:

સાગસીસમની હોડલી
ને મનપવનના હાથ,
જાજે જાજે હોડલી,
જ્યાં હજારીમલ કરે સ્નાન.

આટલું તે બોલી ત્યાં હોડી તીરવેગે છૂટી. સુવર્ણકેશી હોડીને ભાગતી જોઈને ગભરાઈ ગઈ અને પોકેપોક મૂકીને રડવા લાગી. પણ હોડી તો વન, જંગલ, ગામ અને નગરીઓ મૂકીને આગળ વધવા લાગી. આંખના પલકારામાં જ્યાં હજારીમલ નાહવા આવતો ત્યાં આવીને ઊભી રહી.

સુવર્ણકેશીને લઈને દાસી રાજમહેલે આવીને ઊભી રહી. સુવર્ણકેશી ચોધાર આંસુડે રડ્યા કરે. હજારીમલ તેને જોવા આવ્યો. સુવર્ણકેશીનાં રૂપ જોઈને એ થીજી જ ગયો. એણે સુવર્ણકેશીને પરણવાની વાત કરી. સુવર્ણકેશીએ કહ્યું: 'હું તમને પરણું તો ખરી, પણ મારે છ માસનું વ્રત છે. પૂરું થયે વાત.'

હજારીમલે હા પાડી અને તેનું વ્રત કરવા માટે એક મહેલ કાઢી આપ્યો.

સુવર્ણકેશી એ મહેલમાં એકલી રહે. મહેલને ગોખે આખો દિવસ બેસી રહે અને રડયા કરે. રાત અને દિવસ એકલમલનું નામ જપ્યા કરે.

આ બાજુ એકલમલ ઊંઘમાંથી ઊઠ્યો. જુએ તો સુવર્ણકેશી ન મળે. આખો મહેલ ફરી વળ્યો પણ ક્યાં યે

સુવર્ણકેશી દેખાઈ નહિ. એને તરત મનમાં વિચાર આવ્યો કે કદાચ પેલી દાસી જ એને ઉપાડી ગઈ હોય તો ના નહિ.

પોતાના પલંગ પાસે મૂકેલી પેલી માસીની મીઠાઈ તેની નજરે પડી. તેમાંથી એક કટકો લઈને તેણે કૂતરાને નાખ્યો. મીઠાઈ ખાધી કે તરત કૂતરો મરી ગયો. એકલમલને હવે ખાતરી થઈ કે પેલી માસી જ કાવતરું કરીને સુવર્ણકેશીને ઉપાડી ગઈ છે.

એકલમલના દુઃખનો કોઈ પાર રહ્યો નહિ. ચોધાર આંસુડે રડ્યા કરે અને વનજંગલમાં રખડ્યા કરે. 'સુવર્ણકેશી! સુવર્ણકેશી!' જપતો એ રાત અને દિવસ ચાલ્યો જાય. ચાલતાં ચાલતાં છ માસ વીતી ગયા. છઠ્ઠે મહિને તે હજારીમલની રાજધાનીમાં આવી પહોંચ્યો.

રાજધાની બહાર તે રડતો રડતો અને નિસાસા નાખતો ચાલ્યો જાય ત્યાં મહેલમાં બેસીને રડતી સુવર્ણકેશીની નજર તેના પર પડી. સુવર્ણકેશીએ બૂમ મારી અને એકલમલની નજર તેના પર પડી. બન્ને એકબીજાને જોઈને થંભી ગયાં. સુવર્ણકેશીએ તેને મહેલના ગોખ નીચે બોલાવીને ધીમે સાદે બધી વાત કરી. બીજે જ દિવસે તેનું છ મહિનાનું વ્રત પણ પૂરું થતું હતું. વ્રતપૂર્ણાહુતિની ક્રિયા વખતે એકલમલે બ્રાહ્મણવેશે હાજર રહેવું એમ તેમણે નક્કી કર્યું.

બીજે દિવસે સુવર્ણકેશીના વ્રતની પૂર્ણાહુતિની ક્રિયા માટે બ્રાહ્મણોને બોલાવ્યા. તેમાં એકલમલ પણ બ્રાહ્મણ-

વેશે પહોંચી ગયો. સુવર્ણકેશીએ હજારો બ્રાહ્મણોમાંથી એકલમલને જ બધી વિધિ કરવા માટે પસંદ કર્યો.

રાજમહેલના ચોગાનમાં મંડપ બાંધ્યો હતો. મંડપની વચ્ચે પડદાની અંદર સુવર્ણકેશી બેઠી હતી. આસપાસ હજારીમલ, રાજરાણી અને મહેલનાં માણસો બેઠાં હતાં અને મંડપ વસ્તીનાં માણસોથી ભરચક થઇ ગયો હતો.

બ્રાહ્મણના સ્વરૂપમાં એકલમલે વ્રતપૂર્ણાહુતિની ક્રિયા કરાવી. બધી ક્રિયાને અંતે તેણે એક કથા કહેવી શરૂ કરી. બ્રાહ્મણ હાથમાં કરતાલ વગાડતો જાય અને કથા કહેતો જાય: 'એક હતો બ્રાહ્મણ અને એક હતી બ્રાહ્મણી....', ધીમે ધીમે કથા આગળ વધવા લાગી. બ્રાહ્મણને ઘેર બે પુત્ર જન્મ્યાની વાત કરી. એ પછી આગળ વધતાં બન્ને ભાઈએ રાક્ષસીને માર્યાની વાત આવી અને મહેલની દાસીને કારણે નાના ભાઈને ચાલ્યા જવાની વાત આવી. આ વાત આવતાં પેલી રાક્ષસી–દાસીના મોઢા પરથી નૂર ઊડી ગયું.

આ પછી નાના ભાઈ અને સુવર્ણકેશીનાં લગ્નની વાત, સુવર્ણકેશીને ઉપાડી ગયાની વાત તથા સુવર્ણકેશીના વ્રતની વાત પૂરી કરતાં બ્રાહ્મણે કહ્યું: 'આ કથામાં આવતી સુવર્ણ-કેશી પડદા પાછળ બેઠી છે. મોટા ભાઈ હજારીમલ સિંહા-સને બેઠા છે અને નાનો ભાઈ એકલમલ બ્રાહ્મણવેશે કથા કરી રહ્યો છે.'

આ વાત સાંભળતાં હજારીમલે સિંહાસન પરથી દોટ મૂકી અને બ્રાહ્મણવેશમાં ઊભેલા એકલમલને ભેટી

પડ્યો. 'ભાઈ! ભાઈ!' કહેતાં બન્નેની આંખમાંથી આંસુની ધારા ચાલી.

તરત જ હજારીમલે એક ખાડો ગળાવી રાક્ષસી-દાસીને જીવતી દાટી દીધી. ત્યાર બાદ હજારીમલ અને રાજાની કુંવરી તથા એકલમલ અને સુવર્ણકેશીએ સુખ-ચેનમાં સાથે જિંદગી વિતાવી.

માદીકરો પરણે ?

પુષ્પાવતી નગરીમાં એક મોટો વેપારી રહે. વેપારીને એક જ દીકરો. દીકરા પર વેપારીને એવાં હેત કે ન પૂછો વાત. દીકરો જે કાંઈ માગે એ વેપારી ઘડીપલમાં હાજર કરે.

નગરમાં વેપારીની આલે અડતી મેડીઓ. પણ એક વખત દીકરો કહે: 'મારે તો બગીચામાં એકલા રહેવા જવું છે. ત્યાં મને મેડીઓ ચણાવી દો.' તરત વેપારીએ કડિયા, સુતાર અને લુહાર બોલાવ્યા. થોડા દિવસમાં ગામ બહાર મોટા બગીચામાં જબરી મેડીઓ ખડી કરી દીધી. થોડા દિવસ પહેલાં જ્યાં ઝાડ ઝૂલતાં હતાં ત્યાં મેડીના કાંગરા ચળકવા લાગ્યા. વેપારીનો દીકરો અહીં એકલો રહેવા આવતો રહ્યો.

એક દિવસ વેપારીનો દીકરો બગીચામાં આંટા મારે, ત્યાં એણે આંબાના થડમાં દૂધરાજ પંખીનો માળો જોયો. તેણે એ માળામાં હાથ નાખ્યો તો એક ઈંડું હાથમાં આવ્યું. તેણે ઈંડું લઈ લીધું અને લાવીને પોતાના ઓરડાની ભીંતમાં કોરેલ ગોખમાં મૂકી દીધું. ગોખની જાળી તેણે બંધ કરી દીધી. થોડા દિવસ ગયા અને તે ઈંડું મૂકયાની વાત પણ ભૂલી ગયો.

વેપારીનો દીકરો અહીં બગીચામાં રહે ખરો, પણ અહીં કશો સાજસરંજામ વસાવેલ નહિ. પોતાનો રસોયો પણ તેણે રાખેલ નહિ. તેની મા તેને માટે રાંધીને રોજ સવારે નાસ્તો મોકલે. બપોરે તથા સાંજે ભોજનની થાળી મોકલે. હંમેશાં વખતસર થાળીઓ આવે અને વેપારીનો દીકરો જમી લે.

પેલા ઈંડાનું શું થયું ? થોડા દિવસ થયા અને ગોખની ગરમીથી ઈંડું સેવાઈ ગયું અને એક દિવસ તે ફૂટ્યું. એમાંથી એક છોકરી નીકળી. વેપારીના દીકરાને આની કશી ખબર નહિ. એ પોતે તો અહીં ઈંડું મૂકયાની વાત પણ ભૂલી ગયો હતો ને ? ગોખનું બારણું પણ તેણે અમસ્થું બંધ કરી દીધેલું. ગોખની અંદર ઈંડામાંથી નીકળેલ છોકરી ધીમે ધીમે મોટી થવા લાગી. વેપારીના છોકરાને કે કોઇને આ વાતની ખબર નહિ.

છોકરી મોટી થઈ અને ચાલવા પણ લાગી. મોટા ગોખની અંદર તે આમથી તેમ હર્યાફર્યા કરે. એક દિવસ તેણે ગોખનું બારણું ઉઘાડ્યું તો સામે મોટો ઓરડો દેખાયો. છોકરી થોડીક વાર ઓરડાને જોઈ રહી. નીચે જુએ તો ભોજનની થાળી ઢાંકેલી દેખાઈ. હમણાં જ દીકરાની માએ આ થાળી મોકલાવેલી અને દીકરો થાળી ઢાંકીને નાહવા ગયેલો. તરત પેલી છોકરી ગોખમાંથી નીચે ઊતરી. થાળીમાંથી ભાવ્યું તે થોડુંક ખાઈ લીધું અને પાછી ગોખમાં ચાલી ગઈ. ગોખનું બારણું તેણે બંધ કરી દીધું.

નાહીને વેપારીનો દીકરો જમવા બેઠો. તેની મા તે ખાય એના કરતાં ઝાઝું બધું પીરસીને મોકલતી, તેથી તેમાંથી ઓછું થયું હોય તેમ તેને કાંઈ લાગ્યું નહિ. આમ રોજ ઘેરથી થાળી આવે. વેપારીનો દીકરો થાળી ઢાંકીને નાહવા જાય; પાછળથી ગોખમાંથી ઊતરીને પેલી છોકરી થોડું ખાઈ જાય; અને પાછી ગોખમાં જઈને બેસી જાય.

આમ કરતાં કરતાં વર્ષો વીત્યાં. છોકરી મોટી થઈ અને તેનો આહાર વધ્યો. પહેલાં કરતાં હવે તે વધારે ખાવા લાગી. પરિણામે વેપારીના દીકરાને ખાવાનું ઓછું પડવા લાગ્યું. એને આ ગોખની છોકરીનો તો સ્વપ્ને ય શાનો ખ્યાલ હોય ?

તેને થયું કે મા હમણાં હમણાં થાળીમાં ઓછું ખાવાનું મોકલતી હશે. આથી તેણે માને સંદેશો મોકલ્યો કે હમણાં હમણાં ખાવાનું ઓછું કેમ મોકલો છો ? થાળી-માં ખાવાનું જેમ આવે તેમ વીંખેલચૂંથેલ કેમ પડ્યું હોય છે ?

ખરી વાત એમ હતી કે ગોખની છોકરી ખાવા ઊતરતી ત્યારે પોતાને હાથેથી ભાત, કઢી, શાક વગેરે લેતી. થાળીમાં જ તે ચોળીને ખાઇ લેતી. ખાઈને એકદમ ગોખમાં ચાલ્યા જવાની ઉતાવળમાં તે બાકીનું સરખું ગોઠવી શકતી નહિ. આથી બધું વીંખેલચૂંથેલ પડ્યું રહેતું.

દીકરાનો સંદેશો સાંભળીને માને અજાયબી થઈ. કારણકે પોતે જ દીકરાની થાળી પીરસતી, સરખું મજાનું

ખાવાનું ગોઠવતી અને દીકરાને ખાવા જોઈએ તે કરતાં વધારે મોકલતી. પણ દીકરાની રોજ ફરિયાદ આવવા લાગી એટલે માને શંકા ગઈ કે બગીચામાં જ કાંઈ થતું હોવું જોઈએ. તેણે દીકરાને કહેવરાવ્યું કે તું જ બરાબર ધ્યાન રાખીને ત્યાં જોઈ જોજે. કોઈ ત્યાંથી પહોચતું હોય તેમ લાગે છે.

આ પ્રમાણે એક દિવસ નોકર થાળી લાવ્યો અને ભોજન કરવાની જગ્યાએ થાળી મૂકીને ચાલ્યો ગયો. હંમેશની રીત મુજબ નાહવા જવાને બદલે વેપારીનો દીકરો ભીંત પાછળ ચુપકીદીથી સંતાઈ ગયો અને શું થાય છે તે જોવા લાગ્યો.

થોડીક પળ ગઈ ત્યાં તો ભીંત માંહેલા ગોખનું બારણું ઊઘડ્યું. ગોખમાંથી એક સોળ વરસની સુંદરી છોકરી ઊતરી અને થાળી સામે મૂકેલા પાટલા પર બેસી ગઈ. છોકરી થાળીમાંથી ઉતાવળે ઉતાવળે ખાવા લાગી.

વેપારીનો દીકરો સંતાયો હતો ત્યાંથી બહાર નીકળ્યો અને પેલી છોકરીની સામે આવીને ઊભો રહ્યો. છોકરીને ભાગવાનો વખત ન રહ્યો. એ વેપારીના દીકરા સામે જોતી ઊભી રહી ગઈ.

વેપારીનો દીકરો કહે: 'હે સુંદરી! તું કોણ છો? તારા રૂપ ઉપરથી તો તું ધરતીનું માનવી નથી દેખાતી. કોઈ દેવની દીકરી છો કે કોઈ અપ્સરા?'

છોકરી કહે: 'નારે ના. હું કોણ છું એની મને જ

ખબર નથી. મને માત્ર આટલી ખબર છે કે એક દિવસ હું પેલા ગોખમાં ઊભી હતી ને ઘણા વખતથી ત્યાં જ રહું છું.'

આ વાત સાંભળીને વેપારીનો દીકરો અજાયબીમાં પડી ગયો. હવે તેને પંદર-સોળ વર્ષ પહેલાં એ ગોખમાં દૂધરાજ પંખીનું ઈંડું મૂકયાની વાત યાદ આવી. વાત યાદ કરતો કરતો એ છોકરીને નીરખી રહ્યો. શાં છોકરીનાં રૂપ ? કેળના થંભ જેવી, મોતીની માળા જેવી, હંસલાની ટોક જેવી અને વીજળીના ચમકારા જેવી છોકરીએ વેપારીના દીકરાનું મન હરી લીધું. તેને થયું કે બસ, પરણું તો આને જ પરણું. એણે છોકરીને રહેવા માટે બીજો ઓરડો ઉઘાડી આપ્યો. છોકરી એ ઓરડામાં રહેવા લાગી.

બીજે જ દિવસે વેપારીના દીકરે માને કહેવરાવ્યું કે મારે પરણવું છે. વર્ષોથી જે દીકરો પરણવાની ના પાડતો હતો તે દીકરાએ પોતે પરણવાની વાત કહેવરાવી તેથી મા હરખઘેલી થઈ ગઈ તરત એણે દીકરાને સંદેશો મોકલ્યો: 'આવતી કાલે જ તારા જોગ કન્યા ગોતવા માટે દેશ-પરદેશ ગોરને મોકલી દેશું.'

દીકરે સામો સંદેશો કહેવરાવ્યો: 'કયાં યે ગોરને મોકલશો નહિ. કન્યાની પસંદગી મેં કરી લીધી છે. અહીં આવીને જોઈ જશો.'

તરત તેનો બાપ તથા મા બગીચે આવ્યાં. આવીને તેમણે ગોખની છોકરીને જોઈ તો છોકરીનાં રૂપ ફાટી આંખે જોઈ જ રહ્યાં. શાં છોકરીનાં રૂપ ? જેવાં રૂપ તેવાં જ

બોલચાલ અને મીઠાશ. છોકરી ચાલે ત્યાં જાણે કંકુ ઝરે અને બોલે ત્યાં ફૂલ ઝરે. તરત ઘડિયાં લગન લીધાં અને માબાપે દીકરાને આ છોકરી સાથે પરણાવી દીધો.

થોડાં વર્ષો થયાં ત્યાં વેપારીના દીકરાને ઘેર રૂપાળા બે દીકરા અવતર્યા. મોટા દીકરાનું નામ શરદ પાડ્યું અને નાના દીકરાનું નામ હેમંત પાડ્યું. મોટો દીકરો શરદઋતુના સફેદ કમળ જેવો અને નાનો દીકરો હેમંતઋતુના ફૂલ જેવો. દીકરાને ઘેર બે દીકરા જોઈને મોટો વેપારી અને તેની વહુ બહુ ખુશી થયાં. દીકરાના દીકરાને રમાડ્યા, ખેલાવ્યા અને દાદા-દાદી હસતાં મરી ગયાં.

શરદ અને હેમંત દિવસે દિવસે મોટા થવા લાગ્યા. થોડાં વરસ ગયાં એટલે માબાપે મોટા દીકરા શરદને પરણાવ્યો અને ઘેર શરદની વહુ આવી. આ વખતે શરદની મા ગોખકુમારી મરણ પામી અને વેપારી એક જુવાન વહુ પરણી લાવ્યો.

શરદની વહુ એની નવી સાસુ કરતાં ઉંમરમાં મોટી અને વ્યવહારમાં કુશળ, તેથી ઘરનું કામકાજ બધું તેના હાથમાં રહે. નવી માને શરદ કે હેમંત પર જરા યે પ્રેમભાવ નહિ. આખો દિવસ તેમના પર રીસે બળ્યા કરે. આથી સાસુ-વહુ વચ્ચે ઘરમાં ઝઘડા ચાલ્યા કરે.

એક દિવસ એક માછીમાર માછલી વેચવા આવ્યો. મોટી થાળીમાં પણ ન સમાય એવડી જબરી માછલી! એવી ચમકારા માર્યા કરે કે જોતાં આંખો અંજાઈ જાય.

વેપારી માછીમારને કહે: 'બોલ, માછલીનું શું લઈશ?'

માછીમાર કહે: 'એક હજાર રૂપિયા.'

વેપારી કહે: 'ગાંડો થયો કે શું? એક માછલીના એક હજાર રૂપિયા?'

માછીમાર કહે: 'શેઠ સાહેબ! આ જેવીતેવી માછલી નહિ. આ તો માણેક-માછલી. કોઈ ભાગ્યશાળી ખાય તો હસે ત્યારે એના મોઢામાંથી હીરા ઝરે અને રુએ તો આંસુને બદલે મોતી ખરે.'

વેપારી તો માછલીના ગુણ સાંભળી રાજી થયો અને એક હજાર રૂપિયા આપીને માછલી વેચાતી લઈ લીધી. માછલી એણે ઘરની કર્તાહર્તા શરદની વહુને બોલાવીને આપી અને સુંદર મજાની રીતે રાંધીને પોતાને જ એ માછલી આપવા કહ્યું. શરદની વહુ તેના સસરા અને માછીમાર વચ્ચે વાતો થતી હતી તે સાંભળતી હતી. તેને થયું કે સસરાને બદલે મારા ધણીને અને દેરને જ આ માછલી આપું. સસરાને દેડકો એવો મજાનો રાંધીને આપું કે ખાતાં ખાતાં આંગળાં કરડે.

એણે માછલીની અને દેડકાની રસોઈ કરી નાખી ત્યાં તેની નવી સાસુ અને તેના દેરને એકબીજા સાથે ઝગડતાં સાંભળ્યાં. હેમંત હજી છોકરો હતો. એને કબૂતર પાળવાનો અને રમાડવાનો ભારે શોખ. એ જાતજાતનાં કબૂતર પાળે અને તેમને વિવિધ રીતે ઊડતાં શીખવે.

આજે આમાંથી એક કબૂતર ઊડતું ઊડતું તેની નવી

આના ખંડમાં ગયું કે નવી માએ કબૂતરને કપડાંમાં વીંટીને સંતાડી દીધું. હેમંત દોડતો દોડતો ઘરમાં ગયો અને કહે: 'લાવો મારું કબૂતર.'

નવી મા કહે: 'અહીં તારું કબૂતર કેવું !'

બોલાચાલી વધવા લાગી ત્યાં મોટો ભાઈ આવી પહોંચ્યો. તેણે કબૂતરને નવી માએ સંતાડેલ લૂગડામાં સળવળતું જોયું અને તેમાંથી કબૂતરને ખેંચી કાઢ્યું. કબૂતર હેમંતને આપ્યું અને પોતે બહાર ચાલ્યો ગયો.

નવી માએ ગાળોની રમઝટ બોલાવી અને બડબડવા લાગી: 'તમારો બાપ ઘેર આવે ત્યારે તમારા બેયનાં માથાં ન કપાવું તો મને સાચી માનજો. કાં તો હું આ ઘરમાં નહિ અને કાં આ છોકરા નહિ.'

શરદની વહુએ શરદને ઘેર બોલાવ્યો અને કહ્યું: 'મારી નવી સાસુની હીણપતનો કોઈ પાર નથી. વળી મારા સસરા એના હાથમાં નાચે છે અને એ જેમ કહે છે તેમ કરે છે. આજે એ જેમ આવે તેમ બોલી ગઈ છે, પણ જેદી–તેદી તમારા બે ભાઈઓનાં મોત નહિ કરાવે એની શી ખાતરી ? આના કરતાં આપણે પોતે જ આ ઘર છોડી ચાલ્યાં જઈએ. 'શિર સાબૂત તો પઘડિયાં બહોત.' ખાવાનું પણ તૈયાર છે. ખાઈ કરીને નીકળી જઈએ.'

શરદે તરત હેમંતને બોલાવ્યો અને બધી વાત કરી. એને તો નવી મા આવ્યા પછી આ ઘરમાં ઊભું રહેવું ય ગમતું ન હતું. રાત પડ્યા પહેલાં ઘર બહાર નીકળી

જવાનું તેમણે નક્કી કર્યું. શરદની વહુએ પેલી માછલીની મઘમઘતી રસોઈ શરદ અને હેમંતને પીરસી આપી. બન્નેને માછલી બહુ ભાવી અને ધરાઈ ધરાઈને ખાધી.

૨

શરદની વહુએ પોતાની પાસે હતાં તે બધાં ઘરેણાં એક દાબડામાં ભરી દીધાં અને તૈયાર થઈ ગઈ. ઘરમાં એક જ ઘોડો. ત્રણે જણાં એક જ ઘોડા ઉપર બેસી ગયાં. શરદે ઘોડાની લગામ સંભાળી, શરદની વહુ ઘરેણાં ખોળામાં લઈને વચ્ચે બેઠી અને હેમંત સૌની પાછળ બેઠો. શરદે ઘોડાની લગામ ઊંચી કરી ન કરી ત્યાં તો ઘોડો પવનવેગે ઊપડ્યો.

ઘોડો વાયુવેગે દોડ્યો જાય. મેદાન પછી મેદાન અને શહેર પછી શહેર વટાવતો જાય અને ઘોડો આગળ વધતો જાય. આમ જતાં જતાં બરાબર મધરાતનો વખત થયો. તેઓ નદીના કાંઠેથી થોડે દૂર એક જંગલમાં ચાલ્યાં જાય. આ વખતે બરાબર શરદની વહુને પેટનો દુઃખાવો ઊપડ્યો. બાઈને પૂરા માસ ચાલ્યા જાય એટલે બાળક અવતરવાની વેણ્ય આવવા લાગી. અહીં હવે ભરજંગલમાં શું થાય? તેઓ તરત ઘોડા પરથી ઊતરી ગયાં. કલાક બે કલાક ન ગયા ત્યાં તો શરદની વહુને દીકરો અવતર્યો.

બન્ને ભાઈ આમતેમ જોયા કરે પણ અહીં જંગલમાં શું કરે? શિયાળાનો વખત, ટાઢ સુસવાટા મારે. ઝાડ પણ બધાં ચિમળાઈને ઠરી ગયેલાં. શરદની વહુ અને બાળક ટાઢમાં થરથર્યા કરે. બન્નેને તાપ કરીને શેકવાની

ઘણી જરૂર. પણ અહીં અગ્નિ કાઢવો ક્યાંથી? આસ-પાસમાં ક્યાંયે વસ્તી દેખાતી નથી પણ અગ્નિ લાવ્યા વગર છૂટકો છે? મા–દીકરો વધારે વખત ટાઢમાં રહે તો ઠૂંઠવાઈ જ જાય ને? શરદે હેમંતને તેની ભાભી પાસે બેસવા કહ્યું અને શરદ પોતે અગ્નિની શોધમાં ઊપડ્યો.

શરદ અંધારામાં ચાલ્યો જતો હતો. ક્યાંયે કાળા માથાનું માનવી દેખાય નહિ ત્યાં ઝૂંપડાં કે ઘરબહાર તો શાનાં દેખાય? અંધારાને લીધે માર્ગ પણ સૂઝતો ન હતો. ચાલતાં ચાલતાં પરોઢ થયું અને શુક્ર ઊગ્યો એટલે તેને અજવાળે શરદને દૂર દૂર એક શહેર નજરે પડયું. શહેરના દીવા તબકતા દેખાયા, તેથી શરદ મનમાં રાજી થયો કે હાશ, અહીંથી હવે દેવતા મળી જશે, અને વહુ તથા બાળકને શેક કરી શકાશે.

આમ વિચાર કરતો શરદ ચાલ્યો જતો હતો ત્યાં અચાનક તેની સામેથી એક હાથી પસાર થયો. હાથીને રંગ પૂરીને શણગાર્યો હતો અને માથે સોનેરી અંબાડી મૂકી હતી. શરદ ઊભો ઊભો હાથીને નીરખી રહ્યો હતો ત્યાં તો હાથી તેની સામે જ આવીને ઊભો રહ્યો.

તરત જ હાથીએ સૂંઢ લંબાવી અને મા બાળકને તેડી લે તેમ શરદને હળવેથી ઊંચકીને સોનાની અંબાડીમાં મૂકી દીધો. શરદને અંબાડીમાં બેસાડીને હાથી દોડાદોડ શહેર તરફ ઊપડ્યો. શરદ તો આ બધું જોઈને આભો જ બની ગયો. હાથીએ પોતાને શું કામ ઉપાડ્યો અને ઉપાડી-ને ક્યાં ભાગ્યો જતો હતો એની તેને કાંઈ ગમ ન પડી.

હાથી જે શહેર તરફ તેને લઈ જતો હતો તે શહેરનો રાજા જીવતો રહે નહિ. રોજ રાજા મરી જાય અને રોજ એક નવો રાજા લાવવો પડે. નવો રાજા એક દિવસ રાજ કરે. રાત્રે રાજમહેલમાં રાણીજી પાસે સૂવા જાય અને બીજે દિવસે સવારે મરીને મડદું થઈ જાય. રોજ સવારે વૃદ્ધ પ્રધાન રાજમહેલના આ દેવાંગી હાથીને છૂટો મૂકે. હાથીને જે કોઈ સૌથી પ્રથમ સામો મળે તેને લઈ આવે અને તેને રાજા સ્થાપે. રાજા કેમ મરી જાય છે તેની રાણીજીને કે કોઈને કાંઈ ખબર પડતી ન હતી.

હાથી શરદને લઈને સવારના પહોરમાં ઉગમણે દરવાજે દાખલ થયો અને ધીમાં ધીમાં પગલાં માંડતો શહેરના રાજમાર્ગે થઈને ચાલવા લાગ્યો. શેરીએ શેરીએ માણસોનાં ટોળેટોળાં ભેગાં થયેલાં. લોકો હાથી પર શરદને જોઈ જોઈને આનંદના ઉદ્ગાર કાઢવા લાગ્યાં અને નાચવા–ગાવા લાગ્યાં.

આ બધું શું થઈ રહ્યું છે તે જોતો શરદ હાથી પર બેઠો હતો ત્યાં હાથી રાજમહેલમાં દાખલ થયો. અને રાજદરબાર સામે જઈને બેસી ગયો. શરદને નીચે ઉતારવામાં આવ્યો. ચોપદારોએ છડી પોકારી અને શરદને રાજસિંહાસન પર બેસાડવામાં આવ્યો. રાજપુરોહિતે તિલક કર્યું અને શરદના હાથમાં રાજદંડ સોંપવામાં આવ્યો. નવા રાજાના માનમાં ચોઘડિયાં વાગ્યાં.

નવા રાજા શરદના માનપાનનો કોઈ પાર નહિ. આટઆટલી ધામધૂમ અને આનંદ–ઉલ્લાસમાં પોતે દેવતા લેવા નીકળ્યો હતો એ વાત તે ભૂલી ગયો.

એ રાજસિંહાસને બેઠો ધામધૂમ નીરખે છે ત્યાં બે દાસદાસીઓની વાત એને કાને પડી. એક દાસી કહી રહી હતી: 'કેવો કેલૈયો કુંવર રાજગાદી માટે મળ્યો છે! પણ આજ રાત પડશે ને રાણીના મહેલમાં કોઈક એને ભરખી ખાશે. આવા તો કેટલા કેલૈયા કુંવર એક દિવસ રાજા થયા અને રાત પડયે મરી ગયા!'

બીજી દાસી પૂછે છે: 'પણ આ બધા રાજા રોજ કેમ મરી જતા હશે?'

પહેલી દાસી કહે: 'એ કોઈ ને ખબર હોત તો તો આટઆટલા કેલૈયા કુંવરનાં મોત શેનાં થાત?' આમ વાતો કરતી દાસીઓ ચાલી ગઈ.

શરદ આ સાંભળીને વિચારમાં પડી ગયો. એને થયું કે આ વળી નવાઈની વાત! ચાલો, રાત થવા દો. આ વાતને પણ ભરી પીશું.

પણ રાજા કેમ મરી જતો હશે, શું થતું હશે એની તેને ખબર ન પડી. એણે બે વાત નક્કી કરી. જ્યારે રાણીજીને મહેલે જવું ત્યારે હથિયારપડિયાર સહિત જવું અને આખી રાત જાગતા બેસવું, સૂવું જ નહિ. જે કાંઈ હશે તે એની મેળે દેખાઈ આવશે.

સાંજ પડી અને શરદ રાણીજીને મહેલે ચાલ્યો. જેવો તે રાજમહેલનાં પગથિયાં ચડવા લાગ્યો કે રાણીજીએ તેને ખમકારા દેતાં આવકાર દીધા. શરદને ફૂલોથી વધાવ્યો અને સોનાને બાજઠે બેસાડીને બત્રીસ ભાતનાં ભોજન

અને તેત્રીસ જાતનાં શાક પીરસ્યાં. શરદ જમે છે અને રાણીજી પંખો નાખે છે. રાણીજીનાં રૂપનો કોઈ પાર નથી. અંધારામાં યે રાણીજીનાં રૂપનાં અજવાળાં પડે છે. મુખડું હસું હસું થઇ રહ્યું છે. શરદને થયું કે રાણીજી તો ઘણાં સારાં લાગે છે. એ કાંઈ રાજાનો જીવ લેતાં હોય તેમ લાગતું નથી.

રાત વધવા લાગી અને ધીમે ધીમે રાણીજીની આંખ ઊંઘથી ઘેરાવા લાગી. થોડી વાર થઈ અને રાણીજીની આંખ મળી ગઈ. તે ભર ઊંઘમાં પડી ગયાં. શરદ તો જાગતો બેઠો હતો. હાથ તલવારની મૂઠ પર રાખીને પગના અંગૂઠા પર જ પોતે બેઠો હતો અને ખૂણેખાંચરે અને છતછાપરે નજર ફેરવી રહ્યો હતો. હરપળે એને માર્યા કે મરશું એમ થઈ રહ્યું હતું.

બરાબર મધરાતનો વખત થયો અને શરદે મહેલમાં કાંઈક સળવળાટ સાંભળ્યો. ઝીણી નજર કરીને ચારેપાસ નજર ફેરવે ત્યાં રાણીજીનાં નસકોરાંમાંથી કાંઈક દોરા જેવું બહાર નીકળતું હોય તેમ દેખાયું. દોરો એવો પાતળો કે માંડ ઝીણી નજરે દેખાય. શરદ બેઠો બેઠો જોયા કરે અને દોરો બહાર નીકળ્યે જ જાય. પૂરો દોરો બહાર નીકળી ગયો ત્યારે જુએ તો, બરાબર અઢાર હાથનો દોરો.

દોરો બધો બહાર નીકળી આવ્યો કે ધીમે ધીમે જાડો થવા લાગ્યો અને થોડી વારમાં એમાંથી ફણીધર નાગ ઊભો થયો. ફેણ ડોલાવતો નાગ આમતેમ નજર માંડે તે પહેલાં તો શરદની તલવાર તેની ફેણ માથે આવી પડી અને ફેણ

ફૂંફાડા મારતી હેઠે જઈ પડી. તરફડ તરફડ કરતો નાગ થોડી વારમાં રામશરણુ થઈ ગયો.

નાગને મારીને પાછો શરદ હાથમાં તલવાર લઈને આસપાસ નજર ફેરવતો બેસી ગયો. હવે વળી કોણુ આવે છે તેની રાહ જોવા લાગ્યો. સવાર થઈ પણુ કોઈ ન આવ્યું એટલે એ પલંગમાં આડે પડખે થયો અને આખી રાતના ઉજાગરાને લીધે તરત એની આંખ મળી ગઈ.

સવાર પડી, સૂરજ ઉપર ચડી ગયો તો યે રાણી અને શરદ બન્ને ઘોર્યા કરે. શરદને તો આખી રાતનો ઉજાગરો હતો અને રાણીજીના પેટમાં પેલો નાગ પાછો ન ફર્યો એટલે પેટ હળવું થઈ ગયેલું. રાણીજી નિરાંતથી સવા પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી ઊંઘતાં રહ્યાં. દાસીઓએ આવીને ઓવારણાં લીધાં અને રાણીજીને જગાડ્યાં.

રાણીજી પાસેના પલંગ તરફ નજર ફેરવે ત્યાં તો શરદ નસકોરાં બોલાવી રહ્યો હતો. 'આ રાજા હજી જીવે છે? આ શી અજાયબી?' રાણીજીએ પંખો ઢોળી શરદને ઊંઘમાંથી જગાડ્યો અને શરદ આળસ મરડી બેઠો થયો. શરદે રાણીજીને નાગની વાત કરી અને ખૂણામાં પડેલ નાગના કટકા બતાવ્યા.

થોડી વારમાં વાયુવેગે વાત શહેરમાં પહોંચી કે નવા રાજા જીવે છે. વૃદ્ધ પ્રધાન અને બીજા અમલદારો આવી પહોંચ્યા અને રાજાના નામની અમર છડી પોકારી. આખી પ્રજાને રાણીજીના નાકમાંથી સાપ નીકળવાની અને એ સાપ જ બધા રાજાને મારી નાખતો એ વાતની ખબર પડી.

શરદે એ સાપને મારી નાખ્યો એટલે હવે રોજ રોજ રાજા નહિ શોધવો પડે એમ જાણીને પ્રધાન અને પ્રજા રાજી રાજી થઈ ગયાં. રાણીજીના આનંદનો કાંઈ પાર નહિ. એ તો ઘડીવાર શરદને અળગો મૂકે નહિ અને પગલે પગલે શરદને ખમા ખમા કરે.

શરદનાં આનંદસુખનો પણ કોઈ પાર ન હતો. રાજ અને રાણીનાં આનંદસુખમાં તો વનવગડામાં પડેલાં તેની પત્ની, તેનો બાળક કે ભાઈ હેમંતને પણ ભૂલી ગયો. રાજ-કાજમાં તેનું મન એવું ડૂબી ગયું છે કે એને ગઈકાલની વાત પણ યાદ આવતી નથી.

૩

ત્યાં જંગલમાં શું થયું ? ભાભી તથા બાળકની ચોકી કરતો હેમંત બેઠો હતો અને હમણાં શરદ આવશે, સાથે અગ્નિ લેતો આવશે એમ રાહ જોયા કરતો હતો. રાત વીતી ગઈ અને સવાર પડી તો યે શરદનો પત્તો ન હતો. સવાર પડી એટલે તે આસપાસ ક્યાંયથી શરદ આવતો હોય તો જોવા લાગ્યો. જોતો જોતો તે નદીકાંઠે આવ્યો, પણ ક્યાં યે શરદ દેખાયો નહિ. શરદનું શું થયું હશે, ભાભી અને બાળકનું શું થશે એ વિચારે હેમંતને મનમાં ખૂબ લાગી આવ્યું અને તે રડી પડ્યો. નદીકાંઠે બેઠો બેઠો હેમંત રડ્યા કરે. ત્યાં નદીમાંથી એક વહાણ પસાર થયું. વહાણમાં એક વેપારી પોતાને દેશ પાછો ફરે. વહાણમાં બેઠાં વેપારીની નજર હેમંત પર પડી. આ શું ? આ માણસ રડી રહ્યો છે

ને તેની આંખમાંથી આંસુ ઝરે છે કે મોતી? તે ધારીને નજર કરે તો રડી રડીને તેની સામે મોતીનો ઢગલો થયેલો.

વેપારીએ વહાણ ઊભું રખાવ્યું. વહાણને નદીકાંઠે લીધું અને વેપારી નીચે ઊતર્યો. વેપારી હેમંત પાસે ગયો અને જુએ તો ખરેખર તેની સામે સાચાં મોતીનો ઢગલો પડેલો. અજાયબીની વાત એ હતી કે જેમજેમ હેમંત રડતો જતો હતો તેમતેમ તેની આંખમાંથી મોતી ઝરતાં જતાં હતાં અને ઢગલામાં મોતી વધતાં જતાં હતાં. હેમંતે હજી ગઈ-કાલે જ પેલા માછીમારે આપેલ માછલી ખાધી હતી ને?

વેપારીએ પેલા મોતીનો ઢગલો ઉપડાવી લીધો અને મોતી વહાણમાં મુકાવી દીધાં. તેણે તેના નોકરોને હુકમ કર્યો કે પેલા માણસને પકડી લાવો અને વહાણમાં બાંધી રાખો. વેપારીના નોકરો હેમંતને પકડવા આવ્યા. હેમંત સામો થયો, પણ નોકરો ઘણા હતા. બધાએ ભેગા થઈને તેને પકડ્યો અને વહાણ પર લઈ જઈને એક થાંભલા સાથે બાંધી દીધો.

અહીં તેને તેનો ભાઈ શરદ ખૂબ યાદ આવ્યો. તેનું શું થયું હશે? વગડામાં બેઠેલ સુવાવડી ભાભીનું શું થશે? નાના બાળકનું શું થશે? પોતે તો અહીં બંધાઈને પડ્યો છે. જેમ જેમ તેને આ બધું યાદ આવતું ગયું તેમ તેમ એને ખૂબ રડવું આવવા લાગ્યું અને તેમ તેમ એની આંખોમાંથી વધારે ને વધારે મોતી ઝરવા લાગ્યાં. વેપારી હેમંતને રડતો જોઈને ખૂબ ખૂબ રાજી થવા લાગ્યો, કારણકે એની પાસે મોતીનો કોઈ પાર રહ્યો નહિ.

વેપારી પોતાને વતન પહોંચ્યો અને હેમંતને લઈ જઈને પોતાને ઘેર એક ઓરડામાં પૂરી દીધો. હેમંત પોતાની મેળે રડે તો ઠીક, નહિ તો વેપારી પોતાના નોકરોને હેમંતને મારવા મોકલે. માર ખાઈ ખાઈને હેમંત રડી પડે અને આંખમાંથી આંસુને બદલે મોતી ખરે. આ રીતે વેપારી રોજરોજ વધારે ને વધારે શ્રીમંત થતો જાય.

વર્ષો વીત્યાં અને વેપારીની શ્રીમંતાઈનો કોઈ પાર રહ્યો નહિ. દિવસે દિવસે વેપારીની ફાંદ વધતી જાય. વધી વધીને ફાંદ એવડી મોટી થઈ કે વેપારીને પોતાના પગ પણ દેખાતા ન હતા. એક દિવસ હેમંત ઓરડીમાં બાંધેલો છાનોમાનો બેઠો હતો ત્યાં વેપારી ત્યાંથી નીકળ્યો. વેપારી-ના પગમાંથી મોજડી નીકળી ગઈ. ફાંદને લીધે વેપારી નીચે પડેલ મોજડી દેખી શકે નહિ, તેથી તેણે મોજડી ગોતીને પહેરાવવા માટે નોકરોને હાક મારી.

વેપારીની ફાંદની આ દશા જોઈને હેમંતને હસવું આવી ગયું. જેવો તે હસ્યો કે તરત એના મોઢામાંથી હીરા ખરવા લાગ્યા. મોજડી પહેરતો વેપારી આ ફાટ્યે ડાચે જોઈ રહ્યો. એને થયું કે આ માણસ કોઈ અજબનો લાગે છે. રડે છે તો મોતી ઝરે છે અને હસે છે તો હીરા ખરે છે. એણે હેમંત પાસે પડેલા હીરા એકઠા કરી લીધા.

પછી તો એને ઠીક પડે ત્યારે હેમંતને રડાવે અને ઠીક પડે ત્યારે હસાવીને જોઈએ તેટલાં હીરા–મોતી ભેગાં કર્યે જાય. થોડાંક વર્ષમાં તો એના જેવો શ્રીમંત આખા દેશમાં કોઈ રહ્યો નહિ.

૪

ત્યાં જંગલમાં શરદની વહુનું અને બાળકનું શું થયું ? પહેલાં પતિ શરદ ગયો અને પછી તેને શોધવા દેર હેમંત ગયો. એમાંથી એકે ય પાછું ન ફર્યું. પછી એના દુઃખનો શો પાર રહે ?

પહેલી જ સુવાવડ. સુવાવડ આવ્યાંને થોડાક જ કલાક વીત્યા છે. આસપાસ કોઈ કાળા માથાનું માનવી યે નથી. કાળું ઘોર જંગલ, પવન સુસવાટા માર્યા કરે છે. આસપાસ નજર ફેરવતી જાય છે અને બાઈની આંખમાંથી આંસુ વહ્યે જાય છે. રોઈ રોઈ ને બાઈની આંખો સૂજી ગઈ, માથું ભારે થઈ ગયું અને થાકીને ઊંઘમાં પડી ગઈ. પડખામાં બાળક સૂતો છે અને થાકીપાકી બાઈ ઘસઘસાટ ઘોર્યા કરે છે.

આ વખતે ત્યાંથી શહેરનો કોટવાળ પસાર થયો. કોટવાળ કમનસીબ હતો. એને ઘેર બાળક જીવે જ નહિ. એની પત્નીને બાળક આવે અને બાર કલાક વીતે કે બાળક મરી જાય. બિચારો કોટવાળ એને ઘેર આવેલું છેલ્લું બાળક મરી ગયેલું તેને આ વખતે નદીકાંઠે દાટવા જતો હતો.

તે અહીંથી પસાર થયો. તેણે બાઈને દેખી અને બાઈના પડખામાં સૂતેલ બાળકને જોયું. બાળક ભારે સુંદર અને હસમુખું. ઊંઘમાં યે એ હસ્યા કરે અને મુખ પર હાસ્યની રેખાઓ ફરક્યા કરે. કોટવાળને આ બાળક ગમી ગયું. તેને એ બાળક ઉપાડી જવાનું મન થયું.

એણે તરત એ બાળકને ઉપાડી લીધું અને તેની જગ્યાએ પોતાનું મરેલું બાળક મૂકી દીધું.

બાળકને લઈને એ ઘેર ગયો અને તેની પત્નીને કહેવા લાગ્યો: 'બાળક ક્યાં મરી ગયું છે? એ તો આ મજાનું જીવે! તેની પત્ની બાળકને જોઈને હરખઘેલી થઈ ગઈ અને બાળકને લઈને છાતીએ ચાંપ્યું.

થોડી વારે જંગલમાં શરદની વહુ જાગી. જ્યાં પાસે જુએ તો બાળક મરી ગયેલું. એના દુઃખનો કોઈ પાર રહ્યો નહિ. આખી ધરતી એને કાળી ધબ્બ દેખાવા લાગી. ઝાડે ઝાડે એ માથાં પછાડવા લાગી. માથાં પછાડતી જાય અને રડતી જાય. પતિ ખોયો, ઢોર ખોયો અને ફૂલડા જેવું બાળક હતું તે પણ ખોયું. હવે જીવીને કરવું છે શું? ડૂબી મરવાનો તેણે નિશ્ચય કર્યો અને નદી તરફ ચાલી. નદીએ આવીને તે સડસડાટ પાણીમાં ઊતરવા લાગી.

આ વખતે નદીએ એક વૃદ્ધ બ્રાહ્મણ સંધ્યાવંદન કરે. તેની નજર આ બાઈ તરફ જતાં એને થયું કે બાઈ નાહવા જતી હશે. પણ ઊંડાં પાણી આવ્યાં છતાં યે બાઈ સડસડાટ ચાલી જ કાં જાય? ક્યાંક ડૂબી મરવા તો નહિ જતી હોય? આ શંકા આવતાં વૃદ્ધ બ્રાહ્મણે સંધ્યાવંદન પડતાં મૂક્યાં અને પાણીમાં પેલી બાઈ તરફ ઝંપલાવ્યું. પાણીમાં તરતો જાય છે અને બાઈને બૂમ મારતો જાય છે.

બૂમ સાંભળીને શરદની વહુ ઊભી રહી ગઈ. તરત વૃદ્ધ બ્રાહ્મણ તેની પાસે આવીને ઊભો રહ્યો. બ્રાહ્મણ કહે: 'બેટા! આ શું કરે છે?'

શરદની વહુ કહેઃ 'ડૂબી મરું છું, બીજું શું ?' કહેતાં કહેતાં એ રડી પડી અને પોતાના દુઃખની કથની તેણે વૃદ્ધ બ્રાહ્મણને પહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવી.

બ્રાહ્મણ કહેઃ 'બેટા, દુનિયામાં સુખદુઃખ તો ચાલ્યાં જ છે. ચાલ મારે ઘેર. મારે કાંઈ છોકરું નથી. તું જ મારે દીકરી!'

માંડ શરદની વહુ માની અને પાછી વળી. વૃદ્ધ બ્રાહ્મણ શરદની વહુને લઈને ઘેર આવ્યો. ડોસી દીકરીને જોઈને રાજી રાજી થઈ ગઈ. દીકરીની જેમ જ શરદની વહુને સાચવવા લાગી.

વર્ષો તો પાણીની પેઠે વહી ગયાં. કોટવાળનો છોકરો મોટો થયો. એનાં બાહુબળ અને જોરનો કોઈ પાર નહિ. તોફાન અને ધીંગામસ્તીનો પણ પાર નહિ. આસપાસ એનાં તોફાન જાણીતાં થઈ ગયાં. જોતજોતાંમાં તે જુવાન થઈ ગયો.

કોટવાળનું ઘર આ વૃદ્ધ બ્રાહ્મણના ઘરની પાસે જ. કોટવાળને દીકરે બ્રાહ્મણની આ દીકરીને જોઈ. બ્રાહ્મણની દીકરીનાં રૂપ જોઈને એના પર મોહી ગયો. જઈને તેણે તેના બાપ–કોટવાળને વાત કરી, કે 'બસ, પરણું તો બ્રાહ્મણની એ દીકરીને જ પરણું.'

કોટવાળે વૃદ્ધ બ્રાહ્મણ પાસે તેની દીકરીનું માગું નાખ્યું. બ્રાહ્મણના ક્રોધનો કોઈ પાર રહ્યો નહિ. કોટવાળના દીકરા માટે બ્રાહ્મણની દીકરીનું માગું ? નીચી જ્ઞાતિવાળો ઊંચી જ્ઞાતિવાળાની દીકરીનું નામ લેતાં શરમાતો યે નહિ હોય ? બ્રાહ્મણે ચોકખીચટ ના સંભળાવી દીધી.

પણ કોટવાળનો દીકરો તો હઠ લઈ બેઠો, કે 'એ છોકરીને પરણું તો જ ખરો.' સીધી રીતે ન પરણાવે તો તેણે બ્રાહ્મણના ઘરમાં ઘૂસીને એની છોકરીને ઉપાડી આવવાનો મનસૂબો ઘડ્યો.

એક દિવસ સાંજ પડી, રાતનાં અંધારાં ઘેરાયાં અને જળ જંપી ગયાં ત્યારે કોટવાળનો છોકરો બ્રાહ્મણના ઘર પાછળ પહોંચ્યો અને ગાયની કોઢના છાપરા પર ચડ્યો. ત્યાં બેઠો બેઠો આસપાસ નજર ફેરવે ત્યાં તેણે કોઢમાં વાછડા–વાછડીને વાત કરતાં સાંભળ્યાં. આ શું? વાછડો–વાછડી માણસની જેમ વાતો કરે છે! એ કાન દઈને સાંભળવા લાગ્યો.

વાછડો કહે: 'વાછડીબેન! વાછડીબેન! હવે તો ધરતી રસાતાળ જવા બેઠી લાગે છે. લોકો વાતો કરે છે કે આપણને ઢોરને જ નીતિ–નિયમ ન મળે, પણ માણસ-જાતમાં યે નીતિ–નિયમ ક્યાં રહ્યાં છે?'

વાછડી પૂછે: 'વાછડાભાઈ! એવું તેં શું જોયું કે આવાં કડવા વેણ બોલવાં પડે છે? કાંઈ વાત કર તો સમજ પડે.'

વાછડો કહે: 'હેં વાછડીબેન! માણસજાતમાં મા-દીકરા પરણે એવું તેં કદી જોયું છે?'

વાછડી કહે: 'ના રે! જોયું તો શું, સાંભળ્યું પણ નથી.'

વાછડો કહે: 'તો સાંભળ, આપણા નગરમાં દીકરો માને પરણવા તૈયાર થાય એવી વાત બની છે.'

વાછડી પૂછે: 'એવો તે કયો પાપી જાગ્યો કે માને પરણવા ચાલ્યો?'

વાછડો કહે: 'બીજું કોણ હોય? આપણા કોટવાળનો દીકરો પોતે જ. આ પાપિયો પોતાની માને પરણવાનું વેન લઈને બેઠો છે.'

વાછડી પૂછે: 'પણ એણે તો આપણે ઘેર બ્રાહ્મણની દીકરીનું માગું કર્યું છે; એ એની મા કેમ કરીને થાય? તને ય આજે કંઈ ચરવામાં વાયડું આવી ગયું નથી ને?'

વાછડો કહે: 'સાંભળ ત્યારે સાચી વાત. એક શહેરમાં શરદ અને હેમંત નામના બે ભાઈઓ રહેતા હતા નવી માની હેરાનગતિથી બેઉ ઘેરથી ભાગી નીકળ્યા. જંગલમાં શરદની વહુને એક બાળક અવતર્યું. બાળકને શેક કરવા શરદ અગ્નિ શોધવા નીકળ્યો અને તેને આપણા ગામનો હાથી ઉપાડી લાવ્યો. અને શરદને રાજા સ્થાપ્યો.

'એ પછી મોટાભાઈને ગોતવા હેમંત નીકળ્યો. રડતી વખતે હેમંતની આંખમાંથી મોતી ઝરતાં જોઈને તેને આપણા ગામનો જ પેલો મોટો વેપારી પકડી લાવ્યો. હજી યે તેની પાસેથી હીરામોતી પડાવવા માટે વેપારી હેમંતને હસાવવા અને રડાવવા માર્યા કરે છે.

'શરદની વહુ બાળકને લઈને સૂતેલી ત્યાં કોટવાળ નીકળ્યો અને બાળકને પોતાને ઘેર ઉપાડી લાવ્યો. પણ પતિ, દેર અને દીકરો–ત્રણે ય ગુમાવીને એના દુઃખમાં શરદની વહુ નદીએ ડૂબી મરવા ચાલી. પણ બ્રાહ્મણબાપાએ એને ડૂબી મરતાં અટકાવી અને આપણે ઘેર દીકરી કરીને રાખી.

'આ દીકરીનું માગું કોટવાળનો દીકરો નાખે તો પછી મા દીકરો પરણે એવું થાય ને? આવા પાપનો ભાર ધરતી શી રીતે ઝીલી શકે? આપણા બ્રાહ્મણબાપાએ માગું પાછું ઠેલ્યું તો પેલો કોટવાળનો પાપી દીકરો અત્યારે એને ઉપાડી જવા આપણે છાપરે ચડીને બેઠો છે.'

કોટવાળનો દીકરો છાપરે બેઠો બેઠો આ બધું સાંભળે. જેમ જેમ વાછડાની વાત સાંભળતો ગયો તેમ તેમ અજાયબી પામતો ગયો. થોડી વારે વાછડો ને વાછડી વાત કરતાં બંધ થયાં કે કોટવાળનો દીકરો છાનોમાનો છાપરેથી નીચે ઊતરી ગયો અને તેને ઘેર ચાલ્યો. જઈને આખી રાત ઊંઘી રહ્યો.

સવારે ઊઠતાંવેંત તેણે તેના બાપા પાસે માગણી કરી: 'મારે તો આજે રાજાજીને મળવું છે. કોટવાળને થયું કે આ તોફાની દીકરો રાજા પાસે જઈને કોણ જાણે કેવાં ય તોફાન કરશે. તેણે ઘણી યે ના પાડી પણ છોકરો એકનો બે ન થયો. છેવટ થાકીને કોટવાળ રાજા પાસે ગયો અને મુલાકાતની માગણી કરી. રાજાએ હા પાડી એટલે કોટવાળનો દીકરો રાજા પાસે પહોંચ્યો.

કોટવાળના દીકરાએ રાજાને પેલા છાપરા પરથી વાછડા–વાછડીની સાંભળેલી શરદ અને હેમંતની વાત કરી. જેમ જેમ રાજા એ વાત સાંભળતો ગયો તેમ તેમ તેને તેની પત્ની, પુત્ર, ભાઈ હેમંત યાદ આવતાં ગયાં. તરત જ તેણે પોતાની પત્નીને વૃદ્ધ બ્રાહ્મણને ઘેરથી પાલખી મોકલીને તેડાવી લીધી. ઘણે વર્ષે ભેગાં થતાં શરદ અને

એની વહુની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. શરદની વહુનાં માનપાન રાજ્યમાં વધી ગયાં અને તેને પટરાણી સ્થાપવામાં આવી.

કોટવાળના દીકરાને યુવરાજ તરીકે સ્થાપવામાં આવ્યો. તરત શહેરના વેપારીને ત્યાં નોકરો દોડ્યા અને અંધારી કોટડીમાંથી હેમંતને છોડાવી લાવ્યા. આટલાં વરસ હસી-રડીને હેમંત હાડકાંના માળખા જેવો થઈ ગયેલો. પેલા વેપારીને બોલાવીને તેના આ દુષ્ટ કર્મ માટે જીવતે જીવતો બાળી નાખ્યો અને હેમંત તથા શરદ ભેટી પડ્યા.

આ પછી શરદ, તેની વહુ, દીકરો અને ભાઈ હેમંત સૌ સુખે સાથે રહ્યાં, ખાધુંપીધું અને આનંદથી રાજ કીધું.

વિચાર કર, રાજા !

બંગાળ દેશમાં એક રાજા રાજ કરે. રાજાને ત્રણ કુંવર. કુંવરની મા રાજરાણી મરી ગયાં એટલે રાજા બીજી રાણી પરણ્યો. બીજી રાણીને એકે ય કુંવર નહિ. બીજી રાણીની આંખોમાંથી ત્રણે કુંવર પર ઝેર વરસ્યા કરે. રાણી આ કુંવરોની વિરુદ્ધ રાજાના કાન ભંભેર્યા કરે, પણ રાજા રાણીજીની વાતને રોળીટોળી નાખે.

એક દિવસ રાજા કચેરી ભરીને બેઠો છે. એના સાત વીસ સામંતો વીરાસન વાળીને ઢાલ–તલવાર ખોળામાં લઈને બેઠા છે. રાજાની એક બાજુ પ્રધાન અને બીજી બાજુ ત્રણ કુંવર બેઠા છે. ત્યાં તો મહેલને દરવાજે પોકાર સંભળાયો: 'રાજાસાહેબ, ફરિયાદ! રાજાસાહેબ, ફરિયાદ!'

રાજાએ કહ્યું: 'જે હોય તેને હાજર કરો.'

ચોપદારો જઈને પ્રજાના આઠ–દસ ફરિયાદીઓને લઈ આવ્યા.

રાજા કહે: 'મારી પ્રજાને શાં દુ:ખ?'

રૈયત કહે: 'રાજાસાહેબ! શહેરમાં રહેવાય તેમ નથી. ચોરનો રાફડો ફાટ્યો છે. ચોરીનો આરોવારો નથી. આખી

રાત જાનમાલ સાટે જાગવું પડે છે. ઊંઘનું એકાદ ઝોલું ય આવી જાય તો ઘરવખરી લૂંટાઈ જાય છે.'

રાજા કહે: 'અરરર! મારા રાજમાં આટલી બધી ચોરી? હું ઘરડો થયો એટલે મારી પ્રજાને આટલાં દુઃખ?'

આ સાંભળીને રાજાની પડખે બેઠેલ ત્રણેય કુંવર ઊભા થયા. રાજાને પ્રણામ કરીને બોલ્યા: 'અમે જુવાનજોધ બેઠા છીએ અને આપને શી ચિંતા હોય? કાલથી શહેરમાં ચોરી બંધ થઈ જાણજો. અમે પોતે જ રાતે શહેર ફરતો પહેરો ભરશું.

સાંજ પડી અને ત્રણે કુંવર પહેરો ભરવા શહેર તરફ ઊપડ્યા. એકેએક પહેરેગીરને એમણે રજા આપી દીધી.

ત્રણે કુંવરોએ શહેરના ઉગમણા દરવાજાની દેવડીએ થાણું નાખ્યું. થાણા પર તેમના ઘોડા બાંધ્યા. રાતને પહેલે પહોરે સૌથી મોટા કુંવરે પહેરો ભરવાનું માથે લીધું. અને નાના બન્ને ભાઈ સૂઈ ગયા. મોટો કુંવર પોતાના ઘોડા પર સવાર થયો અને શહેરને એક છેડેથી બીજે છેડે અને શહેરની એક શેરીએથી બીજી શેરીએ રોન મારવા લાગ્યો. એની નજરે એક પણ ચોર પડ્યો નહિ. મધરાત થઈ અને વચેટ કુંવરનો વારો આવ્યો અને મોટો કુંવર સૂઈ ગયો. વચેટ કુંવર પણ ઘોડા પર સવાર થઈને આખા શહેરમાં આંટા મારવા લાગ્યો. એનો પહેરો પૂરો થયો ત્યાં સુધી ચોર તો શું, કાળા માથાનો કોઈ માનવી પણ નજરે ન ચડ્યો.

મધરાત વીતી અને સૌથી નાનો કુંવર પહેરા પર

ચડ્યો. સગો હાથ પણ ન દેખાય એવાં કાળાં ઘોર અંધારાં ઘેરાઈ ગયાં છે. જાણે અંધારાંનાં પોટલેપોટલાં ધરતી માથે છૂટી પડ્યાં છે. આવાં અંધારાંમાં ઝીણી નજર ફેરવતો ફેરવતો નાનો કુંવર રાજમહેલ પાસેથી નીકળ્યો ત્યાં તો 'રુમ્મ....ઝુમ્મ....રુમ્મ....ઝુમ્મ' એવા અવાજ એને કાને અથડાયા. ઉઘાડી તલવારે કુંવર જઈને જુએ ત્યાં સોળે શાણુગાર સજેલી એક સુંદરી ચાલી જાય છે.

કુંવરે પડકાર દીધો : 'કોણ એ?'

પેલી સુંદરીએ જવાબ આપ્યો: 'એ તો હું રાજલક્ષ્મી.'

કુંવરે પૂછ્યું: 'અત્યારે મોડી રાતે ક્યાં જાઓ છો?'

રાજલક્ષ્મી કહે: 'આજ રાતે અહીંના રાજાનું મરણ થવાનું છે, એટલે મારી હવે અહીં જરૂર નથી. એ કારણે હું ચાલી જાઉં છું.'

કોનું? પોતાના પિતાનું જ આ રાતે મરણ? પહેલાં કુંવર વિચારમાં પડી ગયો, પણ તેણે ધીરજ રાખીને રાજલક્ષ્મીને પૂછ્યું: 'આજ રાતે રાજાજીનું મરણ શા માટે અને કેવી રીતે થવાનું છે?'

રાજલક્ષ્મી કહે: 'નાના હતા ત્યારે રાજાજીએ ભૂલમાં એક નાગને મારી નાખેલો. હવે એનો દીકરો મોટો થયો છે. આજ રાતે એ પોતાના બાપનું વેર લેવા રાજાજીને ડંખ દેશે ને રાજાજી મરી જશે.'

નાનો કુંવર કહે: 'ધારો કે એ નાગ રાજાજીને ન કરડી શકે અને રાજાજીનું મરણ ન થાય તો તમને રાજમહેલે પાછા ફરવામાં કશો વાંધો છે?'

રાજલક્ષ્મી કહે: 'તો પછી મારે શો વાંધો હોય?'

કુંવર કહે: 'તો તમે રાજમહેલમાં પાછાં ફરો. હું વચન આપું છું કે રાજાજીને હું મરવા નહિ દઉં.'

રાજલક્ષ્મી પાછાં ફર્યાં અને રાજમહલમાં દાખલ થઈ ગયાં. નાનો કુંવર પણ ત્યાંથી ચાલ્યો ગયો.

નાનો કુંવર સીધો રાજમહેલે ઊપડ્યો. સીધો એ રાજાજી જ્યાં સૂતા એ શયનગૃહ તરફ વળ્યો. જઈને જુએ તો રાજાજી સુવર્ણના પલંગમાં ઘસઘસાટ ઊંઘે છે. પાસેના બીજા સુવર્ણના પલંગમાં કુંવરનાં નવાં રાણીમા સૂતાં છે. લીલા કાચના ઝૂમરમાં ચૂવાના તેલે દીવા બળી રહ્યા છે. નાનો કુંવર ઓરડાના એક ખૂણામાં સંતાઈને ઉઘાડી તલવારે ઊભો રહી ગયો.

થોડી વાર થઈ ન થઈ ત્યાં એક કાળો ભમ્મર ફણીધર નાગ ઓરડામાં આવ્યો અને રાજાના પલંગ ફરતા આંટા મારવા લાગ્યો. માથે સૂપડા જેવડી ફેણ ડોલે અને જમીન પર એક એક હાથ ઊભો થઈ જાય. ઝબ્બ....દઈને કુંવરે છલાંગ મારી અને ધડ....દેતી તલવાર ફણીધરને માથે ઝીંકી. ફણીધર નાગના બે કટકા થયા. તરફડ.... તરફડ....કરતાં થોડા વખતમાં ફણીધરના રામ રમી ગયા.

નાનો કુંવર ફણીધરના રાઈ રાઈ જેવડા કટકા કરતો ગયો અને પડખે પડેલ પાનદાનીમાં કટકા ભરતો ગયો. પણ જેવો એ ફેણનો છેલ્લો કટકો કાપવા જાય ત્યાં એનું લોહી ઊડીને પાસે સૂતેલાં નવાં રાણીમાની છાતી પર પડ્યું.

નાનો કુંવર મૂંઝાઈ ગયો. એને થયું: 'મેં પિતાજીને બચાવ્યા, પણ નવાં રાણીમાનું મોત કર્યું.' તરત એને એક વિચાર સૂઝયો. તેણે પોતાની જીભને સાતથરાં કપડાં વીંટ્યાં અને ધીમે ધીમે નવાં રાણીમા પર નમતો ગયો. હળવેક દઈને બાળક માને ધાવી લે તેમ છાતી પર પડેલું ઝેર ચૂસી લીધું અને ઝેરી કપડાને ફગાવી દીધું.

પણ આ દરમિયાન નવાં રાણી જાગી ગયાં. જેવો નાનો કુંવર ઝપાટે બહાર નીકળવા જાય છે ત્યાં નવાં રાણીએ એને જોઈ લીધો. નવી રાણી તેને પકડવા દોડી પણ કુંવર આઘો નીકળી ગયેલો.

બારણામાં ઊભાં ઊભાં નવી રાણીએ બૂમ મચાવી: 'ઊઠો, ઊઠો, રાજાસાહેબ! જુઓ તો તમારા નાના કુંવરનાં પરાક્રમ!'

રાજા છલંગ મારતો પલંગમાંથી ઊતરી ગયો ને પૂછવા લાગ્યો: 'શું છે? કોણ છે?'

નવી રાણી કહે: 'હોય કોણ? તમારો નાનો કુંવર પોતે. હું રોજ કહું છું પણ તમે મારું માનો શાના? હમણાં જ અહીં એ સાહેબ આવેલા અને મારી છાતીને અડતા હતા. એ તો હું જાગી ગઈ કહો ને? આ તમારો ગંગેવ (ભીષ્મ) જેવો નાનો દીકરો! કરો રોજ એનાં વખાણ!'

રાજા ભારે વિચારમાં પડી ગયો. અરરર! મારો દીકરો આવો દુષ્ટ? દરમિયાન નાનો કુંવર ઉગમણે દરવાજે જાણે

કાંઈ ન બન્યું હોય તેમ દેવડીએ પહોંચી ગયો. સવાર પડી ગયું. બીજા કુંવર પણ જાગ્યા. નાના કુંવરે રાતે બનેલી બિનાની કોઈને કશી વાત ન કરી.

૨

સવાર પડી કે તરત જ રાજાએ સૌથી મોટા કુંવરને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: 'ધાર કે કોઈ માણસના વિશ્વાસે વહાણ વહેતું કર્યું ને એ માણસ વિશ્વાસઘાતી નીવડે તો તેને શી સજા કરવી જોઈએ ?

મોટા કુંવરે કહ્યું: 'એવા માણસનું તો માથું જ ઉડાડી દેવું જોઈએ. બાકી એક વાત ખરી. માથું ઉડાડી દેતાં પહેલાં એ ખરેખર વિશ્વાસઘાતી છે કે નહિ તેની પૂરી ખાતરી કરી લેવી જોઈએ.'

રાજાએ કહ્યું: 'એનો અર્થ શો?'

મોટો કુંવર કહે: 'આપ તો વડીલ છો. આપને શું કહું? પણ મેં આવી એક વાત સાંભળી છે તે કહું.

'એક વખત એક ગામમાં બ્રાહ્મણ રહે. બ્રાહ્મણને એક જુવાન દીકરો. બ્રાહ્મણે દીકરાને પરણાવ્યો. દીકરાની વહુને કોઈ ઋષિનું વરદાન કે તે કોઈ પણ પશુપંખી–પ્રાણીમાત્રની ભાષા સમજી શકે. પણ આ વાત બીજું કોઈ તો શું, બાઈનો પતિ યે ન જાણે.

'એક રાતે બાઈ તેના પતિની પાસે ખાટલામાં સૂતી છે. ઘરની પાસે જ એક નદી. નદીને કાંઠે એક શિયાળ

લાળી કર્યા કરે: 'અહાહા! આ નદીમાં એક મડદું તણાતું જાય છે. મડદાની આંગળીએ હીરાજડિત વીંટી છે. કોઈ આ મડદું કાઢીને વીંટી લઈ લે તો એને લાખો સોનામહોર-ની કિંમતની વીંટી મળે, મને મડદું ખાવા મળે અને નદી-માં ગંદવાડ થતો ટળે.'

'પેલી બાઈએ સૂતાં સૂતાં શિયાળને સાંભળ્યું. તે વાત સમજી ગઈ અને હળવેકથી પોતાની પથારીમાંથી ઊભી થઈ અને નદી તરફ ચાલી. બાઈ નો પતિ જાગે. એને થયું: 'આવી અંધારી રાતે આ બહાર કયાં જાય છે? લાવ પાછળ જાઉં.' બાઈને ખબર ન પડે એમ થોડેક છેટે રહીને તેનો ધણી પાછળ પાછળ જવા લાગ્યો.

'બાઈ નદીકાંઠે આવી અને અંદર ઊતરીને પેલા મડદાને બહાર લાવી. મડદાની આંગળીએથી એ વીંટી કાઢવા લાગી. પણ મડદું પાણીમાં ઘણો વખત રહેવાથી ફૂલી ગયેલું, એથી વીંટી બહાર ન નીકળે. કાળી અંધારી રાત, નદીકાંઠો, એમાં વળી બાઈએ મડદું બહાર કાઢ્યું. બાઈ નો ધણી આભો બનીને આ બધું જોઈ રહ્યો છે. ત્યાં તો બાઈ એ વીંટી ખેંચી કાઢવા મડદાની આંગળી મોઢામાં લીધી.

''વોય બાપ રે—આ તે ડાકણ છે કે શું? રાંડ મડદું ખાવા લાગી....' આમ મનમાં બોલતો અને બાઈને મનમાં ગાળો દેતો ધણી બીકનો માર્યો દોડતો દોડતો ઘરમાં ઘૂસી ગયો. સાત ગોદડાં ઓઢ્યાં તોય ખાટલામાં પડ્યો પડ્યો થરથર્યા કરે.

'પાછળથી બાઈએ પેલી વીંટી કાઢી લીધી. વીંટી સાડીને છેડે બાંધી અને ઘેર આવતી રહી. આવીને જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ પોતાની પથારીમાં સૂઇ ગઈ.

''આ રાક્ષસી ક્યાંક રાતની મને ય ખાઈ જાય તો?' એ બીકે બીચારો ધણી આખી રાત પડખાં ઘસતો પથારીમાં જાગતો પડ્યો રહ્યો. સવાર પડી ન પડી ત્યાં એ પોતાના બાપ પાસે દોડ્યો. જઈને એક શ્વાસે બોલવા લાગ્યો: 'બાપા, તમે તો મને રાક્ષસી પરણાવી છે કે શું?'

'બાપ પૂછેઃ 'શું થયું બેટા?'

'દીકરો કહે: 'થાય શું? કાલ રાતે મેં સગી આંખે જોયું, નહિ તો આવી વાત કહું? કાલે રાતે અમે સૂતેલાં ત્યાં દૂરથી શિયાળે લાળી કરી. તરત એ ઊઠી અને નદીકાંઠે ગઈ. હું યે છાનોમાનો પાછળ ગયો. જઇને જોઉં તો નદીમાંથી મડદું કાઢીને બેઠી બેઠી ખાધા કરે. હું તો મૂઠીઓ વાળીને ઘેર ભાગી આવ્યો અને પથારીમાં સૂઈ ગયો. મને આખી રાત ઊંઘ પણ નથી આવી. પોતાનો ભરખ કરીને એ ડાકણ અધીઁ રાતે પાછી આવી અને ઘસઘસાટ ઘોરતી હતી. જાણે કાંઈ બન્યું જ નથી ને! આ ડાકણ કોઈ દિવસ મને ક્યાંક જીવતો ને જીવતો ખાઈ જશે.'

'બિચારો બાપ પણ બધી વાત સાંભળીને આભો બની ગયો. આ ડાકણથી કેમ બચવું એનો વિચાર કરતા બાપ અને બેટો ક્યાં ય સુધી બેઠા રહ્યા. છેવટ એક યુક્તિ રચી કાઢી. વહુને ખોટે બહાને દૂર દૂર જંગલમાં મૂકી

આવવી. ભલે પછી ત્યાં એને સિંહ–વાઘ ફાડી ખાય અને ટાઢે પાણીએ ખસ જાય.’

‘બીજે દિવસે બાઇને તેના ધણીએ કહ્યું: ‘આજે તારે પિયરથી તારાં માવતરનો કાગળ આવ્યો છે. બિચારાં બહુ માંદાં પડી ગયાં છે અને મરણપથારીએ છે. તને છેલ્લી એકવાર મળી લેવા ઝંખે છે, માટે થોડુંઘણું રાંધીને એકદમ તૈયાર થઇ જા.’

‘માબાપના આવા સમાચાર સાંભળીને બાઈ બહુ ચિંતામાં પડી ગઈ. માબાપને મળવા જવાનું થયું એટલે એણે તરત તરત થોડુંઘણું રાંધી નાખ્યું, ભાતું પણ તૈયાર કરી લીધું અને એકદમ પોટકું બાંધીને તૈયાર થઈ ગઈ. થોડુંઘણું શિરામણ કરીને ધણી–ધણિયાણી બાઇના પિયર જવા ઊપડ્યાં.

‘બાઈને પિયર જતાં રસ્તામાં એક મોટું જંગલ આવે. આ જંગલમાં બાઈને મૂકી આવવાનો તેના ધણીનો વિચાર હતો. ધીમે ધીમે જંગલ આવવા લાગ્યું અને ઝાડી વધવા લાગી. ત્યાં બાઈએ એક સાપને ફૂંફાડા મારતો સાંભળ્યો. બાઈએ ધ્યાન દઈને કાન માંડ્યા ત્યાં પેલો સાપ ફૂંફાડા મારતો બોલ્યા કરે: ‘હે વટેમાર્ગુઓ! સામા ટીંબામાં એક દર છે. એ દરમાં એક દેડકો રહે છે. ભરફાડિયો દેડકો તેની નીચે સોનાના અને હીરામાણેકના સાત ચરુ દબાવીને બેઠો છે. દેડકો મારીને આ બાજુ નાખો તો મને દેડકો ખાવા મળે, તમને કરોડોનું ધન મળે અને વગડાનું પાપ ટળે.’

'સાપ જે કાંઈ બોલતો હતો તે બાઇ બરાબર સમજી ગઈ. એ તરત પેલા ટીંબા પાસે ગઈ અને લાકડું લઈને ખોદવા લાગી. બાઈનો ધણી પાસે ઊભો થરથર્યા કરે છે. એને થયું કે અરેરેરે, આ રાંડ ડાકણ મને ક્યાંક આ જંગલ વચ્ચે જ મારીને ખાઈ જશે. મને દાટી દેવા જ આ ખાડો ખોદી રહી છે કે શું?' બિચારો બોલે કે ચાલે. હાથ ભીડીને સાંડ માંડ બીક દબાવીને ઊભો છે.

'થોડીક વાર થઇ ત્યાં ટીંબામાંથી દેડકો નીકળ્યો. બાઈએ ઝાલીને દેડકાનો સાપ તરફ ઘા કર્યો. છલંગ મારીને સાપે દેડકાનેં પકડી લીધો અને નિરાંતથી ખાવા લાગ્યો. હવે બાઈએ ધણીને પાસે બોલાવ્યો. ધણી બીતો બીતો પાસે ગયો. બાઈએ તેને બધું ધન બતાવ્યું. ધણીની આંખો ફાટી રહી. સોનું અને હીરા, માણેક અને મોતીનો પાર નહિ. ધણીએ પૂછ્યું: 'પણ આ બધી તને કેમ ખબર પડી?'

'બાઈએ કહ્યું: 'આટલા દિવસ મેં તમને વાત નથી કરી, પણ મને પશુપંખીની ભાષા સમજવાનું વર-દાન છે. આપણે અહીંથી ચાલ્યાં જતાં હતાં ત્યારે પેલો સાપ બધું બોલ્યો તે મેં સાંભળ્યું અને મને ખબર પડી.'

'ધણી ઊંડા વિચારમાં પડી ગયો: 'અહોહોહો! આવા વરદાનવાળી વહુ મારા ઘરમાં છે! હું તે નસીબદાર જ કે બીજું કાંઈ!'

'તરત જ તેને પેલી મડદાવાળી વાત યાદ આવી

ગઈ. વાત સમજવા તેણે પૂછ્યું: 'થોડા દિવસ પહેલાં એક રાતે તું નદીકાંઠે શું કામ ગઇ હતી?'

'બાઈ કહે: 'તે દિવસે એક શિયાળ લાળી કરતું હતું. તે પરથી ખબર પડેલી તેથી નદીમાં તણાતા મડદા-ની આંગળીએ પહેરેલી વીંટી લેવા હું ગયેલી. એ વાત તમને કહેવી ભૂલી જ ગયેલી. આ રહી તે વીંટી.'

'આમ કહી બાઈએ પોતાની સાડીને છેડે બાંધેલી વીંટી છોડી ત્યાં તો તેના તેજથી બંનેની આંખો અંજાઇ ગઈ. ધણીને થયું: 'આવી સ્ત્રીને હું સિંહ-વાઘ પાસે જંગલમાં મૂકી આવવાનો વિચાર કરતો હતો!' તરત એણે પોતાનો વિચાર ફેરવી નાખ્યો અને બાઈને કહ્યું: 'આપણે માર્ગ ભૂલ્યાં હોઈએ એમ લાગે છે. રાતે જંગ-લમાં ક્યાંક વાઘ-સિંહ આપણને ફાડી ખાશે. એ કરતાં ચાલ પાછાં ઘરભેગાં થઈ જઈએ. આ ધન પણ મૂકતાં આવીએ અને પછી ગાડું કરીને તારે પિયર જશું.'

'બાઇ કહે: 'ભલે.'

'બંનેએ તેમનાથી ઊપડી શકે તેટલાં હીરા-માણેક સાથે ઉપાડી લીધાં અને ઘર તરફ પાછાં વળ્યાં. ઘર પાસે આવ્યાં એટલે ધણી તેની વહુને કહે: 'બાપાએ તારે પિયર જવાનું કહ્યું હતું તેમાંથી આપણને પાછાં વળેલાં જોશે તો ખિજાશે, એટલે તું પાછલે બારણેથી ઘેર જા; હું આગલે બારણેથી જાઉં અને બાપાને આ બધી ધનદોલત બતાવીને સમજાવી લઉં.'

'બાઈ પાછલે બારણેથી ઘરમાં પગ મૂકવા જાય છે ત્યાં એનો સસરો સામો મળ્યો. સસરો પાછળના ભાગમાં પડેલો હથોડો લેવા આવેલ. તેણે પોતાની દીકરા-વહુને જોઈ અને ધારી લીધું કે આ ડાકણ સાચેસાચ મારા દીકરાનો જંગલમાં ભરખ કરીને પાછી ચાલી આવી લાગે છે. ક્રોધમાં ને ક્રોધમાં તેણે પોતાના હાથમાં રહેલા હથોડાનો ઘા બાઈના માથામાં ઝીંક્યો અને બાઈનો જીવ એ જ પળે ઊડી ગયો.

'એ જ ક્ષણે બાપને શોધતો શોધતો દીકરો આગલે બારણેથી દાખલ થઈને અહીં આવી પહોંચ્યો. આવીને જુએ તો તેની વહુને મરેલી દેખી, પણ હવે કોઈના હાથની વાત રહી ન હતી. એણે પોતાના બાપને વાત કરી અને બાપ-દીકરાએ વહુ પાસે બેસીને આંસુ પાડ્યાં.

'આ પરથી હું કહું છું, પિતાજી! કે ગુનેગારનું માથું આપ ઉડાવી દો એ પહેલાં તે ખરેખર ગુનેગાર છે કે નહિ તેની તપાસ કરી લેવી જોઈએ.' આમ કહી મોટા કુંવરે પોતાની વાત પૂરી કરી.

૩

આ પછી રાજાએ વચેટ કુંવરને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: 'કોઈ માણસને વિશ્વાસે વહાણ તરતાં મૂકીએ ને એ માણસ વિશ્વાસઘાતી નીવડે તો તેને શી સજા કરવી જોઈએ?'

વચેટ કુંવર કહે: 'એવા માણસનું માથું જ ઉડાડી

દેવું જોઈએ. પણ એક વાત વિચારવા જેવી ખરી. માથું ઉડાડતાં પહેલાં એણે વિશ્વાસઘાત કર્યો છે કે નહિ તેની પૂરી ખાતરી કરી લેવી જોઈએ.'

રાજા કહેઃ 'એટલે તું શું કહેવા માગે છે?'

વચેટ કુંવર કહેઃ 'આપ તો વડીલ છો. આપને હું શું કહું? પણ આવી એક વાત મેં સાંભળી છે તે કહું.

'એક વખત ઉત્તરાખંડમાં એક રાજા રાજ કરે. રાજાને શિકારનો ભારે શોખ. દોડતાં હરણ પાડે અને સામી છાતીએ સિંહ પાડે. એક વખત રાજા શિકારે નીકળ્યો. સાથે ચાકર–ચોપદારનો આરોવારો નહિ. રાજાએ એક અજાજૂડ સૂવરને જોયો અને તેની પાછળ પડ્યો. આગળ સૂવર અને પાછળ પોતે. પવનવેગે રાજાનો ઘોડો દોડ્યો જાય. ભાગતો ભાગતો સૂવર રાજાને ઘોર જંગલમાં ખેંચી આવ્યો અને પોતે ગીચ ઝાડીમાં અલોપ થઈ ગયો. રાજા પરસેવે રેબઝેબ થતો ઝાડીની પાસે ઊભો રહી ગયો.

'માથે ખરો બપોર તપે એ વખતે રાજાને બરાબર તરસ લાગી. ગળે કાંચકી બંધાવા લાગી. રાજાએ આસપાસ બધે ફરી જોયું, પણ ક્યાંયે તળાવ તો શું, તળાવડી કે ઝરણું યે નજરે ન પડે. આવીને તે એક વડલાને છાંયે ઊભો રહ્યો.

'ત્યાં એણે વડલામાંથી પાણી ઝરતું જોયું. રાજાને થયું કે વરસાદ પડ્યો હશે ત્યારે પાણી વડની કોઈ બખોલમાં ભરાઈ રહ્યું હશે તે ટપકી રહ્યું લાગે છે. લાવ એમાંથી થોડુંક પાણી ઝીલીને તરસ છિપાવું. આમ વિચારીને રાજા

ઘોડા પર બેઠો બેઠો ખડિયામાંથી એક પ્યાલો કાઢીને પાણી ઝીલવા લાગ્યો.

'પણ આ પાણી વરસાદનું ન હતું. વડની છેલ્લી ડાળી ઉપર એક ફણીધર નાગ આંટા માર્યા કરે. છ-છ માસથી ફણીધરને કંઈ શિકાર મળ્યો નથી એટલે ક્રોધમાં ને ક્રોધમાં પોતાની ફેણ ડાળ સાથે પછાડી રહ્યો છે. ફેણનો ભરડો લઈને જોર કરી રહ્યો છે. આ વખતે તેની ઝેરી દાઢ દબાતાં તેમાંથી ઝેર ટપકી રહ્યું છે.

'રાજા ધારે છે કે આ પાણી વરસાદનું હશે. પણ રાજાનો ઘોડો બધું જાણે. ઘોડો દેવાંશી એટલે તેની સમજમાં બધું આવી ગયું. એને મનમાં વિચાર થયો: અહોહોહો, આ પાણીનું એક ટીપું યે મારા માલિકના પેટમાં જાય તો રામ રમી જાયને? ગમેતેમ કરીને રાજાજીને બચાવવા એ મારી ફરજ છે.

'થોડી વાર થઈ તરસ્યો રાજા જ્યાં પ્યાલો મોઢે માંડવા જાય ત્યાં તો ઘોડો ઝાડ થયો અને ડુંગર ડુંગર જેવડી છલાંગો મારવા લાગ્યો. પ્યાલાને સરખો પકડી 'બાપો! બાપો! રેવત!' કહેતો રાજા ઘોડાને કાબૂમાં લેવા ગયો, પણ ઘોડાએ આડીઅવળી દોટો દેવી શરૂ કરી અને દોડાદોડી કરીને રાજાના હાથમાંથી પ્યાલો નીચે પાડી નાખ્યો.

પ્યાલો પડ્યો કે તરત ઘોડો ઊભો રહી ગયો. માંડ મળેલું પાણી ઘોડાએ ઢોળી નાખ્યું એટલે રાજાને ઘોડા પર કાળ ચડી ગયો. નીચે ઊતરીને એણે ઘોડાની ગર-

દન પર તલવાર ઠણુકાવી અને ડોકું દસ હાથ દૂર દડી પડ્યું. તરફડ...તરફડ....કરતો ઘોડો ઘડીકમાં મરી ગયો.

થોડી વાર થઈ ત્યાં રાજાનાં માણસો આવી પહોંચ્યાં. એમાંથી એક માણસને રાજાએ વડ ઉપરની બખોલમાંથી ટપકતું પાણી ભરી આવવા કહ્યું. માણસ પ્યાલો લઈને ઉપર ચડ્યો જઈને જુએ તો એક ફણીધર નાગ ફૂંફાડા મારે, અને એની ઝેરી દાઢમાંથી ઝેર ટપકી રહ્યું છે. 'વોય બાપ રે!' કહેતો માણસ નીચે આવ્યો અને રાજાને વાત કરી. રાજાને પોતાની ભૂલ સમજાઈ અને પોતાને બચાવનાર ઘોડાનો ગુણ સમજાયો. રાજા ઘોડાને ગળે વળગીને રડવા લાગ્યો. પણ હવે એ નકામું હતું.

'આ પરથી હું કહું છું, પિતાજી! કે માણસનું માથું ઉડાવી દો તે પહેલાં તે ખરેખર ગુનેગાર છે કે નહિ તેની ખાતરી કરી લેજો.' આમ કહીને વચેટ કુંવરે પોતાની વાત પૂરી કરી.

૪

આ પછી રાજાએ સૌથી નાના કુંવરને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: 'કોઈ માણસના વિશ્વાસે વહાણ તરતું મૂકીએ અને તે માણસ વિશ્વાસઘાતી નીવડે તો તેને શી સજા કરવી જોઈએ?'

નાના કુંવરે કહ્યું: 'એવા માણસનું તો માથું જ ઉડાવી દેવું જોઈએ. પણ એક વાત વિચારવા જેવી ખરી.

માથું ઉડાવી દેતાં પહેલાં એ માણસ ખરેખર વિશ્વાસઘાતી છે કે નહિ તેની પૂરી ખાતરી કરી લેવી જોઈએ.'

રાજાએ પૂછ્યું: 'એટલે તું શું કહેવા માગે છે?'

નાનો કુંવર કહે: 'આપ તો વડીલ છો. આપને હું શું કહું? પણ આવી એક વાત બની ગઈ સાંભળી છે તે કહું, પિતાજી!

'એક વખત બંગાળ દેશમાં એક રાજા રાજ કરે. રાજાને પોપટનો ભારે શોખ. રાજા પાસે એક અદ્ભુત પોપટ. પોપટ બધાં પશુપંખી તો શું, માનવીની વાચા પણ કડકડાટ બોલી જાણે. રાજા એને ઘડીપળ દૂર ન કરે.

'એક વખત પોપટ તેની પાંખ જરા છૂટી કરવા ખેતરો પર ઊડવા ગયો, ત્યાં એને તેનાં મા અને બાપ મળી ગયાં. ઘણે વખતે દીકરો અને માબાપ ભેગાં થયાં એટલે સૌ બહુ રાજી રાજી થઈ ગયાં. માબાપે પોપટને કહ્યું: 'દીકરા, ઘણાં વર્ષથી તું રાજાજીને ઘેર છો. થોડા દિવસ અમારી પાસે ગાળી જા તો અમને નિરાંત અને આનંદ!'

'પોપટ કહે: 'આવવાની તો મારી યે ઈચ્છા છે, પણ રાજાજીને પૂછ્યા વગર ન આવું. એમ કરો. તમે અહીં રોકાઓ. આવતી કાલે રાજાજીની રજા લઈને હું અહીં આવીશ. રાજાજી મને જરૂર રજા આપશે. એ પછી આપણે સાથે ઊડીને આપણે માળે જશું.'

'પોપટ રાજમહેલે પાછો ફર્યો અને રાજાને બધી વાત કરી. રાજાની ઈચ્છા ન હતી, પણ પોપટને ગમે તે

માટે એણે પંદર દિવસની રજા આપી. પોપટ બીજે દિવસે સવારે તેનાં માબાપને કહેલ તે જગ્યાએ જઈ પહોંચ્યો અને ત્યાંથી તેઓ પોતાના માળા તરફ ઊપડ્યાં. પોપટનાં માબાપ દૂર દૂરના જંગલમાં ઊંચા વડલામાં માળો બાંધીને રહે. દીકરો અને માબાપ પંદર દિવસ સુધી સાથે રહ્યાં. આનંદગેલ કરે, વાતોચીતોનો આરોવારો નહિ, મીઠાં ફળ-ફળાદિ લાવીને રોજ ખાય.

'પંદર દિવસ પૂરા થયા એટલે પોપટે માતાપિતાને કહ્યું: 'રાજાએ આપેલી અવધિ પૂરી થઈ, એટલે મને રજા આપો. આવતી કાલે મારે શહેરમાં પહોંચી જવું જોઈએ.'

'માબાપે તેની વાતની હા પાડી, પણ કહ્યું: 'તું અહીં-થી રાજાજી પાસે જાય ત્યારે તને કાંઈ ખાલી હાથે મોક-લાય છે? રાજાજી માટે અમારા તરફથી કાંઈક ભેટ લેતો જા.'

'રાજાને શી ભેટ મોકલવી તેનો ખૂબ વિચાર કર્યા પછી યાદ આવ્યું કે થોડે દૂર જંગલમાં અમરફળ છે. એવું એક અમરફળ રાજાજી માટે મોકલવું. વહેલી સવાર-માં માબાપ ગયાં અને એક સારું મજાનું અમરફળ લાવીને પોપટને આપ્યું.

'પોપટે અમરફળ પોતાની ચાંચમાં ઉપાડ્યું અને રાજધાની તરફ ઊડવા લાગ્યો. પણ અમરફળમાં ભાર ઘણો હતો. અમરફળ ઉપાડીને ઊડતો પોપટ થાકી ગયો અને રાતે રાજધાનીમાં ન પહોંચી શક્યો. એક જંગલમાં હતો ત્યાં જ રાત પડી ગઈ અને પોપટે એક વડ પર રાત

કાઢવાનો વિચાર કર્યો. પણ અમરફળને રાખવું ક્યાં? ચાંચમાં પકડીને સૂવે તો ઊંઘ આવી ગયા પછી અમરફળ પડી જાય. આસપાસ નજર ફેરવે ત્યાં ઝાડના થડમાં એણે એક બખોલ જોઈ. તેણે અમરફળ બખોલમાં મૂકી દીધું અને પડખેની ડાળીએ બેસીને તે સૂઈ ગયો.

'થયું એવું કે એ બખોલમાં એક સાપ રહે. બખોલમાં આ વળી નવી ચીજ શી આવી પડી એમ વિચારતો સાપ અમરફળને આમતેમ ફેરવવા લાગ્યો અને તેની અંદર દાઢ ભરાવવા લાગ્યો. આમ આખું અમરફળ સાપના ઝેરવાળું થઈ ગયું. વહેલી સવારમાં કાગડા બોલે તે પહેલાં પોપટ ઊઠ્યો. અને અમરફળ ચાંચમાં ભરાવીને ઊડતો ઊડતો રાજમહેલે પહોંચી ગયો.

'સવારના પહોરમાં હજી રાજાજી પોતાના પ્રધાનો સાથે બેઠા વાતચીત કરી રહ્યા છે ત્યાં પોપટ આવી પહોંચ્યો. રાજા પોતાના વહાલા પોપટને જોઈને રાજી થયા. પોપટે તેનાં માતપિતાએ ભેટ તરીકે આપેલ અમરફળ રાજા પાસે ધર્યું. એ વાત જાણીને રાજા વધારે ખુશ થયા. અમરફળ રૂપે રંગે ભારે સુંદર. એના જેવું સુંદર બીજું એક ય ફળ દુનિયામાં નહિ હોય. રૂપરંગ તો ઠીક, જે કોઈ એ ફળ ખાય તે અમર બની જાય એવો એનો ગુણ. ખાનારને પછી મરણનો ભય જ નહિ.

'રાજા ખુશ થઈને એકદમ તે ફળ ખાવા જતો હતો ત્યાં પ્રધાને કહ્યું: 'રાજાસાહેબ! કોને ખબર છે આ

અજાણ્યું ફળ કેવુંય હોય! ખાતરી કર્યા વગર આપ ખાઓ એ બરાબર નહિ.'

'રાજાએ તરત એમાંથી એક કટકો કાપીને દીવાલે બેઠેલા કાગડા તરફ ફેંક્યો. પણ જેવો કાગડાએ એ કટકો ખાધો કે એને સાપનું ઝેર ચડી ગયું અને મરીને એ નીચે ઢળી પડ્યો.

'રાજાને થયું: 'બસ આ પોપટે મારો જાન લેવાનો જ પેંતરો રચેલો. માબાપ પાસે ગયેલો એટલે પાછા ચાલ્યા જવાની એની ઈચ્છા હશે, તેથી મને મારી નાખવાનું આ કાવતરું કર્યું હોવું જોઈએ.' આમ સમજીને તરત જ રાજાએ પોપટને ક્રોધમાં ને ક્રોધમાં પકડ્યો અને તેનું ગળું મરડી નાખ્યું. એ જ ઘડીએ પોપટનો જીવ ઊડી ગયો.

'રાજાએ અમરફળનાં બી બગીચામાં વવરાવ્યાં. થોડા માસમાં ત્યાં અમરફળનું એક સુંદર મજાનું ઝાડ ઊગ્યું. થોડાક દિવસમાં ઝાડને રૂપાળાં અમરફળ આવ્યાં. રાજાએ એ ઝાડની આસપાસ વાડ કરાવી અને પડખે પહેરો મૂક્યો, જેથી કોઈ ભૂલમાં એ ફળ ખાઈ ન જાય અને મરી ન જાય.

'એ શહેરમાં એક બ્રાહ્મણ અને બ્રાહ્મણી રહે. બિચારાં એવાં ગરીબ કે સવારનું લાવીને સવારે ખાય અને સાંજનું લાવીને સાંજે ખાય. બ્રાહ્મણ બિચારો એક મામ

ફરે તો ય ચપટી લોટ મળે અને સાત ગામ ફરે તો ય ચપટી લોટ મળે.

'બ્રાહ્મણ એક દિવસ પસ્તાવો કરતો કહે: 'આમ ભીખી ભીખીને દિવસ કાઢવા એ કરતાં રાજાની વાડીનું પેલું ઝેરી ફળ ખાઈ લીધું હોય તો બધી લપ ટળે. કોઈક દિવસ એ ફળ ખાઈને જિંદગી પૂરી કર્યા વગર આરો નથી.'

'એક રાતે બ્રાહ્મણ–બ્રાહ્મણી સૂતાં હતાં ત્યાં બ્રાહ્મણ પથારીમાંથી છાનોમાનો ઊભો થયો અને હળવેથી ઘર બહાર નીકળ્યો. બ્રાહ્મણી પડી પડી પથારીમાં જાગતી હતી. તે પણ ઊઠી અને ધીમે ધીમે બ્રાહ્મણની પાછળ પાછળ જવા લાગી. એને થયું કે બ્રાહ્મણ પેલું ઝેરી ફળ ખાઈને મરવા જતો લાગે છે. પણ એ જો મરી જાય તો મારે જીવીને શું કરવું છે?

'બરાબર મધરાત થઈ ગઈ એવે વખતે બ્રાહ્મણ રાજાને બગીચે આવીને ઊભો રહ્યો. ઝાડ પાસેનો ચોકીદાર બિચારો ઝોલે ગયેલો. બ્રાહ્મણે છાનુંમાનું જઈને ઝાડ પરથી એક ઝેરી ફળ તોડ્યું અને ખાઈ ગયો.

'તરત બ્રાહ્મણી પણ આવી અને હળવેથી બોલી: 'તમે મરી જાઓ તો મારે જીવીને શું કરવું છે? લાવો, હું પણ એક ફળ ખાઈ જાઉં.' આમ કહીને બાઈએ પણ એક ફળ તોડ્યું અને ખાઈ ગઈ.

'થોડીક વાર ઊભા રહ્યાં, પણ બેમાંથી એકે ય મર્યું નહિ. ઝેરને ચડતાં વાર લાગતી હશે એમ વિચારીને તેઓ

ઘેર પાછાં આવ્યાં અને પથારીમાં સૂઈ ગયાં. તેઓ વિચાર કરે છે કે હવે આ ઊંઘમાંથી ક્યાં ઊઠવાનું છે?

'પણ પરોઢિયું ગયું, સવાર થઈ તો ય હજી જીવ કાં ન જાય? જીવ જવાની વાત ઘેર ગઈ પણ દિવસના અજવાળામાં તેઓ એકબીજા સામે નજર કરે ત્યાં એકબીજાને ઓળખે પણ નહિ તેવાં શરીર થઈ ગયેલાં. બંનેની કાયા કંચનવરણી થઈ ગયેલી.

'ઘર બહાર નીકળે તો આડોશીપાડોશી પણ તેમને કોઈ ઓળખે નહિ. વૃદ્ધ બ્રાહ્મણના મોઢા પરથી કરચળી ચાલી ગયેલી, ધોળા વાળ જઈને કાળા વાળ આવી ગયેલા. આંખો ચમકયા કરે, શરીર જુવાનજોધ જેવું થઈ ગયેલું. વૃદ્ધ બ્રાહ્મણીનાં એવાં રૂપ થઈ ગયેલાં કે રાજાની રાણી પણ એની સામે ઝાંખી લાગે.

'વાયુવેગે વાત ગામમાં ફેલાઈ ગઈ અને ઠેઠ રાજા પાસે વાત પહોંચી. રાજાએ બ્રાહ્મણ–બ્રાહ્મણીને પોતાની પાસે બોલાવ્યાં અને આ બધું કેમ થયું એ વિષે પૂછવા લાગ્યાં.

'બ્રાહ્મણ–બ્રાહ્મણી કહે: 'અમને બીજી કાંઈ ખબર નથી, પણ આ દુઃખી જીવનનો અંત આણવા અમે ગઈકાલે બગીચામાં ઝેરી ફળ ખાવા ગયેલાં. એ ફળ ખાધા પછી આમ થઈ ગયું છે.'

'રાજાએ તરત એ ઝાડનું ફળ મંગાવીને ખાધું ત્યાં એની કાયા પણ સોનાવરણી થઇ ગઇ. રાજાને પોતાનો વહાલો પોપટ યાદ આવ્યો. પૂરું જાણ્યા વગર પોતાને જ હાથે પોતાનો પોપટ મારી નાખ્યો તેથી રાજાને ઘણો

પસ્તાવો થયો. અને પોપટને સંભારીને રડવા લાગ્યો. પણ હવે શું થાય?

'આ પરથી હું કહું છું, પિતાજી! કે ગુનેગારનું માથું ઉડાડી દો તે પહેલાં એ ખરેખર ગુનેગાર છે કે નહિ તેની પૂરી ખાતરી કરી લેજો.' આમ કહીને નાના કુંવરે વાત પૂરી કરી.

રાજાએ કહ્યું: 'આ બધી વાત મૂકી મૂળ મુદ્દાની જ વાત તને પૂછું. ગઈ કાલે રાતે તું મારા ઓરડામાં શા માટે આવેલ એ કહે જોઈએ? તારાં નવાં રાણીમાએ તારી સામે ફરિયાદ કરી છે.'

નાનો કુંવર કહે: 'ઓહો! એ જ વાત છે ને? ત્યારે તો મારતાં પહેલાં મને સાંભળી જ લો.

'કાલે રાતે ચોકી કરતાં કરતાં મેં એક બાઈને રાજ-મહેલમાંથી ચાલી જતી જોઈ. પૂછતાં તેણે કહ્યું કે હું રાજલક્ષ્મી છું અને આજે રાજાને સાપ ડસવાનો છે તેથી ચાલી જાઉં છું. મેં તેને પાછાં વળવાનું કહ્યું અને હું આપના શયનભવનમાં આવ્યો. થોડી વારે એક ફણીધર નાગ આવ્યો. આપના પલંગની આસપાસ આંટા મારવા લાગ્યો. તેને મેં મારી નાખ્યો. તેના કટકા કરતાં તેના ઝેરનો એક છાંટો મારાં નવાં રાણીમાની છાતી પર પડ્યો. મને થયું કે પિતાજીને તો બચાવ્યા, પણ માનો જીવ લીધો. તરત મેં સાતથરું કપડું જીભે વીંટીને એ લોહી ચૂસી લીધું અને કપડું બહાર ફગાવી દીધું. આ વખતે

નવાં રાણીમા જાગી ગયેલાં ખરાં, પણ બહાર ચોકી કરવાની હતી તેથી હું તરત જ ચાલ્યો ગયેલો. વાત આમ બની છે. હવે આપને ખુશીથી મારું માથું ઉડાવી દેવું હોય તો ઉડાવી દો.'

રાજા કહે: 'પણ આ બધી વાતની સાબિતી શી?'

નાનો કુંવર કહે: 'સાબિતી......? આપના શયનભવનમાં તપાસ કરાવશો તો પેલા ફણીધરના કટકા મેં પાનદાનીમાં ભરી રાખ્યા છે તે મળી આવશે. અને આથમણી બારીએ તપાસ કરાવશો તો ઝેર ચૂસવા મેં જીભે વીંટેલ સાતથરું કપડું નાખેલું એ મળી આવશે. રાજાએ તપાસ કરાવતાં બંને ચીજ મળી આવી. એ જ વખતે રાજા પાસે રાજલક્ષ્મી પ્રગટ થયાં અને કુંવરની વાતને સાક્ષી આપીને અલોપ થઈ ગયાં. રાજા તેના નાનાકુંવર ઉપર રાજી રાજી થઈ ગયા. તેના પર હતાં તે કરતાં હેત અપાર વધી ગયાં. આ પછી નવી રાણીએ કુંવરોની વિરુદ્ધ રાજાના કાન ભંભેરવાનું છોડી દીધું અને સૌએ ખાધુંપીધું અને રાજ કર્યું.

સંત અને વસંત

કોઈ શહેરમાં એક બ્રાહ્મણ અને બ્રાહ્મણી રહે. બ્રાહ્મણ સીધોસાદો અને થોડામાં સંતોષ માનનારો. પણ બ્રાહ્મણી ભારે ખીજણુ અને ઝઘડાખોર. બ્રાહ્મણ શહેરમાંથી પેટજોગો લોટ માગી આવે. તેમાંથી બન્નેનું પેટ ભરાઈ જાય. પણ એથી બ્રાહ્મણીને જરા ય સંતોષ ન થાય. બ્રાહ્મણ સાથે રોજ ઝઘડો કરે અને કહે કે હજી લાવો, હજી લાવો. બિચારો બ્રાહ્મણ હેરાન હેરાન થઈ જાય.

એક વખત એવું થયું કે બ્રાહ્મણ લોટ માગવા આઘો નીકળી ગયો અને બે–ત્રણ દિવસે પાછો ફર્યો. દરમિયાન રાજાને ત્યાં ગોશત* યજ્ઞ થઈ ગયો. રાજાએ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું અને મજાની સો ગાયો દાનમાં આપી.

આ વાત બ્રાહ્મણીને કાને આવી. તેને ભારે દુઃખ થયું. ત્રાડુકતી તે બોલી: 'કેવો અભાગિયો છે? આજે ઘેર હોત તો એવી ગાય મળી જાત કે ઘરમાં દૂધની નદી ચાલી જાત. પણ આ તો કરમનો ફૂટેલ છે.' બ્રાહ્મણી દાંત કચકચાવતી બેઠી રહી.

ત્રીજે દિવસે બ્રાહ્મણ ઘેર આવ્યો. હજી બિચારો બેઠો

* જેમાં સો ગાયોનું દાન અપાય તેવો યજ્ઞ.

ન બેઠો ત્યાં તો બ્રાહ્મણીએ તેને ઊધડો લીધો અને કહ્યું: ' અબઘડીએ જ રાજા પાસે જાઓ અને દાનમાં આપણા ભાગની ગાય લઈ આવો. '

બ્રાહ્મણ રાજા પાસે ગયો અને તેને પણ ગાય મળી ગઈ. બ્રાહ્મણી બહુ રાજી થઈ ગઈ.

થોડાક મહિના વીતી ગયા ત્યાં ગાય ગાભણી થઈ અને વસૂકવા લાગી. જ્યાં સુધી ગાય દૂધ આપતી હતી ત્યાં સુધી તો બ્રાહ્મણીને ગાય વહાલી લાગતી હતી. પણ જેવી ગાય વસૂકવા લાગી કે બ્રાહ્મણીની આંખમાં તે ખટકવા લાગી. એક દિવસે તેણે બ્રાહ્મણને કહ્યું: ' આ હાથણીને હવે ઘેર શા માટે બાંધી રાખી છે? એના દાંત દેખાડી દેખાડી મારો જીવ બાળ્યા કરે છે. કોણ જાણે ક્યારે વિયાશે ને મને દૂધ દેશે. મારે એની ચાકરી ક્યાં સુધી કરવી? એને કોઈ જંગલમાં મૂકી આવો તો જ હું અન્નપાણી લઉં. '

બિચારો બ્રાહ્મણ ગાયને લઈને એક જંગલમાં મૂકી આવ્યો.

ચરતી ચરતી ગાય એક વાઘની ગુફા પાસે આવી પહોંચી. વાઘે ગાયને આવતી જોઈને વાઘણને કહ્યું: ' આજે તો ભગવાને ઘેર બેઠાં મહેર કરી. કેવી મજાની ગાય છે! ' આમ કહેતાં તેના મોઢામાં પાણી આવી ગયાં.

ધીમે ધીમે ગાય બરાબર વાઘની ગુફા પાસે આવીને ઊભી રહી. એને દબાવી દેવા માટે વાઘ પેંતરો રચીને ઊભો થયો કે વાઘણ બોલી: ' સાંભળો, એને મારો મા.

એના પેટમાં બચ્ચું છે અને મારા પેટમાં પણ બચ્ચું છે. અમે બન્ને સાથે રહેશું અને આનંદગુલતાન કરશું.'

વાઘ કહે: ' ભલે.'

તે દિવસથી ગાય અને વાઘણ સાથે રહે. થોડાક મહિના ચાલ્યા ગયા. એવામાં એક દિવસ કોઈ શિકારી ત્યાં જ આવી પહોંચ્યો અને વાઘને મારી નાખ્યો. બિચારી વાઘણ અને ગાય બચી ગયાં. થોડા દિવસ બાદ બન્નેને એક એક બચ્ચું આવ્યું. બચ્ચાં મોટાં થયાં કે એક-બીજા સાથે ખેલવા-કૂદવા લાગ્યાં. બે ય બહેનોએ બચ્ચાંનાં સામસામાં નામ પાડ્યાં. ગાયે વાઘણના બચ્ચાનું નામ પાડ્યું 'વાઘ-રાજ' અને વાઘણે ગાયના બચ્ચાનું નામ પાડ્યું 'વચ્છરાજ.' વાઘરાજ અને વચ્છરાજ વચ્ચે ભારે દોસ્તી જામી ગઈ.

એક દિવસ ગાય અને વાઘણ નદીમાં પાણી પીવા ગયાં. ગાય ઉપરવાસ હતી અને વાઘણ હેઠવાસ. ગાયની લાળ વહેતી વહેતી વાઘણના મોઢામાં આવી ગઈ. લાળ વાઘણને બહુ મીઠી લાગી. એને થયું કે જેની લાળ આટલી મીઠી છે તે ગાય કેટલી બધી મીઠી હશે ? આમ વિચારતાં તરત જ એનો જાતિ-સ્વભાવ ઊછળી આવ્યો અને એક છલંગમાં એણે ગાયને સાફ કરી નાખી.

સાંજે વાઘરાજ અને વચ્છરાજ રખડી-ફરીને પાછા ગુફાએ આવ્યા. જુએ તો ગાય ન મળે. વાઘરાજે તેની માને પૂછ્યું: ' હેં મા ! આજે ગાયમાસી ક્યાં ગયાં ? તારી સાથે ઘેર કેમ આવ્યાં નથી ? ક્યાં યે રોકાયાં છે કે શું ?'

વાઘણ શો જવાબ આપે ? બિચારીનું મોઢું પડી ગયું. પણ વાઘરાજે વાત ન છોડી, ત્યારે વાઘણે બધી વાત કહી સંભળાવી. માની આ દુષ્ટતા પર વાઘરાજને ભારે ગુસ્સો ચડયો. ક્રોધમાં ને ક્રોધમાં વાઘરાજે વાઘણને કૂવામાં ધક્કો દીધો. કૂવામાં પડતાં વાઘણ ઘડીકમાં મરણને શરણ થઈ.

હવે વાઘરાજ અને વચ્છરાજ બે ભાઈ બાકી રહ્યા. બન્ને વચ્ચે ભારે હેત. દિવસને વખતે જંગલમાં ગમે ત્યાં રખડ્યા કરે, પણ સાંજને વખતે બન્ને એક જગ્યાએ આવતા રહે.

એક વખત વાઘરાજ કોઈ વણજારાનો બળદ મારીને એક ઘંટડી લઈ આવ્યો. એ ઘંટડી વચ્છરાજને ગળે બાંધીને એણે કહ્યું: 'જો ભાઈ વચ્છરાજ ! તું કયારે ય મુસીબત-માં આવી પડે તો આ ઘંટડી વગાડજે. હું ગમે ત્યાં હોઈશ ત્યાંથી આવી પહોંચીશ.'

થોડા દિવસ બાદ એક વખત વચ્છરાજ કોઈ લીલા-છમ ધાનભર્યા ખેતરમાં જઈ ચડ્યો અને હરિયાળા ધાન પર સારી પેઠે તાપડ દઈને પેટ ભર્યું. આ પછી ડોક ઉછાળી ઉછાળીને એ જોરજોરથી કૂદવા લાગ્યો. સાથે પેલી ઘંટડી પણ વાગવા લાગી.

આ વખતે વાઘરાજ શિકાર સામે તાકીને જ બેઠેલો. એક પલકમાં જ શિકાર એના હાથમાં આવી પડત. પણ જેવો તેણે ઘંટડીનો અવાજ સાંભળ્યો કે તેણે દોટ મૂકી. એને થયું કે મારો ભાઈ વચ્છરાજ સંકટમાં છે. પણ જયાં

તે દોડાદોડ વચ્છરાજ પાસે આવ્યો અને જોયું તો વચ્છરાજ બેઠો બેઠો આનંદથી વાગોળી રહેલો. વાઘરાજે કહ્યું: 'તું તે કેવો છે? તું કોઈ ભયમાં નથી ને નકામી ઘંટડી શા માટે વગાડી? મારો શિકાર નકામો ગુમાવ્યો. જો હવે કદી આમ ખોટી ઘંટડી વગાડીશ મા!'

વચ્છરાજ કહે: 'ભલે. હવે ભૂલ નહિ કરું.'

થોડા મહિના બાદ એક દિવસ એ જંગલમાં થોડાક શિકારી આવી ચડ્યા. તેમણે વચ્છરાજને મારવા માટે ફાંસલો નાખ્યો. વચ્છરાજ ફાંસલામાં ફસાઈ ગયો. બિચારાએ બહુ ધમપછાડા માર્યા, પણ ફાંસલો ન તૂટ્યો. તરત જ એને વાઘરાજ યાદ આવ્યો. તેણે જોર જોરથી ડોક હલાવી ઘંટડી વગાડી.

તે દિવસે વાઘરાજ ભૂખ્યો ડાંસ થયેલો. આખો દિવસ દોડાદોડ કરેલી છતાં એના હાથમાં શિકાર આવેલ નહિ. બરાબર જે વખતે એણે ઘંટડીનો અવાજ સાંભળ્યો ત્યારે તેની સામે એક હરણ દેખાયું. વાઘરાજે વિચાર કર્યો કે 'વચ્છરાજનો શો ભરોસો! એ તો ખોટી ખોટી ઘંટડી વગાડતો હોય છે. પહેલાં પેટ ભરી લેવા દે, પછી એની પાસે જાઉં.' આમ વિચારીને એણે હરણનો શિકાર કર્યો અને ખાવા બેઠો.

પેલી બાજુ શિકારીઓએ વચ્છરાજને મારી નાખ્યો. તેઓ તેને કાપી રહ્યા હતા, ત્યાં શિકાર પતાવીને વાઘરાજ આવી પહોંચ્યો. તેણે શિકારીઓને કહ્યું: 'અરેરે!

તમે મારા ભાઈને મારી નાખ્યો! ભારે ભૂંડી કરી! હવે તમે એક કામ કરો. જંગલમાંથી સૂકાં લાકડાં ભેગાં કરી આવો. તેની ચિતા બનાવો અને વચ્છરાજને તેના પર મૂકી આગ લગાવી દો.'

શિકારીઓ વાઘરાજના કહેવા પ્રમાણે કરતા આવ્યા. ચિતામાંથી ઊંચા ઊંચા ભડકા નીકળવા લાગ્યા કે વાઘરાજ તેમાં કૂદી પડ્યો. થોડી વારમાં બન્ને આગમાં બળીને ભસ્મ થઈ ગયા. આમ વાઘરાજ અને વચ્છરાજ બન્ને ભાઈઓનો અંત આવ્યો.

થોડા દિવસ બાદ, જ્યાં એ બન્ને ભાઈઓ બળી મરેલા ત્યાં બે વાંસ ઊગ્યા અને ધીમે ધીમે વધવા લાગ્યા.

*

આ જંગલ પાસે એક નગર. એ નગરના રાજાની કુંવરીને પ્રતિજ્ઞા હતી કે એકદંડિયા વાંસનો મંડપ થાય તો જ પરણવું. રાજાના માણસો ચારે કોર એકદંડિયા વાંસની ગોતમાં ફર્યા કરે પણ ક્યાંયે એકદંડિયા વાંસ મળે નહિ. આખરે એક માણસ ફરતો ફરતો વાઘરાજની અને વચ્છરાજની ચિતા પર ઊગેલા બે વાંસ પાસે આવી પહોંચ્યો. બન્ને વાંસ એકદંડિયા અને ખૂબ ઊંચા હતા. આથી તે માણસ બંને વાંસને સમૂળા ખેંચીને રાજા પાસે લઈ ગયો. ઘણે વખતે એકદંડિયા વાંસ મળ્યા કે તરત રાજાએ કુંવરીનાં ઘડિયાં લગન લીધાં. મંડપમાં એકદંડિયા વાંસને રોપીને ચોરી રચી. થોડા વખતમાં જાન આવી પહોંચી અને તરત જ કુંવરીનાં લગ્ન થઈ ગયાં.

પણ જ્યારે જાનની વિદાય કરતા હતા ત્યારે અચાનક બન્ને વાંસ ફાટચા અને તેમાંથી ચાંદા–સૂરજ જેવા બે બાળક નીકળી આવ્યા. રાજાને ઘેર પુત્ર નહિ. આથી બધાંને ખૂબ આનંદ થયો. રાણીએ બાળકને તેડી લીધા. રાણી તેમને બન્નેને પોતાના પેટના બાળક સમજીને હેતથી ઉછેરવા લાગી. એકનું નામ પાડ્યું સંત અને બીજાનું નામ પાડ્યું વસંત. સંત અને વસંત દહાડે દિવસે મોટા થવા લાગ્યા.

રાણી જે ઓરડામાં રહેતી હતી તેની છતમાં એક ચકલીએ ઈંડાં મૂકેલાં. ઈંડાંમાંથી બચ્ચાં નીકળ્યા બાદ ત્રણ-ચાર દિવસમાં જ ચકલી મરી ગઈ. બચ્ચાંને ઉછેરવા માટે ચકલો એક બીજી ચકલી લઈ આવ્યો. આ નવી ચકલી બચ્ચાંને ખૂબ હેરાન કરે. રાણી આ બધું જોયા કરે.

એક દિવસ એના મનમાં વિચાર આવ્યો કે ક્યાંક હું મરી જાઉં અને રાજા બીજી રાણી લઈ આવે તો એ પણ મારા કુંવરોને આ ચકલીની જેમ હેરાન કરે ને ? આ વિચાર આવતાં રાણીની આંખમાં આંસુ આવી ગયાં.

બરાબર એ જ વખતે રાજા ત્યાં આવી ચડ્યો. રાણી-ની આંખમાં આંસુ દેખીને રાજા બોલ્યો: ‘ હે રાણીજી ! આપણે ત્યાં આખા મુલકની સાયબી ને તમે કાં રડો ? તમને શાં દુ:ખ ? ’

રાણીએ બધી વાત કરી અને કહ્યું: ‘ મહારાજ ! પ્રતિજ્ઞા લ્યો કે મારા મોત બાદ તમે ફરીથી નહિ પરણો. જો બીજી રાણી આવી તો મારા બાળકનો એ જાન લેવાની.’

રાજાએ વચન દીધું કે 'હું ફરીથી નહિ પરણું.'

ભગવાનને કરવું છે તે બે વર્ષ બાદ રાણી મરી ગઈ. પોતાના વચન પ્રમાણે રાજાને ફરીથી લગ્ન કરવાની ઇચ્છા હતી નહિ. પણ નગરનાં માણસોએ અને પ્રધાને સમજાવી-પટાવીને રાજાનું બીજું લગ્ન કર્યું.

સંત અને વસંત હવે સમજણા થઈ ગયા હતા. બન્ને ભાઈ સાથે રમ્યા કરે અને હેતપ્રીતથી રહે. નવી રાણી એમને જોઈ જોઈને બળ્યા કરે અને વાત વાતમાં તેમને હેરાન કર્યા કરે.

ધીમે ધીમે કેટલાંય વર્ષ વીતી ગયાં. એક દિવસ બન્ને ભાઈ દડે રમ્યા કરે. ભોગજોગે દડો ઊછળીને નવી રાણી પર આવી પડયો. રાણી તો જળતી-સળગતી બેઠી જ હતી. એ જ વખતે તેણે રાજાને બોલાવ્યા અને કહ્યું: 'કાં તો આ ઘરમાં આ બે કુંવર રહે અને કાં તો હું રહું. જો મને અહીં રાખવા માગતા હો તો આ બન્નેને દેશવટે મોકલી દો.'

રાજા ભારે વિચારમાં પડી ગયો. બન્ને કુંવર પર તેને ભારે હેત અને કોઈ રીતે તેમને અળગા કરવા ગમે નહિ. પણ રાણી એકની બે ન થઈ. લોકોએ પણ સમજાવ્યું કે 'હવે તો એ બન્ને મોટા થઈ ગયા છે અને ગમે ત્યાં પોતાનો પેટગુજારો કરી લેશે. અહીં રહેશે તો કદાચ રાણીજી તેમને છાનામાના મારી નાખશે. આ કરતાં તેઓ દેશવટામાંયે જીવતા રહે તો સારું.' છેવટ રાજાએ દુઃખપૂર્વક બન્ને કુંવરને દેશવટાનો હુકમ દઈ દીધો.

ભૂખ્યા–તરસ્યા બન્ને ભાઈ આખો દિવસ ચાલતાં ચાલતાં રાતને વખતે એક અઘોર જંગલમાં આવી પહોંચ્યા. જંગલની વચ્ચે એક કૂવો. કૂવાની પાસે એક વડનું ઝાડ. એની નીચે બન્નેએ રાતવાસો કર્યો.

શિયાળાના દિવસો હતા. કડકડતી ટાઢ હતી. આડે-અવળેથી લાકડાં ભેગાં કરીને તેમણે તાપ કર્યો. કૂવામાંથી પાણી લાવી હાથ-મોં ધોયાં અને ઘાસની પથારી કરીને બન્ને સૂઈ ગયા. સંત તો સૂતાં ભેગો જ ઊંઘી ગયો. પણ વસંતને ઊંઘ ન આવી.

આ વડના ઝાડ પર એક પોપટ અને મેના રહે. એક પહોર રાત વીતી એટલે મેનાએ કહ્યું: 'પોપટ, કાંઈ વાત તો કહે, જેથી રાત વીતે!'

પોપટ કહે: 'આપવીતી કહું કે પરવીતી?'

મેના કહે: 'આપવીતી તો રોજ સાંભળું છું. પરવીતી જ કહે ને?'

પોપટે વડ નીચે સૂતેલા સંત–વસંતની આખી વાત કહી સંભળાવી. છેવટ કહ્યું: 'મેના! બિચારા કસૂર વગરના બન્ને ભાઈને ઘરમાંથી કાઢી મૂકયા છે. બોલ, હવે એ બન્નેને માટે શું કરવું જોઈએ?'

મેના બોલી: 'મારી વાત માન તો એક વાત કહું. મારા માંસમાં એક ગુણ છે. જે કોઈ તે ખાય એના મોઢામાંથી રોજ બે રતન ઝરે અને અર્ધું રાજપાટ મળે.'

પોપટ કહે: 'મારા માંસમાં પણ એક ગુણ છે. જે કોઈ મારું માંસ ખાય એને સવારે ઊઠતાંવેંત રાજ્ય મળે!'

મેના કહે: 'તો આપણે એક કામ કરીએ. આ કરતાં સારો વખત વળી ક્યારે આવશે ? આપણે લીધે આ બન્ને રાજકુંવર હેરાનગતિમાંથી બચી જશે. આપણે બન્ને અત્યારે નીચે આગમાં જઈ પડીએ. તેઓ ભૂખ્યા છે એટલે આપણને ખાઈ જશે ને કાલે તેમને સારાં વાનાં થઈ રહેશે.'

પોપટને આ વાત ગમી. બન્ને ધડાક દેતાં નીચે આગમાં જઈ પડ્યાં. વસંત જાગતો હતો અને મેના–પોપટની વાત સાંભળતો હતો. તેણે સંતને જગાડ્યો. તેણે પોપટ સંતને આપ્યો અને પોતે મેના ખાધી. ખાધા પછી વસંત સૂઈ ગયો અને સંત જાગતો રહ્યો.

થોડી વારમાં એક જાનવર દેખાયું. સંતે ઊઠીને તીર–કમાન હાથમાં લીધાં અને જાનવરની પાછળ પડ્યો. જાનવર આગળ ભાગ્યું. સંત પણ એની પાછળ દોડવા લાગ્યો. જાનવર તો ભારે લુચ્ચું. ન તો એ તીરના નિશાનમાં આવે કે ન આંખ સામેથી અદૃશ્ય થઈ જાય. સંત એની પાછળ દોડી દોડીને થાકી ગયો.

સવાર પડતાં તો એ ઘણે દૂર નીકળી ગયો. એના મનમાં ભારે દુઃખ થયું. શિકાર પણ હાથ ન આવ્યો અને તે ભાઈથી આટલે દૂર આવી ચડ્યો. હવે કરવું શું ? આમ વિચાર કરે છે ત્યાં એની સામે એક શહેર દેખાયું. એને થયું કે આખી રાતનો થાક્યોપાક્યો છું. શહેરમાં કાંઈ ખાઈ–પીને થોડોક આરામ કરી લઉં. એ પછી ભાઈ પાસે ચાલ્યો જાઉં.

સંતને જે શહેર સામે દેખાઈ રહ્યું હતું તેનો રાજા

આગલી રાતે જ મરી ગયેલો. એ રાજાને કાંઈ સંતાન નહિ. આથી જ્યારે માંદો પડ્યો ત્યારે એને ચિંતા થઈ કે તેના મરણ બાદ ગાદી પર કોણ બેસશે ? બહુ જ વિચાર કરીને તેણે પ્રધાનને કહ્યું: 'જુઓ! મારા મોત બાદ બીજી સવારે જે કોઈ પરદેશી સૌથી પહેલો મહેલની સામે આવે, તેને ગાદી પર બેસાડી દેજો.' રાજાની આ આજ્ઞાનું પાલન કરવા માટે રાતથી મહેલ પાસે પહેરેગીર બેસાડી દીધો હતો.

સંત ફરતો ફરતો જેવો મહેલની સામે આવી પહોંચ્યો કે તરત પહેરેગીરે તેને રોકી લીધો. પ્રધાનજીને ખબર મોકલાઈ. તે આવી પહોંચ્યા અને તેમણે સંતને બધી વાત કહી સંભળાવી.

તરત હાથી લાવવામાં આવ્યો અને સંતને હાથી પર બેસાડવામાં આવ્યો. વાજતેગાજતે સંતને રાજદરબારમાં લઈ ગયા અને એને રાજગાદી પર બેસાડવામાં આવ્યો. પોપટની વાત સાચી પડી. રાજગાદીએ બેસતાંવેંત સંતે જંગલમાં વસંતની તપાસ કરાવી, પણ વસંત ત્યાં હતો નહિ. સંતે અડખેપડખે તપાસ કરાવી જોઈ પણ પત્તો લાગ્યો નહિ. વસંતની ચિંતા કરતો કરતો સંત રાજ કરવા લાગ્યો.

આ બાજુ સવારે વસંતની આંખ ઊઘડી. એણે આસપાસ જોયું તો સંત ન મળે. તેને ભારે આશ્ચર્ય થયું. એને કાંઇ કહ્યા–કારવ્યા વગર સંત ગયો ક્યાં ? આ વખતે તેને મેના–પોપટની રાતવાળી વાત યાદ આવી ગઈ. પોપટે કહેલું કે જે મને ખાશે તેને બીજે દિવસે રાજપાટ મળશે.

વસંત ઊઠ્યો અને હાથ-મોં ધોઈને સંતની શોધમાં ચાલવાની તૈયારી કરતો હતો ત્યાં એના મોઢામાંથી બે રતન નીકળી પડ્યાં. વસંતને હવે વિશ્વાસ બેસી ગયો કે માનો ન માનો, સંતને ક્યાંક રાજ્ય મળવાનું હશે તેથી એ ચાલ્યો ગયો છે.

વસંત ત્યાંથી ચાલી નીકળ્યો. ચાલતો ચાલતો કેટલા ય દિવસ બાદ તે એક નગરમાં આવી ચડ્યો. નગર-ના રાજાને એક કુંવર અને ગુલાબના ફૂલ જેવી સુંદર એક કુંવરી. પણ આ રાજ્યમાં શાંતિ નહિ. રાજા અને પ્રજા બિચારાં હેરાન હેરાન હતાં.

વાત એમ હતી કે એક રાક્ષસી રોજ એ નગરમાં આવતી અને જે કોઈ મળે તેને ખાઈ જતી. નગર ઉજ્જડ થતું જતું હતું. બધાના જાન જોખમમાં હતા. રાજાએ ઘણા ઘણા ઉપાય લીધા. દૂર દેશથી શૂરવીરોને બોલાવ્યા, ઇનામ જાહેર કર્યાં, પણ રાક્ષસી કોઇના હાથમાં આવતી ન હતી. કોઈ શૂરવીર થોડીક હિંમત કરતા, પણ જેવી રાક્ષસી સામે આવીને ઊભી રહે કે તેઓ જાન લઈને ભાગી છૂટતા.

છેવટે લાચાર થઈને રાજાએ જાહેરાત કરી: 'જે કોઈ આ રાક્ષસીને મારી લાવશે તેને મારું અરધું રાજ-પાટ આપીશ અને મારી કુંવરી પરણાવીશ.' પણ આથી યે કાંઈ ન થયું. સૌને પોતાનો જીવ વહાલો હતો.

વસંત આ નગરની બહાર બગીચામાં ઊતર્યો. કેટલાય દિવસ ચાલ્યા ગયા. રોજ સવારે એના મોઢામાંથી

બે રતન ઝરે. તેમાંથી એક તે પોતાની પાસે રાખે. બીજું રતન વેચીને ખાવાનું ખરીદે અને આનંદચેનથી રહે.

એક રાતે તે ઝાડ નીચે સૂતો હતો. બરાબર મધરાતને વખતે તેને ભારે અવાજ સંભળાવા લાગ્યો. વસંતની આંખ ઊઘડી ગઈ. એને થયું કે કોઈ જંગલી જાનવર હશે. જાનવરથી બચવા માટે તે ઝાડ પર ચડી ગયો. થોડો વખત ગયો ત્યાં અંગારા જેવી ચળકતી બે આંખો તેના જોવામાં આવી. વસંત સમજી ગયો કે આ તો પેલી રાક્ષસી લાગે છે. જોતજોતાંમાં રાક્ષસીનું શરીર વધવા લાગ્યું અને તે પહાડ જેવડી દેખાવા લાગી. વંસત ઝાડની ડાળી સાથે લપટાઈને બેસી ગયો.

ત્યાં તો રાક્ષસીએ ભયંકર અવાજ કરીને હાથ લાંબો કર્યો. કેવડો મોટો હાથ? બરાબર વાંસ જેટલો લાંબો. વસંતના શરીરને જેવો તે હાથ અડક્યો કે તે ચમકી ઊઠ્યો. એક ઝટકામાં રાક્ષસીએ તેને નીચે ખેંચી લીધો.

વસંત તેના હાથમાંથી છૂટવા માટે ધમપછાડા મારવા લાગ્યો, પણ એનું બળ કેટલુંક ચાલે? રાક્ષસી ભૂખી હતી. તેણે પકડીને વસંતને મોઢામાં મૂકી દીધો. આ તે મોઢું કે મોટી બધી ગુફા? વસંત એના છરા જેવડા દાંતની ઝપટમાં આવતો બચી ગયો અને આખો ને આખો એના પેટમાં ચાલ્યો ગયો.

વસંતને ખાઈને રાક્ષસી આગળ ચાલી. પણ રાજમહેલના દરવાજા પાસે આવતાં તેના પેટમાં ભારે દુઃખ

થવા લાગ્યું. વસંત એના પેટમાં બેઠેલો. એણે વિચાર્યું કે બહાર નીકળવાનો કાંઈક ઉપાય કરવો જોઈએ. એને યાદ આવ્યું કે ખિસ્સામાં કટાર પડી છે. બસ, પછી શો વાંધો ?

વસંતે કટાર કાઢીને રાક્ષસીના પેટમાં હુલાવી દીધી. રાક્ષસી જમીન પર લાંબી થઈને જોરજોરથી ચીસો નાખવા લાગી. એની ચીસો સાંભળીને નગરનાં લોક પોતાનાં કમાડમાંથી સંતાઇ સંતાઈને જોવા લાગ્યાં. રાજાએ પણ જોયું. પણ કોઈની હિંમત ન હતી કે પાસે જાય.

વસંતે ધીમે ધીમે એનું પેટ ચીરી નાખ્યું. લોહીની નદી વહેવા લાગી અને હંમેશને માટે રાક્ષસી લાંબી થઈને પડી ગઈ. લોહીથી તરબોળ વસંત પેટ ચીરીને બહાર આવ્યો. લોકોએ જ્યારે જોયું કે રાક્ષસીના પેટમાંથી એક માણસ નીકળ્યો છે અને તેની પાસે ઊભો છે ત્યારે તેઓ ત્યાં આવ્યાં.

થોડીક વારમાં તો રાક્ષસીને મારી નાખ્યાના સમાચાર નગરભરમાં ફેલાઈ ગયા. રાજા પણ આવ્યા અને તેણે વસંતને છાતીએ દાબ્યો. રાજાએ તેને અરધું રાજ આપી દીધું અને તેની કુંવરી સાથે વસંતના વિવાહ કરી દીધા.

વસંતના દિવસો અહીં આનંદમાં પસાર થવા લાગ્યા.

*

પેલી બાજુ સંત પણ રાજગાદી પર તો બેઠો હતો પણ વસંતની યાદ એક ક્ષણ પણ તેના મનમાંથી દૂર ન થાય. વસંતનો પત્તો મેળવવા તેણે અનેક ઉપાય અજમાવ્યા, પણ ક્યાં ય પત્તો ન લાગ્યો. છેવટ તેને એક ઉપાય

સૂઝ્યો. તેણે આખા શહેરમાં દાંડી પિટાવી કે જે કોઈ માણસ તેને સંત–વસંતની વાત કરશે, તેને લાખ રૂપિયા ઇનામ આપવામાં આવશે. એ જાણતો હતો કે વસંત વગર અમારી આખી વાત કોઈ જાણતું નથી. અને વસંતને આ ખબર મળશે તો એ જરૂર આવી પહોંચશે.

લાખ રૂપિયા મેળવવાની લાલચમાં કેટલાયે લોક સંત-વસંતની વાત મેળવવા માટે આમતેમ દોડવા લાગ્યા. રાજ્યની બહાર પણ એ વાત ફેલાઈ ગઈ અને ધીમે ધીમે આ વાત વસંતને કાને પણ આવી પહોંચી. વસંત સમજી ગયો કે ગમે તેમ, આ વાતની અંદર કાંઈક કરામત લાગે છે. એ પણ ભાઈને મળવા માટે વ્યાકુળ થઈ ગયો.

એક દિવસે રાજાની રજા લઈને વસંત નીકળી પડ્યો. રાજાએ એની સાથે હાથી–ઘોડા મોકલવા ઘણું યે કહ્યું, પણ વસંત ન માન્યો અને એકલો ચાલી નીકળ્યો. થોડા દિવસમાં તે જે નગરમાં સંત–વસંતની વાત માટે લાખ રૂપિયાના ઈનામની દાંડી પિટાયેલી ત્યાં આવી પહોંચ્યો.

ત્યાં પહોંચીને વસંતે એક સાધુનો વેશ પહેરી લીધો. ઘણા યે ભક્તલોક એની પાસે ભેગા થવા લાગ્યા. એક દિવસ કોઈ એક ભક્તે હાથ જોડીને પૂછ્યું: ' મહારાજ, અમારા રાજાએ સંત–વસંતની વાત માટે એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. હજી કોઈ તે વાત કહી શક્યું નથી. આપ એ વાત જાણો છો? એ વાત કહો તો મને એક લાખ રૂપિયા મળે ને મારું આખી જિંદગીનું દાળદર મટે. '

સાધુ બોલ્યો: 'બચ્ચા! અમે સંત-વસંતની વાત જાણીએ છીએ. પણ અમે તો રહ્યા સાધુ. રૂપિયા-પૈસાને અમારે શું કરવા છે? જો તમારા રાજાને વાત સાંભળવી હોય તો અહીં આવે. એને વાત કહી સંભળાવશું.'

એ માણસ દોડતો દોડતો રાજા પાસે જઈ પહોંચ્યો અને હાથ જોડીને બોલ્યો: 'મહારાજ, એક સાધુમહાત્મા આવ્યા છે. તે કહે છે કે હું સંત-વસંતની વાત જાણું છું. પણ રાજા અહીં સાંભળવા આવે તો કહી સંભળાવું.'

સંત એ માણસને સાથે લઈને સાધુ પાસે આવ્યો. દેખતાં જ એ વસંતને ઓળખી ગયો. ખૂબ હેતપ્રીતથી બન્ને ભાઈ એકબીજાને ભેટી પડ્યા. સંત વસંતને હાથી પર બેસાડીને રાજમહેલમાં લઈ ગયો.

એ પછી બંને ભાઈએ સાથે રહીને આનંદથી ખાધું-પીધું ને રાજ કર્યું.

નવરંગ અને સબરંગ

નવરંગ અને સબરંગ નામે બે ભાઈ. નવરંગ મોટો અને સબરંગ નાનો. બન્ને ભાઇ ચોરી અને લૂંટફાટનું કામ કરે. આ કામમાં બન્ને ભારે હોશિયાર. આખું વર્ષ ચોરી-લૂંટ કરે, પણ કોઈના હાથમાં આવે નહિ.

એક વખત બન્ને ભાઇએ વિચાર કર્યો કે જ્યાંત્યાં ચોરી કરવી તેમાં શું? રાજાને મહેલે જ ચોરી કરી આવીએ તો આપણે નવરંગ-સબરંગ ખરા.

સંતલસ કરીને બન્ને ભાઈ રાતને વખતે રાજાને મહેલે ચોરી કરવા ઊપડ્યા. જઈને રાજાને મહેલે જુએ છે તો હજી ઝગમગ દીવડા બળે છે, સોનાને પલંગે રાજાજી પોઢ્યા છે અને વાળંદ પગચંપી કરી રહ્યો છે. બન્ને ભાઈ નજર કરે તો રાજાજીના પલંગના ચાર પાયા નીચે સોનાની ચાર ઈંટો ઝગમગે. નવરંગે અને સબરંગે નક્કી કર્યું કે બસ ઉઠાવવી તો આ સોનાની ઈંટો ઉઠાવવી. ખુદ રાજાની નજર સામેથી ચોરી જઈએ તો ચોરી કરી પ્રમાણ.

મોડી રાત સુધી વાળંદ પગચંપી કરતો રહ્યો. જ્યારે રાજાની આંખો મળી ગઇ ત્યારે વાળંદ હળવેથી ઊભો થયો અને તેને ઘેર ચાલ્યો ગયો. આ મોકો જોઈને સબરંગ

વાળંદને બદલે પલંગ પર બેસી ગયો અને રાજાના પગ ચાંપવા લાગ્યો. મોટો ભાઈ નવરંગ બારણા પાછળ સંતાઈને ઊભો રહી ગયો.

થોડી વાર પછી રાજાની ઊંઘ ઊડી ગઈ. તેણે વાળંદને કહ્યું: 'અરે રામલા, કાંઈક વાત તો સંભળાવ.'

સબરંગે જવાબ દીધો: 'બહુ સારું, રાજાસાહેબ!'

રાજા હજી ઊંઘના ઘેનમાં હતો. ઘડીક ઊંઘી જાય અને ક્યારેક વચ્ચે વચ્ચે જાગી જાય.

સબરંગ વાર્તા કહેવા લાગ્યો: 'નવરંગ અને સબરંગ નામે બે ભાઈ. એકવાર બન્ને ભાઈ રાજાને મહેલે ચોરી કરવા ગયા........'

રાજાએ હોંકારો દીધો: 'હં.'

સબરંગ કહે: 'બન્ને ભાઈ રાજાના ઓરડાને બારણે જઈને ઊભા રહી ગયા. જોયું તો રાજા વાળંદ પાસે પગચંપી કરાવી રહ્યા છે....'

રાજાએ થોથવાતી જીભે અને આંખો બંધ કરતાં હોંકારો દીધો: 'હં........'

સબરંગ કહેવા લાગ્યો: 'જ્યારે વાળંદ પગચંપી પૂરી કરીને ચાલ્યો ગયો ત્યારે સબરંગ તેની જગ્યાએ જઈને બેઠો અને રાજાના પગ દાબવા લાગ્યો. આટલામાં રાજાજીની આંખો ઘેરાવા લાગી. આ વખતનો લાભ લઈને સબરંગે પલંગના એક પાયા નીચેથી સોનાની ઈંટ કાઢીને તેના ભાઈ નવરંગને આપી દીધી....'

રાજાએ ઘેરાતી આંખે પડખું બદલતાં કહ્યું: 'હું....'

રાજાના મનમાં એમ કે વાળંદ વાર્તા કહી રહ્યો છે. પણ સબરંગે તો આ વખતે સાચેસાચ એક ઇંટ કાઢીને નવરંગને આપી દીધી.

સબરંગ પગ દાબ્યે જતો હતો અને વાર્તા કહ્યે જતો હતો. ફરીને એણે વાત લંબાવી: 'પછી રાજાસાહેબ! એમ થયું કે રાજાજી પડખું ફરી ગયા એટલે સબરંગ ફરીથી પગ દબાવવા લાગ્યો અને એણે આ મોકો જોઇને પલંગના બીજા પાયાની ઇંટ કાઢીને નવરંગને દઈ દીધી........' આમ કહેતાં તેણે બીજી ઈંટ પણ નવરંગની થેલીમાં નાખી દીધી.

આ વખતે રાજા કાંઇક ભાનમાં આવ્યો. એને થયું કે આ વાળંદ કહે છે શું? આમ વિચારતાં તેણે જેવી વાળંદ તરફ નજર માંડી કે સબરંગે છલંગ દીધી અને બારણા બહાર જઈને ઊભો રહ્યો. રાજા પણ તલવાર ખેંચતોકને દોડયો.

નવરંગ અંદર બારણા પાછળ સંતાઈને ઊભેલો. તેણે પોતાના ભાઇને ભાગતો જોયો કે સોનાની બન્ને ઇંટનો બહાર ઘા કર્યો અને પોતે પણ ભાગ્યો. ત્યાં તો રાજાની તલવાર ધડ કરતી નવરંગના ગળા પર પડી. ધડિંગ કરતું નવરંગનું માથું કપાઈને બહાર જઈ પડયું. ભાઈનું મોત થયેલું જોઇને સબરંગને ભારે દુ:ખ થયું. પણ અત્યારે રોવાનો સમય ક્યાં હતો? તરત સોનાની બંને ઇંટ અને ભાઇનું માથું લઈને એ ભાગી છૂટ્યો. ઘેર આવતાં જ તેણે ભાભી–

ને સોનાની બન્ને ઈંટ આપી દીધી અને ભાઈનું માથું વગર બોલ્યેચાલ્યે સામે મૂકી દીધું. પતિનું મોત થયું જાણી ભાભી માથું કૂટવા લાગી અને રડવા લાગી.

બીજે દિવસે સવારે, જાણે કાંઈ બન્યું નથી તેમ, સબરંગ ઘૂંટણ સુધી લાંબું રેશમી અચકન પહેરી, માથે ગુલાબી રંગનો સાફો બાંધી, હાથમાં ભોપાળી બટવો અને રૂમાલ લઈને રાજાના દરબારમાં જઈ પહોંચ્યો.

આજે દરબારમાં કાલ રાતે થયેલ ચોરીથી ભારે સન-સનાટી ફેલાઈ ગયેલી. બધાં માણસ એની જ વાત કર્યા કરે. સબરંગ બેઠો બેઠો બધું સાંભળ્યા કરે. કોઈ કહેતું હતું કે નવરંગ–સબરંગ ભારે ચાલાક. ખુદ રાજાજીના દેખતાં ઈંટો લઈ ગયા. આંખમાં ધૂળ નાખવી તે આનું નામ.

કોઈએ વળી કહ્યું: ‘રાજાજી! આજે ચોરના ધડને મસાણમાં બાળવા મોકલો. પણ એકલું ધડ બળે તો જીવ અવગતે જાય. એટલે સબરંગ પોતાના સાથીદારનું માથું લઈ ગયો છે, એ તેનું માથું ચિતામાં નાખવા જરૂર આવશે. આપ સ્મશાન પર કડક ચોકીપહેરો બેસાડી દો. જેવો કોઈ માણસ ચિતામાં માથું નાખવા આવે કે ચોકી-દાર તેને પકડી લે.’

રાજાને આ વાત પસંદ પડી. તેણે નવરંગનું ધડ બાળવા માટે સ્મશાન પર મોકલી દીધું અને રાતને માટે ચાર હોશિયાર સિપાઇને પહેરા માટે ગોઠવી દીધા.

સબરંગ આ બધા સમાચાર જાણી કરીને ઘેર

આવ્યો અને સ્નાન-ભોજન કરીને સૂઈ ગયો. રાત પડી કે તે ઊઠ્યો અને ભાભીને કહ્યું: 'ભાભી, લાવો મારા ભાઈનું માથું ચિતામાં નાખી આવું. ભાઈ જેવા ભાઈનાં ધડ ને માથું નોખાં બળવા દઈને એની કાંઈ અસદ્‌ગતિ થવા દેવાશે ?'

ભાભીએ રોતાં રોતાં એક રૂમાલમાં માથું બાંધીને સબરંગને આપ્યું.

સબરંગે ફકીરનો વેશ પહેરી લીધો. હાથમાં લાંબો ચીપિયો લીધો. લાંબી કફની ચડાવી લીધી. ગળામાં દરિયાઇ નાળિયેરનું ખપ્પર ટાંગી દીધું અને એક મોટા આરસા સામે જઈને ઊભો રહ્યો. જોયું કે વેશ તો ઠીક થયો છે.

આ પછી તેણે ભાભીને બશેર લોટ ગૂંદી દેવાનું કહ્યું. ભાભીએ તરત લોટ કાઢીને ગૂંદી દીધો. સબરંગે ભાઈના માથા પર ચારે તરફ આ લોટ લગાવી દીધો. માથું જાણે ગૂંદેલ લોટનો એક મોટો બધો દડો થઇ ગયું.

જ્યારે અધરાતનો અમલ થયો ત્યારે સબરંગ ફકીરના વેશમાં ઘરમાંથી બહાર નીકળ્યો. એક હાથમાં લોટનો ગોળો લઈ, બીજા હાથમાં ખનખન ચીપિયો બખડાવતો ગાતો ગાતો ઊપડ્યો:

ચુન ચુન કંકર મહલ બનાયા,
લોગ કહે ઘર મેરા હૈ,
ના ઘર તેરા, ના ઘર મેરા,
દુનિયા રૈન બસેરા હૈ...

ગાતો ગાતો તે સ્મશાન તરફ ચાલ્યો. સ્મશાન

પાસે પણ તે ગીત ગાતો જાય અને ખનખન ચીપિયો ખખડાવતો જાય. જેવો તે પહેરેગીર પાસે પહોંચ્યો કે પહેરેગીરોએ તેને અટકાવીને પૂછ્યું: 'ખડે રહો! આટલી રાતને વખતે અહીં કેમ આવ્યો છે?'

ફકીર કહે: 'બાબા! હું તો પરદેશી છું. આખો દિવસ શહેરમાં ભટક્યો. માંડ માંડ આટલો લોટ મળ્યો, પણ હવે ક્યાં ય દેવતા મળતો નથી. ફકીર આખા દિવસ-નો ભૂખ્યો છે. અહીં દેવતા જોયો એટલે અહીં ચાલ્યો આવ્યો. મને એકાદ રોટી પકાવી લેવા દો.'

સિપાઈઓ કહે: 'મહારાજ! આ તો મસાણ છે. મસાણમાં વળી કોઈ રોટી રાંધતું હશે?'

ફકીર કહે: 'બાબા! અમારે ફકીરને વળી મસાણ શું? અમારે તો જેવું ઘર તેવું મસાણ. બધું એક જ છે. કહો તો દેવતા પર એક રોટી શેકી લઉં.' કહેતો ફકીર ચિતા પાસે પહોંચ્યો.

સિપાઈઓ કહે: 'નહીં....નહીં....ચિતા પાસે જાઓ મા. રાજાસાહેબનો હુકમ નથી. તમે શહેરમાં જઈને રોટી પકાવી લો. ક્યાંક દેવતા મળી રહેશે.'

આટલું સાંભળતાં તો ફકીરે ક્રોધમાં લાલચોળ આંખો તાણીને પેલો લોટનો ગોળો ચિતાની આગમાં ફેંક્યો અને બરાડ્યો: 'લો બાબા! હું તો આ ચાલ્યો. આ શહેરમાં વળી ખાવાનું હોય? આ શહેરમાં ખાવું હરામ છે. વાહ રે શહેર! સાંઈ-ફકીરોને કોઈ પૂછતું-

ગાછતું યે નથી. ખુદા તેરા ભલા કરેગા. આજની રાત ભૂખ્યો જ પડ્યો રહીશ અને તમને દુવા દેતો રહીશ.' આમ કહેતો કહેતો ફકીર બડબડતો પાછો ચાલ્યો ગયો.

સિપાઈઓ મનમાં મનમાં પસ્તાવા લાગ્યા. એમને થયું કે બિચારો ભૂખ્યો–દુખ્યો ફકીર લોટ ફેંકીને ચાલ્યો ગયો. આપણે એને થોડોક દેવતા દીધો હોત તો રોટી પકાવી ખાત. એમાં આપણું શું જાત? ભૂખ્યા ફકીરના નિસાસા લાગશે.

સવાર પડતાં જ પાછો સબરંગે એ જ રાજદરબારી પોષાક પહેર્યો. રેશમી અચકન ચડાવ્યું અને ગુલાબી સાફો બાંધ્યો. હાથમાં ભોપાલી બટવો અને રૂમાલ લઈને એ દરબારમાં જઈ પહોંચ્યો. હંમેશની જેમ વસ્તીમાંથી વાણિયા, વેપારી, પ્રધાન, કાજકામોરા આવી પહોંચ્યા. રાજાજી આવ્યા કે મસાણના બધા સિપાઈઓને બોલાવવામાં આવ્યા. રાજાએ પૂછયું: 'કેમ? રાતે સબરંગ એના સાથીદારનું માથું ચિતામાં નાખવા આવેલ કે નહિ?'

સિપાઈઓ કહે: 'ના રાજાસાહેબ! અમારી સામે આવવાની સબરંગની શી મજાલ! ચોરની હિંમત વળી કેટલી હોય? અમારું એક છોકરું યે જાગતું હોય તો તે પાસે ન આવે, ત્યારે અમે તો આપના બહાદુર સિપાઈઓ છીએ! આખી રાત ઉઘાડી તલવારે પહેરો ભર્યો છે. કોઈ આવે તો એ જ વખતે એનું માથું ધડથી જુદું થઈને હેઠું પડે ને?'

રાજાને સિપાઈઓની વાત માન્યામાં ન આવી. એને થયું કે સબરંગ ભારે ચાલાક છે. મારી આંખમાં ધૂળ નાખીને મારી સામેથી જ એ સોનાની ઈંટો ઉપાડી ગયો છે. મામૂલી ચોરનું આ કામ ન હોય. રાતે એ જરૂર આવ્યો હોવો જોઈએ.

આમ વિચારીને એણે ફરીથી સિપાઈઓને પૂછયું: ‘ઠીક, રાતે બીજું કોઈ પણ માણસ ચિતા પાસે નહિ આવેલ ?’

સિપાઈઓ કહે: ‘રાજાસાહેબ! અધરાતે એક ફકીર આવેલો. હાથમાં લોટનો ગૂંદેલો ગોળો. કહે કે મને ચિતાની આગમાં રોટી પકાવી લેવા દો. પણ અમે એને ચિતા પાસે જવા પણ દીધો નહીં. એ હતો ભૂખ્યો. ગુસ્સામાં ને ગુસ્સામાં તેણે લોટનો ગોળો ચિતાની આગમાં ફેંકી દીધો અને બડબડતો શહેર તરફ ચાલ્યો ગયો.’

રાજાએ ક્રોધમાં કહ્યું: ‘અરે કમબખ્તો! એ જ તમારો દાદો ચાલાક સબરંગ. એ તમને ઉલ્લુ બનાવીને તેનું કામ કરી ગયો અને તમે ઊંઘતા રહ્યા. હજી તો પાછા તમારી બહાદુરી ગાયા કરો છો ?’

રાજાની કચેરીમાં ફરીને સબરંગની જ વાતો ચાલવા લાગી. સૌ કહેવા લાગ્યા કે સબરંગ તેના સાથીદારનું માથું ચિતામાં નાખી ગયો છે ત્યારે એ તેની ટાઢી ઠારવા પણ જરૂર આવશે. ફરીથી આજે બીજા કોઈ સારા સિપાઈઓને પહેરા પર મૂકવા જોઈએ.

રાજાએ કહ્યું: 'જે સિપાઈ આજે રાતે મસાણે પહેરો દેશે અને સબરંગને રાખ ઉપાડવા નહિ દે કે તેને પકડી લેશે તેને સો રૂપિયા ઈનામ આપવામાં આવશે. બોલો. આ કામ કરવા કોણ બીડું ઉઠાવે છે?'

આ વખતે મૂછ પર તાલ દેતા સોમાજી ને કચરોજી, ગુમાનસીંગ ને ખુમાનસીંગ એમ ચાર રજપૂત ઊભા થયા અને રાજાને ઝૂકી, સલામ કરી બોલ્યા: 'મહારાજ! આજ રાતે અમે પહેરો ભરીશું. જોઈએ છીએ કે સબરંગ કેવોક ચાલાક છે! આજે એના બધા રંગ ઊડી જાય તો ના નહિ.'

રાજાએ ચારે રજપૂતને પાનનાં બીડાં દીધાં. કચેરી બરખાસ્ત થઈ. બધાં લોક પોતપોતાને ઘેર ગયાં.

સબરંગ પણ સમાચાર લઈને પાછો આવ્યો. તેણે સ્નાન કરીને ભોજન કર્યું અને સૂઈ રહ્યો. જેવી રાત પડી કે એ જાગ્યો અને તેની ભાભીને કહેવા લાગ્યો: 'ભાભી! મારો ભાઈ જેવો ભાઈ મરી ગયો છે. તેની ટાઢી ઠાર્યા વગર ચાલશે? થોડા વખત માટે તમારી એક સાડી અને ઘરેણાં કાઢી દો.'

સબરંગની ભાભીએ પેટી ઉઘાડીને એક રેશમી સાડી, જરિયાની ચોળી અને બધાં ઘરેણાં દઈ દીધાં. સબરંગે સોળ શણગાર સજી, બાર આભૂષણ પહેરી, વાળે વાળે મોતી ઠાંસી સ્ત્રીનો વેશ પહેરી લીધો. મધરાત થઈ કે પૂજાનો સામાન તથા હાથમાં જળનો લોટો લઈને એ મસાણ તરફ ચાલ્યો.

કસૂંબા ઘૂંટતા રજપૂતોએ દૂરથી જોયું તો એક રૂપ-સુંદરી ચાલી આવે છે. બાઈ જાણે કોઈ મોટા ઘરની વહુ દેખાય છે અને ચાંદની જેવું રૂપ પાથરતી ધીમે પગલે ચાલી આવે છે. ધીમે ધીમે બાઈ પાસે આવી અને જેવી ચિતા તરફ જવા લાગી કે રજપૂતોએ તેને રોકીને પૂછયું: 'અરે બાઈ! તું કોણ છો ? આટલી રાતે મસાણમાં એકલી કેમ આવી છો ? આ તો ચિતા છે. તેની પાસે જવાની રજા નથી. એનાથી દૂર રહે. જો એક ડગલું પણ આગળ વધી તો અમારે અદબ છોડીને તને પાછી ધકેલવી પડશે.'

બાઈએ તેનો ઘૂંઘટ જરા ઊંચો કરીને, રજપૂતો તરફ એક તીખી નજર ફેંકી અને કહ્યું: 'હું આ નગરના ધનપત શેઠની વહુ છું. સામે પીપળાનું ઝાડ રહ્યું તેની નીચે બ્રહ્મદેવની પૂજા કરવા જાઉં છું. મારે એક વર્ષથી વ્રત છે અને આ જ રસ્તે રોજ આવું-જાઉં છું. મને જવા દો. હઠો, માર્ગ આપો.'

આમ કહેતી બાઈ આગળ વધી. રજપૂતોએ વચમાં ઊભા રહી રસ્તો રોકી લીધો. બાઈ આગળ જવા પ્રયાસ કરે છે; રજપૂતો તેને પાછી ધકેલે છે. આ ખેંચતાણમાં બાઈના ગળાની મોતીની માળા તૂટી ગઇ અને મોતી દડતાં દડતાં ચિતાની રાખમાં જઇ પડયાં.

બાઈ બૂમ પાડતી બોલી ઊઠી: 'અરે દુષ્ટો! તમે મારી લાખ રૂપિયાની માળા તોડી નાખી, બધાં મોતી દડી પડયાં. મારા સસરાને કહીને તમને સવાર પડતાં જ મજા ચખાડું ત્યારે ખરી! સાત સાત વર્ષની ઘંટી ન મળે તો હા જાણજો.'

રજપૂતો ધનપત શેઠને જાણતા હતા. એ તો નગરશેઠ હતા. રાજા સાથે પણ તેમને ભારે ભાઈબંધી હતી. રજપૂતો ડરી ગયા. મનમાં વિચારવા લાગ્યા કે આપણી ભૂલથી જ શેઠને લાખોનું નુકસાન થયું. રાજા સાચેસાચ દંડ કર્યા વગર નહિ છોડે. આથી તેઓ ઢીલા થઈને કહેવા લાગ્યાઃ 'બાઈ, તમારો મોતીહાર તૂટી ગયો તેનું અમને ભારે દુઃખ થાય છે. જો તમે શેઠજી પાસે અમારી વાત ન કરો તો અમે તમારાં મોતી વીણી દઈએ.'

બાઈએ કહ્યું: 'મોતી તો રાખમાં ભળી ગયાં છે. ચિતાની બધી રાખ ધોયા વગર મોતી નહીં નીકળે. આ રાખ કોથળામાં ભરીને નદી પર લઈ જાઓ. મારો માલ મળી જાય તો પછી સસરાજીને કહેવાની શી જરૂર!'

એક રજપૂત દોડતો દોડતો શહેરમાં ગયો અને ચાર કોથળા લઈ આવ્યો. કોથળામાં ચિતાની બધી રાખ ભરીને નદીએ લઈ ગયા. નદીમાં રાખ ધોવા લાગ્યા. રાખ રાખ ચાલી ગઈ. કોથળામાં માત્ર હાડકાં અને મોતી રહી ગયાં. રજપૂતોએ મોતી વીણી વીણીને બાઈને દઈ દીધાં. બાઈ ઘેર પાછી ચાલી ગઈ.

સવારે દરબાર ભરાયો. સબરંગ હવે શાનો ચૂકે? એ જ રાજદરબારી પોષાક પહેરીને એ દરબારમાં આવી પહોંચ્યો. રાજાએ રજપૂતોને રાતની વાત પૂછી. રજપૂતોએ બીતાં બીતાં ધનપત શેઠની વહુ આવવાની તથા એની મોતીની માળા તૂટવાની બધી વાત કહી સંભળાવી.

સાંભળીને રાજા બોલ્યો: 'તમે પણ પૂરા ઉલ્લુ નીકળ્યા. જેને તમે શેઠની વહુ માની એ તો સબરંગ પોતે જ હતો. એણે જ તમારે માથે રાખના કોથળાઓ ઉપડાવ્યા અને તમારે જ હાથે ટાઢી ઠારી. એટલી યે તમને ખબર પડી? શરમ છે તમને!'

વાત સાંભળતાં દરબારમાં સનસનાટી ફેલાઈ ગઈ. સૌને થયું કે સબરંગ ભારે માથાનો. થોડી વાર પછી લોકોએ કહ્યું: 'જેણે ટાઢી ઠારી છે એ ફૂલ ઠારવા પણ આવશે. હજી યે મોકો છે. આજ રાતે બરાબર ચોકી રાખવી જોઈએ.'

રાજાના હુકમથી બધાં ફૂલ (હાડકાં) એક કપડામાં બાંધીને પીપળાની ડાળે બાંધી દીધાં અને રાતની ચોકી માટે એક હજારનું ઈનામ જાહેર કર્યું. તરત દરબારમાં ઈલ્લીખાં, બિલ્લીખાં, ચક્કીખાં અને ચાકરખાં દાઢી પર હાથ ફેરવતા ઊભા થયા અને બોલ્યા: 'રાજાજી! આ તે કાંઈ જેવાતેવાનાં કામ? અમે તો છીએ પઠાણ! જોઈએ તો ખરા કે સબરંગ કેવો છે? અમારી સામે એ પગલું યે ન માંડે. આજે આવે તો એને કાચો ને કાચો ખાઈ જઈએ.'

રાજાએ તરત એમને પાનનાં બીડાં દીધાં ને દરબાર બરખાસ્ત થયો. બધી વાત જાણીને સબરંગ પણ પોતાને ઘેર ગયો.

સાંજને વખતે સબરંગ બજારમાંથી એક સફેદ કાપડનો તાકો લઈ આવ્યો. આખો તાકો શરીરે વીંટી લીધો અને

મોઢા પર કાળી મશ ભૂંસી દીધી. હાથમાં તેલ ભીંજવેલ મશાલ લીધી અને ખીસામાં દીવાસળીની પેટી રાખી લીધી. આટલી તૈયારી કરીને સાંજ પડતાં પહેલાં લોકોની નજર ન પડે તેમ ગામ બહાર આવી પહોંચ્યો. તરત જ આઘેના એક ઝાડ પર ચડી ગયો અને પાંદડાંનાં ઝુંડમાં સંતાઈને બેસી ગયો. એટલામાં રાત પડી ગઈ.

રાત પડતાં જ ચારે મિયાંસાહેબ આવી પહોંચ્યા અને ઉઘાડી તલવારે ફરવા લાગ્યા.

અધરાત થઈ અને ચંદ્રનું અજવાળું ફેલાઇ ગયું. એક પહેરેગીર પઠાણની નજર પેલા ઝાડ પર પડી અને કાંઈ સફેદ સફેદ દેખાયું. એણે બીજાને બતાવ્યું. બીજાએ ત્રીજાને બતાવ્યું. ચારે સિપાઈઓ એ તરફ આંખો તાણી તાણીને જોવા લાગ્યા. આ વળી કઈ બલા! ધ્યાન દઈ ને જોયું તો ચીજ હલવાચલવા લાગી. હાથ, પગ અને માથું પણ દેખાવા લાગ્યાં.

એકબીજાના પડખામાં દબાતા અને પાછા હઠતા તેઓ બોલવા લાગ્યા: 'બાપ રે બાપ! માથાથી તે પગ સુધી સફેદ સફેદ! આ તો જીન લાગે છે જીન!' આમ કહેતાં જ ચારે પઠાણના છક્કા છૂટી ગયા. ચબૂતરા પરથી છલંગ મારી-ને નીચે જઈ ઊભા. પણ નજર તો હજી ઝાડ સામે જ છે.

થોડી વારમાં તો ભૂતે મશાલ સળગાવી. મશાલના અજવાળામાં એનું કાળું ભયાનક મોઢું બરાબર દેખાવા લાગ્યું. પઠાણ ચાર ડગલાં પાછા હઠી ગયા. ધીમે ધીમે ભૂત નીચે ઊતરવા લાગ્યું અને પઠાણ પાછા હઠવા લાગ્યા.

થડ પરથી એકદમ ભૂતે ઠેકડો માર્યો અને ' હાઉ.... ખાઉં ખાઉં....' કહેતાં ઘુમાવીને મશાલ એક પઠાણના માથામાં મારી. એની દાઢી બળતાં બળતાં રહી ગઈ. ચારે સિપાઈ હથિયાર–પડિયાર ત્યાં જ છોડીને જાન લઈ ભાગી છૂટ્યા.

બધી બલા ટળી ગયેલી જોઈને સબરંગે પીપળા પરથી નવરંગનાં ફૂલો (હાડકાં)ની પોટલી ઉતારી લીધી અને ઘેર આવતો રહ્યો.

સવારે ફરી દરબાર ભરાયો. ચારે સિપાઈઓએ દાઢીમૂછે હાથ ફેરવતાં રાજાજીને સલામ કરી અને કહ્યું: ' ગરીબપરવર! આજે તો માંડ અમારો જીવ બચ્યો. એ પીપળાની પડખેના ઝાડ માથે તો એક જબરું જીન રહે છે. કાલે કોઈ બીજા પહેરેગીર હોત તો મરી જાત, મરી. અમે તો બહાદુર પઠાણ! જીનના ડરથી અમારા છક્કા છૂટી ગયા, પણ એ તો અમે જ બહાદુરીથી ભાગીને ઘર ભેગા થઈ શકીએ. સરકાર! જુઓ, હજી યે જીનના ડરથી અમારી છાતી ધડક્યા કરે છે ને?'

રાજાએ પૂછતાં પઠાણોએ બધી વાત વિગતથી કહી સંભળાવી. રાજા કહે: ' મૂર્ખાઓ! આ જીન તે બીજું કોઈ નહિ, પણ તમારો ચાચો સબરંગ પોતે જ. એ એનું કામ પતાવી ગયો અને તમને ઊભી પૂછડીએ નસાડ્યા. જાઓ, તપાસ કરો જોઈએ, કે પીપળા પર પોટલી છે કે નહિ?'

સિપાઈઓએ જઈ પીપળા પર તપાસ કરી તો ત્યાં ફૂલની પોટલી ન મળે.

દરબારમાં ચર્ચા ચાલી કે સબરંગ ફૂલ લઈ ગયો છે ત્યારે આજે તે ફૂલ નાખવા નદીએ આવશે. નદીને ઘાટે ઘાટે પહેરો બેસાડી દેવો જોઈએ. રાજાએ સબરંગને પકડવા પાંચ હજારના ઈનામની જાહેરાત કરી.

લાખા વણઝારાએ ઊભા થઈને કહ્યું: 'મહારાજ! આજની રખેવાળી મારે માથે. મારી વણઝાર નદીકાંઠે કેટલાયે ગાઉમાં પડી છે. સબરંગ નદીમાં ફૂલ નાખવા આવશે તો અમે પકડી લેશું.'

બધાએ હા કહેતાં લાખા વણઝારાને રખેવાળી સોંપવામાં આવી.

સબરંગે આજે સાધુનો વેશ બનાવ્યો. હાથ હાથની દાઢી બાંધી અને પગે પછડાતી લાંબી લાંબી જટામાં ફૂલની પોટલી તથા ગરમ દવાની એક શીશી સંતાડી દીધાં. વહેલી પરોડે ચાર વાગ્યા કે રામનામ જપતો એ નદીકાંઠે જઈ પહોંચ્યો. સાધુને દેખીને નોકર–ચાકરે લાખા વણઝારાને ખબર પહોંચાડી.

લાખો વણઝારો આવી પહોંચ્યો. જુએ છે તો એક સાધુ સ્નાન કરવા આવ્યો છે. તેણે વિચાર કર્યો કે બરાબર પાસે જઈને જોવા દે. કોઈ ચાલાક હશે તો ખબર પડી જશે.

સાધુ મહારાજ સ્નાન કરવા લાગ્યા. પાણીમાં ડૂબકી મારી અને જટા ખંખેરી. ફૂલની પોટલી નદીમાં જઈ પડી. આવી રીતે પોતાનું કામ પતાવી, રામનામ જપતો

જપતો સાધુ કાંઠે આવ્યો અને લંગોટી બદલવા લાગ્યો. સાધુની લાંબી જટા જોઈને વણઝારે હાથ જોડીને પૂછ્યું: 'હે મહારાજ! આપના વાળ આટલા બધા લાંબા કેવી રીતે થયા? આ સેવકને પણ એની કાંઈ યુક્તિ બતાવો તો દયા. અમને પણ વાળ વધારવાનો શોખ છે.'

સાધુ કહે: 'બચ્ચા! આ તો જંગલી જડીબૂટીની કરામત છે. બૂટીના તેલથી પગની પેની સુધી વાળ વધારી શકાય છે.'

વણઝારે બહુ આજીજી કરી ત્યારે સાધુએ માથામાંથી એક શીશી કાઢી. તેણે કહ્યું: 'આ બૂટીનું તેલ છે. વાળમાં ચાર ટીપાં નાખીને પાણીમાં એક ડૂબકી મારીએ કે વાળ પગે પહોંચી જાય. જેને પોતાના વાળ વધારવા હોય તે મારી પાસે આવો.'

વાત સાંભળતાં વણઝારમાંથી પંદર-વીસ જણ આવી પહોંચ્યા. સૌ પોતપોતાનાં માથાં સાધુ મહારાજ પાસે નમાવી બોલવા લાગ્યા: 'પહેલાં મારા માથામાં નાખો, પહેલાં મારા માથામાં નાખો.'

બધાના માથામાં બબ્બે ચચ્ચાર ટીપાં નાખી સાધુ મહારાજ કહે: 'જાઓ, નદીમાં જઈને એક ડૂબકી મારીઆવો.'

જેવી બધાએ પાણીમાં ડૂબકી મારી કે એકેએકના માથામાં અગન ઊઠી. પાણીમાંથી બહાર નીકળીને જુએ તો બધાનાં માથાં સૂઝી ગયાં છે. મોઢું યે ઓળખાતું નથી. આસપાસ નજર કરે તો ક્યાં યે સાધુ મહારાજ નહિ. તેમને લાગી ગયું કે આ કામ સબરંગનું જ.

સવારે બધાં માણસો કચેરીમાં ભેગાં થયાં. સબરંગ એનો દરબારી પોષાક પહેરીને પહેલેથીજ આવી બેઠેલો. બિચારો વણઝારો તૂંબડા જેવું મોઢું લઈને દરબારમાં આવ્યો. એની આ હાલત જોઈને બધાં લોક હસવા લાગ્યાં. બધાં સમજી ગયાં કે ભાઈસાહેબને સબરંગ ભેટયો લાગે છે. વણઝારે બધી વાત કહી સંભળાવી.

હવે લોકોને વિશ્વાસ બેસી ગયો કે સબરંગ ભારે ચાલાક માણસ છે. એને પકડવો એ ભારે કઠણ કામ છે. રાજા પણ નિરાશ થઈ ગયેલ. છતાં તેણે સબરંગને પકડવા માટે આ વખતે દસ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું.

એ નગરમાં એક ચતુર હજામડી રહે. તેણે આવીને રાજાને કહ્યું: 'રાજાસાહેબ! સાંભળ્યું છે કે સબરંગ ભારે ચાલાક માણસ છે. જેની ના પાડે એ જ કામ તે કરી દેખાડે છે. હવે એના મરેલ ભાઈની મરણ પછીની બધી ક્રિયા પતી ગઇ છે એટલે મને એક ઊંટ આપો. હું એની પાછળ પાછળ ફરીશ. જો એ ખરો હશે તો ઊંટ ઉપાડવા આવશે. જેવો એ ઊંટને અડે કે પકડ્યો જાણજો. છતાં યે જો એ ઊંટને સબરંગ ચોરી જાય તો હું માનીશ કે સબરંગ ખરો ચાલાક.'

સબરંગે બધી વાત સાંભળી. એને થયું કે સામે ચાલીને પડકાર દીધો છે ત્યારે તો ઊંટ ચોરી ગયે જ છૂટકો. ઊંટ કેમ ચોરવું એનો વિચાર કરતો એ ઘેર ગયો.

રાજાએ હજામડીને ઊંટ આપ્યું. તે ઊંટને લઇને

શહેરની શેરીઓમાં ફરવા લાગી. ઊંટ આગળ ચાલ્યું જાય અને પાછળ થોડે દૂર તે ચાલી જાય. સબરંગે ઘેર જઈને ઘરના આંગણામાં એક મોટો બધો ખાડો ખોદી લીધેલો. એનું ઘર રસ્તાના બરાબર ખૂણા પર આવેલું. એક દિવસ જેવું ઊંટ એના બારણા પાસેથી નીકળ્યું કે તેની દોર પકડીને ઝટ તેના ઘરમાં લઈ ગયો. હજી હજામડી દૂર હતી ત્યાં એણે બારણું બંધ કરીને ઊંટને પેલા ખાડામાં ધકેલી દીધું અને ધૂળ પાથરી દઈને ખાડો જમીન સાથે એકસરખો કરી દીધો.

હજામડી રસ્તાને ખૂણે આવી અને સામે દૂર સુધી ઊંટ ન દેખાયું એટલે તે ગભરાઈ ગઈ અને આમતેમ દોડીને ગોતવા લાગી. પરંતુ ઊંટ મળ્યું જ નહીં ત્યારે તે રાજા પાસે ગઈ અને ઊંટની ચોરીની વાત કરી. તેણે કહ્યું: 'રાજાજી! હજી હું હિંમત નથી હારી. તેનો પત્તો લગાવીને જ છોડીશ. મને બસો રૂપિયા આપો.' રાજાએ રૂપિયા આપ્યા.

હવે હજામડી ઘેર ઘેર જઈને સ્ત્રીઓના પગ દબાવવા, નખ કાપવા તથા અળતો લગાવવાને બહાને ઊંટનો પત્તો મેળવવા લાગી. શહેર મોટું બધું. કેટલાક દિવસ ચાલ્યા ગયા. એક દિવસ સબરંગ લોગજોગે ઘેરે હતો નહીં એ વખતે હજામડી તેને ઘેર પહોંચી ગઈ. સબરંગની ભાભીના પગ દબાવતી તે બોલવા લાગી: 'શું કરું બહેન? ભારે આફતમાં આવી પડી છું. મારા ધણી છ મહિનાથી માંદા છે. હજારો દવા અજમાવી પણ આરામ નથી થતો. હવે

લાહોરથી હકીમજી આવ્યા છે તેમણે એક દવા બતાવી પણ ક્યાંય મળતી નથી. છે તો મામૂલી ચીજ, પણ મળી જાય તો બસો રૂપિયા પણ આપવા હું તૈયાર છું.'

સબરંગની ભાભીએ પૂછ્યું: 'એવી વળી કઈ ચીજ છે? એનું નામ તો કહો. મારે ઘેર હોય તો ખુશીથી લઈ જજો.'

હજામડી કહે: 'બહેન! એ તમારે ઘેર ક્યાંથી હોય? મારે ઊંટનું થોડુંક હાડકું જોઈએ છે. મળી જાય તો તો તમારા હજામની તબિયત થોડા જ દિવસમાં સારી થઈ જાય.'

સબરંગની ભાભીએ બસો રૂપિયાના લોભમાં પડીને કહ્યું: 'બહેન! તું નકામી ચિંતા કરે છે. તારે ઊંટનાં જેટલાં હાડકાં જોઈતાં હોય તેટલાં હું આપું.'

આટલું સાંભળતાં તો હજામડીએ બટવામાંથી બસો રૂપિયા કાઢીને આપી દીધા.

સબરંગની ભાભીએ કહ્યું: 'હમણાં તો રૂપિયા લઈ જાઓ. બે કલાક બાદ આવીને હાડકું લઈ જજો. ત્યાં સુધીમાં હું હાડકું શોધી રાખીશ.'

હજામડીએ કહ્યું: 'રૂપિયા ભલે ને તમારી પાસે રહ્યા. હું બે કલાક પછી આવીને હાડકું લઈ જઈશ.'

આટલું બોલી હજામડી બહાર આવી અને ઘર ઓળખી કાઢવા માટે બારણે અળતાની એક ચોકડી લગાવી રાજી થતી થતી રાજાને દરબાર પહોંચી. તરત રાજા પાસે જઈને કહેવા લાગી: 'રાજાજી! ચોરનો પત્તો મળી ગયો છે. હમણાં ને હમણાં સિપાઇ લઈ ને મારી સાથે ચાલો.'

બપોરનો વખત હતો. રાજાજી જમી રહ્યા હતા. તેમણે સિપાઈઓને બોલાવી તૈયાર રહેવા હુકમ દીધો.

આ બાજુ સબરંગ બપોરે ઘેર આવ્યો અને બારણે અળતાનું નિશાન જોયું. તરત જ એને શંકા ગઈ કે દાળમાં કાંઈક કાળું લાગે છે.

તેણે ભાભીને પૂછી જોયું. પહેલાં તો ભાભીએ કાંઈ ન કહ્યું, પણ સબરંગ ફરી ફરી પૂછવા લાગ્યો ત્યારે તેણે બસો રૂપિયામાં ઊંટનું હાડકું વેચ્યાની વાત કરી. સબરંગ પામી ગયો કે હજામડી અહીં પહોંચી લાગે છે.

તરત સબરંગે એક ફકીરનો વેશ લીધો અને શહેરમાં ભીખ માગતો ઘેર ઘેર અળતાનું એક એક નિશાન લગાવતો આવ્યો. બધાને ઘેર તો એક, પણ રાજાને મહેલે બે નિશાન લગાવ્યાં. આટલું કામ કરીને એ ઘેર આવતો રહ્યો.

રાજા જમીકરીને બહાર નીકળ્યા. સિપાઈ તૈયાર જ હતા. રાજાએ હજામડીને પૂછ્યું: 'ચોરનું ઘર ક્યાં છે? કાંઈ નિશાન રાખ્યું છે?'

હજામડી કહે: 'હા રાજાસાહેબ! હું એના બારણા પર અળતાનું નિશાન લગાવી આવી છું.'

રાજાએ બહાર નીકળતાં પોતાના જ મહેલને દરવાજે બે નિશાન જોયાં. એણે હજામડીને પૂછ્યું: 'હરામજાદી! શું હું ચોર છું? મારે દરવાજે જ આ નિશાન રહ્યું.'

હજામડી ગભરાઈ ગઈ. આગળ વધીને તેણે જોયું

તો ઘેર ઘેર અળતાનાં નિશાન લાગેલાં. હજામડી ચોરનું ઘર પારખી શકી નહિ. રાજાએ ધોકા લગાવીને હજામડીને તગડી મૂકી.

બીજે દિવસે વળી દરબાર ભરાયો કે સબરંગ રાજદરબારી પોષાક પહેરીને હાજર થયો. કામોરાઓએ વિચાર કરીને રાજાને કહ્યું: 'ગરીબપરવર! એકલદોકલના હાથમાં તો સબરંગ નહિ આવે. હજી એક ઉપાય છે, એમ કરીએ તો કદાચ સબરંગ પકડાઈ જાય. આપ આખા શહેરને ધુમાડાબંધ જમણનું નોતરું આપો. ભોજનને વખતે બહાર ચોકના ગોખલામાં બે રતન રાખવાં. સબરંગ પણ જમવા આવશે અને રતન ચોર્યા વગર રહેશે નહિ. જેવો રતન લેશે કે બધાંની નજરે ચડી જશે. કદાચ એ વખતે નજરે ન ચડે તો જ્યારે લોકો જમી લે ત્યારે બધાંની તપાસ કરી જોવી. બસ, ચોર પકડાઈ જશે.'

રાજાને આ યુક્તિ ગમી.

બીજે દિવસે આખા શહેરને ધુમાડાબંધ જમણનાં નોતરાં મોકલાઈ ગયાં. શહેરનાં બધાં માણસો રાજાને ઘેર જમવા આવ્યાં.

સબરંગને થયું કે એકલદોકલની આંખમાં ધૂળ નાખી. પણ આજે આખા શહેરની આંખમાં ધૂળ નાખીને રતન લઇ આવું તો ખરો. આમ વિચારી એણે એક કોઢિયાનો વેશ લઇ લીધો. આખે અંગે માખીઓ બણબણ્યા કરે અને ગંધ માર્યા કરે. જમવાને વખતે એ પણ ચોકમાં આવ્યો અને પાતળ નાખીને બેસી ગયો. પણ લોકો આવા

ગંધારાને આઘો ધકેલવા લાગ્યાં. એ પાછો હઠવા લાગ્યો. પણ જ્યાં એ બેસે ત્યાંથી લોકો એને આઘો ધકેલે. ધીમે ધીમે કરતો એ જ્યાં રતન પડેલાં ત્યાં આવી પહોંચ્યો. લોકો એની ગંધથી આઘાં ભાગતાં હતાં ત્યાં એણે કોઈને ખબર ન પડે તેમ રતન ઉપાડી લીધાં અને પોતાની ગંધારી ગોદડીમાં સંતાડી દીધાં.

લોકો આવતાં જતાં હતાં અને તેને દૂર ધકેલ્યે જતાં હતાં. ધીમે ધીમે એને ઠેઠ ઓસરી પર ધકેલી દીધો. થોડીક વાર પછી ઓસરીમાં યે લોકો બેસવા લાગ્યાં. ભંગી–ચમાર પણ એને પાસે બેસવા દેતાં ન હતાં. લોકોએ સિપાઈઓને બોલાવીને તેને સૌથી દૂર બેસાડી દીધો. ભિખારીએ બરાડો નાખ્યો: 'હું શું માણસ નથી કે મને આટલે આઘે ધકેલ્યા કરો છો? આવી જગ્યાએ નહિ બેસું.' આમ કહીને તે રાડો નાખતો ચાલતો થયો.

સખરંગે ઘેર આવીને રતન પેટીમાં મૂકી દીધાં. તરત નાઈધોઈને સારો પોષાક પહેરી લીધો અને જમણમાં આવી પહોંચ્યો. ભોજન પીરસાવા લાગ્યું. આ બાજુ સિપાઈઓએ નજર કરી તો ગોખલામાં રતન ન મળે. એમને થયું કે ભારે થઈ. તરત બધા રસ્તા બંધ કરીને માત્ર એક જ રસ્તો ખુલ્લો રાખ્યો. જમી કરીને બધાં લોક ઊઠ્યાં અને તપાસ કરાવી કરાવીને જવા લાગ્યાં. બધાં લોક ચાલ્યાં ગયાં, પણ ન મળ્યો ચોર કે ન મળ્યાં રતન.

બીજે દિવસે ફરીને લોક દરબારમાં ભેગાં થયાં. સખરંગ પણ હંમેશની જેમ આવીને પોતાની જગ્યાએ પગ

પર પગ ચડાવીને બેસી ગયો. આજે તો બધાં લોકોની નજર સામેથી રતન ચોરાઈ ગયેલાં એટલે કોઈ બોલે કે ચાલે. સૌને મૂગાં જોઈને રાજાએ કહ્યુંઃ ‘ તમે બધા ઉપાય અજમાવીને થાકી ગયાં. હવે એક ઉપાય છે. એ ઉપાય હું પોતે જ અજમાવવાનો છું. આવતી કાલે મારા મહેલ સામે રૂપિયા પાથરી રાખીશ. મારી નજર સામેથી હવે સબરંગ એ રૂપિયા ઉપાડી જાય તો ખરો. ’

રાજાએ પોતાના મહેલની સામેની સડક પર રૂપિયા પથરાવી દીધા. સડક પર હથિયારબંધ પોલીસ ઊભા રાખી દીધા. એમને હુકમ દીધો કે કોઈ માણસ રૂપિયા ઉપાડવા નીચે નમે કે એને ગોળીએ દઈ દેજો. શહેરમાં દાંડી પિટાવી દીધી કે લોકો હંમેશની જેમ એ રસ્તે નીકળે તો કોઇ નીચે નમે નહિ અને સડક પરથી કાંઈ ઉપાડે નહિ. જો કોઇ ચાલતાં ચાલતાં નીચે નમશે તો તેને ગોળીએ ઉડાવી દેવામાં આવશે.

દાંડી સાંભળીને સબરંગને થયું કે આખી પ્રજાની આંખોમાં તો ધૂળ નાખી અને એકવાર રાજાજીની સામેથી જ ઈંટો ઉપાડી ગયા પણ હજી યે તેઓ પોતે પડકાર આપે છે ત્યારે તો એમની સામેથી એ રૂપિયા ઉપાડવા જ જોઈએ. તરત સબરંગે શહેરી પોષાક ચડાવ્યો અને જોડા નીચે ગુંદર લગાવી દીધો. આ પછી સડક પર ચમચમ જોડાનો અવાજ કરતો આમતેમ ફરવા લાગ્યો. આ રીતે રૂપિયા ઉપરથી એ નીકળતો અને દૂર જઈને નીચે ચોંટી ગયેલા રૂપિયા ખીસામાં મૂકી દેતો. દરેક

વખતે પાંચ-દસ રૂપિયા ચોંટી રહેતા. આ રીતે સબરંગ દિવસમાં કેટલા યે વેશ બદલીને એ સડક પર ફર્યા કર્યો.

રાજા મહેલ પર બેસી પોતાની આંખે જોઈ રહ્યો હતો. લોકો સડક પર થઈને આવતાંજતાં હતાં પણ કોઈ નીચે નમતું ન હતું. ધીમે ધીમે સાંજ પડવા લાગી. રાજાના હુકમથી સડક પરથી રૂપિયા એકઠા કરવામાં આવ્યા અને ગણવામાં આવ્યા. જોયું તો અનેક રૂપિયા ઓછા થયા. રાજા દાંતમાં આંગળાં નાખી ગયો.

રાજાએ બીજે દિવસે શહેરમાં ફરીથી દાંડી પિટાવી જાહેર કર્યું કે 'સબરંગની ચાલાકી પર હું ફિદા છું. આજ સુધી કોઈ એને પકડી શક્યું નથી અને લાગે છે કે હવે કોઈ એને પકડી શકશે પણ નહિ. મારી આંખોમાં પણ એણે ધૂળ નાખી છે. હવે તો સબરંગ પોતે જ પોતાની મેળે હાજર થઈ જાય. એ કચેરીમાં હાજર થશે કે હું તેને મારું અર્ધું રાજપાટ આપીશ.'

બીજે દિવસે રાજાના દરબારમાં ભારે ભીડ જામી પડી. બધાં સબરંગને જોવા માટે ઊંચાંનીચાં થઈ રહ્યાં હતાં.

સબરંગે હંમેશની જેમ આજે પણ રેશમી અચકન અને ગુલાબી સાફો પહેરી લીધો. એક હાથમાં સોપાલી બટવો અને બીજા હાથમાં રૂમાલ લઈને એ દરબારમાં આવી પહોંચ્યો. બધાં લોક આવી ગયાં ત્યારે એણે ઊઠીને રાજાને પ્રણામ કર્યા અને કહ્યું કે 'રાજાસાહેબ! હું જ આપનો સેવક સબરંગ. મેં જ આ બધાં કામ કર્યાં છે.'

આમ કહીને તેણે પોતાનાં પરાક્રમની ચાલાકી કહી સંભળાવી. બધાં લોક ઊંચાં થઈ થઈને મોઢામાં આંગળાં નાખી એને જોવા લાગ્યાં. એમને થયું કે આ તો રોજ આપણી વચ્ચે જ આવીને બેસતો હતો અને આપણને ખબરે ન પડી? ગજબનો નીકળ્યો આ તો! રાજાએ બધી વાત સાંભળીને એની પીઠ થાબડી પોતાની પાસેના સિંહાસને બેસાડ્યો અને એને અર્ધું રાજપાટ આપ્યાની જાહેરાત કરી. એ પછી સબરંગે ખાધુંપીધું અને રાજ કર્યું.

રતનની ચોરી

કોઈ નગરમાં એક વેપારી રહે. એને ચાર દીકરા. વેપારી ઘરડો થયો એટલે એણે પોતાની માલમિલકત દીકરાઓને વહેંચી દીધી. એકને વેપાર, બીજાને વ્યાજ-વટાવની દુકાન, ત્રીજાને અનાજની દુકાન અને સૌથી નાના-ને ખેતીવાડીનું કામ મળ્યું. ચારે ભાઈ ભારે ચતુર. બાપે આપેલ મિલકત કરતાં સવાઈ મિલકત એમણે કરી દીધી.

એક દિવસ વેપારીએ ચારે દીકરાને બોલાવીને કહ્યું: 'બેટા, હવે મારો અંતકાળ આવી રહ્યો છે. તમે ચારે ભાઈ હળીમળીને રહેજો અને પોતપોતાનું કામ મન દઈને કરજો. મારા પલંગના ચારે પાયા નીચે લાખ લાખનાં ચાર રતન દાટ્યાં છે. જ્યારે ઠીક લાગે ત્યારે એ ખોદી કાઢજો અને એકએક વહેંચી લેજો.'

થોડા દિવસ બાદ વેપારી મરણ પામ્યો. પિતાના મૃત્યુ બાદ એક દિવસે ચારે ભાઈ ભેગા થયા અને વિચાર કર્યો કે રતન ખોદી કાઢીને એક એક વહેંચી લઈએ.

પાયા નીચેથી જમીન ખોદી કાઢી. પણ જુએ તો એકેય રતન ન મળે. રતન ગયાં ક્યાં? ચારે ભાઈ વિચાર કરવા લાગ્યા કે પિતાજી જૂઠું તો બોલે નહિ અને બીજા

કોઈ ને આ રતનની વાતની ખબર પણ ન હતી. જમે એમ, પણ આપણામાંથી જ કોઈએ રતન ચોરી લીધાં છે.

આ માટે ચારે જણ એવો ઉપાય વિચારવા લાગ્યા કે રતન તો મળી આવે, પણ ચોરની ખબર ન પડે. નહિ તો ભાઈઓની અંદરોઅંદર ભેદભાવ પડી જશે અને પિતાના આત્માને પરલોકમાં દુઃખ થશે. ખૂબ ખૂબ વિચાર કર્યા પછી ચારે ભાઈ કોઈ ન્યાયી રાજા પાસે ન્યાય કરાવવા માટે નીકળી પડ્યા.

ચાલતાં ચાલતાં તેઓ એક રાજાના રાજ્યમાં આવી પહોંચ્યા. સાંભળ્યું કે આ રાજા અદલ ઈન્સાફી છે. દૂર દૂરથી અનેક માણસો એની પાસે ન્યાય કરાવવા આવે છે. આથી ચારે ભાઈ રાજદરબારમાં જઈ પહોંચ્યા. રાજાને પ્રણામ કરી રતનની ચોરીની વાત કહી સંભળાવી અને કહ્યું: 'મહારાજ! આ તો અમારો ભાઇ ભાઈનો મામલો. કોઈ ભાઈના નામની ખબર પડે તો એની આબરૂ જાય એ અમને ન પોસાય. માટે અમને પૂછ્યા વિના કે રતન મળે તો કોની પાસેથી એ મળ્યું છે તે જણાવ્યા વિના નિવેડો લાવી દો. એવી રીતે તોડ લાવી દો કે:

માલ મળી જાય આપણો, ચોર ન જાણ્યો જાય,
પ્રીત-રીત દિન દિન વધે, કીજે એક ઉપાય.

રાજાએ બધી વાત સાંભળીને કહ્યું: 'તમે સૌ ધર્મશાળામાં રોકાઓ. આવતી કાલે તમારા મામલાનો તોડ લાવી દઇશ.'

ચારે ભાઈ જઈ ને ધર્મશાળામાં ઊતર્યા. રાજા તરફ-

થી તેમને માટે ખાવાપીવાની તથા બીજી સુખ-સગવડની વ્યવસ્થા કરી આપવામાં આવી. ચારે ભાઈઓએ રસોઈ બનાવી અને એકસાથે જમવા બેઠા.

જમતાં જમતાં એક ભાઈએ કહ્યું: 'રાજાએ માલ તો મોકલ્યો, પણ લોટ ખરાબ દીધો. એમાં લોહીની વાસ આવે છે.'

બીજાએ કહ્યું: 'લોટ તો ઠીક, ઘી પણ એવું છે.'

ત્રીજાએ કહ્યું: 'અને દૂધમાં પણ સ્ત્રીના દૂધનો ભેગ છે.'

ચોથાએ કહ્યું: 'લોટ, ઘી, દૂધ તો એવાં છે જ; ઉપરાંત આ પાતળ પર પણ હગાર પડી હોય એમ લાગે છે.'

રાજાનો નોકર બેઠો બેઠો એમની વાતો સાંભળતો હતો. એણે જઈને રાજાને બધી વાત કરી. રાજાને ભારે ક્રોધ ચડ્યો. એણે ચારે ભાઈઓને તથા ભંડારીને બોલાવ્યા. ભાઈઓને પૂછ્યું: 'તમે લોકો જે વાત કરતા હતા તે બધી શું સાચી છે?'

ભાઈઓ કહે: 'આપ જ એની તપાસ કરી લો ને!'

આથી સૌ પ્રથમ લોટવાળાને બોલાવવામાં આવ્યો. પૂછી જોતાં તેણે કહ્યું: 'મહારાજ! મને તો કાંઈ ખબર નથી. મેં તો રામા પટેલને ત્યાંથી ઘઉં ખરીદ્યા હતા.'

રામા પટેલને તરત દરબારમાં હાજર કરવામાં આવ્યો. એણે હાથ જોડીને કહ્યું: 'જ્યારે ઘઉં પર હાલરું ચાલતું હતું ત્યારે એક જંગલી સૂવર ત્યાં આવી ચડેલો. અમે

બધાએ એને ત્યાં જ ગોળીઓ દીધેલો. એ મરીને નીચે પડયો ત્યારે એના લોહીથી થોડા ઘઉં ખરડાયેલા ખરા !'

લોટની વાત સાચી નીકળી. હવે ઘીવાળાને બોલાવવામાં આવ્યો. એણે કહ્યું: 'સરકાર માબાપ છે. જે ઠીક લાગે તે કરે. પણ સાચી વાત આ છે કે મેં ઘી ઢેઢને ત્યાંથી તદ્દન ઓછા ભાવે ખરીદેલું અને ઢેઢે ઘી એઠી પાતળ-માંથી ભેગું કરેલું.'

રાજાને ભારે શરમ થઇ. હવે દૂધવાળાનો વારો આવ્યો. એણે વિનતિ કરી: 'મહારાજ ! દૂધ દોઈને મેં ઘરવાળી પાસે રાખેલું. પણ જ્યારે છોકરો દૂધ ધાવીને ઊઠયો ત્યારે એના મોઢામાંથી દૂધની ફૂંક વાસણમાં પડેલી. હવે પછી કોઈ દિવસ આવું નહિ થવા દઉં.'

રાજા ચૂપ થઈ ગયો. હવે પાતળની તપાસ કરવા માટે હજામને બોલાવ્યો. એણે પણ આવીને આજીજી કરી: 'મહા-રાજ ! આજ સારી પાતળ હતી નહિ. આથી પંખીની હગાર પડેલાં પાંદડાં સાફ કરીને મેં એની પાતળ બનાવેલી.'

ચારે ભાઈઓની વાત સાચી નીકળી. રાજા અને દરબારનાં બધાં માણસ આશ્ચર્યચકિત થઇ ગયાં. રાજાએ આ ભાઈઓને કહ્યું: 'તમે બધા આટલા ચતુર છો; વળી આવી ઝીણી ઝીણી વાત પણ સમજી શકો છો; છતાં ચે તમે ચોર ન પકડી શકયા તો તમારો તોડ હું શું લાવી શકવાનો હતો ? તમે ધરમપુરના રાજા પાસે જાઓ. એ તમારો ન્યાય કરી દેશે.'

ચારે ભાઈ ધરમપુરના રાજા પાસે જઈ પહોંચ્યા અને વાત વર્ણવીને કહ્યું કે મહારાજ! આ તો અમારો ભાઈ ભાઈનો મામલો છે. એનો નિકાલ એવી રીતે લાવી દો કે:

માલ મળી જાય આપણો, ચોર ન જાણ્યો જાય,
પ્રીત-રીત દિન-દિન વધે, કીજે એહ ઉપાય.

રાજા આ ભાઈઓની ચતુરાઈની વાત સાંભળી ચૂકેલો. એને થયું કે પહેલાં એમની ચતુરાઈની પરીક્ષા કરવી જોઈએ. જો મારી જીત થાય તો એમનો મામલો હાથમાં લઈશ, નહીં તો ના પાડી દઈશ.

આમ વિચાર કરીને રાજાએ એક ઘડો મંગાવ્યો. ઘડાનું મોઢું બંધ હતું. એણે ચારે ભાઈઓને પૂછ્યું: 'તમે પહેલાં કહી દો કે આ ઘડામાં શું છે?'

મોટા ભાઈએ ઘડાને હલાવી જોયો અને કહ્યું: 'કાંઈક ગોળ ગોળ ચીજ છે.'

બીજાએ કહ્યું: 'ચીજ ગોળ છે અને લાલ છે.'

ત્રીજાએ કહ્યું: 'ઘડાની ચીજ ગોળ અને લાલ તો છે જ; વધારામાં એ દાણાદાર પણ છે.'

ચોથાએ કહ્યું: 'એ દાડમ છે.'

આમ કહી તેણે ઘડાને ઉપાડીને ભોંય પર પછાડ્યો. અંદરથી સાચોસાચ દાડમ નીકળી પડ્યું. રાજા તો ચકિત થઈ ગયો. એણે ચારે ભાઈઓનાં વખાણ કર્યાં અને કહ્યું કે તમે આટલા ચતુર છો, છતાં ચોરને ન પકડી શક્યા તો તમારો તોડ હું કેમ કાઢી શકીશ? તમારો મામલો મારાથી નહિ પતે. તમે સુવર્ણગઢ જાઓ. ત્યાંના રાજા તમને ચોર પકડી દેશે.'

ચારે ભાઈઓ સુવર્ણગઢ તરફ ઊપડ્યા. ચાલતાં ચાલતાં મોટા ભાઈએ કહ્યું: 'આ રસ્તેથી કોઈ લંગડું ઊંટ નીકળ્યું લાગે છે.'

બીજો બોલ્યો: 'એ કાણું પણ હતું.'

ત્રીજાએ કહ્યું: 'એનો આગળનો એક દાંત તૂટેલો હતો.'

ચોથાએ કહ્યું: 'એના પર ગર્ભવતી બાઇ બેઠી હતી.'

એમની સાથે એક સિપાઈ ચાલ્યો આવે. તે આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો. એણે સુવર્ણગઢના રાજા પાસે જઈ ને બધી વાત કહી સંભળાવી. ત્યાં ચારે ભાઈ પણ આવી પહોંચ્યા. તેમણે જઈને રાજાને પોતાની બધી વાત કરીને કહ્યું: 'આ તો અમારો ભાઇ ભાઈનો મામલો છે. માટે અમને પૂછ્યા વિના અને અમને ખબર પણ ન પડે તેમ અમારો નિકાલ આપી દો.'

પણ રાજાને પેલા સિપાઈએ કહેલી વાત યાદ આવી. એ પરથી રાજાએ તેમને પૂછ્યું: 'તમને કેમ કરીને ખબર પડી કે એ રસ્તેથી લંગડું, કાણું અને એક દાંત તૂટેલું ઊંટ નીકળેલું અને તેના પર ગર્ભવતી બાઈ બેઠેલી?'

મોટા ભાઈએ કહ્યું: 'મહારાજ! રસ્તામાં મેં ઊંટના પગનાં નિશાન જોયાં. ત્રણ પગલાં તો ધૂળ પર બરાબર દેખાતાં હતાં. પણ ચોથું બરાબર દેખાતું ન હતું. આથી મેં જાણ્યું કે ઊંટ લંગડું હશે.'

બીજા ભાઈએ કહ્યું: 'ઊંટ કાણું પણ હતું, એ

વાતની મને એમ ખબર પડી કે તેણે રસ્તા પરથી એક બાજુનું જ ઘાસ ખાધેલું.'

ત્રીજાએ કહ્યું: 'મહારાજ! જ્યાં જ્યાં ઘાસમાં તેણે મોઢું નાખેલું ત્યાં દરેક જગ્યાએ ઘાસમાં ખાંચો રહી ગયેલો મેં જોયો. તેથી મેં જાણ્યું કે એનો એક દાંત તૂટેલો હશે.'

ચોથાએ કહ્યું: 'એના પર ગર્ભવતી સ્ત્રી બેઠી હશે. તેની મને એમ ખબર પડી કે જ્યાં જ્યાં ઊંટને બેસાડેલું ત્યાં સવારના હાથનાં નિશાન હતાં. એથી ખબર પડી કે સવાર ત્યાં બેઠો હશે અને હાથનો ટેકો દઈને ઊઠેલો હશે. ગર્ભવતી સ્ત્રી વગર બીજા કોને હાથનો ટેકો દઈને ઊઠવું પડે?'

એમની ચતુરાઈ જોઈને રાજાએ કહ્યું: 'તમે આટલા ચતુર છો, છતાં ચોરને પકડી ન શક્યા, તો હું કેમ પકડી શકીશ? તમારો ઉકેલ લાવવો એ મારા હાથની વાત નથી. મારી એક દીકરી ધારાનગરી પરણી છે, ત્યાં જાઓ. એ તમારો ન્યાય કરી આપશે.'

ચારે ભાઈ ન્યાય કરાવવા પર મુસ્તાક હતા. ચાલતાં ચાલતાં તેઓ ધારાનગરીમાં જઈ પહોંચ્યા. ત્યાં રાજકુમારી પડદા પાછળ બેસીને ન્યાય કર્યા કરતી હતી. નીચે એક નગારું રાખવામાં આવેલું. નગારા પર દાંડી પડતાં રાજકુમારી કચેરીમાં આવીને બેસતી.

ચારે ભાઈઓએ જઈને નગારા પર ઘાવ દીધો.

રાજકુમારી ચક પાછળ આવીને બેઠી કે તેમણે કહ્યું: 'અમે ચારે ભાઈઓ છીએ. અમારામાં ભેદભાવ પડવા નથી દેવો. તેથી એવું કરી આપો કે—

માલ મળી જાય આપણો, ચોર ન જાણ્યો જાય,
પ્રીત—રીત દિન દિન વધે; કીજે એહ ઉપાય.

રાજકુમારીએ કહ્યું: 'ઠીક, હું તમારો ન્યાય તો કરી આપીશ. પણ પંદર દિવસ તમારે અહીં રોકાવું પડશે.'

ચારે ભાઈ રાજી થઈ ગયા. રાજકુંવરીએ તેમને અલગ અલગ ચાર ધર્મશાળામાં ઉતારો દઈ દીધો અને કોઈ એકબીજાને મળવા ન પામે તે માટે પહેરો મૂકી દીધો. વધારામાં રાત્રે એકાદ વાર દીવો ઓલવાય તો ફરીથી સળગાવી શકાય એવું કાંઈ રહેવા ન દીધું.

રાત પડી કે રાજકુંવરીએ પોતાના એક શાણા પ્રધાનને બોલાવ્યો અને બન્ને આબેહૂબ વેપારીનો વેશ લઈને મોટા ભાઈની ધર્મશાળાએ પહોંચ્યા. વેપારીને વેપારી મળ્યા કે વેપારવણજની વાત કરી ને થોડી વારમાં મિત્રાચારી બાંધી. થોડી વાર પછી વખત વિતાવવા સૌ ચોપાટ રમવા બેઠાં. સૌ ચોપાટ રમવામાં કુશળ. રમત જામી કે રમવાની સાથે રાજકુંવરીએ એક વાત કહેવી શરૂ કરી:

'કોઈ નગરમાં એક રાજા રાજ કરે. એને એક કુંવર. કુંવરને વજીરના દીકરા સાથે ભારે ભાઈબંધી. બન્ને સાથે રમેજમે અને ભણ્યા કરે. એક દિવસ તેઓએ પ્રતિજ્ઞા કરી કે આપણા બેમાંથી જેનો વિવાહ પહેલો થાય તેણે પોતાની પત્નીને પહેલી રાત બીજા મિત્રને ત્યાં મોકલવી.

'થોડાં વર્ષ પછી રાજાના કુંવરના વિવાહ થયા. વહુ ઘેર આવી કે રાજકુંવરને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી. એણે પોતાની પત્નીને બધી વાત કહી સંભળાવી અને કહ્યું કે તારે મારી પ્રતિજ્ઞા પૂરી કરવી પડશે.

'વહુ પતિવ્રતા હતી. પતિની આજ્ઞા માનવી એ તેનો ધર્મ હતો. એણે સોળ શણગાર સજ્યા અને સોનાની ઝારી તથા ભોજનનો થાળ હાથમાં લઈ ને તરત વજીરના દીકરાને ઘેર ઊપડી.

'મહેલ બહાર થોડાંક ડગલાં માંડયાં ત્યાં એને અંધારામાં ચોર મળ્યા. ચોરે એને ઘેરી લીધી અને ઘરેણાં કાઢવા લાગ્યા. બાઈએ તેમને કહ્યું: 'તમે મારા ધર્મના ભાઈ કહેવાઓ. પહેલાં મારી વાત સાંભળો, પછી ઠીક લાગે તેમ કરો. હું રાજકુમારની પત્ની છું અને વજીરના દીકરા પાસે જઈ રહી છું. ત્યાંથી થોડીક વારમાં પાછી ફરીશ ત્યારે તમને બધાં યે ઘરેણાં આપી દઈશ. મારા પર વિશ્વાસ રાખો. હું દગો નહિ દઉં.'

'ચોર અંદર અંદર સંતલસ કરવા લાગ્યા. કોઇએ કહ્યું કે મોટા ઘરની વહુ છે. એ જૂઠું ન બોલે. કોઈ વળી કહેવા લાગ્યો કે હાથ પડ્યો માલ છોડી દેવો એનાથી મોટી મૂર્ખાઈ કઈ? છેવટ ચોરોના સરદારે વહુને કહ્યું: 'ઠીક વાત છે. તમે તમારે ખુશીથી જાઓ. પણ તમારી વાત યાદ રાખજો. વચનભંગ થતાં નહિ.'

'વહુ ચાલી નીકળી. અરધી રાતનો સમય હતો.

વજીરનો દીકરો રાહ જોઈને જ બેઠો હતો. ઝાંઝરનો ઝમકાર સાંભળીને એ બહાર આવ્યો. તેણે કહ્યું: 'આવો બહેન!'

'વહુ જઈને ગાલીચા પર બેસી ગઈ. વજીરના દીકરાએ કિંમતી ઘરેણાં અને સુંદર કપડાં કાઢીને એને દીધાં અને કહ્યું: 'બહેન! તમારા ભાઈની આ ભેટ છે. એનો સ્વીકાર કરો.' આ પછી તેણે વહુને ભોજન કરાવ્યું અને પગે લાગીને વિદાય આપી.

'રાજવહુ વજીરના દીકરા પાસેથી નીકળીને સીધી ચોરોના અડ્ડા પાસે આવી પહોંચી અને ચોરોના સરદારને કહ્યું: 'હું આવી પહોંચી છું. હવે ઘરેણાં લઈ લો.'

'સરદારની આંખમાં આંસુ આવી ગયાં અને ચોર પણ દંગ થઈ ગયા. તેમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે લાખોનો માલ ખુશીથી આપવા માટે આ વહુ બેધડક એમની પાસે પાછી આવી પહોંચશે. સરદારે આગળ આવીને કહ્યું: 'બેટી! તું જ્યારે અમને ધર્મના ભાઈ કરી ચૂકી છો ત્યારે તારી પાસેથી કાંઈ પણ લેવું અમારે માટે પાપની વાત છે.'

'આમ કહીને તેણે એક હીરાનો હાર કાઢીને રાજ-વહુના ગળામાં નાખી દીધો.'

'રાજવહુ ત્યાંથી ચાલીને રાજકુંવર પાસે પહોંચી અને તેને બધી વાત કહી સંભળાવી.'

આટલું કહીને વેપારીવેશે વાત કરી રહેલ રાજકુંવ-રીએ રમતાં રમતાં જ વેપારીના મોટા દીકરાને પૂછ્યું:

'કહો તો ખરા, શેઠ! કે રાજકુમાર, વજીરનો દીકરો, રાજવહુ અને ચોર, એમાં સૌથી વિશેષ ધન્યવાદને પાત્ર કોણ?'

મોટા ભાઈનું મન એક બાજુ રમતમાં અને બીજી બાજુ વાતમાં હતું. આવેલ વેપારીએ આવો સવાલ કેમ પૂછ્યો હશે એનો જરાકેય ખ્યાલ કર્યા વગર એણે રમતાં રમતાં જ જવાબ દઈ દીધો: 'સૌથી ધન્યવાદને પાત્ર તો રાજકુમાર જ કહેવાય. પહેલી જ રાત્રે પોતાની પત્નીને વચનને ખાતર બીજાને ઘેર જવા દેવી એ જેવીતેવી વાત ન કહેવાય. વળી એ પોતે તો રાજકુંવર હતો ને વજીરના દીકરાનું વચન ન પાળે તો એને કોઈ કહી શકે તેમ ન હતું. એટલે હું તો રાજકુમારને જ ધન્યવાદ આપું.'

રાજકુંવરીને ખાતરી થઇ ગઈ કે રતન મોટા ભાઇએ ચોર્યાં નથી લાગતાં. તો યે વધારે ખાતરી કરવા માટે થોડી વારે પાછી રમત બરાબર રંગમાં આવી કે એણે ઈશારો કર્યો અને સાથે આવેલ પ્રધાને દીવો સિફતથી ઓલવી નાખ્યો. ચોપાટનો રંગ જામે ત્યારે રમનાર ઘડીનો યે વિલંબ ન સહન કરી શકે. સૌ ઘરમાં દીવો ફરીથી સળગાવવા માટે કાંઈ મળે તો શોધવા લાગ્યાં, પણ ઘરમાંથી કાંઈ ન મળ્યું. છેવટ વેપારીવેશે રાજકુંવરીએ મોટા ભાઇને કહ્યું: 'જવા દો દીવો ફરીથી ન સળગે તો. તમે તો વેપારી છો. તમારી પાસે કાંઈ મણિ કે રતન હોય તો કાઢો એટલે એને અજવાળે રમત પૂરી કરીએ.'

પણ મોટો ભાઈ કહે: 'ઘેર તો ઘણાં યે મણિ ને રતન

છે. પણ સાથે લાવ્યો જ નથી. કહો તો આસપાસથી કાંઈક લઈ આવું.'

વેપારીવેશે આવેલ રાજકુંવરીએ કહ્યું: 'રહેવા દો ત્યારે. હવે રાત પણ ઘણી ગઈ છે, એટલે અમે પણ અમારે ઘેર જઈએ.'

આમ કહીને રાજકુંવરી તથા પ્રધાન ચાલી નીકળ્યાં અને આડેઅવળે રસ્તે થઈને મહેલે પહોંચી ગયાં.

બીજા દિવસની સાંજ પડી કે ફરી પાછાં રાજકુંવરીએ અને એના પ્રધાને વેપારીના વેશ પહેર્યા. ફરતાં ફરતાં તેઓ બીજા ભાઈની ધર્મશાળાએ ગયાં. થોડી વારમાં એમણે એની સાથે મિત્રાચારી બાંધી અને વખત વિતાવવા ચોપાટ રમવા બેઠાં. રમતાં રમતાં આગલા દિવસની જેમ જ રાજકુંવરીએ વાત શરૂ કરી. વાત પૂરી થઇ કે રમતના રંગમાં જ કુંવરીએ પૂછ્યું: 'કહો તો ખરા, શેઠ! આ રાજકુંવર, રાજવહુ, વજીરનો દીકરો અને ચોર એમાંથી સૌથી વધારે ધન્યવાદને લાયક કોણ?'

રમતાં રમતાં જ બીજા ભાઈએ જવાબ આપ્યો: 'સૌથી વધારે ધન્યવાદને પાત્ર તો રાજવહુ જ કહેવાય. પોતાના પતિના વચનની ખાતર જે અંધારી રાતમાં ગમે તેવાં જોખમ ખેડીને ચાલી નીકળે એ સ્ત્રીની હિંમત અને પતિપરાયણતા જેવાંતેવાં ન કહેવાય. હું તો સૌથી વધારે ધન્યવાદ એને જ આપું.'

આ ઉપરથી રાજકુંવરીને લાગ્યું કે આની પાસે

યે રતન નથી. તો યે વધારે ખાતરી કરવા આગલા દિવસની જેમ દીવો ઓલવી જોયો અને અજવાળે રમવા રતનની માગણી કરી જોઇ. પણ બીજા ભાઈ પાસેથી કાંઈ ન નીકળ્યું અને રાજકુંવરી પ્રધાનને લઇ ચાલી નીકળી.

ત્રીજી રાત થઈ કે પાછાં રાજકુંવરી અને પ્રધાન વેપારીનો વેશ લઇને ત્રીજા ભાઈની ધર્મશાળાએ ઊપડયાં. ત્યાં પણ મિત્રાચારી બાંધીને ચોપાટ રમવા લાગ્યાં અને રમતાં રમતાં રાજકુંવરીએ પેલી વાર્તા કરી. વાત પૂરી થઈ કે રમતના રંગમાં જ રાજકુંવરીએ પૂછ્યું: ‘ કહો તો ખરા, શેઠ! આ ચારમાંથી સૌથી વધારે ધન્યવાદને લાયક કોણ ? ’

રમતાં રમતાં જ ત્રીજા ભાઈએ જવાબ દીધો: ‘ સૌથી વધારે ધન્યવાદને પાત્ર તો વજીરનો દીકરો જ ગણાય. રાતનો સમય હતો. પોતાને આગળ વચન મળ્યું હતું એ પ્રમાણે જ રાજવહુ એની પાસે આવી હતી. એ છતાં એને એણે બહેન કરીને પાછી મોકલી દીધી. આવાં નરરત્ન તો દુનિયામાં દુર્લભ કહેવાય. હું તો સૌથી વધારે ધન્યવાદ એને જ આપું. ’

આ ઉપરથી રાજકુંવરીને લાગ્યું કે આની પાસે યે રતન નથી. તો યે વધારે ખાતરી કરવા આગલા દિવસોની જેમ દીવો ઓલવી નાખ્યો અને અજવાળે રમવા રતનની માગણી કરી જોઈ. પણ ત્રીજા ભાઈ પાસેથી યે કાંઈ ન નીકળ્યું એટલે રાજકુંવરી પ્રધાનને લઈને ચાલી નીકળી.

રાજકુંવરીને લાગ્યું કે આ ત્રણ ભાઈ પાસેથી રતન ન મળ્યાં માટે ચોથા ભાઈ પાસે તે હોવાં જ જોઈએ. નાના ભાઈને બરાબર ચકાસવા માટે સાથે કેફ-વાળાં પાનનાં બીડાં લઇ લીધાં અને પ્રધાનને લઈને વેપારીને વેશે રાજકુંવરી નાના ભાઇની ધર્મશાળાએ આવી પહોંચી.

આગલા દિવસોની જેમ નાના ભાઈ સાથે પણ મિત્રાચારી બાંધી અને વખત વિતાવવા ચોપાટ રમવા બેઠાં. રમતાં રમતાં રાજકુંવરીએ પેલી વાર્તા કહેવી શરૂ કરી. અને સાથે સાથે નાના ભાઇને પેલાં પાનમાંથી એકાદ-બે બીડાં આપ્યાં. વાર્તા પૂરી થઈ કે એણે પૂછ્યું: 'બોલો તો ખરા, શેઠ! આ ચારમાંથી સૌથી વધારે ધન્ય-વાદને લાયક કોણ?'

રમત, વાત અને પાનના ત્રણ થરા કેફમાં નાના ભાઈએ કહ્યું: 'સૌથી ધન્યવાદને પાત્ર તો ચોર જ કહે-વાય. એ તો પોતે ચોર હતા. છતાં સામે ચાલીને આવેલી લાખોની ચોરી છોડી દીધી એ જેવીતેવી વાત ન કહેવાય. આવા ચોરને રાજા કરીને બેસાડવા જોઈએ. હું તો સૌથી વધારે ધન્યવાદ એ ચોરોને આપું.'

આ ઉત્તરથી રાજકુંવરીને લાગ્યું કે રતનનો ચોર-નાર આ નાનો ભાઇ જ હોવો જોઇએ. આથી એણે રમત ચાલુ રાખી અને ફરીથી પેલાં કેફનાં બીડાં આપવાં શરૂ કર્યાં. બરાબર રમત અને બીડાંનો કેફ જામ્યો અને નાનો ભાઈ જીતની અણી પર આવ્યો એ વખતે રાજકુંવરીએ ઈશારો માર્યો કે પ્રધાને દીવો ઓલવી નાખ્યો.

આગલા દિવસોની જેમ જ ઘરમાં શોધ કરી જોઈ. પણ દીવો કરવાનું કાંઈ ન મળ્યું એટલે રાજકુંવરીએ નાના ભાઈ પાસે મણિ કે રતન હોય તો કાઢવા કહ્યું, જેથી એને અજવાળે રમત રમી શકાય. રમત અને બીડાંના કેફમાં ઘેઘૂર તેમ જ અધીરા થયેલા નાના ભાઈએ ઊઠીને ઝટ પેટી ઉઘાડી અને ઠેઠ ખૂણામાંથી કાઢીને એક રતન બહાર મૂકયું. રતન એવું તેજસ્વી કે આખા ઓરડામાં અજવાળાં પથરાઈ ગયાં.

રાજકુંવરીને થયું કે આ જ પેલાં ચાર રતન-માંહેનું એક રતન હોવું જોઈએ. બાકીનાં પણ હવે એની પાસેથી મેળવવાં જોઇએ.

વળી પાછી રમત શરૂ થઈ કે રાજકુંવરી નાના ભાઈને કેફી બીડાં દેવાં લાગી. રમતાં રમતાં જ નાના ભાઈની આંખો ઘેરાવા લાગી અને થોડી વારમાં એક બાજુ ઢળી પડયો. તરત રાજકુંવરીએ અને પ્રધાને ઊભા થઈને પેલી પેટી ઉઘાડી અને ઠેઠ નીચેથી બીજાં ત્રણ રતન શોધી કાઢ્યાં. ચારે રતન લઇને તેઓ બહાર નીકળી ગયાં અને બારણું બંધ કરીને પોતાને મહેલ પહોંચી ગયાં.

બીજે દિવસે રાજકુંવરીએ ચારે ભાઈઓને મહેલે બોલાવ્યા. પોતે ચકની પાછળ બેઠી અને ચારે ભાઇ ચકની આગળ બેઠા. ચકની પાછળથી હાથ લંબાવીને રાજ-કુંવરીએ પેલાં ચાર રતન બતાવ્યાં અને પૂછ્યુંઃ 'બોલો આ જ તમારાં રતન કે બીજાં ?'

ચારે ભાઈઓએ પિતાજી જીવતા ત્યારે આ રતન જોયેલાં ખરાં. ચારે ભાઈઓએ રતન ઓળખ્યાં ને હા પાડી.

રાજકુંવરીએ દરેક ભાઈને એક એક રતન આપી દીધું અને પૂછ્યું: 'બોલો! તમને તમારાં રતન પાછાં મળી ગયાં ને?'

ચારે ભાઈ કહે: 'હા, બરાબર મળી ગયાં.'

રાજકુંવરી કહે: 'મારે તમને કાંઈ પૂછવું પડ્યું નથી ને?'

ચારે ભાઈ કહે: 'ના ના, એક શબ્દેય નહિ ને.'

રાજકુંવરી કહે: 'તમારામાંથી કોણે એ લીધેલાં એની પણ તમને ખબર નથી પડી ને?'

ચારે ભાઇ કહે: 'ના, ના! એ ખબર અમને પડી નથી અને અમારો ભાઈ ભાઈ વચ્ચેનો ભરમ સચવાયો છે. આપના જેવો ન્યાય અમને કોઈ ન કરી આપત.'

આમ કહીને ચારે ભાઈઓએ રાજકુંવરીને નમન કર્યાં અને પોતાને દેશ પાછા ચાલી નીકળ્યા. ઘેર જઈને ચારે ભાઈઓ પૂરા સંપ અને હેતપ્રીતથી જીવ્યા અને આનંદથી જિંદગી વિતાવી.

સોનેરી પંખી

એક હતો રાજા. રાજાને ફૂલવાડીનો ભારે શોખ. દેશદેશથી જાતજાતના ફૂલછોડ મંગાવે અને ફૂલવાડીમાં રોપાવે. રોજ સવારે રાજા ફૂલવાડીએ જાય અને છોડે છોડે હાથ ફેરવે. પણ આ બધા છોડમાં તેને સીતાફળીનો છોડ બહુ વહાલો. આ છોડ તો એણે સિંહલદ્વીપની પદ્મણી રાણી પાસેથી લાખો રૂપિયા દઈ ને મંગાવેલો. આ છોડને રોજ સોનાનાં સીતાફળ લાગે.

પણ એક વાતનું દુઃખ. સીતાફળીને જેવાં ફળ બેસવા લાગે કે કોઈક રાતે આવીને ચોરી જાય. રાજા સીતાફળી આસપાસ ભરી બંદૂકે ચોકીપહેરો મૂકે, પણ ચોર પકડાય નહિ. રોજ સવાર પડે ને ફળ ચોરાયું જ હોય.

છેવટ રાજા થાકયો. એણે દાંડી પિટાવી કે જે કોઈ સીતાફળીના ચોરને પકડી દે તેને મારું અર્ધું રાજપાટ આપું. આમ કહીને તેણે કચેરીમાં બીડું ફેરવ્યું.

રાજાને ચાર કુંવર. એમાંથી સૌથી મોટા રાજકુંવરે પહેલે દિવસે બીડું ઝડપ્યું. સાંજ પડી અને રાજકુમાર હાથમાં ઉઘાડી તલવાર લઇ ફૂલવાડીએ પહોંચ્યો. બરાબર ધ્યાન દઈ ને એ પહેરો ભરવા લાગ્યો. પણ જેમ જેમ રાત

વીતવા લાગી તેમ તેમ રાજકુંવરની આંખો ઘેરાવા લાગી. એ જરા આરામ કરવા આડે પડખે થયો કે ઊંઘ આવી ગઈ અને જાગે ત્યાં તો સવાર. જુએ તો ફળ ચોરાઈ ગયું છે. બિચારો મોટો રાજકુંવર શરમાતો શરમાતો મહેલમાં ઘૂસી ગયો.

બીજો દિવસ થયો અને બીજો રાજકુંવર ફૂલવાડીએ ચોકી કરવા આવ્યો. એણે આખી રાત જાગવા માટે ગાંજાનો દમ લીધો. પણ નશો વધારે ચડી ગયો અને તે ઘેઘૂર આંખે પડી રહ્યો. સવારે જુએ તો ફળ ચોરાઇ ગયું છે.

ત્રીજે દિવસે ત્રીજો રાજકુંવર ચોકી કરવા ગયો, પણ એની યે એ જ દશા થઈ.

ચોથે દિવસે સૌથી નાનો રાજકુંવર તૈયાર થયો. આખો દિવસ તે ઊંઘી ગયો અને સાંજ થતાં હાથમાં તીરકામઠું લઈને ફૂલવાડીએ પહોંચ્યો. એની આંખમાં ઊંઘનું મટકું યે ન હતું. ચારે બાજુ આંખો ફેરવતો એ પહેરો ભરવા લાગ્યો.

બરાબર મધરાતનો ગજર ભાંગ્યો કે ફડફડ એવો અવાજ એને સંભળાયો. નાનો કુંવર સીતાફળી માથે નજર નાખે તો એક સોનેરી પંખી રૂપેરી ચાંચે ફળ તોડે. તરત કુંવરે તીર તાકયું અને સનનન કરતું તીર છૂટયું. તીર પંખીને તો બરાબર ન લાગ્યું, પણ તેની એક પાંખ તૂટીને નીચે આવી પડી. એક પાંખે ઊડીને પંખી ભાગી છૂટયું.

રાજકુંવરે એ પાંખ લઈ લીધી અને સવારે રાજાજી પાસે રજૂ કરી. રાતે શું બન્યું એ પણ વિગતથી કહી સંભળાવ્યું.

સોનેરી પંખીની પાંખ જોવા આખું ગામ ઊમટ્યું. પાંખ પણ સોનેરી અને પીછે પીછે હીરા–મોતી. કોઇ કહે કે આ સોનેરી પાંખનાં મૂલ લાખ રૂપિયા થાય અને કોઇ કહે કે કરોડ થાય. રાજાને થયું કે જે પંખીની પાંખ આવી છે તે પંખી પોતે કેવું સુંદર હશે. આવું પંખી મારી પાસે હોય તો રાજમહેલ શોભે.

ફરીથી રાજાએ દાંડી પિટાવી કે જે કોઈ આ સોનેરી પંખીને લાવી દે તેને અર્ધું રાજપાટ આપું.

મોટા રાજકુંવરે આ વાત સાંભળી. એને થયું કે પંખીનો પત્તો તો ન લગાવી શકયો. હવે જો એ પંખી પકડી લાવું તો મારી આબરૂ રહી જાય. આમ વિચારીને તે સોનેરી પંખીની ગોતમાં ચાલી નીકળ્યો.

ચાલતો ચાલતો રાજકુંવર સાંજે એક નગરમાં પહોંચ્યો. નગરને દરવાજે બે ધર્મશાળા; એક સાદીસીધી અને બીજી સાફસુંદર. રાજકુંવર સાફસુંદર ધર્મશાળામાં ઊતર્યો. આ ધર્મશાળામાં રાતદિવસ ગાનતાન અને નાચ-મુજરા ચાલે. મોટા રાજકુંવરને ગાનતાન ગમી ગયાં અને રાતદિવસ નાચમુજરા જોવામાં રોકાઇ ગયો. પોતે સોનેરી પંખી ગોતવા નીકળ્યો છે એ વાત પણ ભૂલી ગયો.

મહિના પર મહિના વીતવા લાગ્યા પણ મોટા રાજ-

કુંવરના કાંઈ સમાચાર ન આવ્યા એટલે બીજો રાજકુંવર સોનેરી પંખીની શોધમાં નીકળ્યો. ચાલતો ચાલતો એ પણ તે જ નગરમાં આવી પહોંચ્યો અને સાફ સુંદર ધર્મ-શાળામાં ઊતર્યો. એ પણ ગાનતાન અને નાચ-મુજરામાં લોભાઈ ગયો અને સોનેરી પંખીની વાત ભૂલી ગયો.

થોડા દિવસ પછી ત્રીજો રાજકુંવર નીકળ્યો અને તેની પણ એ જ દશા થઈ.

સૌથી છેલ્લે નાનો રાજકુંવર રાજાની આજ્ઞા લઈને સોનેરી પંખીની શોધમાં નીકળ્યો. ચાલતો ચાલતો એ સાંજ સમે એ જ નગરમાં પહોંચ્યો. એ સાદીસીધી ધર્મ-શાળામાં ઊતર્યો.

ધર્મશાળાની કોરે બેઠો બેઠો રાજકુંવર વિચાર કરે છે ત્યાં એની સામેથી રાજના ચાર સિપાઈ નીકળ્યા. સિપાઈની વચ્ચે એક સુંદર જુવાન આદમી. જુવાનના હાથેપગે બેડી પહેરાવી છે અને પાછોટિયે બાંધ્યો છે. તપાસ કરતાં ખબર પડી કે આ જુવાન એક લૂંટારો છે, માંડ માંડ પકડાયો છે અને તેને શૂળીએ ચડાવવા લઈ જાય છે.

રાજકુંવરને થયું: 'અરરર, આવા સુંદર જુવાનને શૂળીએ ચડાવી દેશે? લાવ એને બચાવું.'

આમ વિચારી તે રાજા પાસે ગયો અને એ જુવાનને છોડી મૂકવા અરજ કરી. એણે રાજાને કહ્યું કે હવે પછી એ ચોરી કરે તો મારે માથે. રાજાએ તરત સિપાઈ મોકલી લૂંટારાને પાછો બોલાવ્યો અને છોડી મૂક્યો.

આ લૂંટારાનું નામ બળરાજ. તેને વિચાર થયો: 'આ પરદેશી રાજકુંવર મને ઓળખે-પિછાને નહિ, તો યે એણે મને છોડાવ્યો અને પોતાને માથે બધું જોખમ વહોરી લીધું. એણે મને છોડાવ્યો તો મારે એનું કાંઈક કામ કરી દેવું જોઈએ.'

આમ વિચારી તે રાજકુંવર પાસે ગયો અને તેને પગે પડ્યો. કહે: 'બસ, હું તો તમારી સાથે જ રહીશ.'

રાજકુંવર કહે: 'ભાઈ, હું તો જાઉં છું સોનેરી પંખીની શોધમાં. તું મારી સાથે ક્યાં ભટકીશ?'

બળરાજ કહે: 'કુંવર, તમે સોનેરી પંખી લેવા જાઓ છો? સોનેરી પંખી મેળવવું એ કાંઈ સહેલી વાત નથી. છતાં યે ચાલો, હું તમારી સાથે આવું. હું કહું એમ કરતા આવશો તો સોનેરી પંખી તમને જરૂર મળી જશે. પણ જો જરાકે ય ચૂક્યા તો મુસીબતનો પાર નહિ રહે.'

કુંવર કહે: 'તું કહીશ તેમ જ કરીશ. પછી કંઈ?'

રાજકુંવર અને બળરાજ આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં સોનેરી પંખીની નગરીમાં પહોંચ્યા. બળરાજે કહ્યું: 'જુઓ, કુંવર! આ માર્ગે આગળ ચાલ્યા જાઓ. આગળ જતાં તમને એક મહેલ દેખાશે. એ મહેલમાં રાજકુંવર વિના બીજું કોઈ પગ મૂકી શકતું નથી. ત્યાં પહેરેગીરો ઘોરતા હશે. જરા યે મૂંઝાયા વગર મહેલમાં ચાલ્યા જજો. મહેલની અંદર એક ઓરડામાં સોનેરી

પંખી વાંસના પિંજરામાં બેઠું હશે. એ પિંજરું ઉતારી પાછું જોયા વિના અહીં ભાગી આવજો. એ પંખીની પાસે એક ખાલી સોનેરી પિંજરું પણ ટાંગેલું હશે, પણ એના લોભમાં પડશો નહિ. એને અડશો તો આફત આવી જાણજો.'

બળરાજના કહેવા પ્રમાણે કુંવર મહેલમાં પહોંચી ગયો. જુએ છે તો વાંસના પિંજરામાં બેઠું બેઠું સોનેરી પંખી ગાન ગાયા કરે છે. પાસે જુએ તો સોનેરી પિંજરું ટિંગાય છે. સોનેરી પિંજરાને હીરામાણેકના સળિયા અને મોતીપરવાળાનાં છત્તર. સોનેરી પિંજરાનાં ઝળાંઝળાં અજવાળાં પડી રહ્યાં છે.

રાજકુંવરને થયું: 'બળરાજે ના પાડી, પણ એ મૂરખ લાગે છે. આવા સોનેરી પંખીને તો આ સોનેરી પિંજરું જ શોભે.'

આમ વિચારી જેવું તેણે સોનેરી પંખીને મૂકવા સોનેરી પિંજરું ઉઘાડયું કે પંખી ચીં....ચીં....કરવા લાગ્યું. તરત જ પહેરેગીરો જાગી ઊઠયા અને રાજ-કુંવરને પકડી લીધો. રાજકુંવરને લઇ જઈને ત્યાંના રાજા પાસે ઊભો કર્યો.

રાજાએ કહ્યું: 'તારા આ ગુના માટે ફાંસીની સજા થશે. પણ તારે બચવાનો એક ઉપાય છે. જો તું રાજા અવળચંદનો સોનેરી ઘોડો લાવી દે તો તને છોડી મૂકું અને આ સોનેરી પંખી પણ ભેટમાં આપું.'

રાજકુંવરે સોનેરી ઘોડો લાવી આપવાનું વચન દીધું અને બળરાજ પાસે આવી પહોંચ્યો. આવીને બળરાજને બધી વાત કરી. બળરાજ કહેઃ 'મેં ના પાડેલી તો યે ન રહી શકયા ને? હશે, જે થયું તે. ચાલો સોનેરી ઘોડો લેવા જઈએ. એની ય મને ખબર છે, પણ ત્યાં કોઈ રાજકુંવર વગર જઈ શકતું નથી.'

રાજકુંવર અને બળરાજ ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં રાજા અવળચંદની નગરીમાં આવી પહોંચ્યા. બળરાજે કહ્યું: 'આ રાજાની ઘોડારમાં સોનેરી ઘોડો બાંધ્યો છે. એના પાસે બે જીન પડ્યાં હશે, એક સોનાનું અને બીજું ચામડાનું. પણ જોજો, સોનાના જીનમાં લોભાશો નહિ. ચામડાનું જીન ચડાવીને ઘોડે ચડી નીકળજો. ત્યાં પહેરેગીરો ઘોરતા હશે. જરા યે મૂંઝાયા વગર અંદર ચાલ્યા જાજો. પણ જો સોનેરી જીનને અડશો તો ભારે મુસીબતમાં આવી પડશો.'

રાજકુંવર રાજા અવળચંદની ઘોડારમાં જઈ પહોંચ્યો. જુએ તો સોનેરી ઘોડો હણહણાટી દઈ રહ્યો છે. રૂપેરી ડાબલા ઠમકારે છે અને રેશમી માણેકલટ ફરકી રહી છે. આસપાસ નજર ફેરવે તો બે જીન ટિંગાય છે. એક ચામડાનું અને બીજું સોનાનું. ચામડાનું જીન તો ભૂંડું ભૂખ. પણ સોનેરી જીનમાં હીરામાણેકની કડીઓ અને મોતીપરવાળાંના ચાપડા. હીરની દોરીએ આખા સોનેરી જીનને ગૂંથ્યું છે.'

રાજકુંવરને થયું: 'આવો રૂપાળો ઘોડો, એને

આ ચામડાનું જીન શોભે ? એને માથે આ સોનેરી જીન નાખ્યું હોય તો મેળ જામે !' આમ વિચારી જેવું એણે સોનેરી જીન ઘોડા માથે માંડ્યું કે ઘોડાએ હણહણાટી દીધી. તરત જ પહેરેગીરો જાગી ઊઠ્યા અને ચોર.... ચોર....કહેતાં રાજકુંવરને પકડી લીધો. હાથમાં હાથકડી પહેરાવીને પહેરેગીરોએ કુંવરને રાજા પાસે રજૂ કર્યો.

રાજા કહે: ' પરદેશી ! તને આ ચોરી માટે ફાંસીની સજા મળશે. પણ તારે બચવું હોય તો એક ઉપાય છે. પદ્માવતી નગરીમાં સુવર્ણકેશી (સોનેરી વાળવાળી) કુંવરી છે. એ જો મને લાવી આપે તો તને છોડી મૂકું અને આ ઘોડો પણ ભેટમાં દઈ દઉં.'

રાજાને વચન દઈને રાજકુંવર બળરાજ પાસે આવી પહોંચ્યો. બળરાજ કહે: ' રાજકુંવર, મારે તમને કહેવું શું ? કહું છું તેમ કરતા નથી અને નવી નવી આફત વહોરતા આવો છો; હશે, હવે પછી આવી ભૂલ ન કરતા.'

ફરી બન્ને આગળ ઊપડ્યા. ચાલતાં ચાલતાં પદ્માવતી નગરીમાં આવી પહોંચ્યા. રાતનો સમય થયો કે બળરાજે કહ્યું: ' જુઓ, રાજકુંવર ! આ રાજાને ઘેર સુવર્ણકેશી કુંવરી છે. અત્યારે બધા પહેરેગીર ઘોરતા હશે. તમેતમારે સડસડાટ મહેલમાં ચાલ્યા જજો. મધરાત થશે કે રાજકુંવરી સ્નાન કરવા જશે. તમે ત્યાં ચુપચાપ પહોંચી જજો અને તેના વાળ પકડી લેજો. વાળ પકડ્યા પછી એ તમે કહેશો તેમ ચાલી આવશે. તરત એને લઈને અહીં આવતા રહેજો. પણ જોજો, એની કોઈ વાત

સાંભળશો નહિ અને એકે ય વાત માનશો નહિ. નહિ તો પછી ભારે આફતમાં આવી પડશો.'

રાજકુંવર જઈ ને મહેલમાં સંતાઈ રહ્યો. મધરાતનો સમય થયો. રૂમ....ઝૂમ....રૂમ....ઝૂમ ઝાંઝર ઝણકાવતી કુંવરી નાહવા ચાલી. જેવી નાહવા બેઠી કે જઈને રાજકુંવરે એના વાળ પકડી લીધા. એને જોઈ ને તરત રાજકુંવરી બોલી: 'વાહ વાહ! સ્વામીનાથ, ભલે પધાર્યા! હું તમારી જ રાહ જોતી બેઠી હતી.' આમ કહી કુંવરીએ કપડાં બદલી લીધાં અને રાજકુંવર સાથે ચાલી નીકળવા તૈયાર થઈ.

મહેલને દરવાજે આવતાં સુવર્ણકેશીએ કહ્યું: 'રાજકુંવર! હું તમારી સાથે આવું. પણ મારાં માતપિતાને છેલ્લા છેલ્લા મળી આવવા દો. આજનાં વિખૂટાં પડેલાં કોણ જાણે અમે ક્યારે પાછાં મળશું.'

રાજકુંવરને થયું: 'ભલે ને બિચારી મળી આવે. આમાં કેટલો વખત જવાનો છે.'

કુંવરે રજા આપી અને સુવર્ણકેશી રાજા પાસે જઈ પહોંચી. તરત જ રાજાએ પહેરેગીર મોકલ્યા અને રાજકુંવરને પકડી લીધો. પહેરેગીરોએ રાજકુંવરને રાજા પાસે રજૂ કર્યો.

રાજા કહે: 'પરદેશી! તને આ ગુના માટે ફાંસીની સજા થવાની. તેમાંથી બચવાનો એક ઉપાય છે ખરો. આ મારા મહેલની આડો પહાડ છે. એ પહાડ મારા

મહેલમાં સૂરજનાં અજવાળાં આવતા દેતો નથી. જો એ પહાડ ખોદી નાખે તો તને ફાંસીની સજા માફ કરું. વધારામાં મારી આ સુવર્ણકેશી કુંવરી પણ તને પરણાવું'

રાજકુંવરે રાજાને વચન દીધું અને બળરાજ પાસે આવી પહોંચ્યો. પોતાની શિખામણ રાજકુંવરે માની નહિ અને નવી આફત વહોરી તેથી બળરાજે રાજકુંવરને ઠપકો દીધો અને ફરીથી આવું ન કરવા વિનંતિ કરી. બળરાજે એના સોળસો સાથીદારોને તેડાવ્યા અને રાતોરાત આખો પહાડ ખોદીને સાફ કરી નાખ્યો.

પહાડને ધરતી સાથે સરખો થઈ ગયેલો જોઈને રાજા રાજી રાજી થઈ ગયો. તરત એણે સુવર્ણકેશીનાં લગ્ન રાજકુંવર સાથે કરી દીધાં અને નોકર–ચાકર તેમ જ ધનદોલત આપી રાજકુંવરને વિદાય દીધી.

રાજકુંવર, સુવર્ણકેશી તથા બળરાજ પાછાં વળ્યાં. બળરાજે રસ્તામાં વાત કરી: 'જુઓ, રાજકુંવર! હું કહું તેમ કરતા આવો તો આ સુવર્ણકેશી, સોનેરી ઘોડો અને સોનેરી પંખી બધાં યે તમને મળી જાય.'

રાજકુંવર કહે: 'ભલે હવે તો તું કહીશ એમ જ કરતો આવીશ. આટલા અનુભવ પછી હવે ભૂલ નહિ કરું.'

બળરાજ કહે: 'પહેલાં તો આ સુવર્ણકેશી રાજા અવળચંદને આપી આવો. તરત એ તમને સોનેરી ઘોડો આપી દેશે. ઘોડો મળી જાય કે તેના પર સવાર થઈને સૌની પાસે રજા માગજો. સૌથી છેલ્લે રાજકુંવરી પાસે

રજા માગવા જજો. એ વખતે રાજકુંવરી લાંબો હાથ કરે કે એને ખેંચીને ઘોડા પર બેસાડી દેજો અને ઘોડાને મારી મૂકજો. આ સોનેરી ઘોડાને પકડી શકે એવો ઘોડો દુનિયામાં નથી.

'એ પછી સોનેરી ઘોડો લઈને સોનેરી પંખીવાળા રાજા પાસે જજો. હું સુવર્ણકેશીને લઈને ગામ બહાર બેસીશ. રાજાને જઈને ઘોડો આપજો. તરત તમને રાજા સોનેરી પંખી આપી દેશે. પંખી તમારા હાથમાં આવી જાય કે 'બાપો! માણેકરામ! બાપો! બાપો!' એવા અવાજ કરજો કે સોનેરી ઘોડો તરત તમારી પાસે આવીને ઊભો રહેશે. તરત છલંગ મારીને એને માથે ચડી બેસજો અને અમારી પાસે આવતા રહેજો. આમ કરશો તો આ ત્રણે ચીજ તમને મળી જશે.'

આ વખતે રાજકુંવર બરાબર બળરાજે કહેલું તેમ કરતો આવ્યો અને છેલ્લે સોનેરી ઘોડા તથા સોનેરી પંખી લઈને બળરાજ અને સુવર્ણકેશી પાસે આવી પહોંચ્યો. રાજકુંવર, સુવર્ણકેશી અને બળરાજ આગળ ચાલ્યાં.

ચાલતાં ચાલતાં એક અઘોર વનમાં આવી પહોંચ્યાં. વનની વચ્ચે પહોંચ્યાં અને રાત પડી. વનની વચ્ચે એક વાવ. અહીં તેમણે પડાવ નાખ્યો.

રાજકુંવર અને સુવર્ણકેશી તો આડાં પડતાં ભેગાં જ ઊંઘી ગયાં. પણ બળરાજ જાગતો બેઠો. તીરકામઠું લઈને તે ઉઘાડી તલવારે ટેલી રહ્યો છે અને પહેરો ભરી રહ્યો છે.

બરાબર મધરાત થઈ કે ફણુણુ કરતો વાવમાંથી વંટોળિયો ચડ્યો. બળરાજને થયું: 'આ શું? વન-જંગલમાં વંટોળ ભાળ્યા, પણ વાવમાં વંટોળ શાનો?' તલવાર પર હાથ દઈને એ જુએ ત્યાં ફૂં....ફૂં....કરતો એક ફણીધર નાગ બહાર નીકળ્યો. ફણીધરને માથે એક મણિ. મણિનાં ચાર ચાર જોજન ભોંમાં અજવાળાં ઝોકાર પડે.

મણિને વાવ પાસે મૂકીને ફણીધર ચારો કરવા ચાલ્યો. બળરાજને થયું કે આ મણિ મેળવીને રાજકુંવરને ભેટ આપું. તરત એણે પોતાની ઢાલ મણિ માથે મૂકી દીધી અને પાસેના વડની ડાળે ચડીને બેસી ગયો.

મણિ પર ઢાલ મુકાતાં અંધારું ઘબ્બ થઈ ગયું અને ફૂંફાડા મારતો ફણીધર પાછો ફર્યો. આવીને જુએ તો મણિ માથે ઢાલ પડેલી. ખિજાઈને એ ઢાલ માથે ફેણો પછાડવા લાગ્યો. આ લાગ જોઈને ઉપરથી બળરાજે તાકીને તીર ફેંક્યું અને ફણીધરની ફેણને આરપાર વીંધી નાખી. તરફડ....તરફડ....કરતો ફણીધર રામશરણ પામ્યો.

નીચે ઊતરીને બળરાજે ઢાલ ઉપાડી અને મણિ લઈ લીધો. પણ જુએ તો મણિ માથે મરતા ફણીધરનું લોહી ઊડેલું. બળરાજ એને ધોવા વાવમાં ઊતર્યો. જેવો મણિ એણે પાણીમાં બોળ્યો કે સામે એક માર્ગ દેખાયો. બળરાજ એ માર્ગે અંદર ચાલ્યો. અંદર ચાલ્યો જ જાય, ચાલ્યો જ જાય. આઘે જાય તો અંદર મોટો બધો બગીચો. બગીચામાં મેના-પોપટ કલ્લોલ કરે અને હંસ-કારંડવ રમતો રમે.

બગીચાની વચ્ચે એક મહેલ. મહેલમાં જઈને જુએ તો એક સોળ વરસની સુંદર નાગકન્યા હિંડોળાખાટે કિચૂડુક....કિચૂડુક હીંચે અને દાસીઓ એને ગજગાહરનાં ચામર ઢોળે.

માનવીનો પડછાયો દેખીને નાગકન્યા બોલી ઊઠી: 'અરે, હે કાળા માથાના માનવી! આ તો નાગલોક! તું અહીં ક્યાંથી આવ્યો? ભાગી છૂટ, ભાગી છૂટ! નહિ તો હમણાં મારા પિતા આવીને તને મારી નાખશે.'

બળરાજ કહે: 'તારા પિતા વળી કોણ?'

નાગકન્યા કહે: 'મારા પિતા ફણીધર નાગરાજ.'

બળરાજ કહે: 'સુંદરી! એ નાગરાજ તો ભગવાનના દરબારમાં પહોંચી ગયા. જો એમનો આ નાગમણિ.' આમ કહી તેણે ખિસ્સામાંથી કાઢીને નાગકન્યાને મણિ બતાવ્યો.

મણિ દેખતાં જ નાગકન્યા માથાં પછાડીને વિલાપ કરવા લાગી. ફૂલ જેવી આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વહેવા લાગ્યો. બળરાજે ખૂબ ખૂબ સમજાવીને નાગકન્યાને છાની રાખી.

નાગકન્યા છાની રહી એટલે બળરાજે કહ્યું: 'સુંદરી! જે થવા કાળ હતું તે થયું. પણ જો તું માન તો એક સારા સમાચાર આપું. આ વાવ બહાર એક સુંદર રાજકુંવર રાતવાસો રહ્યો છે. શાં એના રૂપ! જાણે વિધાતાએ એને તારી જોડી થવા જ ઘડ્યો હશે. એવો કુંવર તને પૃથ્વીના પટ પર નહિ મળે. કહે તો એને અહીં લઈ આવું.'

નાગકન્યાએ હા પાડતાં બળરાજ રાજકુંવરને અને સુવર્ણકેશીને અંદર લઈ આવ્યો. રાજકુંવરનાં અથાક રૂપ જોઈને નાગકન્યા એના પર મોહી પડી. તરત આલાલીલા વાંસ વઢાવી તેણે રાજકુંવર સાથે લગ્ન કરી લીધાં. સુવર્ણકેશી અને નાગકન્યા વચ્ચે પણ સગી બહેનો જેવાં હેત બંધાઈ ગયાં. બન્ને રાત-દિવસ સાથે રહે અને ઘડી પણ છૂટાં ન પડે. રાજકુંવર, સુવર્ણકેશી અને નાગકન્યા આનંદમાં દિવસ ગુજારવા લાગ્યાં. રાતદિવસ કેમ જાય છે તેની યે ખબર પડતી નથી.

એક દિવસ બળરાજ કહે: 'રાજકુમાર! મને ઘેરથી નીકળ્યા ઘણા દિવસ થઈ ગયા. ચાર દિવસની રજા આપો તો બાળબચ્ચાંને મળી આવું. પણ હું પાછો ન ફરું ત્યાં સુધી તમે આ વાવમાંથી બહાર નીકળશો નહિ.' આમ કહીને બળરાજ ચાલ્યો ગયો. જતી વખતે તે કુંવરને મણિ આપતો ગયો.

વાવમાં રહી રહીને કુંવર કંટાળ્યો. એક દિવસ તેણે સોનેરી ઘોડા પર જીન માંડ્યું અને સવાર થઈને મણિ સાથે વાવ બહાર ફરવા નીકળી પડ્યો. બપોર સુધી વનમાં એણે શિકાર ખેલ્યો. તડકો થતાં એ થાકી ગયો અને એક વડ નીચે આરામ કરવા આડો પડ્યો. થાકને લીધે આડો થતાં વેંત એને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

પેલો મણિ રાજકુંવરના ખિસ્સામાં હતો. રાજકુંવર આડું પડખું ફર્યો કે મણિ ખિસ્સામાંથી બહાર આવી પડ્યો. આ વખતે ત્યાંથી એક કઠિયારો નીકળ્યો. તેણે

ઊંઘતા રાજકુંવર પાસે મણિ દીઠો કે ઉપાડી લીધો અને ચાલતો થયો.

આ બાજુ કુંવરની ઊંઘ ઊડી ગઈ કે એણે ખિસ્સામાં હાથ નાખીને મણિ તપાસ્યો. પણ જુએ તો મણિ ન મળે. ગભરાઈને કુંવર આમતેમ જોવા લાગ્યો, પણ મણિ ક્યાંથી હોય? મણિ વગર હવે તે વાવમાં જઈ પણ કેવી રીતે શકે? બહુ ધ્યાન દઈને જોતાં એને કોઈ માણસનાં પગલાં દેખાયાં. એને થયું કે કદાચ આ માણસ મણિ લઈને ચાલ્યો ગયો હશે. આથી એ પગલાંનું પગેરું કાઢતો કાઢતો એ પગલાં પાછળ ચાલવા લાગ્યો.

સાંજ થઈ તો યે રાજકુંવર પાછો ન ફર્યો એટલે બન્ને રાજકુંવરીને ચિંતા થવા લાગી. એની તપાસ કરવા માટે બન્ને વાવની બહાર નીકળી. બન્ને બેઠી બેઠી રાજકુંવરની રાહ જુએ છે ત્યાં એક માણસને ઘોડે બેસીને આવતો જોયો. માનવીને દેખીને બન્ને ભાગી છૂટી અને વાવમાં સંતાઈ ગઇ. પણ ઉતાવળે ભાગતાં નાગકન્યાની એક મોજડી નીકળી ગઈ.

થોડી વારે પેલો મુસાફર વાવે આવી પહોંચ્યો. જુએ છે તો ત્યાં એક મોજડી પડી છે. મોજડીને સાચાં મોતી જડ્યાં છે અને જરિયાની મખમલનાં ભરત ભર્યાં છે. મુસાફરને થયું: ‘જેના પગની મોજડી આવી સુંદર છે એની પહેરવાવાળી કેવી રૂપાળી હશે? બસ; પરણું તો એ મોજડીવાળીને જ પરણું.’

આ મુસાફર આ દેશના રાજાનો કુંવર. એની રાજ-

ધાની આ વાવથી થોડા જ ગાઉ દૂર. તે દિવસથી તે રોજ વાવ પર ધ્યાન દેવા લાગ્યો. એક દિવસ તેણે સ્ત્રીનો વેશ પહેર્યો અને વાવ પાસે બેસીને મોઢું ઢાંકીને રુદન કરવા લાગ્યો. એના રુદનનો અવાજ ઠેઠ વાવની અંદર નાગલોકના મહેલમાં સંભળાવા લાગ્યો.

એનું રુદન સાંભળીને સુવર્ણકેશી કહેઃ 'જો તો બહેન ! બહાર કોઈ દુઃખિયારી સ્ત્રી રુદન કરે છે. બિચારી કોઈક ભારે દુઃખમાં આવી પડી હશે. ચાલને, બહાર જઈને એને દિલાસો દઈએ અને થઈ શકે તો દુઃખ દૂર કરીએ.'

નાગકન્યા કહેઃ 'બહેન, તારી વાત તો સાચી છે. પણ કાળા માથાના માનવીનો ભરોસો શો ? જો ને, રાજકુંવર બહાર ગયા છે તે પણ હજી પાછા આવ્યા નથી. મને તો બહાર નીકળતાં ડર લાગે છે.'

પણ સુવર્ણકેશીએ બહુ જીદ કરતાં બન્ને વાવ બહાર આવી અને પેલી બાઈને પૂછવા લાગીઃ 'બાઈ બાઈ, તું કેમ રડે છે ?' પણ પેલી બાઈ બોલે તો ને ?

નાગકન્યા કાંઈક આઘે હતી, પણ સુવર્ણકેશી તો તદ્દન એની પાસે જઈને દિલાસો દેવા લાગી. જેવી સુવર્ણકેશી એની પાસે બેઠી કે લાગ જોઈને કુંવરે ચડપ કરતો એનો હાથ પકડી લીધો. નાગકન્યા તરત ભાગીને વાવમાં ઘૂસી ગઈ પણ સુવર્ણકેશી રાજકુંવરના હાથમાં ફસાઈ ગઈ. સુવર્ણકેશીને ઘોડે બેસાડીને કુંવર પોતાની રાજધાનીમાં લઈ ગયો.

ચાર દિવસ પૂરા થયા કે બળરાજ પાછો ફર્યો. આવીને નાગકન્યાને મળ્યો તો ખબર પડી કે રાજકુંવર ક્યાંક ખોવાઈ ગયા છે અને સુવર્ણકેશીને કોઈક ઉપાડી ગયું છે. બિચારાને ભારે દુઃખ થયું. નાગકન્યાને ધીરજ દઈને બળરાજ બન્નેની શોધમાં નીકળ્યો.

જંગલમાં ચાલતાં ચાલતાં એને વડ નીચે કુંવરનાં પગલાં દેખાયાં. પગલાનું પગેરું કાઢતો કાઢતો એ એક શહેરમાં આવી પહોંચ્યો. શહેરમાં આમતેમ આંટા મારવા લાગ્યો, ત્યાં એને કુંવર સામો મળ્યો. બન્ને હેતથી મળ્યા અને કુંવરે મણિ ખોવાયાની વાત કરી.

બળરાજે વિચાર કર્યો કે આવા જંગલમાં બીજું કોણ જાય? કાં તો રાજા શિકારે નીકળે અને કાં તો કઠિયારા લાકડાં કાપવા જાય. પણ રાજા કાંઈ ઉઘાડે પગે ત્યાં આવે નહિ. આમ વિચારી તે કઠિયારા–વાસમાં પહોંચ્યો અને ઘેર ઘેર જઈને પૂછવા લાગ્યો: ‘ આ વગડામાં ધોળો પાણો થાય છે. એ પાણો ઘસીને ચોપડીએ તો કોઢ મટી જાય છે. મારા બાપાને કોઢ થયો છે. બિચારા એવા હેરાન થાય છે, પણ એવો પાણો ક્યાંથી મળે? જો એવો પાણો કોઈ આપે તો સો રૂપિયા આપું. ’

આમ કહેતો કહેતો બળરાજ બરાબર મણિ ઉપાડી ગયેલ તે કઠિયારાને ઘેર પહોંચ્યો. કઠિયારાને થયું: ‘ મારે આ પાણાને શું કરવો છે? એ કરતાં લાવ ને સો રૂપિયામાં વેચી દઉં. ! ’ એણે સો રૂપિયા લઈને મણિ બળરાજને આપી દીધો. મણિ લઈને બળરાજ કુંવર પાસે આવી પહોંચ્યો.

પણ હવે સુવર્ણકેશીનો પત્તો ક્યાં લગાવવો ? બન્ને જણા આખા શહેરમાં ફરવા લાગ્યા. ફરતાં ફરતાં રાજાના મહેલે પહોંચ્યા. જઈ ને જુએ તો મહેલને ખૂણે ઝરૂખામાં બેસીને એક બાઈ ચોધાર આંસુડે રડે. પાસે જઈને જુએ તો સુવર્ણકેશી પોતે. પણ આ મહેલમાંથી સુવર્ણકેશીને પાછી મેળવવી કેવી રીતે ?

બળરાજે જોષી મહારાજનો વેશ લીધો અને મહેલ-ને દરવાજે બેઠાં બેઠાં હાથની રેખાઓ જોઈને લોકોનાં સુખદુ:ખની વાતો કરવા લાગ્યો. કોઈ મહા જોષી મહા-રાજ આવ્યા છે, તે જાણીને પોતાનો હાથ બતાવવા ગામનાં લોકો ઊમટી પડ્યાં.

રાતનો વખત થયો એટલે રાજમહેલમાંથી પણ સ્ત્રીઓ આવવા લાગી. કુંવરીઓ અને રાણીઓ આવી. સૌની સાથે સુવર્ણકેશી પણ આવી. સુવર્ણકેશીએ બળ-રાજને જોયો કે તે એને તરત ઓળખી ગઇ. એ છાની-માની બેઠી રહી. બધી કુંવરીઓએ અને રાણીઓએ હાથ બતાવી લીધા પછી મોડી રાતને વખતે તે જોષી મહારાજને હાથ બતાવવા આવી.

જોષી મહારાજે આસપાસ નજર ફેરવી. પહેરેગીરોને ઊંઘતા જોયા કે સુવર્ણકેશીને એણે ખભે ચડાવી અને ભાગી છૂટ્યો. તરત એ રાજકુંવર પાસે આવી પહોંચ્યો. રાજકુંવર, સુવર્ણકેશી અને બળરાજ પાછાં વાવ પાસે આવી પહોંચ્યાં અને અંદર જઈને નાગકન્યાને મળ્યાં. ઘણે

વખતે બધાં ભેગાં થયાં. સુખદુઃખની વાતો કરી અને પાછાં આનંદથી રહેવા લાગ્યાં.

અહીં રહેતાં રહેતાં છ માસ થવા આવ્યા કે કુંવરને પોતાના પિતા યાદ આવ્યા, એટલે એણે ઘેર જવાની તૈયારી કરી. બન્ને રાજકુંવરી, સોનેરી ઘોડો, સોનેરી પંખી તથા બળરાજ સાથે કુંવર ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં સૌ જે નગરમાંથી બળરાજને કુંવરે શૂળીએ ચડતાં છોડાવેલો ત્યાં આવી પહોંચ્યાં.

અહીં બળરાજે કહ્યું: 'રાજકુંવર! હવે મને રજા દો. હું મારે ઘેર જાઉં. પણ જતાં જતાં બે વાતો કહેતો જાઉં છું. એક તો કોઈ ફાંસીની સજાવાળાને ફરીથી કદી છોડાવતા નહિ. આ તો હું હતો કે આવો સારો નીકળ્યો. કોઈ ખરાબ નીકળશે તો તમારે મરવા-ટાણું આવશે. બીજું કદી જંગલમાં કોઈ કૂવા પાસે ઉતારો કરશો નહિ. ત્યાં ઊતરવાથી ઘણા સંકટમાં આવી પડાય છે. બસ, આટલું માનશો તો ખાસ મુશ્કેલી નહિ આવે.'

આમ કહીને બળરાજ ચાલી નીકળ્યો.

રાત પડી ગયેલી એટલે કુંવર જઈને નગરની સાદી-સીધી ધર્મશાળામાં ઊતર્યો. બન્ને રાજકુંવરીઓ ભોજન રાંધવા લાગી અને કુંવર ધર્મશાળાની કોરે આરામ કરવા બેઠો. જુએ તો તેના ત્રણે ભાઈઓને હાથકડી પહેરાવીને સિપાઈઓ ક્યાંક લઈ જાય.

કુંવરે તપાસ કરી તો ખબર પડી કે સામેની સાફ-

સુંદર ધર્મશાળામાં રહેતા એ ત્રણે મુસાફરોએ ગણિકાનાં ખૂન કર્યાં છે તેથી તેમને શૂળીએ ચડાવવા લઈ જાય છે. કુંવરને થયું: 'અરરર! મારા ભાઈનાં આમ પરદેશમાં કમોત માંડ્યાં હશે? લાવ એમને છોડાવું.' એને બળરાજની વાત યાદ આવી. પણ થયું કે સગા ભાઈઓને શૂળીએથી ન બચાવું એ તો કેમ બને? ભલે જે થવું હોય તે થાય.

આમ વિચારી કુંવર રાજાને મળવા ગયો. જઈને રાજાને પગે નાગરાજનો મણિ ભેટ ધર્યો. પગ પાસે મણિ મૂકતાં એનાં ઝળાંઝળાં અજવાળાં આસપાસ પથરાઈ ગયાં અને અંધારી રાતે સૂરજ ઊગ્યો હોય તેવો પ્રકાશ પડવા લાગ્યો.

રાજા મણિ જોઈને રાજી રાજી થઈ ગયો. રાજાએ કુંવરના કુશળ સમાચાર પૂછ્યા અને કાંઈ કામકાજ હોય તો કરી આપવા કહ્યું.

રાજકુંવરે કહ્યું: 'બીજું તો કાંઈ નહિ, પણ આજ જે મુસાફરોને શૂળીએ ચડાવવાનો હુકમ છે તે મારા ભાઈ થાય છે. જો દયા કરીને એમને છોડી મૂકો તો એમને મારી સાથે અમારે દેશ લેતો જાઉં.'

કુંવરે મણિ ભેટ ધરેલો તેથી રાજા રાજી રાજી થઈ ગયેલો. એણે તરત ત્રણે ભાઈઓને માફી આપીને છોડી મૂકયા. કુંવર ભાઈઓને લઈને ધર્મશાળાએ આવ્યો અને બધાએ સાથે બેસીને ભોજન કર્યું.

મોટા ભાઈઓને અહીં ખબર પડી કે નાનો ભાઈ

સોનેરી પંખી જ નહિ, પણ સોનેરી ઘોડો અને બે કુંવરી-ઓ લઈને આવ્યો છે. ત્યારે તેમના પેટમાં તેલ રેડાયું. રાતમાં પડ્યા પડ્યા તેમણે એકબીજાના કાનમાં ભરાઈને છાનીમાની વાતો કર્યા કરી.

બીજે દિવસે સૌ પોતાના દેશ તરફ ઊપડ્યાં. ચાલતાં ચાલતાં વનમાં રાત પડી. વનમાં એક કૂવો. કૂવાની પાસે તેઓએ પડાવ નાખ્યો. નાનો કુંવર તો ઘડીકમાં ઘસઘસાટ ઊંઘી ગયો. મધરાતનો સમય થયો કે મોટા ત્રણે ભાઈ ઊઠ્યા અને નાના ભાઈને ઉપાડીને કૂવામાં ફેંકી દીધો. એ પછી સોનેરી ઘોડો, સોનેરી પંખી અને બન્ને કુંવરી-ઓને લઈને તેઓ ચાલી નીકળ્યા.

બીજે દિવસે તેઓ ઘેર પહોંચ્યા અને રાજા પાસે બધી ચીજો રજૂ કરી. આ ચીજો મેળવતાં કેવી કેવી મુશ્કેલીઓ પડી, તેની ખોટી ખોટી વાતો કરી. બિચારી કુંવરીઓ તો શું બોલે ? એમનું માને પણ કોણ ?

સોનેરી પંખી અને સોનેરી ઘોડો મળતાં રાજા તો ખુશ ખુશ થઈ ગયો. શહેરનાં લોકો પણ કુંવરોનાં પરા-ક્રમો સાંભળીને વખાણ કરવા લાગ્યાં.

પણ સોનેરી પંખી આખો દિવસ ઉદાસ થઈને મૂંગું મંતર બેસી ગયું. ઘોડાએ ઘાસદાણો મૂકી દીધો અને આખો દિવસ સૂનમૂન થઈને ઝૂરવા લાગ્યો. બન્ને રાજકુંવરીઓ પણ બોલે કે ચાલે. એકબીજા સામે જોયા કરે અને ઝૂરતાં ઝૂરતાં દિવસો પસાર કરે.

આ બાજુ ઘણા દિવસ થયા એટલે બળરાજને થયું કે લાવ ને કુંવરને મળી આવું. ચાલતો ચાલતો એ વનમાં આવી પહોંચ્યો. બપોરનો વખત થયો એટલે તેને તરસ લાગી. આસપાસ નજર ફેરવે તો એક ઊંડો વખંભર કૂવો દેખાયો. દોરડું બાંધીને એણે લોટો કૂવાની અંદર નાખ્યો.

જેવો લોટો કૂવામાં પહોંચ્યો કે અંદર બખોલમાં ભરાઈ બેઠેલા કુંવરે દોરડું પકડી લીધું. બળરાજે દોરડું ખેંચ્યું તો લોટાનો ભાર સો ગણો વધી ગયેલો લાગ્યો. કૂવામાં નજર ફેંકે તો કોઈ માણસ દોરડાને વળગી પડેલું દેખાયું.

બળરાજે પૂછ્યું: 'તું કોણ છો? ભૂત, પ્રેત કે રાક્ષસ?'

કુંવરે જવાબ દીધો: 'અરે ભાઈ, ભૂતે નથી અને પ્રેત પણ નથી. હું છું વખાનું માર્યું કાળા માથાનું માનવી. બહાર કાઢ તો તારો પાડ માનું.'

બળરાજે જોર કરીને ધીમે ધીમે દોરડું બહાર કાઢ્યું. પેલા માનવી સામે નજર માંડે તો........ 'આ કોણ? અરે, કુંવર તમે?' કુંવર પોતાને બહાર કાઢનાર માણસ સામે નજર માંડે તો .... 'અરે, આ કોણ? બળરાજ પોતે જ.' અજાયબ થઈને બળરાજ અને કુંવર બન્ને એકબીજાને ભેટી પડયા. કુંવરની આંખોમાંથી આંસુ દડી પડયાં. એણે બધી વાત કહી સંભળાવી. બળરાજે ધીરજ દીધી અને બન્ને સાથે મળીને ઘર તરફ ચાલી નીકળ્યા. બીજે દિવસે તેઓ ઘેર પહોંચી ગયા.

નાનો કુંવર ઘેર આવ્યો તેથી રાજારાણી રાજી થયાં, પણ ત્રણે ભાઈઓને વાઢે તો લોહીનું ટીપું ન પડે. એમને થયું કે આ ક્યાંથી આવ્યો ? હવે આપણી પોલ પકડાઈ જશે અને આપણા પર કમદશા વીતશે.

જેવો નાનો કુંવર ઘેર આવ્યો કે સોનેરી પંખી ગળું છૂટું મૂકીને ભાતભાતનાં ગીત ગાવા લાગ્યું. સોનેરી ઘોડો પણ ઘાસદાણા ખાવા લાગ્યો અને મહેલ ગજાવતી હણહણાટી દેવા લાગ્યો. બન્ને રાજકુંવરીઓ પણ હસવા-બોલવા લાગી અને ગાનગુલતાન કરવા લાગી.

બળરાજ રાજા પાસે જઈ પહોંચ્યો. તેણે માંડીને બધી વાત કહી સંભળાવી. જેમ જેમ રાજા બધી વાત સાંભળતો ગયો તેમ તેમ એને નાના કુંવર પર હેત ઊભરાવા લાગ્યું અને મોટા કુંવરો પર ગુસ્સો ચડતો ગયો.

બધી વાતો સાંભળીને તેણે મોટા ત્રણ કુંવરને દેશવટો દઈ દીધો. નાના કુંવરને સારું મુહૂર્ત જોઈને બન્ને કુંવરીઓ સાથે લગ્ન કરી રાજતિલક કર્યું અને પોતાનું રાજ સોંપી દીધું. રાજગાદીએ બેસતાં નાના કુંવરે બળરાજને પોતાનો પ્રધાન નીમ્યો. તે પછી સૌએ સાથે મળીને ખાધુંપીધું અને રાજ કર્યું.

રાણી શુકનવંતી

કોઈ ગામમાં એક ગરીબ ખેડૂત રહે. એની પાસે ખેતર તો ઠીક ઠીક હતાં, પણ જ્યારે વાવણી કરવાનો વખત આવે ત્યારે એને વેપારી પાસે હાથ લાંબો કરવો પડે. એક વર્ષની વાત છે. ગામના બીજા ખેડૂતોએ તો વાવણી કરી લીધી પણ આ ખેડૂત છાનોમાનો બેઠો રહ્યો. કારતક ગયો, માગશર વીત્યો તો યે એણે કાંઈ ધ્યાન ન દીધું. જ્યારે પોષ બેઠો ત્યારે એક દિવસ તે ગાડું લઈને વેપારીને ઘેર ગયો અને બિયારણ માગ્યું.

વેપારી કહે: 'વાવણીનો વખત તો ગયો. હવે બિયારણ લઈ જઈને શું કરીશ ?'

ખેડૂત કહે: 'પણ કરું શું ? સારાં શકન થતાં ન હતાં. શકન થયાં એટલે દોડ્યો આવ્યો.'

વેપારીએ બિયારણ આપ્યું.

વેપારી અને ખેડૂત વચ્ચેની વાત વેપારીનો દીકરો સાંભળે. જેવો ખેડૂત ચાલતો થયો કે તેણે ખેડૂતને પૂછ્યું: 'તમે હમણાં શકનની વાત કરતા હતા, એ શકન મને બતાવો ને ?'

ખેડૂતને થયું કે મારે આને શકન કેમ બતાવવાં ?

કાંઈ ન સૂઝવાથી ખેડૂત છોકરાને ગામ બહાર લઈ આવ્યો અને ખેતરમાંથી ભીની માટીની એક ગોળી બનાવી. એ ગોળી વેપારીના છોકરાને આપતાં કહે: 'લે, આનું નામ શકન. આ ગોળી તારી પાસે રાખીશ તો તને ભારે લાભ થશે.' આમ કહીને ખેડૂત ઘેર ચાલ્યો આવ્યો.

આ બાજુ વેપારીના છોકરાએ માટીની ગોળી ખિસ્સામાં નાખી અને ઘોડે ચડીને પરદેશ ચાલ્યો. ખેડ ....ખેડ.... કરતાં બપોરને વખતે તે કોઈ અઘોર જંગલમાં પહોંચ્યો. જંગલની વચ્ચે જુએ તો એક નાનકડી સસલીને વરુ અને વાઘે ઘેરી લીધેલી. હમણાં સસલીને મારી કે મારશે. તરત વેપારીને છોકરે તીર તાક્યું. એક તીર વરુને માર્યું અને બીજું તીર વાઘને માર્યું. વાઘ અને વરુ તીર વાગતાં મરી ગયા અને સસલી બચી ગઈ. પાછો વેપારીનો છોકરો ઘોડો દોડાવતો આગળ ચાલી નીકળ્યો. બપોર થયો તો યે તે ઘોડાને રોકતો નથી. ત્યાં તો તેને પાછળથી અવાજ સંભળાયો: 'ઊભા રહો, ઊભા રહો!'

વેપારીનો છોકરો પાછું વાળીને જુએ તો એક સોળ વરસની સુંદરી પાછળ દોડી આવે છે. સુંદરીએ વાળે વાળે મોતી ગૂંથ્યાં છે, સોળ શણગાર સજ્યા છે અને હીરનાં ચીર પહેર્યાં છે. પાસે આવીને કહે: 'અરે, વેપારીના કુંવર! તમે જાઓ છો કયાં? મને સાથે લેતા જાઓ.'

છોકરો કહે: 'તું છો કોણ?'

સુંદરી કહેઃ 'થોડી વાર પહેલાં જ તમે મને બચાવેલી એ ભૂલી ગયા? હું તો આ વનની સસલીરાણી. તમને ખેડૂતે માટીની ગોળી દીધી હતી ને? મને એ નામે રાણી શુકનવંતી કહેશો તો યે ચાલશે. તમે મને તમારી સાથે લઈ જાઓ. હું તમારી સાથે જ રહીશ.'

છોકરે ખિસ્સામાં હાથ નાખ્યો તો માટીની ગોળી ગેબ! એ વિચારમાં પડી ગયો. ત્યાં રાણી શુકનવંતી બોલીઃ 'તમે ગભરાવ મા. હું તમને હેરાન નહિ કરું. ઊલટી મદદમાં રહીશ.'

વેપારીના છોકરે રાણીને બેલાડએ બેસાડી દીધી અને ઘોડાને હાંકી મૂક્યો. ચાલતાં ચાલતાં તેઓ એક શહેરમાં પહોંચ્યાં. ત્યાં તેમણે એક મકાન ભાડે લીધું અને સુખચેનથી રહેવા લાગ્યાં.

એક દિવસ રાણી શુકનવંતી કહેઃ 'આમ બેઠાં બેઠાં પેટ કેમ ભરાશે? રાજા પાસે જાઓ અને કાંઈક નોકરીની માગણી કરો. રાજા પૂછે તો કહેજો કે કોઈથી ન થાય એ કામ કરી દઉં અને એક રોજના લાખ ટકા લઉં.'

વેપારીનો છોકરો રાજદરબારમાં ગયો. દરબાર હેકડાઠઠ ભર્યો છે. ક્યાં યે બેસવાનો માર્ગ નથી. છોકરો જઈને સૌની પાછળ છાનોમાનો બેસી ગયો. દરબાર બરખાસ્ત થયો એટલે એ ઘેર ચાલ્યો આવ્યો.

ત્રણ દિવસ સુધી તેણે આમ જ કર્યું. દરબાર ભરાય એટલે જઈને બેસે અને દરબાર બરખાસ્ત થાય એટલે

ચાલ્યો આવે. ચોથે દિવસે દરબાર બરખાસ્ત થયો કે રાજાએ તેને રોક્યો અને પૂછ્યું: 'તમે કોણ છો? ત્રણ દિવસથી રોજ દરબારમાં આવીને બેસો છો, પણ કાંઈ બોલતા-ચાલતા નથી. તમારે જોઈએ છે શું?'

છોકરો કહે: 'હું એક પરદેશી છું. આપો તો કાંઈક નોકરી જોઈએ છે.'

રાજાએ પૂછ્યું: 'શું કામ કરશો? અને શું પગાર લેશો?'

છોકરો કહે: 'જે કામ કોઈ ન કરી શકે એ હું કરી દઉં અને રોજના લાખ ટકા (રૂપિયા) લઉં.'

રાજાએ તેને નોકરીમાં રાખી લીધો. તે દિવસથી એનું નામ લાખટકિયો પડી ગયું. રહેવા માટે તેને એક જુદો મહેલ કાઢી દીધો. મહેલમાં લાખટકિયો અને રાણી શુકનવંતી રહેવા લાગ્યાં.

રાજાને મહેલે હજામ કામ કરતા તે લાખટકિયાને ઘેર પણ કામ કરવા લાગ્યો. હજામનો નિયમ કે પહેલાં તે રાજાના પગ દાબી આવે અને પછી વખત મેળવી લાખટકિયાના પગ દબાવવા આવે.

એકવાર શુકનવંતીએ પોતાના નખ કપાવવા હજામને બોલાવ્યો. પોતે પડદા પાછળ બેઠી અને આંખે પાટા બંધાવીને હજામ પાસે નખ ઉતરાવ્યા. હજામને થયું કે આમ નખ કપાવે છે એટલે કાંઈક ભેદ હોવો જોઈએ. આમ વિચારી એણે શુકનવંતીના નખની એક કણી પોતાના

નખમાં ભરાવી રાખી. ઘેર જઈને નખની કણી જુએ તો ઝબકારા મારે. કણી જોવા સૂરજના અંજવાળામાં આવ્યો તો કણી ઓગળીને પાણી થઈ ગઈ. એને થયું કે જેના નખ આવા સુંદર છે એ બાઈ પોતે કેવી સુંદર હશે? ગમે એમ કરીને આ બાઈને જોવી. આમ વિચારીને તે શુકનવંતીને જોવાનો લાગ ગોતવા લાગ્યો.

એક વખત હજામને રાજમહેલમાં વધારે વખત રોકાવું પડ્યું. રાણી શુકનવંતીએ જોયું કે હજી હજામ ન આવ્યો એટલે તે લાખટકિયાના પગ દબાવવા બેસી ગઈ. રાજમહેલનું કામ પતાવી હજામ લાખટકિયાને મહેલે આવીને જુએ તો કોઈ અથાક રૂપવાળી બાઇ લાખટકિયાના પગ દબાવી રહેલી. એ તો બારણા પાછળ મોંમાં આંગળાં નાખી બાઈનું રૂપ નીરખી રહ્યો.

તરત ત્યાંથી એ સરકી ગયો અને પહોંચ્યો રાજા પાસે. રાજાને કહે: 'મહારાજ! જાનની માફી આપો તો એક અરજ કરું.'

રાજા કહે: 'બોલ.'

હજામ કહે: 'મહારાજ! લાખટકિયાની રાણી મેં આજે જોઈ. ભગવાને એને ઘડીને તો જાણે હાથ ધોઈ નાખ્યા લાગે છે. એ રાણી આપને લાયક, આપની રાણી મારે લાયક અને મારી હજામડી સૌનાં ગોલાપાં કરવાને લાયક છે.'

રાજા કહે: 'બહુ સુંદર છે અને મારે લાયક છે એ તો ઠીક. પણ મને એ મળે કેમ કરીને?'

હજામ કહે: 'મળવામાં તો ક્યાં વાંધો જ છે? લાખટકિયાને આપે કોઈ કામ ન કરે એ કરી આપવાની શરતે રાખ્યો છે ને? તો એને કહી દો કે રાજકુંવરીનો વિવાહ થવાનો છે. જાનને ઉતારો આપવા માટે શહેર બહાર કોઈ સારો બગીચો નથી. માટે એક રાતમાં શહેરની ચારે તરફ ચાર બગીચા ખડા કરી દે. દરેકની વચ્ચે એક એક મહેલ. જો એક રાતમાં આટલું ન થયું તો એને કહેજો કે તારી રાણી પડાવી લઈશ.'

રાજાને આ ઉપાય ગમી ગયો. સવારમાં જ તેણે લાખટકિયાને બોલાવીને કહી દીધું: 'રાજકુંવરીનો વિવાહ થવાનો છે. એ માટે શહેરની ચારે બાજુ ચાર બગીચા તૈયાર કરી દે. દરેક બગીચાની વચ્ચે એક એક મહેલ પણ જોઈએ. જો એક રાતમાં મહેલ અને બગીચા ન તૈયાર થયા તો તારી રાણી હું પડાવી લઈશ.'

લાખટકિયો હા પાડીને ઘેર તો આવ્યો, પણ એને ગળે ખાવાનું ન ઊતર્યું. આટલું મોટું કામ અને એક રાતમાં? એ તો કેમ થાય? વિચારતો વિચારતો તે સૂનમૂન થઈને પલંગમાં પડ્યો.

એને ઉદાસ જોઈને રાણી શુકનવંતીએ પૂછ્યું: 'કેમ કુંવર ઉદાસ?'

લાખટકિયાએ બધી વાત કહી સંભળાવી.

રાણી કહે: 'બસ, આટલી જ વાત છે ને? ઊભા થાઓ, લહેરથી ખાઈપી લો. બધું યે થઈ રહેશે.'

લાખટકિયાએ ખાઈ લીધું એટલે રાણીએ કહ્યું: 'હવે તમે એક કામ કરો. રાજા પાસે જઈને એને પૂછો કે ક્યાં ક્યાં કેવડો બગીચો કરવો છે, એમાં કઈ કઈ જાતનાં ઝાડ રોપવાં છે અને તેમાં મહેલ કઈ જાતનો જોઈએ તેનો નકશો કરી આપો. આ બધું કરવા માટે એક લાખ રૂપિયા પણ લેતા આવજો.'

લાખટકિયો રાજા પાસે જઈને બાગ તથા મહેલનો નકશો અને લાખ રૂપિયા લઈ લાવ્યો.

અર્ધી રાત વીતી અને આખું શહેર જંપી ગયું કે રાણીએ પોતાના માથાના પાંચ વાળ કાઢીને લાખટકિયા-ને આપ્યા અને કહ્યું કે જ્યાં જ્યાં બગીચો અને મહેલ કરવાનો છે ત્યાં એક એક વાળ દાટી આવો. પણ એક વાતનો ખ્યાલ રાખજો. વાળને દાટીને સીધે સીધા ઘેર ચાલ્યા આવજો. પાછું વાળીને જોશો નહિ. પાંચમો વાળ પેલા હજામના ઘરની સામે દાટતા આવજો.'

લાખટકિયો શહેરની ચારે તરફ ચાર વાળ અને એક વાળ હજામના ઘરની સામે દાટીને આવતો રહ્યો. ઘેર આવીને એ સૂઈ ગયો.

હજામને મનમાં ચટપટી થઇ કે મહેલ અને બગીચા તૈયાર થયા હશે કે નહિ? આમ વિચારતો તે વહેલો અંધારામાં ઊઠ્યો અને આંખો ચોળતો બગીચા જોવા દોડ્યો. પણ જેવું એણે બારણું ઉઘાડીને ઘર બહાર પગ દીધો કે ધડ કરતું એનું માથું એક ઝાડ સાથે ભટકાયું

અને લોહીની ધાર છૂટી. માથે હાથ દઈને ઊંચી નજર કરે તો બારણા સામે જ એક જબરું ઝાડ !

એને થયું કે ગઈ રાત સુધી તો અહીં કોઈ ઝાડ હતું નહિ અને એક રાતમાં આવડું મોટું ઝાડ અહીં ક્યાંથી ઊગી નીકળ્યું ? આમ વિચારતો તે રાજા પાસે પહોંચ્યો અને બોલ્યો: 'ચાલો મહારાજ ! બગીચા અને મહેલ તૈયાર થયા છે કે નહિ તે જોઈ આવીએ. મહેલ કે બગીચા એમ કંઈ થાય નહિ. આજ રાતે આપના મહેલમાં લાખટકિયાની રાણી આવી ગઈ જાણો.'

આમ વાતો કરે છે ત્યાં લાખટકિયે આવીને રાજાને કહ્યું: 'મહારાજ ! મહેલ અને બગીચા તૈયાર છે. આવીને આપ જોઈ લો.'

રાજા, પ્રધાન, હજામ બધા શહેર બહાર ઊપડ્યા. જઈને જુએ છે તો અસલ નકશા પ્રમાણે બધું તૈયાર છે. શહેરને ચારે છેડે લકુંબઝકુંબ બગીચા જામી ગયા છે, અંદર ભાત ભાતનાં ફૂલઝાડ ઝૂલી રહ્યાં છે અને બગીચા-ની અંદર આલે અડતા મહેલ ટહ્લા દઈ રહ્યા છે. રાજા કે હજામ શું બોલે ? નછૂટકે રાજા લાખટકિયાનાં ઘણાં ઘણાં વખાણ કરતો પાછો ફર્યો.

બીજે દિવસે એણે હજામને કહ્યું: 'તારી આ યુક્તિ તો નકામી ગઈ. હવે શું કરશું ?'

હજામ કહે: 'મહારાજ ! મારો કે જિવાડો પણ સાચી વાત એ છે કે રાણી શુકનવંતી આપને લાયક છે,

આપની રાણી મારેં લાયક છે અને મારી હજામડી સૌનાં ગોલાપાં કરવાને લાયક છે.'

રાજા કહે: 'વાત તો ઠીક છે, પણ રાણી શુકનવંતી મને મળે કેવી રીતે?'

હજામ કહે: 'મને એક બીજો ઉપાય સૂઝ્યો છે. આ સામે મોટો પહાડ છે ને? લાખટકિયાને કહો કે તે રાતમાં ખોદી નાખે અને તેની જગ્યાએ એક મોટું તળાવ તૈયાર કરી દે. તળાવની ચારે તરફ ચાર અને વચમાં એક એમ પાંચ મંદિર પણ રચી દે.'

આ ઉપાય સાંભળીને રાજા ખુશ ખુશ થઈ ગયો. રાજાને થયું કે લાખટકિયાના બાપનો બાપ આવે તોય આ કામ થાય નહિ અને રાણી શુકનવંતી મારા હાથમાં આવ્યા વગર રહે નહિ.

આમ વિચારી રાજાએ લાખટકિયાને બોલાવીને પહાડ ખોદી, એ ઠેકાણે તળાવ અને તળાવની અંદર તેમ જ ચારે પાસે એમ પાંચ મંદિર બનાવી દેવાની વાત કરીને કહ્યું: 'જો એક રાતમાં આટલું ન થયું તો રાણી શુકનવંતી તારી પાસેથી પડાવી લઈશ.'

વાત સાંભળીને લાખટકિયો થીજી ગયો. એક રાતમાં આખો પહાડ કેમ ખોદાય? ઉપર જતાં એ ઠેકાણે તળાવ અને પાંચ મંદિર કરી આપવાં! આ બધું કેમ થાય? મૂંઝાતો મૂંઝાતો લાખટકિયો ઘેર આવ્યો અને રાણી શુકનવંતીને બધી વાત કરી.

રાણી શુકનવંતી કહે: 'બસ, આટલી જ વાત છે ને ? એમાં મૂંઝાયા શું ? જેમ બગીચા થયા તેમ તળાવ અને મંદિર પણ થઈ જશે. પહેલાં લહેરથી જમી લો. એ પછી રાજાને જઇને પૂછી આવો કે કેવડું મોટું તળાવ કરવું છે અને મંદિર કેટલાં ઊંચાં કરવાં છે ? આ બધું કરવા માટે પાંચ લાખ રૂપિયા પણ માગતા આવજો.'

જમી કરીને લાખટકિયો રાજા પાસે ગયો અને મંદિર તેમ જ તળાવનો નકશો તથા પાંચ લાખ રૂપિયા લેતો આવ્યો. અર્ધી રાત થઈ એટલે રાણીએ લાખટકિયાને જગાડીને કહ્યું: 'ઊઠો કોદાળી અને પાવડો લઇ લો. તળાવ ખોદવા જવું છે ને ?'

લાખટકિયો મૂંઝાઈને જોઇ રહ્યો. એનું મોઢું જોઈને રાણી હસી પડી. હસતાં હસતાં કહે: 'કેમ, મૂંઝાઈ ગયા ને ? કોદાળી–પાવડો કાંઇ નથી લેવાં. તમે એક તલવાર લઈ લો અને હું લોટો–પાણી લઇ લઉં છું. ચાલો.'

બન્ને પહાડ પર જઈ પહોંચ્યાં. ત્યાં જઇ ને રાણીએ કહ્યું: 'આ તલવારથી મારા હાથપગ કાપી ચારે દિશામાં ફેંકી દેજો. એ પછી થોડીક વાર આંખો બંધ કરી દેજો એટલે અહીં તળાવ ખોદાઈ જશે. તરત દોડીને તળાવ બહાર નીકળી જજો અને કાંઠે જઈને બોલજો કે 'રાણી શુકનવંતી! મને તરસ લાગી છે. પાણી આપો ! જોજો, આમાં જરા યે ભૂલ કરતા નહિ. નહિ તો બધું કર્યું–કારવ્યું ધૂળ થશે.'

લાખટકિયે ધડ્....ધડ્....કરતાં રાણીના હાથપગ કાપી ચારે તરફ ફેંકી દીધા. થોડીક વાર આંખ બંધ કરી દીધી પછી આંખો ઉઘાડીને જુએ છે તો મોટું બધું તળાવ ખોદાઈ ગયું છે. વચમાં અને ચારે તરફ મંદિર બંધાઈ ગયાં છે. પણ તળાવમાં પાણી નથી.

તરત દોડીને એ તળાવ બહાર નીકળી ગયો અને એણે બૂમ મારી: 'રાણી શુકનવંતી! મને તરસ લાગી છે. પાણી આપો'

જુએ તો રાણી શુકનવંતી હાથમાં પાણી ભરેલો લોટો લઈને ઘાટનાં પગથિયાં પર ચાલી આવે. પાસે આવતાં તેણે લાખટકિયાને કહ્યું: 'લો, આ પાણીથી હાથમોં ધોઈ લો.'

તળાવના ઘાટનાં પગથિયાં પર બેસીને જેવાં લાખ-ટકિયે હાથમોં ધોયાં અને કોગળો કર્યો કે હડુડુડુડુ કરતું આખું તળાવ પાણીથી ભરાઇ ગયું. લાખટકિયો અને રાણી હસતાં હસતાં ઘેર આવીને સૂઈ ગયાં.

બીજે દિવસે સવાર પડતાં જ લાખટકિયો રાજા પાસે પહોંચ્યો, અને કહ્યું: 'મહારાજ! તળાવ તેમ જ પાંચે મંદિર તૈયાર છે.'

રાજા, પ્રધાન તથા નોકરચાકર ગામ બહાર ઊપડ્યા. જઈને જુએ તો મોટું બધું તળાવ છલોછલ પાણીથી ડેકાં દે. તળાવની ચારે તરફ ચાર અને વચમાં એક, એમ પાંચ આરસપાણનાં મંદિર સાથે ધજાઓ ફડાકા દઇ રહી

છે. તળાવની વચ્ચે ભાતભાતનાં કમળ ખીલી ઊઠ્યાં છે અને પંખી કલ્લોલ કરી રહ્યાં છે.

બીજે દિવસે પાછો હજામ રાજા પાસે પહોંચ્યો અને કહેવા લાગ્યો: 'મહારાજ! ગમે તેમ હો, પણ રાણી શુકનવંતી આપને લાયક, આપની રાણી માટે લાયક અને મારી હજામડી સૌનાં ગોલાપાં કરવાને લાયક છે.'

રાજા કહે: 'તું કહે છે એ વાત તો સાચી, પણ રાણી શુકનવંતી મળે કેમ કરીને? તારા બે ઉપાય તો નકામા ગયા.'

હજામ કહે: 'મહારાજ! આ વખતે એવો ઉપાય બતાવું કે એ કામ લાખટકિયાના લાખ જનમમાં યે ન થાય. આપ એને કહી દો કે રાજકુંવરીનાં લગ્ન થવાનાં છે. માટે સ્વર્ગમાં જઈને તમારા બધા બાપદાદાઓને નોતરાં દઈ આવે.'

રાજા કહે: 'વાહ રે વાહ, મારા હજામ! તું તો મારો પ્રધાન થવાને લાયક છે.'

બીજે દિવસે રાજાએ લાખટકિયાને બોલાવીને હુકમ દીધો: 'જા, સ્વર્ગમાં જઈને મારા બાપદાદાઓને રાજ-કુંવરીનાં લગનનાં નોતરાં દઈ આવ. જો નોતરાં ન પહોંચ્યાં તો તારી પાસેથી રાણી શુકનવંતી પડાવી લઈશ.'

લાખટકિયો તો બોલે કે ચાલે. ઘેર આવીને તેણે રાણીને બધી વાત કહી. રાણી કહે: 'કાંઈ વાંધો નહિ. બધું યે થઈ રહેશે. તમેતમારે લહેરથી જમી લો અને રાજા પાસેથી છ માસની મુદત અને દસ લાખ રૂપિયા

લઇ આવો. રાજાને એ પણ કહેજો કે જેને જેને નોતરાં દેવાં હોય તેના પર કાગળ લખી દો અને મસાણમાં સો ગાડાં સૂકાં લાકડાં નખાવી દો. આજથી સાતમે દિવસે હું સ્વર્ગમાં જવા ઊપડીશ.'

રાજાએ આ વાત મંજૂર કરી.

આ બાજુ શુકનવંતી કહેતી ગઇ એ રીતે લાખ-ટકિયે એક હોશિયાર કડિયાને બોલાવીને મસાણથી પોતાના મહેલ સુધી એક સુરંગ ખોદાવી લીધી. સાતમે દિવસે લાખટકિયે રાજા પાસે જઇને કહ્યું: 'મહારાજ! લાવો કાગળ. જવાને માટે તૈયાર છું.'

પ્રધાને કાગળ લખી આપ્યો. હજામે પણ તેના બાપ પર એક કાગળ લખી આપ્યો. સો ગાડી લાકડાં તો લાખટકિયાના કહેવા પ્રમાણે મસાણ પર નખાઈ ગયાં હતાં. લાકડાંના ઢગલા પર ચડીને લાખટકિયે સૌને છેલ્લા 'રામ.... રામ....' કર્યા અને ધીમે ધીમે લાકડાંના ઢગલામાં ઊતરતાં ઊતરતાં એણે ઢગલામાં આગ લગાવી દેવા કહ્યું.

રાજાએ આજ્ઞા આપતાં તરત આગ લગાડાઈ અને થોડી વારમાં તો ધૂ....ધૂ....કરતો લાકડાંનો ઢગલો બળવા લાગ્યો. લાકડાં સળગતાં પ્રથમ તો ધુમાડાના ગોટ ઊઠ્યા. એ ગોટ વચ્ચે લાખટકિયો તદ્દન નીચે ઊતરી ગયો અને સુરંગ પાસે આવી પહોંચ્યો. થોડી વાર પછી ચિતાની ઉપર આભે અડતો ભડકો નીકળવા લાગ્યો અને નીચે સુરંગમાં થઈને લાખટકિયો પોતાને મહેલે પહોંચી ગયો.

લાકડાનો ઢગલો બળીને ખાખ થઈ ગયો એટલે હજામ કહે: 'મહારાજ! ભૂલ હોય તો માફ કરજો, પણ આ વખતે મારી યુક્તિ કામ આવી ગઇ છે. લાખટકિયો તો આગમાં બળી ગયો, હવે રાણી શુકનવંતી આપની થઈ ગઈ. ચાલો આજ ને આજ લાખટકિયાને ઘેર.'

રાજા કહે: 'ના, આજે તો ન જવાય. તો તો આપણે વચનભંગ થઇએ. છ માસની મુદત દીધી છે. એ મુદત પૂરી થાય કે જઇએ.

પેલી બાજુ લાખટકિયો તો આનંદથી પોતાના મહેલમાં રાણી શુકનવંતી સાથે રહે ખાયપીએ અને મોજ કરે. માત્ર ઘર બહાર નીકળે નહિ.

બીજે દિવસે તેણે શુકનવંતીના કહેવા પ્રમાણે એક સોનીને બોલાવી એક સોનાની પેટી, અસ્ત્રો, કાતર અને નેરણી બનાવી લીધાં. એ પછી મહેલમાં બેઠાં બેઠાં રાજાએ જે બાપદાદા પર કાગળ લખી આપેલા તેના વિચિત્ર શાહીથી જવાબ લખીને તૈયાર કરી લીધા.

છ મહિના સુધી તે મહેલમાં સંતાઈ રહ્યો. આખો દિવસ આટલો બધો વખત મહેલમાં રહેવાથી આખું શરીર પીળું થઈ ગયું: એવો પીળો રંગ કે જોઈ ને કોઇ પણ ભડકી ઊઠે. વધારામાં આ છ મહિના સુધી તેણે નખવાળ ન ઉતરાવ્યાં. નખ અને વાળ વધતાં તો એનું મોઢું ભારે ભયંકર દેખાવા લાગ્યું.

છ મહિના પૂરા થયા કે એક દિવસ લાખટકિયો

રાજસભામાં જઈને ઊભો રહ્યો. એનું પીળું શરીર અને લાંબા લાંબા વાળ જોઈને રાજા ને આખી સભા અજાયબ થઈને નીરખી રહ્યાં. લાખટકિયો રાજાને પગે પડ્યો અને એણે રાજાને કહ્યું: 'મહારાજ! રાજકુંવરીના વિવાહના કાગળ આપના બાપદાદાઓને દઈ આવ્યો છું. આપના પિતાજી સ્વર્ગમાં રાજ્ય કરે છે અને તેમના પર બધા દેવદેવતા તેમ જ પ્રજા બહુ જ ખુશ છે. બધાં લોક રાજાજીનાં વખાણ કરે છે. રાજકુંવરીના વિવાહનાં નોતરાં મળતાં તેઓ બહુ જ રાજી થયા છે. પણ હમણાં તેઓ ત્યાં એક મહાન યજ્ઞ કરી રહ્યા છે, તેથી રાજકુંવરીના વિવાહમાં અહીં નહિ આવી શકે. આ વાતનું તેમને ભારે દુઃખ છે.

'હું ત્યાં ગયો તેથી તેઓ ખૂબ ખૂબ રાજી થયા. ત્યાં તેમને બધી વાતે સુખ છે, પણ એક વાતનું ત્યાં દુઃખ છે. સ્વર્ગમાં કોઈ હજામ નથી કે જે તેમના હાથપગ દાબે અને હજામત કરે. ત્યાં હજામ નથી તેથી તેમના વાળ વધી ગયા છે. એમણે કહ્યું છે કે મારા દીકરાને મારા પર હેત હોય તો બસ, તરત એક હજામ અહીં મોકલી આપે. હું પણ ત્યાં રહ્યો એટલો વખત વાળ કે નખ ઉતરાવી શક્યો નથી. જુઓ મારા વાળ ને નખ.'

આ પછી પેલા હજામ તરફ જોઈને લાખટકિયે કહ્યું: 'લો, આ તમારા બાપાનો કાગળ. સ્વર્ગમાં હજામની તંગી છે, તેથી મહારાજાએ તથા તમારા બાપાએ તમને તરત જ ત્યાં બોલાવ્યા છે. તમારા બાપાએ તમારે માટે સોનાની પેટી, અસ્ત્રો, કાતર અને નેરણી પણ મોકલ્યાં

છે. સાથે એક હજાર સોનામહોર પણ મોકલી છે. ત્યાં પાતળ ઘણી મોંઘી છે અને મળતી નથી તેથી આ હજાર સોનામહોરની પાતળ ખરીદીને સાથે લેતા આવવા કહ્યું છે.'

હજામ તો સોનાની પેટી, અસ્ત્રો, કાતર, નેરણી વગેરે જોઈને નાચી ઊઠ્યો.

રાજાએ કહ્યું: ' હજામ ! તું હમણાં ને હમણાં સ્વર્ગમાં ઊપડ. મારા પિતાજીએ તને બોલાવ્યો છે. હવે વાર કરી નહિ ચાલે.'

બસ, રાજાનો હુકમ, પછી ના કેમ પડાય ? હજામ રાણી શુકનવંતીની આશા છોડી સ્વર્ગમાં જવાની તૈયારી કરવા લાગ્યો. સો ગાડી લાકડાં મસાણમાં ઠાલવવામાં આવ્યાં અને એક હજાર સોનામહોરની પાતળ ખરીદીને સ્વર્ગમાં મોકલવા માટે લાકડાંના ઢગલા પર મૂકવામાં આવી. હજામ પાતળો પર જઈને બેસી ગયો.

રાજાએ હુકમ દેતાં લાકડાંમાં આગ ચાંપી દીધી. ધૂ....ધૂ....કરતી આગ વધવા લાગી અને ઊંચે ઊંચે ભડકા ચડવા લાગ્યા. થોડી વારમાં આગ હજામને લાગી. હજામ પાતળના ઢગલા પર જ બેઠેલો. પાતળને સળગતાં શી વાર ? એમાંથી જબરો ભડકો થયો અને હજામને વીંટી લીધો. આગથી દાઝતાં હજામ ઠેકડા મારવા તથા રાડો પાડવા લાગ્યો, પણ તેનું સાંભળે કોણ ? થોડી વારમાં હજામ સાચેસાચ બળીને સ્વર્ગમાં પહોંચી ગયો.

આજકાલ કરતાં છ મહિના વીતી ગયા, તો યે હજામ

પાછો ન ફર્યો એટલે એક દિવસ હજામડી લાખટકિયાને ઘેર આવીને પૂછવા લાગી: 'લાલાજી! તમે તો છ મહિના-માં પાછા આવતા રહ્યા હતા, પણ એ હજી કેમ ન આવ્યા?'

લાખટકિયો કહે: 'ભાભી! લાગે છે કે હજામ કમાણીના લોભમાં પડી ગયો હોવો જોઈએ સ્વર્ગમાં વિવાહ-વાજનની ભારે ધમાલ ચાલતી હોય છે. કમાણીના લોભમાં એને પાછા આવવાનું મન નહિ થયું હોય.'

છ મહિના બીજા પણ ચાલ્યા ગયા. તો યે હજામ પાછો ન ફર્યો એટલે ફરીથી આવીને હજામડીએ લાખ-ટકિયાને પૂછ્યું. લાખટકિયો કહે: 'ભાભી! સો ગાડાં લાકડાંમાં બળેલો માણસ પાછો આવે કાંઈ? તમારે એની વરસી વાળવી હોય તો વાળી લેજો.'

રાજાને પણ હજામ સાચોસાચ મરી ગયાની ખાતરી થઈ. લાખટકિયાની ચતુરાઈ અને બુદ્ધિ પર રાજા ખુશ થઈ ગયો અને તેણે લાખટકિયાને પોતાની કુંવરી પરણાવી દીધી, અને અર્ધું રાજપાટ પણ આપી દીધું.

થોડા દિવસ બાદ લાખટકિયો બન્ને રાણીઓને લઈને પોતાને ઘેર ચાલ્યો. એક પાલખીમાં રાજાની કુંવરી બેઠી છે, બીજામાં રાણી શુકનવંતી બેઠી છે. ચાલતાં ચાલતાં તેઓ પેલા વનમાં આવી પહોંચ્યાં, જ્યાં એણે સસલીને બચાવેલી અને જ્યાંથી એને રાણી શુકનવંતી મળી હતી. ત્યાં આવતાં શુકનવંતી રાણીના પાલખીવાળાનો ભાર તદ્દન ઘટી ગયો. તેમણે લાખટકિયાને વાત કરી.

આવીને લાખટકિયો પાલખીમાં જુએ તો અંદર રાણી શુકનવંતી ન મળે. અંદર એક માટીની ગોળી પડી હતી.

લાખટકિયાને બહુ દુઃખ થયું પણ છેવટ ભગવાને ધાર્યું તે થયું એમ મન મનાવી કુંવરીને લઈને ઘેર આવ્યો. ઘણે વર્ષે દીકરાને પાછો આવેલો જોઈને માબાપ રાજી રાજી થઈ ગયાં અને સૌ આનંદથી દિવસ ગુજારવા લાગ્યાં.

લાખટકિયે પેલી માટીની ગોળી ખેડૂતને પાછી મોકલી દીધી. પણ તે જીવ્યો ત્યાં સુધી રાણી શુકનવંતી-ને ભૂલી શક્યો નહીં. જ્યારે જ્યારે તેને રાણી શુકનવંતી યાદ આવી જતી ત્યારે એનું મન ઉદાસ થઈ જતું.

લોકસાહિત્યનો સંદેશ

તત્ત્વજ્ઞાનીઓ અને તર્કશાસ્ત્રીઓ ન કરી શકે એવી સૂક્ષ્મતાથી લોકસમાજે આ સાહિત્યના વિભાગ પાડેલા છે. સંકટો સામે બહાદુરીથી લડનાર રાજપુત્રોનો વિભાગ અલગ, તો પોતાની ચાતુરીથી સંકટોની સુસંધિ કરનારા વણિક મુસાફરનો વિભાગ જુદો છે. લોકસાહિત્યના રાજાઓ પોતાનો વૈભવ ભોગવતા છતાં પોતાનું મનુષ્યપણું અને મનુષ્ય તરીકેનો પોતાનો દુનિયા સાથેનો સંબંધ ભૂલી જતા નથી. લોકસાહિત્યના લૂંટારા, ઠગ અને ચોરો પણ ગરીબોના બેલી બની આપણી સહાનુભૂતિ મેળવી શકે છે. લોકસાહિત્યના વીરો અને ફકીરો આપણામાં અનુકરણની ઇચ્છા ઉત્પન્ન કરે છે. ને તેથી જ લોકસાહિત્ય એ સત્ય સાહિત્ય છે. એનો કેળવણીમાં ઉપયોગ થવો જોઈએ.

આ વાર્તાઓ શાસ્ત્રનો સંયમ પાળતી નથી. પણ તેની અંદર એક સ્વાભાવિક સંયમ હોય છે. પાપીને ધિક્કાર્યા વગર પાપ–પુણ્યનો ભેદ બતાવે છે. અને સમાજ સેવાના ઉચ્ચ આદર્શના ખ્યાલ આપતાં વિશ્વવ્યાપી પ્રેમ ઉત્પન્ન કરે છે.

આ વાર્તાઓ યાત્રાળુઓની માફક દેશાંતરમાં ફરે છે. અને જ્યાં જ્યાં જાય છે ત્યાં પ્રેમધર્મ સ્થાપિત કરે છે. ગામડામાં વસતી ડોશી ચાર ધામ ફરી આવી છે એમ કોઈ કહે એ આપણને સાચું લાગતું નથી, તેજ પ્રમાણે ઘરગથ્થુ લાગતી વાર્તાઓ ચાર ખંડ ફરી આવેલી હોય છે એમ કહીએ તો સામાન્ય વાચકોને વિશ્વાસ ન બેસે.

કાકા કાલેલકર

ભારતી સાહિત્ય સંઘ લિ.
પોસ્ટ બોક્સ [illegible] અમદાવાદ

કિશોર ગ્રંથાવલિ

[સેટ બીજું]

કિશોરો માટે લખાયેલી વાર્તા-પુસ્તિકાઓ માત્ર કિશોરો જ નથી વાંચતા. કિશોરો ઉપરાંત કુમારો અને યુવાનો, આધેડ અને બુઢ્ઢા-સૌ આ પુસ્તિકાઓ હાથમાં આવતાં પૂરી વાંચીને જ હેઠે મૂકે છે. કારણ કે આ પુસ્તિકાઓમાં સમગ્ર માનવ-સ્વભાવને રોચક શૌર્ય અને સાહસ, બુદ્ધિ અને ચાતુરી, ઉદારતા અને કારુણ્ય, હાસ્ય અને મનક ભરપૂર રસદાયક વા...

[૧] ગંડુરાજા: બંગાળી લક્ષ્મીનંદન અને ગંડુરાજા, મૂરખ રાજા હબુજી ... ન દોઢ મૂરખ પ્રધાન ગબુજી, પરાક્રમી કુમારો શીત અને વસંત, ઉદ્ધત સુખુ અને ગરીબડી દુઃખુ, રાજાની કુંવરી પરણનાર દોઢ આંગળિયો.

[૨] કાગરાણી: સો કાગડાની બહેન કાગરાણી, દોસ્તમાંથી દુશ્મન બનેલા શિયાળ અને મગર, એકબીજાને બચાવનાર આંધળો ને બેરો, બુઢ્ઢા વાઘની યાત્રા.

[૩] પાકો પંડિત: મોટોભાઈ પોથી પંડિત ને નાનોભાઈ પાકો પંડિત, લક્ષ્મીને હરાવનાર બુદ્ધિ, કોડીની કમાણી, વિધાતાને થપ્પડ મારનાર વણકર.

[૪] શેખચલ્લી: અજબ પરાક્રમી શેખચલ્લી, ચાર ચોર ને રાજા શાલિવાહન, મૂરખરાજ લાલ, બે કુંવરીઓ માટે શિયાળની વકીલાત, ભૂતને યે ભગાડનારી કર્કશા કઠિયારી.

[૫] ધુતારાનગરી: હાલતાં ચાલતાં ગમે તેને ફસાવી દેનાર ધુતારાનગરી, પરાક્રમોનાં પ્રેમી હીરા અને લાલ, વીર વિક્રમનાં પરાક્રમો, બડાઈખોર વેપારીને ફસાવનાર મેહ્તા.

[૬] ચોરકુમાર: રાજાને તોબા પોકરાવનાર ચોરકુમાર, ધુતારા ત્રણ આંધળાને હરાવનાર બ્રાહ્મણી, અભિમાની પતિને હરાવનાર લુહાર-વહુ, માછલી કેમ હસી?

ભા...તી સાહિત્ય સંઘ લિ.

પો. ઑ. નં. ૯૭૮ · મુંબઈ - ૧ · પો. ઑ. નં. ૭૩ · અમદાવાદ

...AR PRI... AH...BAD